શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા ગ્રન્થાંક—૩૪૫

શ્રી મહાવીર જિનેન્દ્રાય નમઃ
શ્રી મણિબુદ્ધિકમલાણંદ હર્ષકર્પૂરમૃતસૂરિભ્યો નમઃ

# રાસ ષટ્ક સંગ્રહ

— સંપાદક —

હાલારદેશોદ્ધારક પૂ. આ. શ્રી વિ. અમૃત-
સૂરીશ્વરજી મ.ના પટ્ટધર પૂ. આ.

શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

— પ્રકાશિકા —
શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા
લાખાબાવળ શાંતિપુરી (સૌરાષ્ટ્ર)

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા ગ્રન્થાંક–૩૪૫

શ્રી મહાવીર જિનેન્દ્રાય નમઃ

શ્રી મણિબુદ્ધિઆણંદ હર્ષકર્પૂરમૃતસૂરિભ્યો નમઃ

# રાસ ષટ્ક સંગ્રહ

— સંપાદક —

હાલારદેશોદ્ધારક પૂ. આ. શ્રી વિ. અમૃત-
સૂરીશ્વરજી મ.ના પટ્ટધર પૂ. આ.
શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

સહાયક :–(૧) પૂ. મુનિરાજ શ્રી વિનોદવિજયજી મ. ના ઉપદેશથી શ્વે. મૂ. ધાર્મિક સંસ્થાન પાંચોરા (૨) પૂ. મુ. શ્રી મલ્લિષેણવિજયજી મ.ના ઉપદેશથી કૈલાશનગર શ્રી સંઘ (રાજ.) (૩) પૂ. મુ. શ્રી જિનયશવિજયજી મ.ના ઉપદેશથી મહાવીર શ્વે. મૂ. જૈન સંઘ વિજયનગર અમદાવાદ (૪) શ્રી અઠવા લાઈન્સ શ્વે. મૂ. જૈન સંઘ સૂરત (૫) પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્ર સૂ. મ.ના ઉપદેશથી શ્રીમતી અમૃતબેન દેવશી નથુ ખીમસીયા ચેલાવાળા જામનગર હ. શ્રી મહેન્દ્ર દેવશી લંડન

— પ્રકાશિકા —

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા
લાખાબાવળ શાંતિપુરી (સૌરાષ્ટ્ર)

—: પ્રકાશિકા :—
શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ,
જામનગર (ગુજરાત)

| વીર સં. | વિક્રમ સં. | સને | પ્રથમાવૃત્તિ |
|---|---|---|---|
| ૨૫૨૫ | ૨૦૫૫ | ૧૯૯૮ | નકલ ૨૦૦૦ |

## — આભાર દર્શન —

અમારી ગ્રંથમાલા તરફથી છ રાસનો સંગ્રહ ૩૪૫ ગ્રંથ તરીકે પ્રગટ થાય છે તેનું સંપાદન પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. એ કર્યું છે.

આ પ્રકાશન (૧) પૂ. મુ. શ્રી વિનોદવિજયજી મ.ના ઉપદેશથી શ્વે. મૂ. ધાર્મિક સંસ્થાન પાંચોરા (૨) પૂ. મુ. શ્રી મલ્લિષેણ વિ. મ.ના ઉપદેશથી કૈલાસનગર શ્રી સંઘ (રાજ) (૩) પૂ. મુ. શ્રી જિનયશવિ. મ.ના ઉપદેશથી શ્રી શ્વે. મૂ. જૈન સંઘ વિજયનગર અમદાવાદ (૪) શ્રી અડવાલાઇન્સ શ્વે. મૂ. જૈન સંઘ સુરત (૫) પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂ. મ.ના ઉપદેશથી શ્રીમતી અમૃતબેન દેવશી નથુ ખીમસીયા ચેલાવાળા હ: શ્રી મહેન્દ્ર દેવશી ખીમસીયા લંડન તરફથી પ્રગટ થયેલ છે તે માટે તેમનો આભાર માનીએ છીએ.

—પ્રકાશક

# બે શબ્દો

જેમ આગમ શાસ્ત્રોના આધારે પ્રકરણ, ગ્રન્થો, ચરિત્રો રચાયા તેમ રાસો અને કવિતા પણ રચાયા છે. આવા રાસો અનેક બોધથી ભરેલા છે અને સામાન્ય જનતા પણ તે દ્વારા શાસ્ત્રના ઉપદેશો રહસ્યો અને ચરિત્રોનો આસ્વાદ માણી શકે છે.

નાના નાના રાસો એકત્ર કરીને આ પુસ્તકમાં છ રાસોનો સંગ્રહ થયો છે. તે દરેકમાં ચરિત્રો ઉપદેશો અને રહસ્યો ભરેલા છે.

જો તેના રાગો અને ઢાળોના અર્થ સમજાય જાય તો તે ગાતાં અનેરો આહલાદ આપી શકે તેમજ સંગીતના તાલ સાથે રાસો ગવાય અને વિવેચન થાય તો એક ભવ્ય મહોત્સવ અને ધર્મ મસ્તીનું વાતાવરણ ખડું થઇ જાય.

પ્રત્યેક રાસને બરાબર રાગ શબ્દ અને અર્થ સહિત બેસાડીને ગાવાથી આત્મા પણ પરમ આનંદના ભાવમાં ડુબી જાય. સાથે અધ્યાત્મ ગીતા મોટી પણ વૈરાગ્ય રસીક જોડેલ છે.

હાલારી ધર્મશાળા,
૨૦૫૫ કારતક સુદ ૮ — જિનેન્દ્રસૂરિ
તા. ૨૮-૧૦-૯૮

# ❋ અનુક્રમણિકા ❋


| ક્રમ | રાસ | કર્તા | પેજ |
|---|---|---|---|
| ૧ | લીલાવતી અને સુમતિ વિલાસ શેઠનો રાસ | પં. ઉદયરત્નજી | ૧ |
| ૨ | એલાચીકુમાર રાસ | મુ. શ્રી જ્ઞાનસાગરજી | ૨ |
| ૩ | રાત્રિ ભોજન પરિહાર રાસ | જિનહર્ષસૂરિ | ૬૦ |
| ૪ | ધર્મબુદ્ધિ પાપબુદ્ધિનો રાસ | પં. ઉદયરત્નજી | ૧૧૬ |
| ૫ | કાન્હડ કઠિયારાનો રાસ | શ્રી માનસાગરજી ગણિવર | ૧૬૬ |
| ૬ | મયણરેહા રાસ | અનામી | ૧૮૫ |
| ૭ | અધ્યાત્મ ગીતા મોટી | વિનયવિજયજી | ૨૦૩ |

॥ અર્હમ્ ॥

શ્રી કારીયાણીમંડન શ્રી શાંતિનાથજિનેન્દ્રાય નમઃ

તપોમૂર્તિ પૂ. આ. શ્રી વિજયકર્પૂરસૂરિભ્યો નમઃ

# પંડિત શ્રી ઉદયરત્નજી મહારાજ કૃત

# લીલાવતી અને સુમતિવિલાસ શેઠનો રાસ.

## ॥ દોહા ॥

પરમપુરુષ પ્રભુ પાસજિન, સરસત્તિ સદ્‌ગુરુ પાય;
વંદી ગુણ લીલાવતી, બોલું બુદ્ધિ બનાય. ૧

લીલા લહેર લીલાવતી, સુમતિવિલાસ સમુદ્ર;
દિવ્ય ગાશું એ દંપતી, ઉત્તમ ગુણે અક્ષુદ્ર. ૨

કોણ તે દંપત્તિ કિહાં થયા, આદિ થકી આચર્ણ;
કહું તેણે જે જે કર્યાં, સાંભલજો ધરી કર્ણ. ૩

ગુણ શુણતાં ગુણવંતના, નિર્ગુણ પણ ગુણવંત;
થાયે થોડા કાલમાં, લીલા મુદિત લહંત. ૪

## ॥ ઢાલ પહેલી ॥ (ડાછબાની દેશી)

જંબૂદ્વીપ મઝાર, ભરત્ત નામે હો ક્ષેત્ર છે તેહનો;
જોયણ પાંચશે વિસ્તાર, ઉપર છવ્વીસ હો કલા છે જેહનો. ૧

મધ્યભાગે મનોહાર, રાજે ગિરિવર હો વૈતાઢ્ય રૂપા તણો,
તે ઉપર નિરધાર, વિદ્યાધરનો હો વાસ સોહામણો. ૨

ગંગા સિંધૂ દોય, સરિતા સલીલે હો પૂરે વહે સદા; સાધે ચક્રવર્ત્તિ સોય, ષટ ખંડ તેણે હો થાય જાણો મૂદા. ૩. જનપદ સહસ બત્રીશ, વસે તેમાંહે હો ઋદ્ધિ વિરાજતા; આરજ શાઢા પચવીશ, અનાર્ય અનેરા હો ઉદ્ધત ગાજતા. ૪. તે ભરતક્ષેત્રની માંહે, કૌસંબી પુરી હો વસે કોશે કરી; ઇંદ્રપુરીથી પ્રાયે, અધિકી ઓપે હો વિવિધ રતને ભરી. ૫. લાંબી જોયણ બાર, નવ જોયણ પહોલી હો નિત્યે નવનવા ઉત્સવ થાયે અપાર, શ્રી જિનભુવને હો જનજિહાં અભિનવા. ૬. સરોવર સરિતા આરામ, વિધવિધ વારૂ હો વૃક્ષની આવલી; અવતરીયા જેણે ઠામ, છઠ્ઠા જિનવર હોં છબી તેણે જલહલી. ૭. વીરને વાંદવા કાજ, રવિ શશિ આવ્યા હોં જિહાં મૂલ વિમાનશું; સુણજો જિન સંકેત, જિહાં શોહાવિ હો મૃગાવતી જ્ઞાનશું. ૮. ચઉટા ચોરાસી ચંગ, હાટની હારો હો સોહે મનોહારિણી; આકાશે દીસે ઉત્તંગ, જિહાં પ્રાસાદે હો ધ્વજા જયકારિણી. ૯. કનકસેન તિહાં રાય, રાજ્ય કરે છે હો રાણી તેહને; સુરસુંદરી સુખદાય, જોવા ચાહે હો સુર પણ જેહને. ૧૦

શેઠ સદાફલ નામ, વડ અધિકારી હો વસે વ્યવહારીયો; આવાસ તેહના ઉદ્દામ, ધને કરીને હો ધનદ પણ હારીયો. ૧૧. સેજલદે અભિધાન, સુંદરી તેહની હો સોહે શીલે કરી; રૂપે રંભાસમાન, પાતાલ પેટી હો પીન પયોધરી. ૧૨. અંગજ તેહને એક, વયે કરી

-હાનો હો પણ ગુણે એવડો; સુમતિવિલાસ સુવિવેક, રૂપે નિરૂપમ હો પુરમાં પરગડો. ૧૩. થોડી તેહને રીશ, થોડા બોલો હો થોડો ભૂખ્યો વલી; બલબુદ્ધિ બહૂલ જગીશ, શરીર સુકોમલ હો કલા ઘણી નિર્મલી. ૧૪. બત્રીશલક્ષણો બાલ, અનુક્રમે ભણતાં હો યૌવન ભર થયો; એ કહી પહેલી ઢાલ, ઉદય પયંપે હો ઉદય અધિક લહ્યો. ૧૫. (સર્વગાથા ૧૯)

## ॥ દોહા ॥

સુમતિવિલાસ અતિ સુઘડ, ચતુર મનોહર ચાલ
સોવનવાન સોહામણો, ઢલે નારંગા ગાલ ૧
વેધક વિનયી વરણાગીયો, જાણે દેવકુમાર;
અવની ઉપર અવતર્યો, અદ્ભુત રૂપ અપાર. ૨
ચૂઆ ચંદન અગર જે, ભીનો રહે ભરપૂર;
કાયા કુંકુમ લોલસી, સિંહલ કો અતિશુર. ૩
એક દિન પુરની શેરિયે, સરિખા સાથે લેય;
નગર જોવાને નીસર્યો, ભૂષણ અંગ ધરેય. ૪

## ॥ ઢાલ ત્રીજી ॥

( તટ યમુનાનો રે અતિ રલીયામણો રે—એ દેશી )

તેણે પ્રસ્તાવે રે એક પનંગના રે, બેઠી છે ઘરબાર; કામસેના નામે રે તેહ કુમારનો રે, દેખીને દેદાર. ૧. મહામોહ પામી રે મનશું માનિની રે, હૃદયમાં ઉપન્યો રાગ; સુધિબુધિ ભૂલી રે સહામું જોતાં થકાં રે, લાગી

લગન અતાગ.. મહા૦ ॥૨॥ હરિસેન આપી રે દિલ લીધું હરી રે, ગણિકા થઇ ગતભંગ; ઊઠકૌડી તેહની રે રામ-રાય ઉલ્લસી રે, અંગે પ્રગટયો અનંગ. મ૦ ॥૩॥ તવ તે પૂછે રે સખીને તારૂણી રે, અહો અહો રૂપ ઉદાર; કુમર છે કેહનો રે અભિનવ રૂપશો રે, સહુ પુરૂષાં શિરદાર મ૦ ॥૪॥ સખી કહે ઇહાં છે રે પુરમાં શેઠીયો રે, આપે અવારિત દાન; ધવલ ઘર ઉંચા રે ફરહરે ધ્વજા રે, તેહનો એ સુત રૂપવાન. મ૦ ॥૫॥ જાતાં ને વલતાં રે હવે તે જોષીતો રે, વિભ્રમ કરે રે વિલાસ; મૃગની પેરે રે કુમરને પાડવા રે, પ્રીતને માંડયો રે પાશ. મ૦ ॥૬॥ નાહનો બાંધ્યો રે નિત્ય તે શેરીયે રે, જોવા આવે ને જાય; કયારે કાંઇ આપે રે કયારે બાંહિ ધરે રે, અબલા તે અકુલાય મ૦ ॥૭॥ કેટલેક દહાડે રે એમ કરતાં થયો રે, માંહો માંહે મેલાપ; લાલચ લાગી રે અને લજ્જા ટલી રે, થિર કર્યો મનનો થાપ. મ૦ ॥૮॥ તું મુજ સ્વામી રે આતમનો રાજીયો રે, તું મુજ ધનનો નાથ; કામે તે વાહી રે કામસેના કહે રે, એક દિન ઝાલી હાથ; મ૦ ॥૯॥ છેહ ન આપું રે જીવ જાતાં લગે રે, તું મુજ જીવન પ્રાણ; પુરૂષ હવે બીજા રે મહારે બંધવ પિતા રે, સ્વામી તું શેઠ સુજાણ. મ૦ ॥૧૦॥ જેમ તું રાખે રે તેમ રહું સાહેબા રે, લોપું ન તાહરી લીહ; વાંકજો દેખું રે તો વિરચું નહીં રે, આણુ વહું નિશદીહ મ૦ ॥૧૧॥ જગમાં જેતા

રે પાતક નીમજે રે, તો લાગે તેતા મુજજ; લાખ ગુનેહિ રે સાંભલ લાડલા રે, ત્રિવિધ તજયો જો તુજજ. મ૦ ૧૨. તું વ્યવહારી રે વર આંતે કર્યો રે, ન ધરૂં ધનનો રે મેહ; જે હું બોલું રે તે તું માનજે રે, સત્ય ત્યજીને અંદેહ. મ૦ ૧૩. જમણે હાથે રે વચન આપું અછું રે, હું તુજ દિલની દાસ; વીસે વસાઇ થઇ હું આજથી રે, વિલસો ભોગ વિલાસ. મ૦ ૧૪. હું ગણિકાને રે કુલે ઊપની રે, પણ મેહ્યો કુલાચાર તાહરે કાજે રે તેમ તરસી રહી રે, જેમ ચાતક જલધાર. મ૦ ૧૫ રઢ ઇમ લાગી રે મીઠે બોલડે રે, મોહ્યું તે કુઅરનું મન્ન; બીજી ઢાલે રે બૂડયો તે સહી રે, કહે કવિ ઉદયરતન્ન. મ૦ ૧૬.

(સર્વગાથા ૩૯)

## ॥ દોહા ॥

જિમ સિંહણ ઘેરે મૃગને, તેમ તે ઘેરયો કુમાર;
એક કર સાહી ફાલીયો, ઘાલ્યો ગલમાં હાર. ૧

કરી કેશરનાં છાંટણાં, મસ્તકે ઘાલ્યાં ફૂલ;
મગ્ન થયો મહિલા રસે, સુખનાં દેખી સૂલ. ૨

સાંજ પડી રવિ આથમ્યો, કરતાં બહુવિધ કેલ;
હવે હું જાઉ મંદિરે, કુમર કહે તેણિવેલ. ૩

વેશ્યા કહે વિલખી થઇ, રહોને વાસો રાત;
કુમર કહે હું કેમ રહું, વાટ જુએ માય તાત. ૪

વાણે હું આવીશ વહી, કોલ કરીને તેહ;
ઘરે પોતો તવ ઘૂમતો ઘાયલ થઇ ગણનેહ. ૫
માતા થઇ અલખામણી, તાતની ન ગમી વાત;
મંદિર લાગે મસાણશ્યા, ન ગમે ભગિની ભ્રાત. ૬
તવ તે ચિત્તમાં ચિંતવે, વરજી ઘર વ્યાપાર;
વસું જઇ વેશ્યા ઘરે, સફલ કરું અવતાર. ૭

## ઢાલ ત્રીજી

(ઇડર આંબા આંબલી રે, ઇડર દાડિમ દ્રાખ. એ—દેશી)

ઇમ તે મનમાંહે ધરી રે, લેઇ ટંકાવલી હાર;
શૃંગાર પહેરી શોભતો રે, ગ્રહી વહી ગ્રંથ અપાર. ૧
વણિકસુત રહ્યો રે વેશ્યા ઘર જાય. એ આંકણી.
લોપી કુલની લાજને રે, મહેલી માય ને બાપ;
ગણિકાને ઘરે તે ગયો રે, વિષયનો જો જો વ્યાપ. વણિ૦ ૨
સર્પ તજે જેમ કાંચલી રે, તેમ તજી સહુનો નેહ,
વેશ્યા તેણે વાહલી કરી રે, અનંગનો મહિમા એહ. વણિ૦ ૩
નારી નયણે ભોલવ્યા રે, તે નર ભૂલા અછેહ,
હરિ હર બ્રહ્મા સારિખા રે, હજીઅ ન લાધા તેહ વ૦ ૪
પહેલા યૌવન પૂરમાં રે, થિર ન રહ્યા જે થોભ;
તે નર પડિયા બાપડા રે, જેમ ઘર ભાગો મોભ. વ૦ ૫
હવે તે હરિણાક્ષીયે રે, આલિંગ્યો ધરી ઊર;
પીન પયોધર પાહાડમાં રે, ભૂલો પડ્યો તે ભૂર. વ૦ ૬

નિત્ય નવલી ક્રીડા કરે રે, નિત્ય નવલા સંયોગ;
સરસ સુભોજન સાહેબી રે, ભોગવે સુરના ભોગ. વ૦ ૭
ગણિકા કનકની મુદ્રડી રે, કુમર તે નિર્મલ નંગ;
નખને માંસ તણી પરે રે; બાંધી પ્રીત અભંગ વ૦ ૮
પ્રાણ તજે પાણી વિના રે, જેમ જલમાંહે મીન;
તેમ તે વનિતાને વસે રે, અહોનિશ રહે આધીન. વ૦ ૯
સાકર સમ થઇ સુંદરી રે, વાલાં થયાં વિષ રૂપ;
કહ્યુ ન માને કેહનું રે, જેમ અન્યાયી ભૂપ. વ૦ ૧૦
વેલો ચડસો જેમ માંડવે રે, વલી કરશે વિસ્તાર;
તેહ પછે તાણ્યો થકો રે નાવે ઘર નિર્ધાર. વ૦ ૧૧
તેમ ગણિકા તનુ માંડવે રે, લોભી રહ્યો લપટાય.
છોડાવ્યો છૂટે નહી રે, જો કરે કોડિ ઉપાય. વ૦ ૧૨
ઉદય વદે અબલા રસે રે, સબલા જે મહા શુર,
ત્રીજી ઢાલે તે રહે રે, હરિણાક્ષી હજૂર. વ૦ ૧૩
(સર્વગાથા ૫૯)

॥ દોહા ॥ (સોરઠી ચાલમાં)

સુબુધિ સદાફલ શેઠ, ઊંડું મન આલોચીને;
ભૂપતિને ધરી ભેટ, જઇ મલ્યા હવે જનકને. ૧
કહે નૃપને કર જોડિ, સ્વામી સુણો એક વિનતિ;
ખંપણ લાગે ખોડ, કુલને સહી કુછોરૂયે ૨
પ્રભુજી પ્રતપો પાટ, જગમાંહે તુમે જાલમી;
વસ્તિ પાડે વાટ, વેશ્યા મુજ વેરણ થઇ. ૩

સૂરો તું શિરતાજ, અરિયણે મૂલ ઉચ્છાપણો,
કરો અમારૂં કાજ, દેશવટો એહને દીયો. ૪
છીંકનો લેવા છેહ, સૂરજ સાહામું જોઇએ;
જોરાવર હોયે જેહ, નિર્બલથી નવિ નીપજે. ૫

## ઢાલ ચોથી (ભટીયાણીની દેશી)

ભૂપ ભણે સુણો શેઠ, કરસણ પિયારો હો ઢોર ચરે જો આપણો; તો શું કરે તિહા રાય, મંદિર જાલી હો જો કરે હાથે તાપણો. ૧. મન મેલે મરે જેહ ખૂનકરો કહો તેહનો હો કેહની પાસે લીજીયે; જાણ્યો જે વિષ ખાય, ઉલંભો અવનીમા હો કેહને માથે દીજીયે. ૨. ધેનુ દોહીને દૂધ, મનની કોઇ મેલ્જે હો પાયે જો મંજારને; તો કેહને કરીયે રાવ, માવિત્ર બજારે હો વેચે જ્યારે દારને. ૩. ભમરલીયે જો ભોગ, વાડીમાંહે ફરતા હો વિનોદે બહુ વિધ ફૂલનો; તો કેણે વર્જ્યો જાય, ગણિકાશું એ દાવો હો જોતાં છે એ શૂલનો ૪. ગોલ વોહોરાની વેઠ, સહુ કરે મન હોંસે હો મુખ મીઠું કરવા સહી; ચાલંતા કુલવટ્ટ, અમે પણ વિણ ગુનહે હો કેહને દંડાઇયે નહી ૫. ઓલંભાની પેર, જોતાશું નથી જડતી હો તો પણ ચાલો જાઇયે; વચ-ણજો માને વેશ, તો કુઅરને છોડાવી હો દુઃખ તમારૂં ખોઇયે. ૧૨. એમ કહી અવનીશ, પરિકર લેઇને હો પહોતો ગણિકા બારણે; ભરી સોનૈયે થાલ, સુંદરી

તે સામી હો આવી મળવા કારણે. ॥૭॥ મુખ આગલ ધરી ભેટ, મુજરો તે કરીને હો કર જોડી આગલ રહી; થાલ તે પાછો ઠેલ, વસુધાપતિ આદેશે હો વજીરે વાણી કહી. ॥૮॥ મન માન્યા કરો મિત્ર, મહેર કરીને હો મહેલો વારો વેઠનો; તમ પાસે સુણો આજે, માગે છે મહારાજા હો આપો સુત આ શેઠનો. ॥૯॥ કુબુદ્ધિ એ કુવિનીત; એહ વિના તમારે હો કહોને શું અટકી રહ્યો; કાઢી મહેલો વેગ, મહેનત કરીને હો કહીયે છૈ માનો કહ્યો ॥૧૦॥ એહને કાજે આજ, મહારાજા ચાલીને હો આવ્યા છે તુમ મંદિરે, તે માટે તજી મોહ, શેઠને એ સુત આપો હો જેમ અમે જઇયે ઘરે. ॥૧૧॥ બીજી ગણિકા તામ, તર તરી થઇને હો બોલી બોલ એહવા સુણી; કેહના કહ્યા માટ, મનામાન્ય માણસને હો કયારે કો મૂકે ગુણી. ॥૧૨॥ રોષ ચઢયો રાજાને, ઘણું જો કરે તો હો સૂલીને અણીયે ધરે; જીવ જાયે તો જાઓ, એક દિવસ મરવું છે હો આખર સહુને શિરે. ॥૧૩॥ શિર સાટે છે પ્રીત, પ્રીતને કારણ હો કહો તો પ્રાણ આપું વહી; પણ એ સુમતિવિલાસ, પાણીવલ પાસેથી હો અલગો હું મેલું નહીં ॥ ૧૪ ॥ છોડયો છેલ ન જાય, કાયાની જેમ છાયા હો પિંજરને વલી પ્રાણીયો; ઉદય કહે ચોથી ઢાલ, ગણિકાયે મનમાંહે હો નૃપનો ભય નવિ આણીયો. ॥૧૫॥

(સર્વગાથા–૭૯)

## ॥ દોહા ॥ (શોરઠી ચાલમાં)

નિશ્ચલ જાણી નેહ, અવની પતિ તવ ઉચ્ચરે;
આપો અમને એહ, પાંચ દિવસ પરણાવીયે. ૧
વ્યવહારી વયણેહ, મહિપતિ વર માગ્યો યદા;
નીર ભરી નયણેહ, ગણિકા કહે થઇ ગલગલી. ૨
પ્રભુજી માહરા પ્રાણ, એ વિણ ન રહે અધઘડી;
પણ તુમ વચન પ્રમાણ કરવા આપ્યો કુમર તે. ૩
અવધિ ઉપર એક દિન્ન, જો જાશે તો જીવ મુજ;
જાસે વિણ જીવન્ન, જનપતિ સાચું જાણજો. ૪
રાજભવન ગયો રાય, પરઘો લેઇ પોતા તણો;
અંગજશું ઘર આય, શીઘ્ર સદાફલ શેઠ તે. ૫
જોર ચલાવી જાન, સારંગપુરનાં શેઠની;
બેટી બહુગુણવાન, પરણાવી નિજ પુત્રને. ૬
આપી બહોલી આથ, કુમારને હાથ મૂકામણી,
સસરે સગલો સાથ, પહેરાવ્યો પ્રેમે કરી. ૭
લીલાવતિ વધુ લેહ, ચાલ્યો હવે ચોથે દિને,
કોસંબી કુસલેહ, જાન આવી બહુ જોપશું. ૮

**ઢાલ પાંચમી :** (વાગ્યાં જાંગી ઢોલ—એ દેશી)

ઢમકયા જંગી ઢોલ, હે સખી ઢમકયા જંગીઢોલ,
નાદે અંબર ગાજીયો;
પુરની શણગારી પોલ, હે સખી૦, રીજીયો પુર રાજીયો. ૧

નીસાણનાં નિર્ઘોષ, હે૦ ભુંગલ ભેરી ભણહણે;
લાખ ગમે પુરલોક, હે૦ જોવા આદર ઘણે. ૨

ગાયે મંગલ ગીત, હે૦ કોકિલ કંઠી કામિની;
રાજકુમરની રીત, હે૦ વરને વધાવે ભામિની. ૩

વરવહુની જોઇ જોડય, હે૦ વખાણે સહુ વલી વલી;
કુલવહુને મન કોડય, હે૦ લૂંછણા કરે લળી લળી. ૪

યાચક દ્યે આશીષ, હે૦ મનમાં હરખે માવડી;
જનકની પૂગી જગીશ, હે૦ લૂણ ઉતારે બહેનડી. ૫

ગણિકા ચઢી તે ગોખ, હે૦ વધાવે વાલાને મોતીયે
દેખી કન્યા નિરદોષ, હે૦ રીશે વિચારે પનોતીયે. ૬

બેઠી મુજને અંછેહ, હે૦ ભરતારને જો ભંભેરશે;
તો નાવે મુજ ગેહ, હે૦ વિરહવેરી મુજ ઘેરશે. ૭

ઇમ ચિંતીને શાન, હે૦ કુમરભણી કીધી ઇસી;
આવજો અવધિ આ થાન, હે૦સંજ્ઞા તે કેણે ન લહી કિસી. ૮

વર કન્યા તે બેહુ, હે૦ પોંખી પધરાવ્યા મંદિરે;
સજ્જન સહુ સસનેહ, હે૦ પહોતા પોતાને ઘરે. ૯

પાઠાંતરે–વરકન્યા સાવધાન, હે૦ પહોતા ઘર બારણે;
ગણિકાયે કરી શાન, હે૦ સગા નાતિ કેણે નવી લહી. ૧૦

એ કહી પાંચમી ઢાલ, હે૦ **ઉદયરતન** ઇમ ઉચ્ચરી;
આગલ વાત રસાલ, હે૦ સુણો શ્રોતા ઊલટ ધરી. ૧૧

( સર્વગાથા–૯૮ )

## ॥ દોહા ॥

લીલા લીલાવતી તણી, રંગે જોઇ એક રાત;
વર જઇ વેશ્યા ઘર વશ્યો, પ્રગટ થાંતે પરભાત. ૧
જેહનું મન જેહશું મલ્યું, તેવિણ તિણે ન રહાય;
દ્રાખ તણો તજી માંડવો, કાગ લિંબોલી ખાય. ૨
અજાણ અધમને માન ધે, ઉત્તમને અપમાન,
હંસ વરાંસે હંસીને, બગલીને દે માન. ૩
હંસી બિચારી શું કરે, બગલી વાહ્યા હંસ,
ઉત્તમનું ત્યાં શું ગજૂં, અધમ તણો જિહાં અંશ. ૪

## ઢાલ છઠી

(નદી યમુના કે તીર ઉડે દોય પંખીયા—એ દેશી)

તિય લીલાવતી નાર, પીયુ દુઃખ તન દહે,
જગ લાડીશું જોર, ન ચાલે ચૂપ રહે,
જાણ્યું તું સાકર યુક્ત છે, દૂધ તલાવડી,
ત્યાં ન મલે નીર લગાર અહો વેલા પડી. ૧
આંબો જાણી એહ, પુરૂષ મેં આદર્યો,
કર્મે થયો કથીર, વરાંસી જે એ વર્યો,
માહરો પીયુ પરઘર વાસ, કે ઘર નાવે ઘડી,
જોઉં માહરા વાલાની વાટ, ઉંચી મેડી ચડી. ૨
દાહાડામાં દશ વાર હું, ખડકીયે રહું ખડી,
નજર ન દેખું નાથ, જાયે છે તન જડી;

ભુવન-મનોહર દિવ્ય, લાગે મુને ભાખસી;
રોતા ન ખૂટે રાત, જાણે એ રાખસી. ૩

ઈમ તે અબલા બાલ, જૂરે મનશું ઘણુ,
કેહને કહ્યું ન જાય, તે કારણ દુઃખ તણું;
સ્વામિ વિના સમસાણ શો, લાગે સાસરો,
આતમ રહે ઉદાસ, આપે કોણ આસરો. ૪

પીયરની પલવાડે, જઇ રહેવું પડે,
પગમાંડે તિહાં આલ, સહેજે અછતા ચડે;
નીધણીઆતી નાર, ઘાલે સહુ નજરમાં;
ઠરી ન બેસે ઠામ, દોરી જેમ વજામાં. ૫

પીયર પણ અપમાન, પામે તે સુંદરી,
કિહાંયે તે ન સમાય, નાથે જે પરિહરી;
વસતી ઊજડ હોય, કે વાલા વિના સહી,
એમ કરી તે આલોચકે, પીયર જઇ રહી. ૬

માત આગલ સવિ વાત, કહી ઉતપાતની;
સુણી કાલજાની કોર, દાધી તવ માતની:
ઘરઠાલાં જે કાજ કર્યાં ઊજમ ભરે;
તેહ જમાઇ જઇ, રહ્યો વેશ્યા ઘરે. ૭

માત પિતા મલી તામ, વિચાર એવો કરે;
તવ કુંઅરી તતકાલ, નયણ આંસુ ભરે:
શ્યા મેં કીધાં પાપ, કહે એમ કુંઅરી;
એકજ તનયા તાત હું, તમ કુલે અવતરી. ૮

ફોડી સરોવર પાલ, તોડી ડાલ તરૂ તણી;
ભાંજી કર્યાં વ્રત ભંગ કે, મારી મેં જૂં ઘણી:
કે મેં પીડયા પર બાલ, કે પરધન બહુ હર્યાં;
કે મેં સંતાપ્યા સાધુ, કે અણગલ જલ ભર્યાં. ૯

ગુરૂને દીધી ગાલ કે, પૂજ્ય પરાભવ્યા;
ભરડયાં ધાન સજીવ કે, માણસ સાટવ્યા:
અકરા કર અન્યાય, કર્યાં મેં પૂરવે;
પામી એ ભરતાર, તેણે હું આ ભવે. ૧૦

કુમરીના સુણી બોલ કે, માવિત્રને હૃદે;
ચ્છેહ પડે લહી ભેદ કે, ખેદ ધરી વદે:
ઘોલું તેટલું દૂધ, દીઠું તેણે સંગ્રહ્યું;
લંપટ લક્ષણ હીણ, કુલક્ષણો નવિ લહ્યું. ૧૧

રહો પુત્રી મન રંગ કે, પુત્ર તણીપરે;
આપણે ઘેર સદૈવ, શું કરવું છે સાસરે:
કુમરીનું મન તન્ન, દાવાનલ પરે દહે;
વિરહ તણી વિકરાલ, હીયે કરવત વહે. ૧૨

બાલે વેસે બાપને, રમતી આંગણે;
યૌવન લહી જંજાલ, પડી કુંઅરી ભણે:
વિયોગમેં વેહૂયો ન જાય, એણે દુઃખે વન વશું;
સાપણ થઇ તતકાલકે, ગણિકાને ડશું. ૧૩

લીલાવતી લખભાતી, વિલાપ કરે ઇશ્યાં;
ગિરિ થાયે શત ખંડ, નીસાસા મેલે તિસ્યા:

ઉદય કહે છઠી ઢાલ, વિધાતા જો મલે,
તો પણ લખિયા લેખ છઠીનાં નવિ ટલે. ૧૪
( સર્વગાથા ૧૧૬ )

## ॥ દોહા ॥

પહેલે આણે પ્રેમશું, શેઠ સહાફલ સોય;
આવ્યો વહૂને તેડવા, આદર નાપે કોય. ૧
કહો શેઠજી કિહાં વસો, કિશ્યું ઇહાં છે કામ;
કે ભૂલા આવ્યા અછો, એમ સહુ પૂછે તામ. ૨
વસીયે કોસંબી પુરી, સહાફલ માહરૂં નામ;
આણે ઇહાં આવ્યો અછૂં, લીલાવતીશું કામ. ૩
કિહાં ઉજ્યો કિહાં ગડબડયો, કિહાં જઇ વૂઠો મેહ;
કિહાં ઊગ્યો કિહાં આથમ્યો, લહો પટંતર એહ. ૪
આવ્યા તેમ જાઓ ફરી, તમે તમારે ગેહ;
મારગમાં બેઠી નથી, બેટી અમારી એહ. ૫
વેગે પાછો વાલીયો, આણુ ધરી અપ્રીત;
સહાફલ શેઠ કોસંબીયે, આવ્યો લહી અનીત. ૬

**ઢાળ સાતમી** (સહીયાં મોરી નયણ સમારો એ–દેશી)

બીજે આણે હવે વહુને હે, વહેલ જોડી વરસાંતરે જી; કુલવહૂને તેડવા કાજે, સસરો પહોતો સારંગ પુરે જી. ૧. લીલાવતી તવ લાજ કરીને, મુખ આગલ જવ ઉતરે જી; તવ સસરો કહે વહુજી તમે એક, વાત સુણો

વારૂ પરેજી. ૨. ભણતાં ભણતાં ગ્રંથ ભણાયે, રલતાં રલતાં ઋધિ સંપજેજી; શનૈઃ શનૈ પંથે ચલાયે, ઈંટે ઈંટે ગઢ નીપજેજી. ૩. સેવા કરતાં મન વશ થાયે, ડગે ડગે ચઢીયે ડુંગરે જી; લખતાં લખતાં લહિયો હોવે, ઉદ્યમ દારિદ્રને હરે જી. ૪. સસરાની એ સીખ સુણીને, વાત એની તેણે મન ધરી જી; દિવસ જૂરંતાં પીયરે જાયે, વૈર વાલુ ઉદ્યમ કરી જી. ૫. ઇમ ચિંતિને ઊઠી દાદાને, વાત કહે લીલાવતી જી; વેશ્યાશું જઇ વેર વસાવું, સાસર વાસો કરૂં તેવતી જી. ૬. દાદા દખણી ચીર મગાવો, પાંચપટાનો ઘાઘરો જી; કાંચલીમાંહે નંગ જડાવો, માંડું વેશ્યાશું મજાગરો જી. ૭. નાક પ્રમાણે નથડી ઘડાવો, પાય પ્રમાણે મોજડી જી; હૈયા સોહંતો હાર મગાવો, કાને ત્રોટી હીરે જડી જી. ૮. માંડવગઢની મેંદી મગાવો, ચંદેરીની ચૂંદડી જી; તેટલી દાદાજી ત્રેડવમાં રહે જો, ઘૂઘરીઆલી ઘાટડી જી. ૯. સાસર વાસને કાજે જે જે, જોઇયે તે સંભારીને જી, ગવારા માંહે ભરો ગેલે, વિગતેશું વિચારીને જી. ૧૦ વારૂ પાંચે વસ્ત્ર પહેરાવો, સસરાને રલીયામણા જી; પાટ પછેડી પટોલું જોઇયે, સાસરીયાને સોહામણા જી. ૧૧. સાતમી ઢાલે સાસર વાસો, કીધો **ઉદયરતન** કહે જી, સાસરીયે જે બેટી બોલાવે, ત્રેવડ સઘલી તે લહે જી. ૧૨. ( સર્વગાથા ૧૩૪ )

॥ દોહા ॥

પવનવેગ ધોરી ચલે, કોટે ઘૂઘરમાલ;
સોવન ખોલિ સીંગડે, અતિસુંદર સુકુમાલ. ૧
જોપે વહે લજ જોતરી, સાંગી બની પટ સૂત્ર;
ગાડી બેઠો ગુમાનશું, દીસંતો અદ્‌ભુત. ૨
નયણે આંશુ નીતરે, સહુશું માગી શીખ;
વહેલે સાસર વાસણી, સલજ્જી બેઠી ઠીક. ૩
ખેડી વહેલ તે ખાંતશું, કહું હવે સુકન વિચાર;
લીલાવતીને જે થયા, તે સુણજો નરનાર. ૪

**ઢાલ આઠમી** (સહેર ભલું પણ સાંકડું રે લાલ એ-દેશી)

માલણ પહેલી સામી મલી હો લાલ, ફૂલફુલે ભરી છાબ સુખકારી રે; વદે સુકન લીલાવતી હો લાલ, લહી મનવંછિત લાભ. સુ૦ ॥૧॥ સુકન તણી વાત સાંભલો હો લાલ, સુકને સીજે કાજ, સુ૦ સુકન સાચો સંસારમાં હો લાલ, સુકને લહીયે રાજ, સુ૦ સુકન૦ ॥૨॥ સુત તેડી સામી મલી હો લાલ, સધવા નારી સુચંગ, સુ૦ શ્રીફલ આપે કુમારિકા હો લાલ, તિલક કરી મનરંગ. સુ૦ સુકન૦ ॥૩॥ મત્સયુગ્મ દધિ મૃત્યકા હો લાલ, પાણીભરે પણીહાર, સુ૦ ધેનુ સવચ્છા ધારણી હો લાલ, સામાં મલ્યાં એ સાર. સુ૦ સુકન૦ ॥૪॥ ખર શ્વાન દુર્ગા કાગડો હો લાલ, સારસા શાંઢ શીયાલા; સુ૦ ડાબા એ દુઃખને હરે હો લાલ, આપે મંગલમાલ. સુ૦ સુકન૦

॥૫॥ કુંભ કરેવા ચીખરી હો લાલ, હનુમંતને હરણાય, સુ૦ જમણા એ જયને કરે હો લાલ, આપદ ઉદ્ધરણાય. સુ૦ સુકન૦ ॥૬॥ અહિ પણ જમણો ઉતર્યો હો લાલ, નકુલ સામો નીલચાસ, સુ૦ તોરણ બાંધે સીમમાં હો લાલ, ગણેશ જમણો આસ. સુ૦ સુકન૦ ॥૭॥ જંગલ વાસી એ જીવડા હો લાલ, વહૂ પૂછે ઉમેદ, સુ૦ ભાભા સાવજ એ શું કહે હો લાલ, ભાંખે કેહો ભેદ. સુ૦ સુકન૦ ॥૮॥ એ સુકને ઉજડ વસે હો લાલ, વાંજણી જણે પુત્ર, સુ૦ વિદ્યા મૂર્ખને આવડે હો લાલ, રાંક લહે રાજ સૂત્ર. સુ૦ સુકન૦ ।૯। સસરો કહે વહુ સાંભલો હો લાલ, મલશે તુમ ભરતાર. સુ૦ દાવો ભાંગે ગણિકા તણો હો લાલ, કરસે તુમ ફિસ્તાર. સુ૦ સુકન૦ ॥૧૦॥ અનુક્રમે તે આવ્યા વહી હો લાલ, નિજ ગેહે જણ દોય, સુ૦ ઉદય એ આઠમી ઢાલમાં હો લાલ, સુકન તે પુણ્યે હોય. સુ૦ સુકન૦ ॥૧૧॥ ( સર્વ ગાથા ૧૪૯ )

॥ દોહા ॥

સસરા સાસુ સાંભલો, કહે મહીયારી બેશ,
કરી વાલો હું વેસ કરૂં, બુદ્ધિબલે સુવિશેષ. ૧
જોઇ આવાસે જોપશું, વાસો ભુજને વેગ,
મહીથી ચારે મૂલવો, જિમ હાલું ઉદ્વેગ. ૨
ઉરે થોડી પેટે ઘણી, લાંબા અંચલ જાસ,
વીજ ચરી અતિ ચીગટી, જોટી મગાવો ખાસ. ૩

બે સેંઢી બે સામલી, જાણી રવચાયે જોટ;
પગ છોટા લઘુ શિંગડે, મહિ માખણનો કોટ. ૪
મહિઆરીને મિસે કરી, પિયુ મહાલે પરભાત,
જોઉં જઇ ગણિકા ઘરે, વહૂની સુણી એ વાત. ૫
સસરે સઘલો સાજ તે, મેલી આપ્યો તંત;
નણંદને સાથે તેડીને, ગોરડી તે ગુણવંત. ૬
ગણિકાને મંદિર ગઇ, અહ ઊગમતે સૂર;
દેખાડ્યો તસુ દૂરથી, નણદીએ નાથ સનૂર. ૭
દાતણ કરતો દેખીયો, જિસ્યો પંચાયણ સિંહ,
શોલકલા સસિહર સમો, દિલ ચિંતે ધન્ય દીંહ. ૮
પરભવ પૂણ્ય જેણે કર્યા, પૂજ્યા જેણે ભગવંત,
નણંદ કહે ભાભી સુણો, એ સહી તેહનો કંત. ૯

## ઢાલ નવમી ( હમીરીયાની દેશી )

નણંદ ભોજાઇ તે બેહુ જણા, કરી આવ્યા નિજગેહ સલૂણી, મહીયારી થઇ મોહશું હવે લીલાવતી તેહ સલૂણી. ॥૧॥ અજબ બની આહેરડી, મકપતી મોહન વેલ, સ૦ રૂપે રંભ હરાવતી, ગજ ગતિ ચાલે ગેલ. સ૦ અજબ૦ ॥૨॥ ધોલી ધાબલી પહિરણે, વિચવિચ રાતા તાર, સ૦ કોરે કાલા કાંગરા, ગલે ગુંજાનો હાર. સ૦ અજ૦ ॥૩॥ ઓઢણ આછી લોબડી, તે આગલ શ્યાં ચીર, સ૦ પોસાયે પટ અંતરે, દીસે દિવ્ય શરીર. સ૦ અ૦ ॥૪॥ ભરત ભરી સોહે કાંચલી, કસણે કશ્યા કુચ દોય, સ૦ જાણે

ચંત્રના તૂંબડા, સરસ્વતિયે ધર્યા સોય. સ૦ અ૦ ॥૫॥ વેણી વાસગ નાગસી, ગજગજ લાંબા કેસ, સ૦ ઘૂઘરીઆલો ગોફણો, આપે અદ્ભુત વેશ. સ૦ અ૦ ॥૬॥ કશે. કસબી કૂમકાં, લટકે લોબડી માંહે, સ૦ પાતાલપેટીને કૂટરી, યૌવન લહેરે જાય. સ૦ અ૦ ॥૭॥ દંત જબૂકે કામિની, મુખનો મટકો જોર, સ૦ નથ નાકે થરકી રહી, જાણે કલાઇયો મોર. સ૦ અ૦ ॥૮॥ ચંદ્રમુખી મૃગ લોચની, સિંહલકી સુકુમાલ, સ૦ પાય પ્રમાણે મોજડી, કોકિલકંઠ રસાલ. સ૦ અ૦ ॥૯॥ કોમલ કમલસી બાંહડી, ચતુરા ચંપક વાન, સ૦ ચૂડે ચટક લાગી રહી, ત્રોટી લલકે કાન. સ૦ અ૦ ॥૧૦॥ માથે મટુકી કાચની ઓઢણી અનૂપ, સ૦ લાંબી બાહ લોડાવતી, ચાલી તે ધરી ચૂંપ. સ૦ અ૦ ॥૧૧॥ મહીયારી મહિ વેચવા, સેરીયે પાડે સાદ, સ૦ વેરણુ પહેલા ભવ તણી, તેહશું કરવા વાદ. સ૦ અ૦ ॥૧૨॥ લાજ તજીને લીલાવતી, સજી શોલે શણગાર, સ૦ નવમી ઢાલે નીસરી, ઉદય કહે નગર મઝાર. સ૦ અ૦ ॥૧૩॥ (સર્વ ગાથા ૧૭૧)

॥ દોહા ॥

ગઇ તે ગણિકા સેરીયે, દિવસ ચઢયો ઘડી ચાર
બેઠો દીઠો બારણે, તવ તિહાં નિજ ભરતાર. ૧
સુમતિવિલાસ તવ તેહને, દેખી રૂપ અમૂલ.
મૂંછે વલ દેતો થકો, મહિનું પૂછે મૂલ. ૨

✱

## ઢાલ દશમી (હું વારી રંગઢોલણા એ-દેશી)

મહીઆરી મુખ દેખીને હો રાજ, મનશું પામી મોહ અપાર રે. હસીને રહ્યા લોચણા, હાથમાં જારી જલે ભરી હો રાજ, બેઠા દાંતણ કરે કુમાર રે. હસી૦. ૧. વાંકી મેલી પાઘડી હો રાજ, વલી છૂટી મેલી ચાલ રે. હસી૦ ઉરમાં સોહે ઉતરી હો રાજ, રૂડો જાણે રાજ મરાલ રે. હ૦. ૨. સુરહો જાણે કેવડો હો રાજ, સરલો જાણે ચંપક છોડ રે. હ૦ કેસરીયો કોડામણો હો રાજ, મૂછે ઓપે મુખનો મોડ રે. હ૦. ૩. લોચન અમીય કચોલડા હો રાજ, મધ્યે રાતી જીણી રેખ રે હ૦ અણીઆલાં કાને અડયા હો રાજ, કાને મોતી ભજે સુવિશેષ રે. હ૦ ૪. રંગભીનો રલીયામણો હો રાજ, ઓપે બેઠો ઉંચે ઠામ રે, હ૦ કસ્તૂરીયા મૃગની પરે હો રાજ, મહકે મનમથશો અભિરામ રે. હ૦ ૫. મહીયારી મન ચિંતવે હો રાજ, ધરણીતલમાં ગણિકા ધન્ય રે, હ૦ મેં સહી તપ ઉછા તપ્યાં હો રાજ, પૂરા કીધા એણે પુણ્ય રે. હ૦ ૬. એમ મનમાંહે આલોચતી હો રાજ, રહી મુખડા સામું જોય રે. હ૦ દશમી ઢાલ ઉદય વદે હો રાજ, ફરી તિહાં બોલ્યો સોય રે. હ૦ ૭.

(સર્વ ગાથા ૧૮૦)

### ॥ દોહા ॥

મહીયારી મનમાં ફિરી, વલી વલી કરે વિચાર;
મૂલ કહોને મુખ થકી, એકજ આણે હાર. ૧

## ઢાલ અગીયારમી

(ઠલાલણી, તેં મ્હારી પીયૂ બોલાવ્યો હો લાલ. એ-દેશી)

સાહેબજી, સાંભલો શેઠજી વીનતિ હો લાલ, તુમે તો ચતુર સુજાણ; સાહેબજી, મૂલ કિશું તુમ આગલે હો લાલ, અમે કરીયેં અજાણ ૧. સા૦ મુખ મચકોડી મહીયારડી હો લાલ, બોલે મીઠા બોલ; સા૦ અલવે આંખ્યો ઉલાલતી હો લાલ, ઘૂંઘટનો પટ ખોલ. ૨. સા૦ તુમે ઉત્તમ વ્યવહારીયા હો લાલ, સમજો સઘલી પેર; સા૦ દાને પુણ્યે આગલા હો લાલ, જાણે દરીયાની લહેર ૩. સા૦ અધમ જાતિ આહેરની હો લાલ, ન લહું નવ ને તેર; સા૦ અમને કાંઇ ન આવડે હો લાલ શેર ઘણું કે પાસેર. ૪. મહીયારડી, આઘો તાણી ઘૂંઘટો હો લાલ, પાછી સાંખે બાહ; મહીયારડી વાત કરે વિનોદમાં હો લાલ, નાજુક નાખે બાહ. ૫. મ૦ નાભી દેખાડે નયણે હસે હો લાલ, આલસે મરડે અંગ; મ૦ ઉરનો છેહેડો ખોસે ફરી હો લાલ, ડસે અધર સુરંગ ૬. મ૦ કુચ દેખાડે કંચુ મિશે હો લાલ. મરકલડે કરે હાસ; મ૦ અગ્યારમી ઢાલે ઉદય વદે હો લાલ, વિધવિધ કરતી વિલાસ. મુખ૦ ૭. (સર્વગાથા ૧૮૮)

### ॥ દોહા ॥

દીઠી મહીયારી દીપતિ નિરુપમ રૂપ નિવાસ;
મન ચલીરું મહેતા તણું, તવ ફરી પૂછે તાસ. ૧

કહો મહીયારી કિહાં વશો, કહે શું તાહરું નામ;
કોણ કુલે તું ઊપની, કહે કોણ તાહરો સ્વામ. ૨

## ઢાલ બારમી

(હવે ન જાઉં મહી વેચવા રે લો એ–દેશી)

નામ સલૂણી માહરું રે લો, જાતની છું ભરવાડ;
માહારા વાલાજી હો, હું રે આવી છું મહી વેચવા રે લો;
રાજપુરે વાસો વશુ રે લો, હેજાલી છું હાડ મા૦ હું રે૦ ૧
સ્વામી છે સિર માહરે રે લો, હણુઉં નામે હુસનાગ; મા૦
મહીષી દૂજે માહરે મંદિરે રે લો, દહી દૂધનો છે લાગ. મા૦ હું. ૨
પૂછો છો શે કારણે રે લો, શું કરવું છે વિવસાલ મા૦
ઓછી જાત આહેરની રે લો, લોક ચડાવશે આલ. મા૦
હું૦ ૩ ખાંતે ખોટી કાં કરો રે લો, માહરે છે ઘરનું
કામ; મા૦ વાટે જોતા હસે વાછરુ રે લો, રીશ કરશે
વલી સ્વામ. મા૦ હું૦ ૪ હાંઠા લોહણું અછે રે લો,
ઊજડ માંહેલો ભૂત મા૦ તું નખરાલી ગોરડી રે લો,
કેમ ચાલે છે ઘર સૂત. મા૦ હું૦ ૫ પગ આગલ નથી
પેખતા રે લો, કરો છો પીઆરી તાત, મા૦ સ્ત્રી જાડીને
તુમેં પાતલા રે લોં, દીસે છે ભાંત કુભાંત મા૦ હું૦ ૬
જાડી તે નારી જોતાં થકાં રે લો, છે મંદિરનું રુપ,
મા૦ દુબલી દીસે દયામણી રે લો, તેહને ન માને
ભૂપ. મા૦ હું૦ ૭ સલૂણી કહે સુણો શેઠજી રે લો.
ફોકટ શી કરો ફૂલ, મા૦ ગ્રંથે વખાણી છે ગોરડી રે

લો, પાતલી હલુઇ ફૂલ. મા૦ હું૦ ૮ બારમી ઢાલે એમ બોલતાં રે લો, વચનની કરતાં મોલ, મા૦ ઉદ્દય-રતન કહે શેઠની રે લો, હાઢે લાગ્યો છે ગોલ. મા. હું૦ ૯ (સર્વ ગાથા. ૧૯૯)

## ॥ દોહા ॥

મહેતો મનશું રીજીને, દહીના પૂછે દામ,
કેતા આપું કહો ખરૂં, લાજે વિણસે કામ. ૧
સલૂણી તવ શિર નામીને, બોલી ટાઢા બોલ,
શેઠજી હીણા દીસીયે, મહીનો કરતાં મોલ. ૨

## ઢાલ તેરમી

(ગોકુલગામને ગોંદરે રે, આ શી લુંટાલુટ; મારા૦ એ—દેશી)

આંખડી રાખોને ધારણે રે, દેખશે દુરિજન લોક, મારા વાહાલા રે, માણસમાં નથી છૂટકો રે, ફજેત થાવું ફોક. મા૦ આંખડી૦ ૧. અમે છું જાતિ આહેરડી રે, મુહ માગ્યો લહીયે મોલ, મા૦ કે આપું વિણ દોકડે રે, તેહવું દેખું જો તોલ મા૦ આ૦ ૨. ગોર-સનું કહો શું ગજું રે, ભાવ ધરો તો કરું ભેટ, મા૦ હું તુમથી અલગી નથી રે, જેમ તેમ આપવું નેટ. મા૦ આ૦ ૩. વાતે વડાઇ ન નીપજે રે, સાંભલો શેઠ સુજાણ, મા૦ મટકી એક મોહોરે દીઉં રે, ઘણી શી તણાતાણ. મા૦ આ૦ ૪. મુજ સરખી જેને સુંદરી રે, તમ સરિખો જેને નાથ, મા૦ ગોરસ જંમશે તે સહી

રે, મેહલો મરડાશે હાથ. મા૦ આ૦ ૫. વલતી વેશ્યા બીજી કહે રે, જારે જા ભરવાડ, જગધૂતારી રે, ગોરસ ન-હોયે કેહને રે, તો સંહી લીજે એ પાડ. જગ૦ આ૦ ૬. સલુણી એમ સાંભલી રે, તરતરી થઇ કહે તામ, જગની લાડી રે, સુણ ગણિકા મેં તુજને કહ્યાં રે, રેખ ન રાખું હવે મામ. જગ૦ આ૦ ૭. પુરૂષ પીયારા નિત્ય ભોગવો રે, લુટો લાખીણી લુંટ, જગ૦ ધરતી ધૂતી ખાવ તમે રે, પણ આખર નથી છૂટ. જગ૦ આ૦ ૮. ખોટી બદ્દામ ખરચો નહી રે, જીવજાયે જેણે ઠામ, જગ૦ તો કેમ ખરચે છિનાર તું રે, દોહણી દહીને કામ. જગ૦ આ૦ ૯. એક વલેને બીજાને મેલવે રે, વલી જૂએ ત્રીજાની વાટ, જગ૦ નિત્ય નવલા નર આવીને રે, ખૂંદે દારીનો ખાટ. જગ૦ આ૦ ૧૦. નર તે નિશ્ચય આંધલા રે, જે રહે તમારે આધીન, જગ૦ નરકે જાસે તે બાપડા રે, દુઃખ દેખશે થઇ દીન. જગ૦ આ૦ ૧૧. પણ શું લેઇ જાવું અછે રે, આખર ધૂલે ધૂલ, સુણો શ્રોતા રે, ભલી ડુંડી રહે વરતા રે, જીવડો જાયે જેમ તૂલ. સુણો૦ આ૦ ૧૨. અવસરે આવ્યો મલે નહી રે, કોઇને લાગતું વયણ, સુણો૦ તેરમી ઢાલે તક જોઇને રે, ઉદય કહે સુણો સયણ. સુણો૦ આ૦ ૧૩.

(સર્વગાથા ૨૧૪)

## ॥ દોહા ॥

કામસેના કહે કંતને, કોઇક એ કુલ શુદ્ધ;
કામિની છે એહને કુલે, કેણે ન વેંચ્યું દૂધ. ૧

ધૂતારી ઇહાં ધૂતવા, આવી છે નિરધાર,
એમ કહીને ગણિકા ગઇ, મંદિરમાં તેણી વાર. ૨

## ઢાલ ચૌદમી

(રામચંદકે બાગ, ચાંપો મોરી રહ્યોરી. એ–દેશી)
તવ કહે શેઠ સધીર, સાંભલ નારી સલૂણી,
એણે મૂલે લહી ચીર, કહી તણી એ દોહણી. ૧
તો પામે મૂલ એહ, જો તું રહે વાસો,
તજી હણુઆનો નેહ, જોને મહારો તમાસો. ૨
ઘાંચણ ઓજી લોહાર, માલણ ને ભરવાડી,
મોચણ નટવી સોનાર, એહને કહો શી આડી ૩
અવશ્ય મહીઆરી આજ, એ પરગમે જો તમને,
તો મહેલી મન લાજ, એકાંતે આદરો અમને. ૪
દશકો જો આપો દિનાર, મન મોજે મહેતાજી,
તો વાસાનો વિચાર, કરવા થઇ છું રાજી. ૫
ભલે સરજી ભરવાડ, શેઠ કહે સોભાગી,
મહેલો મનની ગાંઠ, હવે લજ્જા ભાંગી. ૬
વિયોગ ન વેઠયો જાય, આજ વશો મુજ ઉરે.
મંદિરે તે ન જવાય, રાખીશ હું ઇહાં જોરે. ૭
છાની ભલી સંસાર, ચોરી યારી ને ચાડી,
રખે લહે મુજ ભરતાર, રખે લહે તુજ ઘર લાડી. ૮
કરી કોલ કરાર, માંહામાંહે તેણિ વેલે,
મહિને મિસે નિરધાર, રોજ મલે મન મલે. ૯

છાની આપે મોહોરે, પ્રગટ દીયે પીરોજી,
હૈયે રાખી હોર, મહેતોજી મનમોજી. ૧૦
એ કહી ચૌદમી ઢાલ, **ઉદયરતન** ઉલ્લાસે,
સુણી ત્રિય વયણ રસાલ, ધન્ય જે ન પડે પાસે. ૧૧
(સર્વગાથા ૨૨૭)

## ॥ દોહા ॥ (સોરઠી રાગમાં)

વયણ નયણ વિલાસ, સુરની પરે કરતાં સહી,
બાર વરસ ષટ માસ, વોલી ગયા આશા વશે. ૧
આથનો આવ્યો છેહ, વેશ્યા કહે તવ વલ્લહા,
આપણી વેરણ એહ, લખમી સર્વ લીધી હરી. ૨
વારૂ મોહન વેલ, એ પાસે દીસે અછે,
રુડી રૂપારેલ, દહી સાટે કરી એ વયણ. ૩

## ઢાલ પન્નરમી ( સોરઠી ચાલે. )

એમ વાત કરે છે જેહવે, સલૂણી આવી તિહાં તેહવે,
શિર લેઇ મહીની મટકી, ત્યારે કામસેના કહે ત્રટકી. ૧
મહીની માતી મહીઆરી, હૂં તો તુજ આગલો હારી,
છાંયડો જોતિ ગર્વ ગહેલી, વાર્તા આવે કેમ વહેલી. ૨
દહી સાટે તેં ઘર માહરૂં, લૂંટી ભરીયું ઘર તાહરૂં,
તાહરી આંખડી કામણગારી, તું તો દીસે છે વડી ધૂતારી. ૩
આજ મહેતોજી ઉધારે, મટકી માગે તુજ લારે,
દેશું દિન ચોથે દામ, મનડું રાખજે તું ઠામ. ૪

તુજ દહી વિના સુણ માય, મહેતોજી ધાન ન ખાય,
તે માટે બોલ્યું પાલજો, મનમાંહે મત ખલભલજો. ૫
બોલ્યું જો પાલો તુમેં સાચું, ઉધારે તો હું રાચું,
મહેતે તવ વાચા દીધી, ગણિકા પણ બોલી સીધી. ૬
સલૂણી કહે શિરનામી, સાચું કહું સુણજો સ્વામી,
ઊધારાનું શું લેખું ઇણે મિસે મંદિર દેખું. ૭
પાછી વલી પૂછે વિચાર, કહેતો મટકી લાવું ચાર,
ત્યારે વેશ્યા કહે સુણો બાઈ, તાહરે તો ખોટ ન કાંઇ. ૮
મોહોર બે દેતાં નિરધારી, અમને લાગે છે ભારી,
જેમ તેમ કરી એક જો થાય, તો માણસમાં રહેવાય. ૯
મીયાંની બલો મૂછ દાઢી, દાસ દીવો કરે દંત કાઢી,
એ ઇહાં મલે છે ઉખાણો, મહેતો દહીં સાટે વેચાણો. ૧૦
ત્યારે મહેતો હસીને બોલો, કોયે નાવે દહીને તોલો,
દહી દૂધે એહને નવિ ધાઇયે, ઘર વેચીને પણ ખાઇયે. ૧૧
શું કીજે સાકર દ્રાખ, અમૃતને આંબા સાખ,
એ સ્વાદની પેર જે જાણે, તે તો નિત્ય દીવાલી માણે. ૧૨
એવી મહેતાની સુણી વાણી, ગણિકા તે રોષે ભરાણી,
કહે કોપ ચઢી ધરી બાહે, શું દેખો છો ઘરમાંહે. ૧૩
લોઈ ઊધારે જે ખાય, સરવાલે તેહ શીદાય,
મહીયારી માથે જે ગાજે, તે તો અમઘર વાત ન છાજે. ૧૪
જેમ જેમ ગણિકા બહુ ખીજે, મહીયારી તેમ તેમ રીજે,
જેહનું ન દૂખે પેટને પાસું, તેહને ખડખડ આવે હાસું. ૧૫

દહી દૂધની મોહોરૂં વડે, પરરાડી જોતાં લોહી ચડે,
વૈરી જ્યારે આવે વાજ, ત્યારે હિલની ભાંજે હાજ. ૧૬
ગણિકા કહે ઝાલી હાથ, શેઠજી મહીયારી સાથ,
દહી દૂધ ખાવાને જાઓ, હવે અમ ઘરમાં ન સમાવો. ૧૭
વાહલુંને વૈદ્યે કહ્યું, એનું મન માન્યું તેમ થયું,
મહીયારી મહેતાને લેઇ, તિહાંથી ચાલી સસનેહી. ૧૮
ઘાઘરા ઉપર સોહે ઘાટ, પરણ્યો લેઇ ચાલી વાટ,
મોહનશું કહે ગુહ્ય મલિયાં, મહેતા પૂરૂં મન રલીયાં. ૧૯
ઢાલ પન્નરમી એ બોલી, સોરઠી રાગે મન ખોલી,
ઉદયરત્ન કહે જો કહેશો, તો સભામાહે જસ લેશો. ૨૦
(સર્વગાથા ૨૫૦)

॥ દોહા ॥ ( સોરઠી ચાલમાં )

સજ્જન થયો સંયોગ, વિયોગ રહ્યો હવે વેગલો,
ભોગવો નવલા ભોગ, સલુણી કહે હવે સાહેબા. ૧
તાહરો યૌવન વેશ, હું મહવંતી માનની,
જે કેશો તે કરેશ, રતિ એક અરતિ રાખો રખે. ૨
શેઠ કહે સુણ નારી, હૈયે તિશું હોઠે કહું,
અધમ તાહરો અવતાર, ઉત્તમકુલ હું ઉપનો. ૩
જો જાણે જગકોય, મુજ રહેતાં તુમ મંદિરે,
ઇજ્જત ઓછી હોય, કીર્તિ જાયે કુલતણી. ૪
હું રાખું એણી રીત, જેમ કોઇ જાણે નહીં,
પરિઘલ હાખું પ્રીત, ખોટો મ કરો ખરખરો. ૫

પ્યારી જીવન પ્રાણ આતમમેં આપ્યો તુને,
વલી શા કરૂં વખાણ, તું ગોકુલની ગોરડી. ૬

## ઢાલ શોલમી

( માહરે આંગણે હો, જીણામારૂ વાવડી. એ–દેશી. )

માહરી પૂંઠે હો, પગલે પગલે પાધરા આવોને ઉચ્છાંહે. મન મોહના, હસી બોલો હો રાજ, ભમર મોશું રંગ કરો. થોતો રંગ કરો લાજો છો કાંઇ. મન મોહના. હસી૦ ૧. આગલથી હો, તે અબલા ચાલે ઉંચે મુખે, તેતો નીચી નજરે શેઠ, મન૦ પુંઠેથી હો, બીહીતો બીહીતો પગલાં ભરે, કોઇ સામી ન ડાંડે દષ્ટ. મન૦ હસી૦ ૨. ભલે શુકને હો, ચતુરા ચાલે ચમકતી, મહેતાને કહે મુજ સ્વામ, મન૦ ભૂતની પરે હો, વનખંડ માંહે તે ભમે, ષટ માસ લગે નવે ધામ. મન૦ હસી૦ ૩. જિહાં રાખું હો, તિહા તમે રહેજો રંગશું, સેવા કરીશ સાવધાન, મન૦ લખમીનું હો, મહારે ઘેર લેખું નહી, દહી દૂધે વાલીશ વાન. મન૦ હસી૦ ૪. અપૂરવ હો, કલા એવી કોઇ કેલવી, સ્વામીશું આવી ઘેર. મન૦ સેરીમાંહે હો, પાડોસીયે પણ તે કિસી, કોણે ન જાણી પેર મન૦ હસી૦ ૫. પૂરવનાં હો, પુણ્ય પ્રગટ થયાં, સવિ દૂધે વૂઠા મેહ, મન૦ ઘણે ભાવે હો, સ્વામી ઘેર આવ્યો વહી, નવલા બાંધ્યા નેહ. મન૦ હસી૦ ૬. આજૂનો હો દિવસ લાગે રલીયામણો,

એમ બોલે અબલા બાલ. મન૦ ઉલટશું હો, ઉદયરત્ન
કહે અહો, ભવિ એ કહી શોલમી ઢાલ. મ૦ હર્સી૦ ૭.
(સર્વગાથા ૨૬૩)

## ॥ દોહો સોરઠી ॥

સ્વામી પધારો સેજ, કમાડ જડી કહે કામિની,
હૈયડે આણી હેજ, ક્રીડા મન ગમતિ કરો. ૧
ઘણ નેહી પ્રીયા ઘેર, અરજ કરે આગલ રહી,
કંત રાતા કંથેર, કેલિ મૂકી સે કારણે. ૨
મુજશું માંડો મોહ, સ્વર્ગ તણા સુખ ભોગવો,
અરતિ તજી અંદોહ, પ્રભુજી ઇહાં પ્રચ્છન રહો. ૩
ચિંતા ન કરો ચિત્ત, મંદિર હણુઓ નવિ મલે,
દારિદ્ર દૂર વસંત. વેરણ ઇહાં નાવે વલી. ૪
કૂડો કલહ ન માંડ, આહિરણી આંખ્યો રોષણી.
છબિલી કેડો છાંડ, વેશ્યા તે વાહી ખરી. ૫
આગલથી હરી આથ, ગણિકાં તેં ગહિલી કરી,
હું પણ કીધો હાથ,-હવે એહશું કહો હઠ કિશો. ૬
આજ મોતીડે મેહ, વૂઠા મુજ આંગણ વલી,
આજ મુછ હર્ષ અછેહ, આજ રવિ કંચન ઊગીયો. ૭
આજ નવેલા નેહ, આજ સુરંગ વધામણા,
ભાવઠ ભાગી જેહ, આશા આજ સફલ ફલી. ૮

**ઢાલ સત્તરમી** ( પહેલોને પાંસો હોજી. –એ દેશી )

પૂછે સલૂણી હોજી, તમે પરણ્યા અછોજી, કે છો
કુંઆરા સ્વામી સાચું કહોજી, માયને બાપ હોજી,

કહોને કિહાં વસેજી, ખબર તેહની કયારે કિસી લહોજી. ૧. માવિત્ર માહરા હોજી, પવિત્ર પુણ્યાત્મા, એહિજ-પુરમાં હોજી, વાસો વસે અછેજી, પીયરે મેલી હોજી, પ્રેમદા પરણીને, તેહની મુજને રે શુદ્ધિ કિસી ન છે જી. ૨. તુજ સમ ઉંચી હોજી, તુજ સમ શોભતી, તાહરા જેવો રે વાન છે દેહનોજી મુખની બત્રીશી હોજી, લટકું હાથનું, તાહરા જેહવું રે રૂપ છે તેહનું જી. ૩. સુણો મહેતાજી હોજી, તુમ નારી તણી, શુદ્ધ હું ભાંખું રે નામ લીલાવતીજી, સારંગપુરના હોજી શેઠની છે સુત્તા, રૂપે કરીને રંભ હરાવતી જી. ૪. ચીર પટોલાં હોજી, પહેરે છે સદા, ચતુરાઇ એહની રે તમને કિસી કહું જી, દૂધ આપું છું હોજી, નિત જઇ હું તિહાં, વાત એ સઘલી તેણે કરી હું લહું જી. ૫. તે પણ ઇહાં હોજી, કહો તો તેડાવીયે, જોડી તમારી રે છે સહી સારખીજી; પરણી કન્યા હોજી, સે કારણ તજી, ખોડ તેહમાં શી તમે પારખીજી. ૬. મહેતો મુખેથી હોજી, એમ સુણી બોલીયો, તેહને શે કામે ઇહાં તેડીયેજી, તિહાં છે સુખાણી હોજી, દહાડો છે પાધરો, સૂતાં સિંહને કહો કેમ છેડીયેજી. ૭. મનડું માહરૂં હોજી, મલીઓ તુજશું, નજર ન આવે બીજી કોઇ સુંદરીજી, સત્તારમી ઢાલે હોજી, **ઉદયરતન** કહે, યુવતિયે જો જો બુદ્ધિ કેહવી કરીજી. ૮. (સર્વગાથા ૨૭૯)

---

## ॥ દોહા સોરઠી ॥

સહુ કહે પુરૂષ સુજાણ, મૂરખ જાતિ મહિલા તણી;
પણ સઘલા સહી જાણ, પૂરૂ તે પ્રભુજી સુણો. ૧

## ઢાલ અઢારમી

(હારરો હીરો માહરો, નણદીરો વીરો માહરો સાહેબા-એ દેશી)

ચોરીએ ચઢીને તમે મુઝને, પ્રભુ મહારા આપ્યો જમણો હાથ હો, કર ચાંપી ઉભા થયા, પ્રભુ મહારા, મહોલે ચઢયા બે સાથ હો. ૧. જીવના જીવન મહારા, દેહના દીપન મહારા, મનનાં મોહન, મહારા સાહિબા, પ્રભુ મહારા, વલી એક વાત સુણાવું હો. એ—આંકણી ૧. મહારી ભાભી દીવો મહેલી ગઇ, પ્રભુ મહારા, હું લાજી એક પાસ હો; અલગી જઇ ઊભી રહી, પ્રભુ મહારા તમે જોયો આવાસ. હોજી૦ દે૦ મન૦ મા૦ પ્ર૦ વલી૦ ૨. હીંડોલા ખાટે ત્રણ કડા, પ્રભુ મહારા ચોથે પાઇએ દોર હો; બાંધી બેઠા બે જણા પ્ર૦ તમે થયા ચીરના ચોર હો; જી૦ દે૦ મન૦ મા૦ પ્ર૦ વલી૦ ૩. ફિંગારા તવ જીણે સ્વરે. પ્ર૦ વિણ વાદલ તિહાં મોર હો; હલુએ લુહએ શનૈઃશનૈઃ, પ્ર૦ તમે કીધું તવ જોર હો જી૦ દે૦ મન૦ મા૦ પ્ર૦ વલી૦ ૪. હું લાજી નીચું જોઇ રહી, પ્ર૦ ત્યારે આપ્યુ તમે ચીર હો; તે સહુ કેમ ગયું વીસરી, પ્ર૦ લાલ નણદીનાં વીર હો. જી૦ દે૦ મન૦ મા૦ પ્ર૦ વલી૦ ૫. લખ્યા લેખ મટે નહી, પ્ર૦ વરસ બાર

વિયોગ હો; ભાવિને વસે ભોગવ્યો. પ્ર૦ પુણ્યે પામી સંયોગ હો. જી૦ દે૦ મન૦ મા૦ પ્ર૦ વલી૦ ૬. જૂવો વિમાસીને તમે, પ્ર૦ એ સઘલા સહિનાણ હો; મનશું તે લાજ્યો ઘણુ, વાહલા માહરા વિનિતાની સુણી વાણ હો. જી૦ દે૦ મન૦ મા૦ પ્ર૦ વલી૦ ૭. ઉદય અઢારમી ઢાલમાં વાહે૦ કહે સુણજો સહુ કોય હો; જગમાંહે જોતાં સહી વા૦ કરમ કરે તે હોય હો. જી૦ દે૦ મન૦ મા૦ પ્ર૦ વલી૦ ૮. (સર્વ ગાથા-૨૮૮)

## ॥ દોહા ॥

પીયુ કહે સાંભલ હે પ્રિયે, આજ લગે અરધાંગ;
નિશ્ચય મેં જાણી નહી, મહીઆરીને સ્વાંગ. ૧
આપ જણાવત આવીને, જો તું ગણિકા ગેહ;
સાચુ માનત તો સહી, હું તુજ વચણ સનેહ. ૨

## ઢાલ ઓગણીસમી

(જરમર જરમર હો સેલામારૂ વરસેલો મેહ. એ-દેશી)

મેં જાણ્યુ હો વહાલો માહરો પીયુડો રીશાલ, પાસે વેશ્યા પણ વીંછીનો આંકડો; તેહ સાથે શરૂ હો બાંધી દૃઢ પ્રીત અભંગ, વલી વિશેષે વાહલો તેણે વાંકડો ૧. કહ્યું માને હો તો થાઉં મેરૂ સમાન, જો ન માને તો મેરૂથકી પડું; આહેરાણી હો થઇ હું આલોચીને એમ, મહિને મિશે ગણિકા ઉંબરે ચડું. ૨. દેખીદેખી હો વાહલા માહરા તુમ દેદાર, વિયોગ તણા દુઃખ જાયે

મુને વીસરી; ગણિકાયે હો ખાધો હતો જે માલ, બમણો વાલ્યો તે જૂઓ મે બુદ્ધે કરી. ૩. વેણુ વીણા હો વીંજણો વેશ્યા એ ચાર, કર પસાય આપે તે સુખ સદા; કર ખેંચી હો જબ રહીયે સુણો સ્વામી, પૂરવ ગુણ નવિ સંભારે તદા. ૪. ગણિકા સમ હો નહી કોઇ નિગુણી જાત, ધન ખૂટે છટકી રહે વેગલી, ફરી સામુ હો જૂયે નહી એકવાર, કયવન્નાની પરે સુપરે ન સાંભલી. ૫. તાત જનની હો જોયે તમારી વાટ, આઠે પોહોર ઉચ્ચાટ કરે ઘણો; પરિજન પણ હો સહુ ધરે મનમાં ખેદ, ખબર પૂછે નિત્ય નાથ જે પુરતણો. ૬. ચંપાવર્ણી હો ચતુરા હું ચાંપુ પાય, અષ્ટાંગ ભોગ ભલા નિત્ય ભોગવો; પોઢો ઢાલીયે હો વાહલા હું ઢાલુ વાય, સરસ સંયોગે ગોરસ રસ જોગવો. ૭. વંજન યુત હો બેસો સજ્જનને પાંત, ખટરસ ભોજન કરો મન ખાંતશું; ઉપર આપું હો તરૂણી હું તાજા તંબોલ, ષટ્ઋતુ સુખ ભોગવો ભલી ભાંતશું. ૯. ભવમાંહે હો ભમતાં કાલ અનંત, દશ દૃષ્ટાંતે એ નરભવ દોહેલો, તેહ પામી હો પૂરવપુણ્ય સંયોગ, ઉત્તમજનનો યોગ ન શોહેલો. ૯ એણી પરે હો સમજાવ્યો નિજ સ્વામ, ઘેર જઇ માત પિતાને પાયે નમ્યો, પેખી હર્ષ્યો હો સહુ તસ પરિવાર, સહસા વિયોગ તણો દુઃખ ઉપશમ્યો. ૧૦. લીલાવતી હો લાગી સાસુને પાય, બહુપુત્ર જણજો આશીષ દીધી ઇસી. ઓગણીશમી હો ઢાલે **ઉદયરતન**, વદે શ્રોતા સહુ સુણજો મન ઊલ્લસી. ૧૧. (સર્વગાથા ૩૦૧)

## ॥ દોહા ॥

સુખ સંસારના ભોગવે, દોગંદુક જેમ દેવ;
નર નારી તે નેહશું, દાન દીયે નિત્યમેવ. ૧
જલવટને થલવટ તણા, વણજ કરે વડહત્થ;
સુમતિવિલાસ મલિ આગલો, સહુ કાજે સમરત્થ. ૨
અનુક્રમે તસુ અંગજ થયો, નામે વીરવિલાસ;
ભણી ગણી લાયક થયો, તવ પરણાવ્યો તાસ. ૩
સાતે ક્ષેત્રે તે સદા, લખમી લાખ ગમેહ;
ખરચે મન ખાંતે કરી, જેમ આષાઢો મેહ. ૪
ઇણે અવસર આવ્યા તિહાં, **ધર્મઘોષસૂરિંદ;**
સુમતિવિલાસ સપરિકરે વંદે પદ અરવિંદ. ૫

**ઢાલ વીશમી** (વણિજ સલુણે રે વિહાણે ચાલવું-એ દેશી)

પરષદ આગે રે દે મુનિ દેશના, સુણો સંસારનું રૂપ હો, હોરે ચિત્ત ચેતજો; જગમાંહે જોતા રે કો કેહનું નહી, અરથે લાગે અનૂપ હો. હોરે૦ ॥૧॥ સ્વારથ સૂધી રે સહુ ખુંધું ખમે, જેમ દૂઝણી ગાયની લાત હો; હો૦ હુંધે મારે રે બુઢીને જૂઓ, એમ અનેક અવદાત હો. હો૦ ॥૨॥ ધૂરા વહે રે ધોરી જિહાં લગે, તિહાં લગે ચાર ગુવાર હો, હો; નાથે સાહી રે ઘી પાયે વલી, પછી ન નીરે ચાર હો. હો૦ ॥૩॥ સુતને ધવરાવે રે માતા સ્વારથે, સ્વારથ સુત ધાવંત હો, હો૦; રે દહેણું દીજે લહેણું લીજીયે, ભાષે એમ ભગવંત

હો. હો૦ ॥૪॥ સગપણ સઘલા સંસાર સંબંધ લગે, જે કરે પુણ્યને પાપ હો, હો૦; નવાનો ઉધારે રે જૂનાં ભોગવે, કોણ બેટો કોણ બાપ હો. હો૦ ॥૫॥ પોહોતી અવધે રે કોય પકખે નહી, કીજીયે કોડિ ઉપાય હો, હો૦; રાખ્યું તે કેહનું રે કોઇ નવી રહે, પાકા પાનને ન્યાય હો. હો૦ ॥૬॥ મોહની જાલે રે સહુ મુંજી રહ્યો, એક રાગ ને બીજો દ્વેષ હો, હો૦; બલવંત બંને રે બંધન એ કહ્યા, તેમાંહે રાગ વિશેષ હો. હો૦ ॥૭॥ જે જેમ કરે રે તે તેમ ભોગવે, કડુઆ કર્મ વિપાક હો, હો૦; વિષયનો વાહ્યો રે જીવ ચેતે નહી, ખાતો ફલ કિંપાક હો. હો૦ ॥૮॥ આખર સહુને રે ઊઠી ચાલવું, કોઇ આજ ને કોઇ કાલ હો, હો૦; પરદેશી આણા રે પાછા નવિ વલે, એ સંસારની ચાલ હો. હો૦ ॥૯॥ નરપતિ સુરપતિ જિનપતિ સારિખા, રહી ન શકે ઘડી એક હો, હો૦; તો બીજાનો રે કહો શો આશરો, કાલશું કેહી ટેક હો. હો૦ ॥૧૦॥ એમ જાણીને રે ધર્મને આદરો, કેવલી ભાષિત જેહ હો, હો૦; વીશમી ઢાલે હો ઉદયરતન વદે, સંસારમાં સાર છે શીહ હો. હો૦ ॥૧૧॥ ( સર્વગાથા ૩૧૭ )

## ॥ દોહા ॥

પછે અવસર પામીને, મુનિને લીલાવતી તામ;
વિયોગ લહ્યો મેં કંતનો, કોણ કર્મ કહો સ્વામ. ૧

ઇમ સુણિ મુનિ કહે પૂરવે, તું હતી રાજકુમાર;
પોપટ રાખ્યો પાંજરે, તે ઘડી સાડી બાર. ૨
કંત હરીને જે કર્યો, સૂડીને સંતાપ;
તે તે ઇણે ભવે અનુભવ્યું, પૂરવ ભવનું પાપ. ૩
વડબીજની પરે વધે, કર્મ શુભાશુભ હોય;
ઘડી પ્રમાણે વરસ ઇહાં, એમ તુજને થયા જોય. ૪
જાતિસ્મરણ પામી તદા, લીલાવતી તેણી વાર;
દીક્ષા લે તે દંપતી, સુતને સોંપી ઘરભાર. ૫
ચારિત્ર ચોખું પાલીને, દેવલોક ગયા દોય;
એક જ ભવને આંતરે, શિવપદ લેશે સોય. ૬

**ઢાલ એકવીસમી** (શાલિભદ્ર ધનો ઋષિરાયા—એ દેશી)

લીલાવતીને સુમતિવિલાસે, સંયમ શુદ્ધ આરાધીજી;
નરક તિર્યંચ તણી ગતિ છેદી, સુરની લીલા લાધીજી. લી૦ ૧
એકાવતારી થયા નરનારી, તેહને વંદન માહરીજી;
હોજો હોસે જે સંયમ પાલે, તેહની જાઉં બલિહારીજી. લી૦ ૨
તપગચ્છની રાજધાની કેરો, શ્રી રાજવિજયસૂરિ રાજાજી;
શ્રી રતનવિજયસૂરિવર તસુ પાટે, મેરુ સમી જસુ માજાજી. ૩
ગુરુમાંહે હીરરત્નસૂરિ ગિરૂવો, જવાહીરમાં જેમ હીરોજી;
તસુ પાટે જયરત્નસૂરિંદો, મંદર ગિરિપરે ધીરોજી. ૪
સંપ્રતિ ભાવરત્નસૂરિ પ્રતપે, શ્રી હીરરત્નસૂરિ કેરોજી;
પંડિત લબ્ધિરત્ન મહામુનિવર, વારૂ શિષ્ય વડેરોજી. ૫
તસુ અનુચર વાચક પદ ધારી, શ્રી સિદ્ધિરત્ન સુખકારીજી;
મેઘરત્ન ગણિવર તસુ વિનયી, અમરરત્ન આચારીજી. ૬

શિવરત્ન તસુ.શિષ્ય સવાઇ, પામી તાસ પસાયોજી;
એ મેં વારુ રાસ બનાયો, આજ અધિક સુખ પાયેજી. ૭
વરસ સત્તરશેં સડસઠ આસો, વદ્વિ છઠ ને સોમવારજી;
મૃગશિર નક્ષત્ર ને શિવયોગે, ગામ ઉનાવા મઝારજી. ૮
ભીડભંજન પ્રભુ પાસ પસાયે, લીલાવતીની લીલાજી;
સુમતિવિલ્લાસ સંયોગે ગાઇ, સુણિ વ્યાપે શિવલીલાજી. ૯
એહ કથા જે ભાવે ભણશે, એક મનાં સાંભલશેજી;
દૂખ તેહનાં સવિ દૂરે ટલશે, મનના મનોરથ ફલશેજી. ૧૦
ધન્યાસિરિ રાગે સોહાવી, એ એકવીશમી ઢાલજી;
ઉદયરતન કહે આજ મેં પામી, સુખસંપત્તિ સુરસાલજી. ૧૧

( સર્વગાથા ૩૩૪ )

ઇતિ શ્રી લીલાવતી અને સુમતિવિલાસ
શેઠનો રાસ સંપૂર્ણ.

મુ. શ્રી જ્ઞાનસાગરજી મ. વિરચિત

# શ્રી એલાચીકુમારનો રાસ.

## ॥ દોહા ॥

સકલ સિદ્ધિદાયક સદા, પ્રણમું જિનવર પાસ;
ઇલાપુત્ર ઋષી ગાવતાં, આપે વચન વિલાસ. ૧
વલી બ્રાહ્મીની લિપી ભલી, પંચમાંગ ધુર નેહ;
ગણધર પ્રણમે તેહને, હું પણ પ્રણમું તેહ. ૨
માણિક સાગર મુની ગુરૂ, જ્ઞાન દ્રષ્ટિ દાતાર;
પ્રણમું હું પદ તેહના, કેણી હોય વિસ્તાર. ૩

## ઢાળ પહેલી (ચતુર સનેહી મોહના—એ દેશી.)

જંબૂદ્વીપના ભરતમાં, ઇલાવર્દ્ધનપુર ગામો રે;
તિહાં નિવસે વ્યવહારીઓ, ઇભ્ય નામે દાતારો રે. જંબૂ૦ ૧
ધારણી તેહની ભારજા, દીપે દંપતી જોડી રે;
પણ કો સુત નહી તેહને, કરમે મ્હોટી ખોડી રે. જં૦ ૨
તે પુરની રખવાલિકા, ઇલા દેવી ઇણ નામે રે;
તિહાં જઇ પતિ ને પ્રિયા, માને સુતને કામે રે. જં૦ ૩
જો હોસે સુત અમ તણે, તો એક લક્ષ દીનારો રે;
યાત્રા કરીને ખરચશું, માત સુણો સુવિચારો રે. જં૦ ૪
ઇમ કહીને ઘર આવીયા, દેવીને પરભાવે રે,
ગર્ભ ધર્યો દિન તે થકી, સુંદર સહજ સ્વભાવે રે. જં૦ ૫
નવમાસે સુત પ્રસવીયો, નામ એલાપુત્ર દીધો રે;
અનુક્રમે યોવન આવીયો, કલા બહોતેર સીધો રે. જં૦ ૬

એક દિન આવ્યા તિણ પુરે, નાટકીયા ગુણવંતો રે;
નાટક માંડયો મોકલે, ઢોલ દીયે ડમકંતો રે. જં૦ ૭
લોક ઘણા જોવા મલ્યા, તેણે અવસર સાહિ રે;
ઇલાપુત્ર પણ આવીયો, નાટક માંડયો જ્યાંહિ રે. જં૦ ૮

## ઢાલ બીજી

(માલીકે રે બાગમેં દો નારિંગ પકકે રે લો—એ દેશી)

નાટકીયાની નંદની, ઇલાપુર આવી લો;
અહો ઇલાપુર આવી લો; નાટકણીયે નાટક માંડયો લો,
ઇભ્યનંદન એલાચીયે, દીઠી મન ભાવી લો. અહો દીઠી૦ ૧

વેણી વાસિકસી બની, મોહની મૃગ નયણી લો; અહો મો૦ દીપ શિખા સી નાસિકા, સારદ શશી વયણી લો. અહો સા૦ ૨ અધરબિંબ ફલ ઉપમા, દાડિમકણ દંતી લો; અહો દા૦ કમલ નાલ સી બાંહડી, મૃદુ અંગુલપતી લો. અહો મૃ૦ ૩ કુચ જંબીર ફલ સારિખાં, મચ્છોદરી રામા લો, અહો મ૦; ઊંડી નાભી અતિ જેહની; સિંહલંકી શ્યામા લો. અહો સિં૦ ૪ જંઘા કદલી થંભાસી, ઊન્નતપદ દીપે લો, અહો ઊ૦; ચતુરા ચાલે ચમકતી ગજગતિ ને જીપે લો. અહો ગ૦ ૫ કે ઇંદ્રાણી અપચ્છરા, કે ઊરવંસી નારી લો, અહો કે૦; એહને રૂપે યોવને, સુરી તે પણ હારી લો. અહો સુ૦ ૬ એલાકુમાર મન વેધીયો, લોચન લોભાણાં લો, અહો લો૦; ફરી ફરી તે સામું જૂએ, ન રહે થોભાણાં લો. અહો ન૦ ૭ વંશકીડા

કરી ઉતરી, આવી ચઢી જિહાંથી લો, અહો આ૦; મિત્ર
કહે ચાલો ઘરે, પગ ન વહે તિહાંથી લો. અહો પ૦ ૮

મિત્રુ તાણી આણીઉં, ભર કામજ્વરમાં લો, અહો ભ૦;
ત્રુટી ખાટલીયે ઇંસા, સૂતો નિજ ઘરમાં લો. અહો સૂ૦ ૯

તાત આવી તવ તનુજ ને, ભોજનને તેડે લો, અહો ભો૦;
સંભારી સા સુંદરી, આંશૂડા રડે લો. અહો આ૦ ૧૦

કામવસે કરી કુમરની, લજ્જા લોપાણી લો, અહો લ૦;
કુલમરજાદા મૂકીને, કહે તાતને વાણી લો. અહો ક૦ ૧૧

જો નાટકણી તાતજી, પરણાવો આણી લો, અહો પ૦;
મેલો મુજ મન માનતી, તો લ્યું અન્ન પાણી લો. અહો તો૦ ૧૨

અમે ન કરૂ એ નીચસું, સગપણ એમ જાણી લો, અહો સ૦;
ઉત્તમકુલની ઉપની, પરણો ગુણખાણી લો. અહો પ૦ ૧૩

વચન તે સાંભલી તાતનાં,
અણ બોલ્યો રહિયો લો, અહો અ૦;

જિમ તિમ એ પરણું સહી,
એ નવિ કરૂં કહિયો લો. અહો ઘર એ૦; ૧૪

નાટકીયો તેડાવીયો ઘરે તાતથી છાનો લો, અહો ઘરે૦;
સુણ નાયક તુજ નંદની, રંભા ઉપમાનો લો. અહો. રં૦ ૧૫

જો પરણાવો મુજને, તો તુજ ધન આપું લો, અહો તો૦
કનક રતન દઇ તાહરૂં, દારિદ્ર દુઃખ કાપું લો. અહો દા૦ ૧૬

## ઢાલ ત્રીજી ( હરિયા મન લાગો—એ દેશી )

કહે નાયક સુણુ માહરી, વાત કહુ સસનેહ રે. સાહેબ સોભાગી
વેચણ અને આવ્યા નહી, ઇહાં અમ પુત્રી એહ રે. સા૦ ૧
છે અક્ષયનિધિ અમ સુતા, માનો તુમે મતિવંત રે; સા૦
માણિક મોતી હીરલા, એહથી લહીયે અનંત રે. સા૦ ૨
જો તુમને પરણાવીયે, તો અમકુલ લાગે લાજ રે સા૦
અમપુત્રી વિટલે તિણે, એ કિમ કરીયે અકાજ રે. સા૦ ૩
જાત ગરીબ વણિક તુમે, સાહસીક અમ જાત રે. સા૦
સાહસીક કાયર મલે, દીસે ભાત કુભાત રે. સા૦ ૪
અમે અમારી જાતમાં, પરણાવુ સંતાન રે. સા૦
કુલની રીતે ચાલતાં, વાધે અધિકો વાન રે. સા૦ ૫
નાટકીઆને નીચો નમી, કહે કરી પરણામ રે; સા૦
તો હવે તુમચી નંદની, પરણાવો કિમ સ્વામ રે. સા૦ ૬

## ઢાલ ચોથી

(ભોલી નણદી હો લાલ જરૂખે દિલ લગા—એ દેશી)

મોરા સ્વામી હો, વાત સુણો એક સાચી,
અમે છું નાટકીઆ પરદેશી, નથી અમચી મત કાચી. મોરા૦ ૧
જો અમ પુત્રી તુમ મન રાચી, તો અમમાં ભલો માચી. મો૦ ૨
અમ સાથે આવો અલવેસર, શીખો કલા અભ્યાસી. મો૦ ૩
નાટક દેખાડી કોઈ નૃપને, મન રીજવો સુવિલાસી. મો૦ ૪
તેહનો દાન લઇ તુમે પેખો, અમછી નાતિ ઉલ્લાસી. મો૦ ૫

તે વાર પછી તુમને પરણાવું, એ અમપુત્રી ખાસી. મો૦ ૬
વિષય વસે એલાકુમરની, મતિ કિહાં ગઇ નાસી. મો૦ ૭

**ઢાલ પાંચમી** (ચરણાલી ચામુંડ રણ ચડે–એ દેશી)

નાટકીઆના વચન સુણી, એલાપુત્ર પુત્ર મન ઉનમાદી રે;
નીચમતિ વિષયી થકો, શુભમતિ દીધી સાદી રે. નાટ૦ ૧
માત પિતા મૂકી કરી, વલી કુલ મરજાદા મૂકી રે;
ઘરની ઋદ્ધિ મૂકી છતી, તિમ ચતુરાઇથી ચૂકી રે. નાટ૦ ૨
છાનો નિશામાં નીકલી, જઇ નાટકીયામાં ભલીયો રે;
પહેરી કાચ તે પાપીઓ,અધમ જાતીમાં મલીયો રે.નાટ૦ ૩
પાછળ બાંધી પોટલી, વંશ આગલ બાંદયો ઢોલો રે;
કાવડ લઇ ચાલીઓ, માંગતો ભીખ નિટોલો રે. નાટ૦ ૪
જો જો કરમ તણી પરે, સુખ દુઃખ કરમ દાતારૂં રે;
વૈભવ માંહેથી કાઢીયો, વ્યવહારી સુત વારૂં રે. નાટ૦ ૫
ટોલામાં ફિરતાં થકાં, સત્રલી ઇ કલા સાધી રે;
કહે નાયક સુણ સાહસી, તે નૃત્યકલા બહુ લાધી રે.નાટ૦ ૬
તિણ તમે ઢાલો લઇને, વલી આ કુમરી લઇ સાથે રે;
બેનાતટ પતિને તુમે, રીઝવીને કરો હાથે રે. નાટ૦ ૭
તેહનો દાન લઇ તુમે, જો આવે સો વેલા રે;
તો કુમરી પરણાવશું, તે ધન ખરચી પહેલાં રે. નાટ૦ ૮
સઘલો સાજ લઈ કરી, બેનાતટ પુર પોહોતો રે;
રાજાને જાઇ મલ્યો, એલાકુમાર ગહગહતો રે. નાટ૦ ૯

## ઢાળ છઠ્ઠી

( ટૂંક અને તોડા વિચે રે,
મેંદીના દો રૂંખ, મેંદી રંગ લાગો-એ દેશી )

નૃપ કહે નાટકીઆ પ્રત્યે રે; ભલે આવ્યા તુમે આંહી;
નિરૂપમ નાટકીઆ;
નામ સુણ્યો મેં તુમ તણો રે,
મ્હોટો મહીયલ માંહી. નિરૂ૦ ૧
તિણે નાટક માંડો મોકલે રે, તૂઠો દેઊં દાન નિ૦;
મન રીઝવો તુમે માહરો રે, આપું ધન અસમાન. નિ૦ ૨
એમ સુણી એલાચીઓ રે, કરવા નાટક કાજ, નિ૦;
શુદ્ધ કરાવી ભૂમિકા રે; માંડે નાટક સાજ. નિ૦ ૩
જાયે નાટક જોયવા રે, અંતેઉર પરિવાર, નિ૦
વિચ મંચક બંધાવીને રે, બેસાડયો તેણી વાર
નિરુપમ નરપતીયે, એ આંકણી. ૪
અંબરતલ પહોંચે ઇશ્યો રે,
વિચ આરોપ્યો વંશ. નિ૦ નાટ૦,
ચિહું દિશ બાંધ્યા દોરસું રે, ન ખસે તે એક અંશ નિ૦ ૫
વંશ ઉપર એક પાટીયો રે, માંડયો તેણી વાર, નિ૦
તે ઉપર સૂલા ધર્યા રે, તસુપર પૂગી સાર. નિ૦ ૬
ખડ્ગ ધરી જિમણે કરે રે, પાવડીયે ધરી પાય, નિ૦;
ડાવે કર ઢાલ જ ધરી રે; દોરે ચાલ્યો જાય. નિ૦ ૭

પૂંગીપર કુટી ધરી રે, દ્યે ઘૂમરી ઘનઘોર, નિ૦;
વલી સરમે હથીયારડા રે, કરે નાટકીઆ સોર, નિ૦ ૮

સા નાટકણી સુંદરી રે, રતિ રાણી અનુહાર, નિ૦;
વંશ મૂલે ઊભી રહી રે,
કરીને શોલ સણગાર, નિરુપમ નાટકણી. ૯

વારૂ તે વાય ઢોલડી રે, ગાથા ગોરી ગાય. નિ૦;
વંશ પાછલ ફરતી થકી રે, મનમાં પ્રીતમ ધ્યાય નિ૦ ૧૦

## ઢાલ સાતમી (સાહિબા મોતીડો હમારો—એ દેશી)

એ પ્રીતમ મેરે જીઊકો પ્યારો, એ પ્રીતમ મન મોહનગારો;
સાહિબા મોતીડો હમારો, જીવના મોતીડો હમારો,
મોહના મો૦ ૧ એ આંકણી.

માતપિતા છોડી મુજ માટે,
ઘર છોડી આવ્યો મુજ સાટે. સા૦
રાત દિવસ જે રહે તો આવાસે,
તે વંશ ચઢયો મુજ કાજ આકાશે. સા૦ ૨

જે ઘર પહેરતો આછો વાગો,
કાછ પહેરી નાચે અધ નાગો. સા૦
જે ગવરાતતો તાલમખાને,
તે જન આગલ ગાયે છે તાને. સા૦ ૩

દેતો જે દાન સોવનની કોડી,
માગે છે મુજવતી કરજોડી સા૦

જે ઘર જિમતો રસવતી સારી,
તે ઘર ઘર માગે જેમ ભીખારી. સા૦ ૪
નાંટક કરી કુશલે જો આવે,
તો મુજ તાત સહી પરણાવે, સા૦
પરમેશ્વર આશા પૂરજો એહની,
કુશલસું જોડી મલે અમ બિહુંની. સા૦ ૫

**ઢાલ આઠમી** ( ન્હાવો નાહલો રે–એ દેશી )

મહીપતિનું મન મોહીયો રે, નાટકણીને નિહાલ; માનની મોહની રે; હૈ હૈ સુઘટ વિધે ઘડી રે, અહો અહો રૂપ નિહાલ. માનની૦ ૧. અહો અહો લાવણ્ય એહની ચાલ. માઠ. જો ઘર આવે માહરે રે, તો બીજીને મૂકું ટાલ. મા૦ ૨.

એ પાખે એકે ઘડી રે, જાયે છે જમવાર. મા૦
ઘટમાં ઘાવ દીયે સહી રે, તે તીખી તરવાર. ૩
જો નાટકીઓ વંશથી રે, પડીય મરે નિરધાર. મા૦;
તો પટરાણી એહને રે, હું કરૂં પ્રાણ આધાર. મા૦ ૪
એહવે તેહ એલાચીઓ રે, હસતો રમતો દોર મા૦
ઊતરી આવ્યો ભૂપને રે, પ્રણમે ચતુર ચકોર. મા૦ ૫
લોક સહુ એક નૃપ વિના રે, પામ્યા કૌતુક પ્રેમ. મા૦
નાટકીયે એહવી કલા રે, કિહાં સીખી કહો કેમ. મા૦ ૬
જો એહને નૃપ દાન દ્યે રે, તો આપણ દીજે દાન. મા૦
તવ નૃપ કહે નાચક સુણો રે, નાટકીયા પરધાન. મા૦ ૭

મેં નાટક નવિ નિરખિયો રે, રાજકાજને ધ્યાન. મા૦
તિણે નાટક ફરીને કરો રે, સંતોષું તુમ દાન. મા૦ ૮
બીજીવાર એલાચીઓ રે, લોભ તણે વસ લીન. મા૦
વંશ ચઢી ઘૂમર દીયે રે, વિષયે વાહ્યો દીન. મા૦ ૯
તિમ વલી વંશથી ઊતરી રે, કરી નૃપને પરણામ. મા૦
મહીપતિ મનમાં ચિંતવે રે, હજી મુજ ન થયો કામ. મા૦ ૧૦
એતો કુશલે ઊતરી રે, આવ્યો બીજી વાર. મા૦
તો મુજ કર એ કામિની રે, આવે કેણે પ્રકાર. મા૦ ૧૧

## ઢાલ નવમી

(નદી યમુના કે તીર ઊડે દોય પંખીયા—એ દેશી)

સુણ નાટકીયા વાત, કહું એક માહરી;
વિકલ પણે ઇણીવાર, ન જાણી તાહરી:
તેમ સકતી કરી જેહ, ગઇ રહસોપરી;
નાટક ત્રીજી વાર, માંડોજી તેણે ફરી. ૧

સમજ્યા સઘલા લોક, વિષય દૃષ્ટે કરી;
માંડયો નૃપ પરપંચ, લેવા એ સુંદરી,
દુહવાણા ઘણા લોક, જાણી નૃપની ચરી;
પણ નવિ ચાલે કાંઇ, વૃત્તિ જસુ કિંકરી. ૨

નાટકીયે નૃપ વાત, સહુ ચિત્તમાં ધરી,
રાગ થયો વિષયાંધ, ન જોઇ ચાતુરી;
દેખી માહરી નાર, થયો કામાતુરી,
કોણ કોણ ન કરે કાજ, થયો જે આતુરી. ૩

તો હું ચતુર સુજાણ, કલા શુદ્ધ આચરી,
લેઉં એહનું દાન, વિકટ કલાયે કરી;
વલી ચઢું ત્રીજી વાર, એમ મત અનુસરી;
નૃપ પર એલાકુમાર, તે અમરખ આદરી. ૪

ધીંગ ધીંગ ધીંગ ધીંગાંગ, ઢોલ ઢમકા કરી,
ભલો ભલો ભલો હો, ભલો મુખ ઉચ્ચરી;
નાટકીયા-સિરદાર, ગુણીમાં તું સિરી,
અવર નાટકીઆ સૂર, ચઢાવે ઇણી પરી. ૫

નાટક ત્રીજી વાર, દેખાડી તિમ વલી,
આવ્યો રાય હજૂર, નમે તે લળી લળી;
તવ બોલ્યો નરનાથ, અજાણશું જલ ફલી,
ઊભો થઇ રહ્યો કેમ, નાટકીયા અતુલી બલી. ૬

માંડને ચોથીવાર, કલા તું કૌશલી,
આપું અર્થ ભંડાર, રંજયો હું મનરલી;
નાટકીઆને લોક, વિચારે સાંભળી,
જો જો જે નૃપ બુદ્ધિ, ગઇ છે શું વળી. ૭

રાણી એણી પરે રાય, તણી મતી સાંભળી,
જાણે રાણો રાણ, નાટકીઆ તિણે મળી;
ઇમ ચિંતે મન માંહે, ક્રોધાતુર પરજલી,
ધિક્ ધિક્ એ નરનાથ, વિષયે રહ્યો ટળવળી. ૮

નાટકણી લઇ ઢાલ, બોલી થઇ આકળી,
ચઢ તું ચોથી વાર, રહ્યો પીયુ કાં ગળી;

કેમ લગાડીશ ખોટ, કર મતિ નિર્મળી,
રિપુજન વાંછિત જેમ, જાયે અળગો ટળી. ૯
ઈણીપરે ચોથી વાર, ચલ્યો જબ ઊચ્છળી,
તબ તે નયરી માંહે, સાધુ ગલીયે ગલી;
ફિરતો આહારને કાજ, એકાકી આતલી,
આવ્યો ધનપતિ શાહને, મંદિર આગલી. ૧૦

**ઢાલ દશમી** ( પીઉ થે આંબો મેં આંબલી–એ દેશી )

સુરભી જિમ વન ઓળખી, તિમ શ્રાવિકાયે ઓળખ્યો સાધુ,
ઘર આવો અમારે સાધુજી, એ મુનિવર મુજ કામનો;
તારણ ભવજલધિ અબાધ. ઘર૦ ૧

ત્રણ પ્રદક્ષિણા દેઇને, વંદિજી બે કર જોડી. ઘર૦
મુનિ દેખી મન ઉલ્લસી તેહની રોમરાયની કોડી. ઘર૦ ૨
આજ સફલ દિન માહરો, કર ચિંતામણિ ચડયો આજ, ઘ૦
સાધુજી ઇણે ઘર સંચર્યા, તુમે તારણ તરણ જિહાજ. ઘ૦ ૩
મોદક મનમોહી કરી, સિંહ કેસરીસે ભરી થાળ, ઘર૦
દ્યો કહે લખમી સારિખી, વોહોરોજી ભાગ્ય વિશાળ. ઘ૦ ૪
મુનિજી મુજ પાવન કરો, આ એષણી દ્યો આહાર, ઘ૦
મધુર વયણ મુખ બોલતી, વિનવતી વારો વાર. ઘર૦ ૫
અનુગ્રહ કરો અણગારજી, પ્રભુ માંડો પડઘો આંહિ, ઘ૦
ચતુરા ચોક માંહે રહી, વોહોરાવે મુનિને ત્યાંહી. ઘર૦ ૬
નીચી નજર નિર્ગ્રંથની, કહે માન કરી મહાનુભાવ, ઘ૦
વંશ ઉપરથી નિરખીયો, નાટકીએ તિણે પ્રસ્તાવ. ઘ૦ ૭

એલાચીજી ઇમ મનચિંતવે, એ આંકણી.

એ પદમણી પંકજમુખી, ઈંદ્રાણીને અવતાર; એલા૦
ધન્ય ધન્ય એ ઋષિરાજજી, નવિ જોવે નયણ વિકાર. એલા૦ ૮
અહો અહો સમતા એહની, અહો નિર્લોભી નિર્ગ્રંથ; એ૦
એ નારી નિરખે નહીં, અહો અહો સાધુનો પંથ. એ૦ ૯
એ સુકુલીણી સુંદરી, જસુ કોમલ કંચન કાય. એ૦
અહો એકાંતે ઊભી અ છે, અહો મુનિનો મન ન ડગાય એ૦ ૧૦
એ એહની માયે જણ્યો, એક હૂં પણ જન્મ્યો માય; એ૦
અંતર સરસવ મેરુનો, એહ ઋષિ ને મુજમાં થાય. એ૦ ૧૧
અહો હું ભારીકર્મી ઘણો, અહો મૂકી કુલ આચાર; એ૦
આ નીચ નાટકણી નારીને, કાજે એ લીધો વ્યવહાર. એ૦ ૧૨
એ નારીના ધ્યાનથી, આ વંશ ચઢ્યો આકાશ; એ૦
જો ચવું એહના ધ્યાનમાં, તો પોચું જી નરકાવાસ. એ૦ ૧૩
એ લેવાને કારણે, આ કોડી કરૂં છું વિખાસ; એ૦
તો પણ કો નથી આપતો, ધિક્ ધિક્ ધિક મોહને પાસ. એ૦ ૧૪
જો સાધુને આપે છે શ્રાવિકા, મોદક મનને ઉલ્લાસ; એ૦
લેઓ લેઓ કહેતાં લેતા નથી,
તો ધન્ય એહને શાબાસ. એ૦ ૧૫
ધનવેલા ધન તે ઘડી, મૂકીને મોહની જાલ; એ૦
થઇયે મુનિવર સારિખા સવિ છંડી આલપંપાલ. એ૦ ૧૬
એણીપરે **ભાવના ભાવતાં,** ઊપનું જી કેવલ નાણ; એ૦
વંશ ઊપર વારૂ સહી, જાણે ઊગ્યો અભિનવ ભાણ. એ૦ ૧૭

## ઢાલ અગીયારમી ( ખાંગરીઆની દેશી )

નાટક કરતાં કેવલી રે, એલાકુમર થયો જામ રે; દુષ્ટધ્યાનથી મન વલ્યો રે, રાજાનો પણ તામ રે. સોભાગી. ૧. થયો હું નાટકણીનો રાગી, મુજ વિષયની એસી મતી જાગી; મેં કીધો રે કીધો રે કૂડો વ્યાપ રે; દો ભાગી. એ આંકણી. મેં કૃષ્ણ લેશ્યાયે કરી રે, રૌદ્રધ્યાન ધરી એમ રે. દો ભાગી, નરક તણાં દલ મેલીયાં રે, હા હા છૂટીશ કેમ રે. દો૦ ૨. મેં અપકીર્ત્તિ નવિ ગણી રે, ન ગણ્યો પરસ્ત્રી પાપ રે. દો૦, કુલને ખંપણ નવિ ગણ્યો રે, તો કેમ તારીસ આપ રે. દો૦ ૩. વહે નિરંતર એહના રે, અશુચિ એકાદશ દ્વાર રે. દો૦, એ કપટ કલહની કોથલી રે, એ મલમૂત્ર ભંડાર રે. દો૦ ૪. શું મોહ્યો તિણે ઊપરે રે, ધિક્ ધિક્ વિષય વિકાર રે, દો૦; ઈમ ચિંતવતાં રાયને રે, ઉપનો કેવલ સાર રે. દો૦ ૫. પટરાણી તવ ચિંતવે રે, જુઓ રાજાની વાત રે. રંગીલા, મુજ સરખી રાણી ઘણી રે, તો પણ વિષયની ઘાત રે. રંગીલા ૬. એહ અધમ જાતના અંગીલા, હોયે પુરૂષ તે નવ નવ ઢંગીલા, શું મોહ્યો રે મોહ્યો નીચશું એહ રે. એ આંકણી. વાંક નહીં એ ભૂપનો રે, મોહકર્મ ભડવીર રે. રંગીલા, મોહવસે નરનારીને રે, પાયો પીયે નીર રે. રંગી૦ ૭ ધિક્ વિષય ધિક્ મોહને રે, ધિક્ સંસાર અસાર રે. રંગી૦, જેણે છોડ્યા તે ધન મુનિ રે, ધન્ય ધન્ય તસ અવતાર રે. રંગી૦ ૮.

તે ધનવેલા ધન ઘડી રે, લઇ જિનવરનો માગ રે. ૨૦; સર્વ સંગ છોડી કરી રે, લહીયે ભવજલ તાગ રે. ૨૦ ઇણીપરે ભાવનો ભાવતાં રે, કેવલજ્ઞાન અનુપ રે, ૨૦; રાણીને પણ ઉપનું રે, તે તરી ભવજલ કૂપ રે. ૨૦ ૧૦ હવે નાટકણી ચિંતવે રે, ધિક્ ધિક્ વિષય વિલાસ રે. ૨૦; મુજ કારણ માતા પિતા રે, ઇણે છોડયા ઘરવાસ રે. ૨૦ ૧૧ ધિક્ ધિક્ મુજ કાયા કારમી રે, જિણે કરી મોહ્યો ભૂપ રે ૨૦ અનરથકારી એ ઘણું રે, ધિક્ ધિક્ મહારૂં રૂપ રે. ૨૦ ૧૨ તે ધન્ય માનવભવ લહી રે, કરશે જનમ પ્રમાણ રે. ૨૦; મૂકી મમતા મોહની રે, ચારિત્ર લેવે ગુણ ખાણ રે. ૨૦ ઇમ ચિંતવતાં ઊપનું રે, કેવલજ્ઞાન ઉદાર રે. ૨૦; નાટકણીને તેણી સમે રે, સોહગ અતિ સુખકાર રે. ૨૦ ૧૪ ઓત્સવ કરવા આવિયા રે, વાણવ્યંતર તિહાં દેવ રે. કનક કમલ ચારે કરી રે, બેસાડયા તત્ત ખેવ રે. ૨૦ ૧૫ આગલ નીચે દેવતા રે, ગીત ગ્યાન કરે કેવ રે. ૨૦; વાયે વાજિંત્ર દેવતા રે, ભાવશું હરખ ધરેવ રે. ૨૦ ૧૬

## ઢાલ બારમી (હાજરની દેશી)

આવી શાસન દેવી, આપે હરખે હો ઓઘો મુહપતી;
નર નારી બહુ દેવ, બેઠા સેવે હો વાંદી મુનિપતિ. ૧
કેવલી એલાકુમાર, દે તબ દેશના હો ભવિયણને રલી;
લહી માનવ અવતાર, તમે આરાધો હો સંવરમાં ચલી;

૨. અથિર કુટુંબ પરિવાર, કારમી મમતા હો મ કરો કેહની; સડે પડે થાયે છાર, મ કરો મમતા હો કુડી દેહની. ૩ જો લહે કનકની કોડી, તૃપ્તિ ન પામે હો તો પણ પ્રાણીયા, જલકલ્લોલની જોડ, ધન ધાન્યાદિક હો ચપલ વખાણીયા. ૪ સુક્ષ્મ બાદર જીવ ઓલખી, તેહની હો કરૂણા આદરો, સાચું બોલો સદીવ, તૃણ મણિ કંચણ હો અદત્તને પરિહરો. ૫ યોનિમાંહે નવ-લાખ, જીવ બે ઇંદ્રી હો જિનવર ભાખીયા, સંખ્યાતાની સાંખ, સૂક્ષ્મ માણસ હો સૂત્રે દાખીયા. ૬ મૈથુન એક-ણવાર, સેવે હણાયે હો પ્રાણી એટલા, તિણે મૈથુન પરિહારો, કરજો લાભ છે હો કાચે કેટલા. ૭ જો લહે રયણની રાસિ, તૃપ્તિ ન પામે હો તોહી જીવડો, નેટ એ નરક નિવાસ, પોથાડણને હો પરિગ્રહી દીવડો. ૮ એક ત્રસરેણુ સમાન, ગુણ પરિગ્રહમાંહે દીસે કોનહી, દોષ પર્વતને માન, જોતાં દીસે હો પરિગ્રહમાં સહી. ૯ એણી પરે દોષ વિચાર, પરિગ્રહમાંથી હો તિણે વિરમો તુમે, રયણી ભોજનવાર, સંવર પાલો હો એમ કહું છું અમે. ૧૦ કેવલી એલાકુમાર, ભવિયણને દીધી હો એહવી દેશના, લેવા સંયમ ભાર, કીધા કે તે હો લોચ તે કેશના. ૧૧ જેહને ઉપનો ભાવ, તેહને દીક્ષા હો દીયે કેવલી, શીખ દીયે તિણે પ્રસ્તાવ, પાલજો ગિરૂઆ હો કહુ હું છું વલી વલી. ૧૨

*

## ઢાલ તેરમી (ભાંગડલી ધૂતારી—એ દેશી)

ચારિત્રનો ખપ કરજો સૂધા સાધ, ચારિત્ર રસાયણ છે જો, વિષય પરિહરજો સૂધા સાધ, વિષય તો અકાયણ છે જો. ચા૦ ૧ સમતા આદરજો સૂ૦ સમતા સુખદાયક છે જો, તપને અનુસરજો સૂ૦ તપ તે કર્મ ઘાયક છે જો. ચારિ૦ ૨ પ્રવચન માતા ધરજો સૂ૦ આઠે હિત દાયક છે જો, યતિ ધર્મને આદરજો. સૂ૦ દસે ય સખાઇ છે જો. ચા૦ ૩ જિનવચન સદ્દહજો. સૂ૦ સદ્દહણા ઉપાઇ છે જો, પરીસહને પણ સહેજો. સૂ૦ બાવીશે વિષમાઇ છે જો. ચા૦ ૪ સન્નિધિ સંચય મગ્રહે જો. સૂ૦ સન્નિધથી અજયણા છે જો, તિણે કૂખી સંબલ રહે જો. સૂ૦ કૂખી સંબલ જયણા છે જો. ચા૦ ૨ખે દુગંછા આણો. સૂ૦ સાધે દુગંછા ચારી છે જો, આ નાટકણીને જાણો. સૂ૦ નીચકુલે અવતારી છે. જો. ચા૦ ૬ નારીશું નેહ ન ધરસો. સૂ૦ નારી તો ધૂતારી છે જો, સ્ત્રીને સંગ ન તરસો. સૂ૦ સંયમસ્ત્રી ખુવારી છે જો. ચા૦ ૭ મેં પૂરવભાવ કીધો. સૂ૦ રામાસું નેહ ભૂંડો છે જો, આ તેહનો ફલ પામ્યો. સૂ૦ એહ વિગોણો ઉંડો છે જો. ચા૦ ૮ સાધુ સભા તવ પૂછે. સૂ૦ નેહ તણો કોણ બંધન છે જો, તુમ પૂરવભાવ શું છે. સૂ૦ કહોને સુણવાનો મન છે જો. ચા૦ ૯

## ઢાલ ચૌદમી (વીંછીયાની દેશી)

એલાકુમાર હવે કેવલી, નિજ પૂરવ ભવ વિરતંત રે,

કહે સમજાવી સુણજો તુમે, નેહ રાખ્યો દુઃખ દ્યે અંતરે. ૧ એમ જાણી નેહને છોડજો, છે નેહનો મ્હોટો પાસ રે, નેહ રાખી જે જન ઊપરે, ફરી ફરી મલવું પડે તાસ રે. ૨ એમ જાણી નેહને છોડજો. એ આંકણી, વસંતપુરી નયરી વસે, વારૂ અગ્નિશર્મા વિપ્ર રે. એ૦ ૩ તેણે સંયમ લીધો સાધુ કને, જાણી સંસાર અસાર ર, સાથે લીધી દીક્ષા બ્રાહ્મણી, તેહની સ્ત્રીયે તેણીવાર રે. એ૦ ૪ છઠ્ઠ અઠ્ઠંમાદિ તપ તે કરે, પરિહરતાં બે પ્રમાદ રે, કાંઇ આજ્ઞા દ્યે ગુરૂ તેહને, માને ગુરૂ કીધ પ્રસાદ રે. એ૦ ૫ અગ્નિશર્મા સંયમ પાલતો, નારીશું રાખે નેહ રે, રખે અજ્જા હોવે દૂબલી, પહેલી હૂતી માહરે એહરે. એ૦ ૬ એમ જાવજીવ સ્ત્રી ઉપરે, રાખ્યો અગ્નિશર્મે રાગ રે, અંતે પણ આલોચ્યો નહીં, જો જો નેહ છે મ્હોટો નાગ રે. એ૦ ૭ સંયમ તે પાલતી બ્રાહ્મણી, સંયમ ફલ જાણે રોક રે, પણ અશુચિપણે જીમીયે જીકો જિન મતમાં એ છે ફોક રે. એ૦ ૮

એમ જાણી દુગંછા વારજો, દુગંછા દુઃખ દાતાર રે; દુગંછા કરતો જીવડો, લહે નીચ કુલે અવતાર રે. એ૦ ૯. અણસણ કરી તે પતિ ને પ્રિયા, અંતે પણ અણ આલોય રે; બે કાલ કરી શુભ ધ્યાનથી, થયા દેવદેવી દેવલોય રે, એ૦ ૧૦. તે દેવ ચવી દેવલોકથી, એલાવર્દ્ધન પુર ઠામ રે; ઇભ્યશેઠનો નંદન ઊપનો, હું એલાકુમાર ઇણ નામ રે. એ૦ ૧૧. ચવી દેવી તે દેવલોકથી, નાટકણી

નિરૂપમ રૂપ રે; નાયકની પુત્રી ઊપની, જેહ દેખી મોહ્યો ભૂપ રે. એ૦ ૧૨. ઇમ પહેલે ભવંતરે રાખીયો, પ્રાણેસા ઊપર પ્રેમ રે; તે નાટકણીશું માહરો, મલવો થયો ઇણે ભવ એમ રે. એ૦ ૧૩. પહેલે ભવે જો દુગંચ્છા કરી, સાધવીયે સંયમ માંહે રે; તો નાટકણી ઘરે ઊપની, દુગંછાના ફલ આંહિ રે. એ૦ ૧૪.

**ઢાલ પંદરમી** (ગત્રીઆ રે સાજન મલ્યા.–એ દેશી)

પૂરવભવ સુણીને સહુ હું વારી લાલ,
વાંદી પોહોતા ગેહ રે. હું૦
નેહ દુગંછાના તિહાં હું૦ ફલ દેખાડયાં તેહ રે હું૦ ૧

સાધુને જાણે ભામણે હું૦ સમજાવે જે પંથ રે. હું૦
ધર્માધર્મ પટંતરો હું૦
ધન્ય ધન્ય એ નિર્ગ્રંથ રે. હું૦ સાધુ૦ ૨

બેનાતટપુરથી હવે હું૦ ચતુર કેવલી ચાર રે. હું૦
સાધુસંઘાતે પરવર્યા હું૦ મહિયલ કરે વિહાર રે. હું૦ સા૦ ૩

જીવ ઘણાને બૂઝવે હું૦ વાવે ધર્મનું બીજ રે. હું૦
પ્રતિબૂઝયા તે પ્રાણીયા હું૦
જેહની ભીની મીંજ રે. હું૦ સા૦ ૪

એલાકુમર આદે મલી હું૦ ચારે કેવલી જેહ રે. હું૦
અંત સમય અણસણ કરી હું૦
મુકતે પોહોતો તેહ રે. હું૦ સા૦ ૫

અજરામર પદવી લહી હું૦ ભાવ તણા પરિણામ રે. હું૦
ઇમ જાણીને ભાવજો હું૦
ભાવ આણી મન ઠામ રે. હું૦ સા૦ ૬

**ઢાલ સોલમી** (શાંતિજિન ભામણે જાઊં.–એ દેશી)

ભાવ તણા ગુણ એહવા જાણી,
ભાવો ભાવન ભવિ પ્રાણી એ, ભાવ૦ ૧
ભાવથી એલાકુમાર ગુણખાણી,
શિવરમણી પરણાણી એ. ભાવ૦ ૨
નાટકણી અરૂ રાયને રાણી,
લહ્યા શિવ ભાવ પ્રમાણી એ. ભાવ૦ ૩
ભાવ સહિત ભવિદાનજો દીજે,
પૂરણ ફલ તસ લીજે એ. ભા૦ ૪
ભાવ સહિત જો શીલ ધરીજે,
તો સ્વયંવર સિદ્ધિ વરીજે એ. ભા૦ ૫
ભાવ સહિત જો ભવિ તપ કીજે,
હા કઠિન કર્મ સવિ છીજે એ. ભા૦ ૬
લૂણ જ્યું રસવતી માંહે લહિ જે,
ત્યૂં ધર્મમાં ભાવ કહીજે એ. ભા૦ ૭
ગચ્છપતિ વિધિપક્ષગચ્છ બિરાજે,
ગુણરત્નસૂરિ ગુરૂરાજે એ. ભા૦ ૮
લલિતસાગર બુદ્ધ લાવણ્યધારી,
તસ શિષ્ય પ્રથમ સુખકારી એ. ભા૦ ૯

માણિક્યસાગર મુંનિ સુવિચારી,
મુજ ગુરુ જ્ઞાન દાતારી બે. ભા૦ ૧૦
તેહ ગુરૂતણી લહી સુપસાયા,
મેં એલાકુમાર ઋષિ ગાયા બે. ભા૦ ૧૧
સૂત્ર આવશ્યકથી નિરધારી,
બૃહદ્‌વૃત્તિ અણુસારી બે. ભા૦ ૧૨
વલી ઋષિ મંડલમાંથી લીધું,
એ અધિકાર મેં સીધૂં બે. ભા૦ ૧૩
તિણથી ન્યૂન અધિક જે ભાંખ્યું,
તે મિચ્છા દુક્કડ મેં સાખ્યું બે. ભા૦ ૧૪
ગ્રંથાગર અક્ષર ગુણ આણ્યો,
બશેં ગુણશઠ જાણ્યો બે. ભા૦ ૧૫
સંવત સત્તર ઓગણીશ વરસે,
શેખપુરે મન હરષે બે. ભા૦ ૧૬
આશો શુદિ દ્વિતીયા દિનસારે,
હસ્ત નક્ષત્ર બુધવારે બે. ભા૦ ૧૭
જ્ઞાનસાગર દ્યે સંઘ આશીસા,
દિન દિન હોઈ સુજગીસા બે. ભા૦ ૧૮
જસુ સાંનિધ્ય સાધુ ચારિત્ર પાલે,
જ્ઞાન દર્શન અજુઆલે બે. ભા૦ ૧૯

**॥ ઇતિ શ્રી એલાપુત્ર ઋષિ ચતુષ્પદી સંપૂર્ણ ॥**

અર્હમ્ ।

અલાઉ મંડન શ્રી વાસુપૂજ્યસ્વામિને નમઃ

પૂ.આ. શ્રી વિજયકર્પૂરામૃતસૂરિભ્યો નમઃ

શ્રી જિનહર્ષસૂરિ કૃત

# રાત્રિ ભોજન પરિહારક રાસ

## ॥ દોહા ॥

શ્રી શંખેશ્વર પાસ પ્રભુ, મહિમા ત્રિજગ વાસ;
યક્ષ જેહનો જાગતો, પૂરે વંછિત આશ. ૧

જૂની મૂર્તિ જેહની, તુરત જણાવે દેહ,
વારે ચંદ્રપ્રભુ તણે, બિંબ ભરાવ્યું એહ. ૨

પૂજી કેતા કાલ લગે, ભુવનપતિ ધરણિંદ્ર,
અઠમ કરી પદ્માવતી, આરાધી ગોવિંદ. ૩

જરાસિંધુયે મૂકી જરા, યાદવ કર્યા અચેત,
પ્રભુપદ નમણે સીંચીયા, હુઆ તુરત સચેત. ૪

શંખશબ્દ પૂર્યો તદા, હર્ષ ધરી ગોપાલ,
થાપ્યો નયર સંખેસરો, થાપ્યો પાસ દયાલ. ૫

આવે જગ સહુ જાતરા, પરતા પૂરે તાસ,
કલિયુગમાંહે કલા વધી, સેવે નર જાસ. ૬

તાસ-ચરણ પ્રણમી કરી, હૈયડે ધરી ઉલ્લાસ.
કરું સ્વામી સુપસાયથી, રાત્રિ ભોજન રાસ. ૭
સાંભલજો આલસ ત્યજી, થાશે લાભ અપાર,
રાત્રિ ભોજન વારજો, સાંભલી દોષ વિચાર. ૮

## ઢાલ પહેલી ( ચોપાઈની–દેશી )

જો જો જ્ઞાની વિચારી ખરો, માણસ ઢોર કિશો આંતરો,
પશુ તણી પરે વર્ત્યો રહે, રાત દિવસ સરખા સદ્દહે. ૧
દિવસ છોડી જે રાતે ખાય, રાક્ષસ સરિખા તે કહેવાય;
માણસ નહી પણ છે જમદુત, જાણે પ્રત્યક્ષ દીસે ભૂત. ૨
જે થયા પૂર્વ ઋષીશ્વર જાણ, તેણે ભાંખ્યાં છે શાસ્ત્ર પુરાણ;
હૈયું ઉઘાડી જૂવો તેહ, મહોટા દોષ કહ્યા છે જેહ. ૩
પવિત્ર નદી ભાખી ગોમતિ, સિંધુ સરસ્વતી સાબરમતી;
ગંગા યમુના ગોદાવરી, સીતા સીતોદા ગુણ ભરી. ૪
નદી નરબદા ગયા પ્રયાગ, નિર્મલ પાવન નીર અથાગ;
દિનાનાયક અસ્તાચલ જાય, રુધિર સરિખું જલ તે થાય. ૫
ભારતમાંહે કહ્યું ભગવાન, સમજો જો હોયે હૈયડે શાન;
રૂધિર માંસ પાણી ને અન્ન, માનો **શ્રી માર્કંડ** વચન્ન. ૬
વ્રત કરે કેઇ એકાદશી, ધર્મ કીજે માનવ ધસમસી;
દુક્કર ચંદ્રાયણ તપ કરે, અડશઠ તીરથ કરતો ફરે. ૭
એહવા ધર્મી રયણી જમે, તે તો ફોકટ કાયા દમે;
ધર્મ કહ્યો તેહનો અપ્રમાણ, એહવાં બોલે વચન પુરાણ. ૮

રાતે કરવું ન કહ્યું સ્નાન, રાતે દેવું પણ નહિ દાન, રાતે પૂર્વજ ન લહે પિંડ, રાતે તર્પણ નહી અખંડ. ૯. દેવપૂજા થાયે નહી રાત, ફરે નિશાચર કરતાં ઘાત, રયણી ઉત્તમ ન હુએ કામ, રયણી ન જમીયે દેખી આમ. ૧૦. વલી પ્રત્યક્ષ દેખાડું દોષ, સાંભલીને ઉપજે સંતોષ, મન મત ધરજો કોઇ અમર્ષ, પહેલી ઢાલ કહી જિનહર્ષ. ૧૧. (સર્વગાથા ૧૯)

## ॥ દોહા ॥

માખી આવી અન્નમાં, તો થાયે તે અશુદ્ધ;
જો કીડી આવે કિમે, તો જાયે વિદ્યા બુદ્ધ. ૧

જૂ જો પોહોચે પેટમાં, વધે જલોદર રોગ;
કોઢ કરે કરોલીયા, થાયે માઠા યોગ. ૨

વાલ કંઠ રોકે સહી, વીંછી સડે કપાલ;
કાંટો વીંધે તાલવું, તેણે નિશ ભોજન ટાલ. ૩

પંખી જાતિમાં કેટલા, ચૂણ કરે નહિ રાત;
તો માણસ કહો કિમ કરે, જેહથી દુર્ગતિ પાત. ૪

સાચી કરીને માનજો, વાત કહું સમજાય;
કથા સરસ એ ઊપરે, સાંભલજો ચિત્ત લાય. ૫

## ॥ ઢાલ બીજી ॥

( કપૂર હોવે અતિ અતિ ઊજવલો રે એ—દેશી )

**વચ્છદેશ** રલીયામણો રે, નયર **દ્વારાપુર** નામ, લોક તિહાં સુરખીયા વસે રે, વિલસે સુખ અભિરામ રે.

ભાઇ, સુણજો કથા સુરંગ, રયણીભોજન ટાલજો રે, થાયે જેમ ઉછરંગ રે, ભાઇ ાસુ૦ાા એ આંકણી. ૧ **અમરસેન** રાજા તિહાં રે, પાલે રાજ્ય અભંગ, વયરી પાય લગાવીયા રે, કીર્ત્તિ જાસ ઉત્તંગ રે. ભાઈ૦ ૨. **ચંદ્રજસા** પટ્ટરાગિણી રે, રૂપે રતિ સાક્ષાત; જાણે ઈન્દ્રની અપચ્છરા રે, સહુ નારીમાં ભાંત રે. ભાઈ૦ ૩. ભમર વિલૂધો માલતી રે, ક્ષણ મૂકે નહિ સંગ; તેમ રાય રાણી મોહીયો રે, રાખે અવિહડ રંગ રે. ભાઇ૦ ૪. રાજ્ય સંપૂરણ સહુ પરે રે, ઘરમાં નવે નિધાન; પણ દુઃખ છે એક વાતનું રે, નહિ નૃપને સંતાન રે. ભાઇ૦ ૫. ચિત્ત ચિંતા નિશિ દિન કરે રે, કરે અનેક ઉપાય; પણ છોરૂ આવે નહિ રે, પોહોતો છે અંતરાય રે ભાઇ૦ ૬.

મુજ કેડે કોણ થાયશે રે, રાજ્ય તણો રખવાલ; મુજ કેડે પૂરો થયો રે, પડીયો ચિંતા જાલ રે. ભાઇ૦ ૭. જિણ ઘર પુત્ર ન ચાંદ્રણા રે, તિણે અંધારો હોય; જગ શૂનો પુત્ર વિના રે, હૈયે વિચારી જોય રે. ભાઇ૦ ૮. તે ઘર ઘરમાંહે કહ્યું રે, જેણે ઘરે ખેલે પુત્ર; પુત્ર સપુત્રો બાહિરો રે, કોણ રાખે ઘર સૂત્ર રે. ભાઇ૦ ૯. પુત્ર વિના કોણ બાપનો રે, બોલાવે જસ વાસ; ગતે ઘાલે પૂરવજ ભણી રે, મેલે સુર આવાસ રે. ભાઇ૦ ૧૦. નિશદિન ખટક ટલે નહિ રે, રાય તણા મનમાંહિ; જ્ઞાની ન જણાવે કિમે રે, રાખે નિજ મનસાહી રે.

ભાઇ૦ ૧૧. પાલે રાજ્ય ભલી પ૦ રે, ન્યાયવંત ભૂપાલ;
એ જિનહર્ષ થઇ એટલી રે, પૂરી બીજી ઢાલ રે.
ભાઇ૦ ૧૨. (સર્વગાથા–૩૬)

## ॥ દોહા ॥

અન્ય દિવસ પરદેશથી, આવ્યો ભેટ તુરંગ,
**શાલિહોત્ર** શાસ્ત્રે કહ્યાં, લક્ષણ સહિત સુરંગ. ૧
લહૂકન્નો કૂખે સબલ, અતિ સુકોમલ ગાત;
કુક્કુડકંધ સરોસ મુખ, ન્હાનો પૂછ સુજાત. ૨
અશ્વ અમૂલક ગતિ ચપલ, દેખી એહવો રાય;
અસવારી કરવા ભણી, મનમાં ઈચ્છા થાય. ૩
સાજવાજ કરી સાબતો, રાય થયો અસવાર;
કટક શુભટ કેડે ચાલ્યા, રમવા ભણી અપાર. ૪
અશ્વ એડીશું આહણ્યો, પવન પરે ઉજાય;
**જેમ જેમ તાણે વાગ તેમ, રાખ્યો હી ન રહાય.** ૫
વક્રપણે તે શીખવ્યો, વાયે વાય મિલાય;
રાજાને લેઇ ગયો, દેખંતા સમુદાય. ૬

## ॥ ઢાલ ત્રીજી ॥

( રે જાયા તુજવિણ ઘડી રે છ માસ–એ દેશી )

કીણહીક અટવી લેઇ ગયોજી, તટિની વહે અથાગ,
ઘોડો તિહાં ઊભો રહ્યો જી, ઢીલી મૂકી વાગ. ૧

ભવિક તું પુણ્ય તણું ફલ જોય;
પુણ્યે પરિઘલ પોતે હુવે જી, જિહાં તિહાં સંપત્તિ હોય. ભ૦ ૨
અશ્વથકી નૃપ ઉતર્યોજી, પાણી પાસો તાસ;
પોતે પીધૂં સુસતો થયોજી, વન દેખે ચિહું પાસ. ભ૦૩
નરપતિ તરૂછાયા જઇજી, બેઠો ચિંતે એમ;
કિહાં આવ્યો જાશું કિહાં જી, પ્રાણ ઉગરશે કેમ. ૪
ઇમ મનમાંહે વિચારતાં જી, નારી એક અનૂપ;
આવી પાસે ભૂપનેજી, અદ્‌ભુત્ત યૌવન રુપ. ભ૦ ૫
મન ન ચલે તેહનું ચલે જી, મારે નયણ ત્રિસૂલ;
એક નારી ને આંબલીજી, નરને મેલે ધૂલ. ભ૦ ૬
રમજમ કરતી સુંદરીજી, દીઠી નયણ ઠરંત;
કામાતુર નૃપને કહેજી, સાંભલ તું ગુણવંત. ભ૦ ૭
હું પાતાલ નિવાસિની જી, દેવી નાગકુમાર;
મોહી તુજને દેખીનેજી, તું મન્મથ અવતાર. ભ૦ ૮
એ વન મુજ રમવા તણું જી, પ્રીતમ અનુમતિ પામિ;
રમુ સદા ઇહાં આવીનેજી, એ સુખનું છે ઠામ. ભ૦ ૯
સુરી કહે મુજ શું રમો જી, લ્યો યોવનનો લાહ;
યુક્તિ જોડી બે મલીજી, મિટે હીયાનો દાહ. ભ૦ ૧૦
તુજ મુજ પુરવ લેખથી જી, આવી મલ્યો એ યોગ;
તો હવે કિશી વિચારણા જી, ભોગવો મુજશું ભોગ. ભ૦ ૧૧
માનવ ભવ પામી કરી જી, લ્યો લાહો ગુણવંત;
એ અવસર નહી આવશે જી, પૂરો મનની ખંત. ભ૦ ૧૨

આવ્યાને આદર દીયેજી, મૂકે નહી નિરાશ;
ઉત્તમ નર પીડે નહીજી, પૂરે સહુની આશ. ભ૦ ૧૩
વારવાર કરૂં વિનતિ જી, ઢીલ ન ખમણી જાય;
કામ વ્યથા માહરી મિટે જી, મેલી ઘો મહારાય. ભ૦ ૧૪
ઘણું કહાવો છો કિશું જી, માનો મુજ અરદાસ;
ઢાલ ત્રીજી પૂરી થઇ જી, કરો જિનહર્ષ વિલાસ. ભ૦ ૧૫
( સર્વ ગાથા ૫૭ )

॥ દોહા ॥

તું ભમરો હું માલતી, ફૂલી યૌવન બાગ;
રસ લે રસીયા સાહેબા, તું મલીયો મુજ ભાગ. ૧
કહ્યું કરીશ જો માહરો, તો તુજને વર દેસ;
નહી તો રૂઠી તુજ ભણી, ઇહા ઊભા મારેશ. ૨
રૂઠી હું અલિ આકરી, તૂઠી શીતલ જાણ;
અંત ન લીજે નારીનો, કીજે વચન પ્રમાણ. ૩
રાચી અમૃત સારિખી, વિરચી વિષની વેલ;
એવું જાણી સાપુરૂષ, મન કેરો હઠ મેલ. ૪
તુજશું માહારે મન મલ્યું, લાગે નિવડ સનેહ;
સુખ ભોગવો સંસારના, નાવે અવસર એહ. ૫

**ઢાલ ચોથી** (મમ કરો માયા રે કાયા કારમી એ–દેશી)

રાય કહે રે દેવી સાંભલો, મૂકી દે એહવી રુઢિ રે;
હું તો નરરૂપ તું તો દેવતા, એ કિસી યોગતા મૂઢ રે.

રાય૦ ૧. તું દેવી છે દેવની યોગતા, માનવી માનવ યોગ રે; સરિખે સરિખું જોડું જો મલે, તો વધે પ્રેમ સંયોગ રે. રા૦ ૨. દેવી મુજને નિયમ છે એહવો, માય બહિન પારકી નાર રે, પારકી નારી કેમ હું ભોગવું, સાંભલી દોષ અપાર રે. રા૦ ૩. રાવણ પરની રે સ્રીય લંપટી, લઇ ગયો રામની નાર રે; રામે લંકા વિધ્વંસી કરી, છેદ્યાં દશ શિર ધાર રે. રા૦ ૪. નારી પાંચ પાંડવની દ્રૌપદી, શીલવતી શિરદાર રે; કીચક તેહ તણો રસીયો થયો, ભીમે હણ્યો તેણિવાર રે. રા૦ ૫. ઇંદ્ર અહિલ્યાંયે તે મોહિયો, ગૌત્તમ દીધ સરાપ રે; સહસ્ર સ્રી ચિહ્ન સરિખા થયા, પામ્યો બહુત્ત સંતાપ રે. રા૦ ૬. ઈંદ્ર તણા અપચ્છરા ચૂકવ્યો, તપથી બ્રહ્મા તત્તકાલ રે; મુખ કર્યા મોહવશે ચિહું દિશે, જોવા રુપ સુકુમાલ રે. રા૦ ૭.

એમ ઘણેરારે લોક પરનારીથી, પામ્યા દુઃખ ભવ એણ રે; પરભવે તે ઘણું રડવડયા, લહી વલી દુઃખની શ્રેણ રે. રા૦ ૮. હું કેમ તાહરે વાતે ચાતરું, મેરૂ ચલે કેમ વાય રે; અગ્નિ વરસે કદા નહી ચંદ્રમા, અગ્નિ તાઢો નવિ થાય રે. રા૦ ૯. સમુદ્ર મર્યાદા મૂકે નહીં, શેષ ધૂણે નહી શીશ રે; ગંગાજલ મલીન થાયે નહી, રહે અંધકાર કેમ દીસ રે. રા૦ ૧૦. તેમ મન માહરો તે પણ નવિ ડગે, વચન રચના સુણી તુજજ રે. અન્યાય મારગ કેમ હું સંચરૂં, અગડ ભાંગું કેમ સુજજ રે. રા.

૧૧. રાજા પીયર છે પરજા તણો, રાય પ્રજા રખવાલ રે; રાય અન્યાય કરે નહી કદા, મ કરતું વચનની આલ રે. રા૦ ૧૨. તું મુજને છે જામિણી સારિખી, એહવા વચન મ બોલ રે; ઢાલ જિનહર્ષ એ ચોથી થઇ, નૃપ કહ્યાં વચન અમોલ રે. રા૦ ૧૩.

( સર્વગાથા ૭૫ )

॥ દોહા ॥

ઇમ સાંભલી રૂડી સુરી, ક્રોધ કરી અસરાલ;
દ્રઢ બંધન શું બાંધીયો, પીડ્યો તેણે ભૂપાલ. ૧

નારી વચન છાંનાં સુણ્યાં, આવી નાગકુમાર;
તૂઠો રાય ભણી કહે, ધન ધન તુજ અવતાર. ૨

સત્યવંત તું સાપુરૂષ, શીલવંત ગુણવંત;
ધીરજ તાહરી દેખીને, પામ્યો હર્ષ અનંત. ૩

માતપિતા ધન્ય તાહરાં, જેહને તું થયો પુત્ર;
ઇહાં તેં તાહરી કીરતિ, પામીશ સુખ અમિત્ર. ૪

એહવું કહીને રાયનાં, બંધન છોડ્યા દેવ;
કર જોડી કહે વીનતિ, વચન નિસુણ તું હેવ. ૫

**ઢાલ પાંચમી** (દેખો ગતિ દેવની રે—એ દેશી.)

માગ વર દેવતા એમ કહે જી રે, તૂઠો હું તુજ ગુણ દેખ, તુજ સરિખો જગ કો નહી જી, મૂકી તે દેવિ ઉવેખ. મા૦ ૧. નરપતિ ભાખે માગું કિશું જી;

સાંભલ નાગકુમાર, માહરે નહીં ઊણુ રતિ કિશિજી, રાજ ઋદ્ધિ ભર્યા ભંડાર. મા૦ ૨. દેવ કહે સુણ દેવનુંજી, દરશન નિઃફલ ન હોય, તેહ ભણી કાંઇક માગ તું જી, મુજ તુજ પ્રીતજ જોય. મા૦ ૩ પ્રીત તિહાં અંતર કિશું જી, અંતર પ્રતિ વિનાશ; તો અંતર કિમ રાખી-યેંજી, જોઇયે માગે મુજ પાસ. મા૦ ૪ આગ્રહ જાણી સુરનો તદાજી, આપે તો મુજ સુત આપ, માહરે એટલું કામ છે જી, ચિંતા મુજ તણી કાપ. મા૦ ૫ ભાષા સમજે સહુ જીવની જી, દ્યો વરદાન મુજ એહ, દેવે વર દીધુ રાજા ભણી જી, રાખીયો એટલો નેહ. મા૦ ૬ પુત્ર હોશે તાહરે સહી જી, લેહશે ભાષા તણો ભેદ; પણ કહેશો જો કિણ આગલે જી, જીવિતનો હોશે છેદ. મા૦ ૭ ઇમ વર દાય દેઇ ગયો જી, નારી લેઇ નિજ લાર, આનંદ મનમાંહે ઊપનો જી, રાય મન હર્ષ અપાર. મા૦ ૮ તરૂવર છાહેંડી વીશમ્યો જી, માળો તેણે વૃક્ષની ડાલ, રહે તિણમાંહે ચડો ચડકલી* જી, વાત કરે સુકુમાલ. ૯ પંખીયો કહે સુણ પંખણીજી, તું રહે આપણે ઠામ. મત કિહાં જાજે ઇહાં થકી જી, હું જાઉં છું કિણ કામ. મા૦ ૧૦ પ્રીતમ સુણ કહે ચડકલીજી, આવીશ તાહરે સાથ, એકલડી હું કેણિપરે રહુંજી, જાયે કેમ રાત્રિ વિણ નાથ. મા૦ ૧૧ પુરૂષ ઇચ્છા તણા રાજીયાજી, નવલીશું કરે નેહ, મૂલગી નારી વીસારી

* ચકલો, ચકલી.

કેજી, પુરુષ તો હોયે નિઃસ્નેહ. મા૦ ૧૨ હૃદય જૂઆં મુખના જૂઆજી, પુરુષનો કિશો વિશ્વાસ; તિણે તુજ કેડે હું આવશું જી, નારી શોભે પિયુ પાસ. મા૦ ૧૩ એકલી નારી કેમ મૂકીયે જી, પ્રીતમ હૃદયે વિમાસ; ઢાલ જિનહર્ષ થઇ પાંચમી જી, વચન સુણો નૃપ તાસ. મા૦ ૧૪ (સર્વગાથા-૯૪)

॥ દોહા ॥

ચિડો કહે રે ચડકલી, વહેલો હી આવેશ;
તું કહે તે ફોગટ કહે, મન શંકા નાણેશ. ૧
હઠ લેઇ રહી ચડકલી, ચડો કહે મત સંતાપ;
ગૌ સ્ત્રી બાળક બ્રહ્મનું, નાવું તો મુજ પાપ. ૨
માથું ધૂણી ચડકલી, કહે કિશા સમ એહ;
પુરુષ હૈયે ખોટા હૂએ, તુરત દેખાડે છેહ. ૩
પુરુષ વચન માનું નહી, પુરુષ કપટનાં ગેહ;
જિમ તિમ કરી નારી ભણી, છેતરી જાયે જેહ. ૪
નારી અબલા નર સબલ, નરનાં હૈયા કઠોર;
ન ગણે લજ્જા લોકની, કરતા કર્મ અઘોર. ૫

ઢાલ છઠ્ઠી (સુણ બેહેની પીયુડો પરદેશી- એદેશી.)

એ તો મીઠી વાણી ચડકલો, ભાંખે વાહાલી મોરી નારી રે;
પંખની કહું તુજને, નર નારી સરિખા નથી.
બોલીજે વચન વિચારી રે પં૦ ૧

નિરલજ્જ નારી લાજે નહી, દે પુરૂષ તણે શિર-દોષ રે, પં૦ અનરથ સેવે પોતે સદા, વલી થઈ બેસે નિર્દોષ રે પં૦ ૨. નારી માંહે લક્ષણ નાહી, વલી નાણે કેહની ભીતિ રે, પં૦ જેમ મન માને તેમ સંચરે, છાંડે કુલકેરી રીત્તિ રે. પં૦ ૩. નિજસ્વારથ જો પોહોંચે નહી, ભરત્તાર હણે તો નાર રે, પં૦ છાર ઊપરલું લીપણું, નારીનો નહી વિચાર રે. પં૦ ૪. એતો નારી ક્યારી કુડની, કપટ તણો ભંડાર રે, પં૦ તેં કહેવરાવ્યાને મેં કહ્યા, રીશ મ કરીશ તું નાર રે. પં૦ ૫.

કોઠી ધોયાં કીચડ નીસરે, નારીશું કેહો વાદ રે, પં૦ વાદ કરંતા વેઢ થાય ઘણી, તિણમાંહે કિશો સવાદ રે. પં૦ ૬. હવે કીમહી જાવાદે મુજને, પંખણી કહે સાંભલ કંત રે, પં૦ રયણીભોજન પાપ અહે જો, તો જાવા દઉં ગુણવંત્ત રે. પં૦ ૭. કાન ઢાંકી કહે પંખીયો એતો સમ ન કરૂં મોરી નાર રે, પં૦ એ તો પાતક નવિ ઊપડે, એનો તો સબલો ભાર રે. પં૦ ૮. નહી જાઈયે એ કારજ રહ્યું, રાજા સાંભલીયો આપ રે, પં૦ રાત્રિભોજનનો પંખીયા, તે પણ ઝાલે નહી પાપ રે. પં૦ ૯. સાંભલી પંખીના બોલડડાં, નૃપ મન થયો સંદેહ રે, પં૦ પૂછું હું કેહને જાઇ, કોણ સંશય ભાંગે એહ રે. પં૦ ૧૦. એમ ચિંતવી ઘોડે ચડી, જોવે કાનન મન રંગ રે, પં૦ સાધુ લતા તરૂ મંડપે, દેખી હૈયડે ઉછરંગ રે. પં૦ ૧૧. તુરત અશ્વથી ઊતરી આવી,

પ્રણમ્યા મુનિના પાય રે, પં૦ ધર્માશીશ દીધી રાયને, બેઠો આગલ ચિત્ત લાય રે. પં૦ ૧૨. કર જોડી વિનય કરી ઘણો, કહો કરૂણાવંત કૃપાલ રે, પં૦ રાત્રિભોજનનો કેટલો, દોષ દાખો દીન દયાલ રે. પં૦ ૧૩. નરરાય સુણો મુનિવર કહે, કેમ દોષ અશેષ કહેવાય રે, પં૦ થાયે આયુ વરસ અસંખનું, સો રસના સો મુખ થાય રે. પં૦ ૧૪. કહેતાં થાય પૂરા નહીં, રાત્રિભોજનનાં પાપ રે, પં૦ ઢાલ છઠ્ઠી એ પૂરી થઇ, જિનહર્ષ કહે મુનિ આપ રે. પં૦ ૧૫. (સર્વગાથા ૧૧૪)

## ॥ દોહા ॥

પણ મોહોટા અવગુણ કહું, સાંભલ તું ધર્મિષ્ઠ;
છન્નું ભવ લગે જીવની, ઘાત કરે પાપિષ્ટ. ૧

પાતક થાયે જેટલું, એક સર શોષ તાંહ;
એકશો એકભવ શોષવે, તે એક દવ દેતાંહ. ૨

અઠોત્તરસો ભવલગે, દવ દે પાપી કોય;
એક કુવાણિજ્ય જો કરે, પાપ તેટલું હોય. ૩

પૂજ્ય કુવાણિજ્ય સ્યો કહો, જેહનાં એટલાં પાપ;
તે સંભલાવો મુજ ભણી, ટાલો મનનો તાપ. ૪

**ઢાળ સાતમી** (મહાવિદેહ ક્ષેત્ર સોહામણું. એ–દેશી)

મુનિવર કહે તમે સાંભળો, લાખ મીણ મધુ લોય રાય રે,
ઘાણી મુશલ હલ ગાડલાં, ગલી મહૂડાંશુ મોહ રાય રે. મુ૦૧

વિષ હથિયાર-ન વેચણા, વજાદંત વચ્છનાગ રાય રે,
બલદ સમારી વેચવા, વલી વેચે લઇ છાગ રાય રે. મુ૦ ૨
ઢેઢ કસાઇ વાઘરી, તેલીને લોહાર રાય રે,
વણજારા અધોવાહીયા, ચીડીમાર મચ્છિમાર રાય રે. મુ૦ ૩
ભવ ચુમાલીશ એકશો, પાપ કુવાણિજ્ય જેહ રાય રે,
ખોટું એક કલંક ધે, તેટલું પાપ ગણેહ રાય રે. મુ૦૪
જનમ એકાવન એકશો, આલ તણો જે દોષ રાય રે,
એક પરસ્ત્રી સંગતે, થાયે પાતક પોષ રાય રે. મુ૦ ૫
નવાણુંશો ભવ લગે, પરસ્ત્રી કામે કોય રાય રે,
એક રાત્રિભોજન તણું, એટલું પાતક હોય રાય રે. મુ૦ ૬
વાયસ સૂકર કૂકડો, ઘુઅડ ને માર્જાર રાય રે,
નિશિભોજનને પામે સહી, રાત્રિચર અવતાર રાય રે. મુ૦૭
મુનિ પાસે રાજા સુણી, નિશિભોજનના દોષ રાય રે,
ચરણે લાગી પ્રેમશું, ધરતો મન સંતોષ રાય રે. મુ૦ ૮
એક રાત્રિ ભોજન તણો, દોષ અછે મુનિરાય રાય રે,
તો કેમ છૂટીશ તેહથી, કોઇ ઉપાય બતાય રાય રે. મુ૦ ૯
પૂર્વે નિશિ ભોજન કર્યાં, તે તો ભૂલ્યા અજ્ઞાન રાય રે,
હવે જાણીને પરિહરો, ધરો ધર્મનું ધ્યાન રાય રે. મુ૦ ૧૦
અમરસેન રાજા કરે, રાત્રિ ભોજનનો નીમ રાય રે,
મુજને નિશ્ચલ પાલવો, જાં જીવું તાં સીમ રાય રે. મુ૦ ૧૧
વલી પૂછે અણગારને, સ્વામી કહો વિચાર રાય રે,
ચિડા ચિડકલી કેમ લહે, રાત્રિ દોષ અપાર રાય રે. મુ૦ ૧૨

એણે વનમાંહે મુનિ કહે, સમવસર્યા જિનરાય રાય રે,
કુંથુજિનેશ્વર સત્તરમા,તાસ ભણી નમી પાય રાય રે.મુ૦૧૩
નિશિભોજનનો મેં પૂછીયો, સ્વામી ભાંખો દોષ રાય રે,
જિનવાણી સમજે સહુ, સહુને હોય સંતોષ રાય રે. મુ૦૧૪
જિન કહેતાં પંખી સુણ્યા, બેઠા તરૂવર ડાલ રાય રે,
એ જિનહર્ષ પૂરી થઇ, એટલે સાતમી ઢાલ રાય રે. મુ૦ ૧૫
( સર્વગાથા ૧૩૩ )

## ॥ દોહા ॥

તે પણ પાલે આખડી, સાંભલ તું ભૂપાલ;
ધન્ય પંખી તે બાપડા, દોષ તજ્યો તત્કાલ. ૧

નૃપ પૂછે કરજોડીને, ચિડા ચિડી અવતાર;
કિહાં લેશે ઇહાંથી મરી, મુજને કહો વિચાર. ૨

મુનિ ભાંખે તે પંખીયો, તુજ સુત હોશે વિચાર;
ચિડી જીવ તુજ પુત્રની, થાશે નિરૂપમ નાર. ૩

ઇમ સંશય નૃપ મન તણો, ટાલ્યો સહુ મુણિંદ;
મનમાંહે હર્ષિત થયો, પામ્યા પરમાનંદ. ૪

અશ્વ હર્યો રાજા ભણી, તે દિનથી પ્રધાન;
ચતુરંગ સેના લેઇ કરી, ચાલ્યો બુદ્ધિ નિધાન. ૫

પગે પગે ઘોડા તણે આવી સેના ત્યાંહ;
ચરણે લાગા આવીને, રાજા બેઠો જ્યાંહ. ૬

## ઢાલ આઠમી (વીંછીયાની દેશી)

સેના શ્રીગુરુ ચરણે નમી, રાય પ્રણમી ગુરુ પાય રે; આવ્યો નિજમંદિર હર્ષશું, પુરલોક ભણી સુખ થાય રે. સેના. ૧ સુત વાત કહી રાણી આગલે, હરખી મન-માંહે વિશેષ રે; પ્રીતમ મલિયા સુખ ઊપનું, વલી પુત્રનું સુખ લહેશ રે. સે૦ ૨ દોષ રત્રિભોજનનાં દાખ-વ્ય ગુરુમુખ સાંભલીયા જેહ રે, રાજ લોકમાંહે તે ટાલીયા, શૂરવીર નૃપતિ ગુણ ગેહ રે. સેના. ૩

સુખ ભોગવતા ઇમ અન્યદા, નિશિ સુપન લહ્યું શ્રીકાર રે; સણગાર્યો વિજયથંભ નિરખિએ, રાણી હરખી તેણી વાર રે. સેના. ૪ રાયને રાણી જઇ વિનવ્યો, થાશે કુલ થંભ સમાન રે; મનમાં નિશ્ચય તું જાણજે, એણી પરે ભાંખે રાજાન રે. સેના. ૫ જિમ જિમ તે સુત ગર્ભે વધે, તિમતિમ વાધે નૃપરાજ રે; જીંપે સીમાડી રાજવી, જય પામ્યો વાધી લાજ રે. સેના. ૬ હયગય ધેના વાધી ઘણી, પુરદેશ વધ્યા ભંડાર રે; ઇમ પૂરે દિવસે જનમીયો, કુલમંડણ રાજકુમાર રે. સેના. ૭ ઓત્સવ બહુ પરે રાજા કીયો, કહેતાં ન આવે પાર રે ચંદન તોરણ કરી બાંધીયા, શણગાર્યા પુર બાજાર રે. સેના. ૮ દશ દિવસ લગે ઉત્સવ કરી, સુતક દિવસે ઇગ્યાર રે, પકવાન ભોજન ભાતભાતનાં, નીપજાવ્યાં તાસ ન પાર રે. સેના. ૯ જિમાવ્યા પુરજન માનશું, જિમાવ્યો વલી પરિવાર રે; કીધી સહુને પહેરામણી, સંતોષ્યા સહુ નરનાર રે. સેના. ૧૦

સહુ સાંભલજો રાજા કહે, સુપના કેરે અનુસાર રે; જયવાદ લહ્યો સહુમાં અમે, નામે **જયસેનકુમાર** રે. સેના. ૧૧ ગુણ રૂપ કલા તેજ નિર્મલો, નીલવટ દીપે જિમ ભાણુ રે; સુરકુમર સરિખો ફૂટરો, પ્રગટી જાણે ગુણખાણુ રે. સેના. ૧૨ વાલો લાગે સહુ લોકને, પુણ્યવંત હુવે જે બાલ રે; જિનહર્ષ પૂણ્યથી પામીયે, સંપૂર્ણ આઠમી ઢાલ રે. સેના. ૧૩ (સર્વગાથા ૧૫૨)

## ॥ દોહા ॥

એક દિવસ ઉત્સંગમાં, સુત લહી બેઠો તાત,
સહેજે પંખીની કહી પૂર્વભવની વાત. ૧

સાંભલી મૂર્છા પામીયો, ભોયેં પડયો તતકાલ,
લોચન મીચાઇ ગયાં, ચિત્ત રહિત થયો બાલ. ૨

આકુલ વ્યાકુલ નૃપ થયો, રાણી કરે વિલાપ,
ખમા ખમા સહુ કો કહે, વાય વીંજે નૃપ આપ. ૩

પાણી વલમાં ઊઠીયો, કુમર થયો સાવચેત,
રાય કહે સુત શું થયું, થયો અચેત કુણ હેત. ૪

વાત તુમે કહેતાં સુણી, પંખીની મેં તાત,
મેં દીઠો ભવ પાછલો, તેણે થઇ એહવી વાત. ૫

## ॥ ઢાલ નવમી ॥ (અલબેલાની દેશી)

રાત્રિભોજનનો હવે રે લાલ, પાપ જાણી તેણે બાલ, હિતકારી રે,
કીધી મનશું આંખડી રે લાલ, રાજ્યકુમર સુકુમાલ.

હિતકારી રે રાત્રિભોજનનો હવે રે લાલ. ૧ એ આંકણી
પાંચ ધાવે પાલીજતાં રે લાલ, કરતાં કોડિ જતન હિ૦,
થયો વરસ તે સાતનો રે લાલ,
દીપે જેમ રતન્ન. હિ૦ રા૦ ૨

નૃપે નીસાલે પાઠવ્યો રે લાલ, કરવા કલા અભ્યાસ, હિ૦
થોડે દિવસે આવડી રે લાલ, કલા બહોંતેર તાસ. હિ૦ રા૦ ૩

કુમર પ્રવીણ થયો ઘણું રે લાલ, વિનયવંત ગુણવંત, હિ૦
યૌવનવન તન મોહોરીયો રે લાલ,
શોભા જાસ અનંત. હિ૦ રા૦ ૪

હવે સુણો કેણી પરેં મલે રે લાલ, પૂર્વભવની નાર, હિ૦
શ્રી જયસેન કુમારને રે લાલ, સાંભલજો અધિકાર. હિ૦ રા૦ ૫

વચ્છદેશ રલિયામણો રે લાલ, સરસો જિહાં સુભિક્ષ હિ૦
નગરી તિહાં **કમલાપુરી** રે લાલ.
કમલાપુરી પ્રત્યક્ષ. હિ૦ રા૦ ૬

ધનવંત તિહાં વ્યવહારીયા રે લાલ; સુખીયા ને સુકુમાલ, હિ૦
લોક વસે તિહાં સહુ સુખી રેં લાલ,
દુઃખીયાના પ્રતિપાલ. હિ૦ રા૦ ૭

રાજ્ય કરે રાજા તિહાં રે લાલ, **બલિભદ્ર** મહાબલવંત, હિ૦
તેજ જાસ ન સહી સકે રે લાલ,
અરિ ગિરિ ગુફા ગ્રહંત, હિ૦ રા૦ ૮

પટ્ટરાણી **ગુણસુંદરી** રે લાલ, ગુણ સુંદર જિણમાંય, હિ૦
પ્રીતમને વહાલી ઘણી રે લાલ, એકજીવ દોય કાય: હિ૦ રા૦ ૯

રૂપવંત ને પતિવ્રતા રે લાલ, નિર્મલ શિલધરંત, હિ૦
વિનયવંતી મુખ મલકતી રે લાલ,
પુણ્યે નારી મિલંત. હિ૦ રા૦ ૧૦

**જયસેના** કુંઅરી તસુ રે લાલ,સુર કન્યા અવતાર, હિ૦
યૌવન પુરુષ મન મોહની રે લાલ,
ગુણનો નહી કોઇ પાર. હિ૦ રા૦ ૧૧

ચતુર વિચક્ષણ સુંદરી રે લાલ, ચોશઠકલા ભંડાર, હિ૦
ગજગતિ ચાલે ગેલશું રે લાલ, રુપ દીયો કિરતાર.હિ૦રા૦૧

નીપાવી નિજ હાથશું રે લાલ, બ્રહ્માંયે કરીય યતન્ન, હિ૦
એહવી કન્યા કૂટરી રે લાલ, અવર ન કેહી અન્ન. હિ૦રા૦ ૧

સખી વર્ગમાંહે રમે ગુલાલ, નિશદિન મન ઉછરંગ,હિ૦
કહે **જિનહર્ષ** પૂરી થઇ રે લાલ,
નવમી ઢાલ સુરંગ હિ૦ રા૦ ૧૪

(સર્વગાથા ૧૭૧)

## ॥ દોહા ॥

ચિડાચિડી એકણ દિને, તરુવર કેરી ડાલ,
હિંચંતા દીઠા તેણે, મનમાં ચિંતે બાલ. ૧

કિહાંએક મેં દીઠા હુતા, પંખી કરતા કેલ,
માલે રમતાં હિંચતાં, ચિડા ચિડી મનમેલ. ૨

ઇહાપો કરતાં પડી, થઈ અચેત તેણિવાર,
સાંભલીયો ભવ પાછલો, ચિંતે ચિત્તમઝાર. ૩

પહેલે ભવ. હું ચડકલી, ચિડો મુજ ભરતાર,
નિશિભોજન મૂકયું હતું, નૃપઘર લીયો અવતાર. ૪
પુણ્ય ફલ્યું તે મુજ ઇહાં, સુખણી થઈ અપાર,
પરણુ જો મુજ મલે, પૂર્વભવ ભરતાર. ૫

**ઢાલ દશમી** (સાહેબા મોતીડો હમારો એ–દેશી)

ચિત્ત વિચારે કેમ તે મલશે, મનોરથ માહરા ફલશે ।
કુમરી ભરીયો મનચિંતે, કુમરી ભરીયો. એ આંકણી,
ચિંતા મગ્ન થઈ તે કુમરી,
ફૂલ વિના રતિ નહી જેમ ભમરી કુ૦ ૧
અન્ન ન ભાવે નીર ન ભાવે, રાગ રંગ શ્રવણે ન સુહાવે, કુ૦
નિજ સહિયર સાથે નવિ ખેલે, રાતદિવસ નીસાસા મેલે. કુ૦ ૨
વરસ બરાબર વાસર જાયે, તારા ગણતાં રાત વિહાય. કુ૦
શૂન્ય ધ્યાન બેઠી મન ધ્યાવે,
કિર્નહીશું નિજ ચિત્ત ન લાવે. કુ૦ ૩
વર ચિંતા હૈયડામાં ધરતી, રહે ઉદાસ દિવસ એમ ભરતી, કુ.
તોડે તૃણા ભુમિ સામું જોવે,
ન જણાવે હિયડામાં રોવે. કુ૦ ૪
પૂછે સહીયર સાંભલ બહેની, મ્લાન મુખ દીસે કેમ કહેની. કુ૦
ચિંતા મનની કોને ન જણાવે,
દુઃખ મનનું તું કાં ન જણાવે. કુ૦ ૫
પ્રીતી સાચી જો ચિત્ત દાખે, અંતર અમશું કેમ રાખે, કુ૦

ચિતા અગ્નિ ચિંતા જેમ બાલે,
ચિતા સુંદર કાયા ગાલે. કુ૦ ૬

ચિંતા છાની માર કહીજે, એહનો કિમહિ ન ભેદ લહીજે. કુ૦ કંચનવર્ણી કાયા ગાલી, થાયે સાંભલ તું સુકુમાલી. કુ૦ ૭ સખી સુણો તુમ આગલ ભાખું, તુમશું કેહો અંતર રાખું, કુ૦ પૂરવભવ મેં દીઠો સહેલી, પંખી દેખી થઇ હું ઘેલી. કુ૦ ૮ પૂર્વભવનો પરણું ભરતાર, બીજા શું તો મુજ વિચાર, કુ૦ રાજા બીજા વરને દેશે, તો કહોને સખી કેમ કરીશે. કુ૦ ૯ આરતિ મનમાંહે તેણે સબલી, મનની મનમાં રહેશે સઘલી, કુ૦ સખીયો કોઇ ઊપાય બતાવો, દીજે ઉત્તર તાત સુહાવો. કુ૦ જયસેના બાઇ અવધારો, ચિંતા મ કરો થાશે સારો, કુ૦ કોઇક બહેની પ્રપંચ કરીજે, કાલ વિલંબે ફલ પામીજે. કુ. ૧૧ કિશો પ્રપંચ મુનિ સંભલાવો થાયે કાર્યસિદ્ધિ બતાવો, કુ૦ કરો પ્રતિજ્ઞા કોઇક મોટી, સખી કહે મત જાણો ખોટી. કુ૦ ૧૨ કિસી પ્રતિજ્ઞા કરૂં સહેલી, દાખો મુજને હવે વહેલી, કુ૦ સખી કહે કરી ચારે વિશમી, એ જિનહર્ષ ઢાલ કહી દશમી. કુ૦ ૧૩
(સર્વગાથા ૧૮૯)

॥ દોહા ॥

જયસેના ભાખે સહી, બહેની પ્રતિજ્ઞા દાખ,
તુજ બોલે ભવ-પાછલો, પહેલી એહિજ ભાખ. ૧

રૂપ અદૃષ્ટ કરે વલી, દ્વિતીય પ્રતિજ્ઞા એહ;
ત્રીજી મોહોટે હય ચઢી, મંડપ આવે જેહ. ૨
ચોથી કાયાસૂત્રને, હિંચે હીંડોલે જેહ;
ચારે પ્રતિજ્ઞા પૂરવી, વર વરવો તે તેહ. ૩
ભલી ભલી તેં બુદ્ધિ કહી, એહથી થાશે સિદ્ધિ;
જયસેના હરખી કહે, ભલી બુદ્ધિ તેં દીધ. ૪
કુમરી રલીઆયત થઇ, સુમતિ સખીની જોઇ;
હવે બીજો નર મુજ ભણી, પરણી ન શકે કોઇ. ૫

**ઢાલ અગ્યારમી** ( કુંતા માતા એમ ભણે. એ દેશી )

એકદિન દીઠી હો કુંઅરી, રાયે યૌવન માતી રે;
પરણાવી નહી એહને, હૂં તો થયો બ્રહ્મઘાતી રે. એક૦ ૧
સાંભલ મહેતાં હો મુજ સુતા, મહોટી થઇય અપારો રે,
સરખી જોડી હો જોઇને, પરણાવું ભરતારો રે. એક૦ ૨
ભાખું તુમને સ્વયંવરા, મંડપ રાય મંડાવો રે,
દેશ સહુના હો રાજવી, મૂકી દૂત તેડાવો રે. એક૦ ૩
પરણે કુમરી હો જેહને, મન માને વર તેહો રે,
દોષ ન આવે હો તુમ શિરે, સહુશું થાય સનેહો રે. એક૦ ૪
વાત સુણાવી હો તેં ભલી, મહેતા મુજ મન માની રે,
ચારેબુદ્ધિ તુજ નિર્મલી, તું તો ગુણવંત જ્ઞાની રે. એક૦ ૫
દૂત દિશોદિશ પાઠવી, રાય સહુને તેડાવે રે,
રાય સહુ દેશદેશનાં, આડંબરશું આવે રે. એક૦ ૬

ગુર્જર શોરઠ પુરવી, માલવ મરહઠ સ્વામી રે,
કુંકણ લાટ કણાટનાં, મેદપાટ નહીં ખામી રે. એક૦ ૭
ઘોડ ચોટ સવાલાખનાં, ભોટ વૈરાટ કંબોજી રે,
દેશ કુણાલ પંચાલનાં, કૌસલ અધિપતિ મોજી રે. એક૦ ૮
વંગ કલિંગ વખાણીયે, જંગલ અંગ તિલંગી રે,
મગધ સિંધ સિંહલપતિ, દ્રાવિડ હસારણ રંગી રે. એક૦ ૯
દ્રોણ ચીણ હરમજ ધણી, મરૂમંડલ કુરૂદેશી રે,
ઇત્યાદિક દેશદેશનાં, સ્વદેશી પરદેશી રે. એક૦ ૧૦
આવ્યા નિજ પરિવારશું, પુત્ર પુત્રા સંજોડી રે,
કહે **જિનહર્ષ** અગ્યારમી, ઢાલ ભલી પરે જોડી રે. એક૦ ૧૧
( સર્વગાથા ૨૦૫ )

## ॥ દોહા ॥

વચ્છદેશ તિહાં આવીયો, નગર **ધારાપુર** દૂત;
સભામાંહે ઊભો રહ્યો, **અમરસેન** પુરહૂંત. ૧
**બલિભદ્ર** નૃપ **કમલાપુરી** સ્વયંવર મંડપ જ્યાંહ;
પુત્રીનો મંડપ અછે, રાજ્ય પધારો ત્યાંહ. ૨
અમરસેન **જયસેનશું**, ચાલ્યા સૈન્ય સંઘાત;
અવિચ્છિન્ન પ્રયાણશું, આવ્યા પુર થઇ વાત. ૩
રાજા બહુ ભેલા થયા, બલિભદ્ર ભૂપ તિવાર;
પુરપરિસર ઉતારીયા, અવલ હવેલી સાર. ૪
ભક્તિ કરે રાજા ઘણી, રાજવીયાંની જોર;
જે જે જોઇયે તે સહુ, આપે કરીને હોર. ૫

**ઢાલ બારમી** (બીંડલીની દેશી. માંકડ મૂછાલો એ-દેશી)

નિજ ડેરે રાય રાણા, કરે કેલી સહુ સપરાણા હો; અચરિજ વાત સુણો. વાત સુણો હવે આગે, સાંભલતાં મીઠી લાગે હો. અ૦ ॥૧॥ જયસેન કુમર નીસરીયો, રમવા વનમાં સંચરીયો હો, અ૦ એક વૃક્ષની કુંજમાં આયો, ધરતો મન હર્ષ સવાયો હો. અ૦ ॥૨॥ બેઠો દીઠો સંન્યાસી, વીંટયો તન ચર્મ વિલાસી હો, અ૦ આંખડીયાં તો ગઇ ઊંડી, તે પણ દીસંતી ભૂંડી હો. અ૦ ॥૩॥ મુખ વાંકું વાંકી નાશા, લડબડતાં હોઠ તમાસા હો, અ૦ દાંતતો ગજદંત સમાણા, પગ છોટાં સાથલ ઘાણા હો. અ૦ ॥૪॥ કાન મહોટા માથું મહોટું, કોઢ રોગ શરીરે છોટો હો, અ૦ એહવે રૂપે ધ્યાન તે સાધે, નિરખ્યો જયસેન સમાધે હો. અ૦ ॥૫॥ પછે પાય નમી ને કુમાર, એહવો શ્યો એ આકાર હો. અ૦ સ્વામી એ મુજને કહિયે, મનમાંહે અચરિજ લહીયે હો, અ૦ ॥૬॥ વાણી સુણી એહવી યોગી, ફરી ચર્મ ઓઢ્યો રોગી હો. અ૦ થયો રૂપ અદૃશ્ય તે વારે, નૃપસુત મનમાંહે વિચારે હો. ॥૭॥ અચરજ મુજ ચિત્ત ઉપાયો, સંન્યાસી કિહાં સિધાયો હો, અ૦ બેઠો તેણે ઠામ ન દીસે, ઇંદ્રજાલ જંજાલ જગીશે હો. અ૦ ॥૮॥ વલી ચર્મ મૂકયો તેણે દૂરે, જાણે તેજ દેખાડ્યો, સુરે હો, અ૦ કંચન સમ દીપે, કાયા પદ્માસન ધ્યાન લગાયા હો. અ૦ ॥૯॥ પૂછે નૃપસુત હિતકામી, શું કીધું એ તેં સ્વામી હો, અ૦

હું સિદ્ધ અછું તે બોલે, એ ચર્મ ને કોઇ ન તોલે હો. ॥૧૦॥ તુજને એ ખ્યાલ દેખાડયો, તુજ સંદેહે પાડયો હો, અ૦ હુએ રૂપ કુરૂપ ઓઢથી, થાયે અદશી કરણ શુભ તેથી હો. અ૦ ॥૧૧॥ હોવે સહજ રૂપ મેલંતા, હોયે રમતાં ખેલંતા હો, અ૦ એ જાતિ ચર્મની એહવી તુજ આગલ કહી હતિ જેહવી હો. અ૦ ॥૧૨॥ ચર્મનો મર્મ સાંભલીયો, પ્રણામ કરીને વલીયો હો, અ૦ **જિનહર્ષ** ઢાલ થઇ બારે, નૃપ સુત આવ્યો ઊતારે અ૦ ॥૧૩॥

( સર્વગાથા ૨૨૩ )

## ॥ દોહા ॥

વલી રમવા કેરે મિશે, કુમર આવ્યો વનમાંહિ;
તેણે ઠામે દેખે તિસે, અગ્નિ કુંડ ઉચ્છાહે. ૧
પાવક દારૂશું પૂરીયો, જાલો જાલ વિકરાલ;
સીકો એક તાંતણ કરી, બાંધ્યો તરૂવર ડાલ. ૨
કુમર સિદ્ધ પાસે રહ્યો, જોવે તેહ અચંભ;
જોગીને પૂછે પ્રભો, માંડયો શ્યો આરંભ. ૩
સિદ્ધ કહે વિદ્યા ભણી, અઠોત્તર શો વાર;
નર બેસી સીકે છણે, સાહસ ધરીય અપાર. ૪
વિદ્યા આકાશ ગામિની, ઊડે નર આકાશ;
જો તૂટે તે તાંતણો, તો ખેચરગતિ તાસ. ૫
જો તૂટે નહી તાંતણો, તંતુ સિદ્ધ કહાય;
કુમર ભણી યોગી કહ્યું, પાયે લાગ્યો ધાય. ૬

## ઢાલ તેરમી ( સુણસુણ વહાલા—એ દેશી )

પછી સહુ તાંતણ તણી રે, ખાટ હિંડોલે રે જોય;
સાંકલ સમ હોયે બેસતાં રે, તંતસિદ્ધ એમ હોય રે. ૧

પુણ્ય સદા ફલે, પરભવે લાહો થાય રે;
પુણ્યે સહુ મલે, અણચિંત્યા ફલ પાય રે. પુણ્ય૦ ૨

બીહે તો કુંડમાં પડે રે, બીડે નહી તો રે સિદ્ધિ;
વિદ્યા આકાશ ગામિની રે, બેહુ માંહે એકની વૃદ્ધિ રે. પુ૦ ૩

યોગી કહે સીકો કર્યો રે, જોડી સામગ્રી રે એહ;
મંત્ર તણું પદ વીસર્યું રે, કામ ન થાયે સિદ્ધ રે. પુ૦ ૪

કુમર કહે યોગી ભણી રે, વિદ્યા ભણી દેખાડ;
પદાનુસારિણી મુજ અછે રે, જોડું અક્ષર માલ રે. પુ૦ ૫

ખોટ કાઢું વિદ્યા તણી રે, ભાંગું તાહરી રે ચિંત;
કારજ સિદ્ધ થાયે સહી રે, મંત્ર ભણો ગુણવંત રે. પુ૦ ૬

પર ઉપગારી તું સહી રે, મુજને મલિયો રે મિત્ર;
વિદ્યા પદ પુરણ કરી રે, ટાલો મનની ચિંત રે. પુ૦ ૭

મંત્ર સુણાવ્યો કુમરને, પદ પુર્યું તતકાલ;
સિદ્ધ પુરૂષ હર્ષ્યો. હીયે રે, બોલે વચન રસાલ રે. પુ૦ ૮

ચર્મ અપુરવ તુજ ભણી રે, આપું લે તું એહ;
ઉપગારે ઉપગારકો રે, કરીયે તો વધે નેહો રે પુ૦ ૯

વિદ્યા પણ લહાં સાધ તું રે, સિદ્ધિ હોસે તુજ વીર;
વચન ખરો તું માનજે રે, તું છે સાહસ ધીરો રે. પુ૦ ૧૦

પહેલો તો સાધો તુમે રે, સામગ્રી સંયોગ,
તુમ કેડે હું સાધશું રે, દેઇ મન ઉપયોગ રે. પુ૦ ૧૧
જોગી કહે મુજ સાધતાં રે, તાંતણ ત્રુટે રે જેહ,
તે તું પાછો સાંધજે રે, વિદ્યાસિદ્ધ હોશે એહ રે પુ૦ ૧૨
શીખ દેઇ ઇમ કુમારને રે, શીકે બેઠો રે સિદ્ધ,
તાંતણ ત્રુટા તે સહુ રે, ખેચાર વિદ્યા લીધ રે પુ૦ ૧૩
આકાશે ઊડી ગયો રે, સિદ્ધપુરૂષ તતકાલ,
એ જિનહર્ષ પુરી થઈ રે, એટલે તેરમી ઢાલ રે. પુ૦ ૧૪

(સર્વગાથા-૨૪૩)

## ॥ દોહા ॥

કુમર હવે સાહસ ધરી, સાંધી તેણે તે વાર,
શીકે બેઠો તતક્ષણે, ત્રુટો નહીએ લગાર. ૧

તંત્રસિદ્ધ હૂઉં સહી, મંત્ર પ્રમાણે તામ,
પણ આકાશે ઉડયા નહી, તેતો ન થયું કામ. ૨

તંત્ર સિદ્ધતો હું થયો, એહજ મુજ પ્રમાણ,
ચર્મ લેહીને આવીયો, પોતાને અહિઠાણ. ૩

ચર્મ રતન સાધ્યો તિહાં, ડેરામાહે કુમાર,
નિચિંતપણે સૂઈ રહ્યો, જાગ્યો રાય તે વાર. ૪

સીયાલ સાંભલ્યો બોલતો, સુર નર સમજી વાચ,
ચિત્ત વિમાસે એહવું, પ્રથમ થઇ છે સાચ. ૫

**ઢાલ ચૌદમી** (તુંગિયાગિરિ શિખર સોહે—એ દેશી)

સાંભલી નૃપ સીયાલ ભાષા, કહે માંહોમાંહિ રે,
ટલવલે નર એક પડીયો, ભક્ષ કરીયે જાઇ રે. સાં૦ ૧

રાય એહવા વચન સાંભળી, દયા આવી તામ રે,
જીવતાને એહ ખાસે, હોશે માઠું કામ રે. સાં૦ ૨

જાગવ્યો નિજ કુમારને નૃપ, કહે એમ વચન્ન રે,
કરે છે આક્રંદ કોઇ નર, દુઃખે પીડયો તન્ન રે. સાં૦ ૩

શીયાલ તેહને ભક્ષ કરશે, તાસ જઇ મેલાવ રે,
કરો ઉપકાર પુત્ત્ર, ઊઠ વાર મલાવ રે. સાં૦ ૪

કુમર ઊઠયો દયા આણી, તાત્ત વચન પ્રમાણ રે,
વિનયવંત્ત સુપુત્ર થાયે, તે ન લોપે આણ રે. સાં૦ ૫

ખડગ લેઇ તુરત્ત ચાલ્યો, લચે જિણદિશિ શીયાલ રે,
સૂરનાં તે સૂર થાયે, કિશું મહોટા બાલ રે. સાં૦ ૬

આવીયો જિહાં પડયો માણસ, ટલવલે તસ પિંડ રે,
વાત સરજી કિમે ન ટલે, કોણ ભાંજે ભીડ રે. સાં૦ ૭

તેહને બોલાવીયો તું, કોણ છે નર બોલ રે,
કેમ પડીયો આણ માંહે, લહ્યો દુઃખ નિટોલ રે, સાં૦ ૮

બોલી શકે નહી બાપડો તે, હૈયે આવ્યો ભાર રે,
તામ કસમસતો પયંપે, અછું હું કુંભાર રે. સાં૦ ૯

જોગી તણી હું કરૂં સેવા, નમું તેહના પાય રે,
માહરે ઘરે થઇ લખમી, તેહને સુપસાય રે. સાં૦ ૧૦

એક દિન મુજઘરે આવ્યો, તેહ જોગી આપ રે,
ચરણે નમી બેસાડીયો મેં, ગયાં માહરાં પાપ રે. સાં૦ ૧૧
પાત્ર પૂરયો તેહનો મેં, ભક્તિશું પરમાન્ન રે,
થઈ સંતુષ્ઠ ને પુરી આશન, દીયો ભોજન માન રે. સાં૦ ૧૨
સુણ પ્રજાપતિ એક તુજને, દીયું વિદ્યા સાર રે,
લોકને આશ્ચર્યકારી. લહે માન અપાર રે. સાં૦ ૧૩
અશ્વ માટીનો કરીને, તાવડે સૂકાય રે,
અગ્નિમાંહે પચાવી મંત્રે, ચાલતો તે થાય રે, સાં૦ ૧૪
ગમે તો અસવાર થાજે, ઘાલજે અથ ભાર રે,
ચૌદમી જિનહર્ષ પુરી, થઈ ઢાલ વિચાર રે. સાં૦ ૧૫
( સર્વગાથા ૨૬૩ )

## ॥ દોહા ॥

મંત્ર શીખવ્યો મુજ ભણી, તેણે જોગી તતકાલ;
માહરો મન હર્ષિત થયો, કીધો એણે ઉપકાર. ૧
હય કીધો માટી તણો, મંત્રબલે તતકાલ;
હિંસારવ કરતો થકો, ચાલંતો મચ્છરાલ. ૨
મહિમા વાધ્યો માહરો, દેશાંતર થયું નામ;
મંત્ર ગયો મુજ વીસરી, કેટલે દિવસે તામ. ૩
જોગી સિધ્ધાચલ ગયો, કેડે ગયો હું તાસ;
ફરી મંત્ર ખરો કીયો, પુગી માહરી આશ. ૪
પગે લાગી પાછો વલ્યો, લાગા મુજ ષટ માસ;
કાલે આવ્યો હું ઇણે પુરી, ધરતો મન ઉલ્હાસ. ૫

રાજાની પેરણે સુતા, આવ્યા ઘણા નરિંદ;
કલા દેખાડું એહને, અશ્વ કરી આનંદ. ૬

## ઢાલ પન્નરમી

(ઇડર આંબા આંબલી રે, ઇડર દાડિમ દ્રાખ–એ દેશી)

માટી ખણવા ઊઠીયો હોજી, જાગી લેઇ રાત,
આણી અશ્વભરી કરી હોજી, વલી આવ્યો પરભાત,
સુગુણનર સાંભલ માહરી વાત,લોભે દુઃખ પ્રાણી લહે હોજી,
થાયે આતમઘાત સુ૦ એ આંકણી. ૧

ખણતાં ખાણ તૂટી પડી હોજી, હું ચંપાણો હેઠ,
કેડ ભાંગી વેદન થઇ હોજી, ફોગટ કીધી વેઠ. સુ૦ ૨
હવે હું જીવું નહી હોજી, લાગો મર્મ પ્રહાર,
તું આવ્યો દુઃખ કાપવા હોજી,ધન્ય ધન્ય તુજ અવતાર. સુ૦૩

મંત્ર આપ્યું લે તુજ ભણી હોજી, અશ્વકરણ ઉપકાર,
મંત્ર શીખવ્યો કુમરને હોજી, પ્રાણ તજ્યાં કુંભાર. સુ૦ ૪
નિરખી જાલ પાવક તણી હોજી, એશું દીસે આગ,
રાયસુત પાસે ગયો હોજી, તાણી લે ગયો ભાગ. સુ૦ ૫

અશ્વપચંતો નિરખીયો હોજી, સીતલ કરી ગ્રહી હીત,
મન વિકશ્યે. તન ઉલ્લસ્યો હોજી, જાણે અમૃત પીત. સુ૦ ૬
શાંતે આવ્યો બાહરે હોજી, તાત ભણી કહે આય,
ઘાત થઇ તે નર તણી હોજી, ખાંણે પ્રાણ નસાય. સુ૦ ૭
બીજું કાંઇ કહ્યું નહિં, સુતો પિતા સુત જાય,
પોતે પુણ્ય જેહને હુએ હોજી, તાસ મલે સહુ આય. સુ૦ ૮

પ્રહવિસી નોબત ઘૂરી હોજી, થયો સફલ પ્રભાત,
શણગારી કમલાપુરી હોજી, સુરનગરી શાક્ષાત. સુ૦ ૯
સ્વયંવર મંડપ રચ્યો હોજી, સુંદર સોહે અપાર;
સિંહાસણ મંડાવીયાં હોજી, નૃપઠાજે શણગાર. સુ૦ ૧૦
ચોકી માંડી જૂજૂઇ હોજી, ચંદ્રુઆ બાંધ્યા પટકુલ,
વાડ બંધાવી રેશમી હોજી, સુઆલી અર્કતૂલ. સુ૦ ૧૧
કૃષ્ણાગરના ધૂપણા હોજી, મહકી રહ્યા ચિહું ઓર,
કર્યા છટકાવ ગુલાબના હોજી, ખુસબોઇ વધી જોર. સુ૦ ૧૨
રાય તેડાવ્યા મંડપે હોજી, આવ્યા ધરતા હોંશ,
પવન જકોલે વીંજણે હોજી, ધન્ય વરસે જે પુંસ. સુ૦ ૧૩
બંદીજન બિરદાવલિ હોજી, માંગણ મલ્યા અનેક,
ઢાલ પન્નરમી એ થઇ હોજી, ધરી જિનહર્ષ વિવેક. સુ૦ ૧૪
( સર્વગાથા ૨૮૩ )

## ॥ દોહા ॥

હવે બોલી ચિંતા ભરી, કુમરી સહિયર સંગ;
નૃપ મુજ મન જાણે નહી, કેમ રહેશે ઇહાં રંગ. ૧
આરંભ માંડયો અતિ ઘણો, પ્રિય વિણા સહિયાંહ,
હાંસી થાશે લોકમાં, કુમરી એમ કહીયાંહ. ૨
ઇમ ચિંતવતાં ચિત્તમાં, ફુરકયું વામું અંગ;
મન વિકસ્યા હીયડો હસ્યો, અંગ થયો ઉછરંગ. ૩
બાઇ સુણ સહીયર કહે, મુખ દીસંતો વિછાહ;
હમણાં મુખ થયું ઉજલું, દીસે અંગ ઉચ્છાહ. ૪

તુજને વર મલશે ઇહાં, મલીયા ભૂપ અનેક;
ચ્યાર પ્રતિજ્ઞા પૂરશે, તે વર વરવો એક. ૫

**ઢાલ સોલમી** (લાછલદે માતમલાર–એ દેશી)

સખી કહે વિધિ લેખ, લખીયો જે સુવિશેષ
આજહો આઘો રે પાછો બહિન ટલે નહી રે જો;
જિણસું છે અનુબંધ, પૂરવભવ સંબંધ,
આજ હો મલશે રે તે આવી અણચિંત્યો સહી રે જો. ૧
એણી પરે કરતાં વાત, તેડાવી નિજ માત,
આજ હો જાવો રે બોલાવો લ્યાવો કુંઅરી રે જો;
થાય અવેલો આજ, પીઠી કરવા કાજ,
આજહો આવી રે મન ભાવી વાલી દીકરી રે જો. ૨
પામી રાય આદેશ, હીયડે હર્ષ વિશેષ,
આજ હો ચંદન રે બાવન્ને ઉગટણું કીયો રે જો;
શુચિ જલ ન્હાણ કીધ, અંગૂછો સુપ્રસિદ્ધ,
આજ હો મુહૂર્ત્ત રે સુમુહૂર્ત્ત વેલા આવીયો રે જો. ૩
અંગે બનાવ્યા શોલ, સૂત્ર તાંતણ હિંડોલ,
આજ હો લેઈ રે વરમાલા મંડપ સંચરી રે જો;
પ્રાતિહારિણી સાથ, કનકછડી ગ્રહી હાથ,
આજ હો જાણે રે સુરપુરથી દેવી ઊતરી રે જો. ૪
ચિંતે દેખી ભૂપાલ, સુર કન્યા સુકુમાલ,
આજહો ખેચરે કન્યા કે નાગ કુમારિયાં રે જો;
એહનો રૂપ અનૂપ, કહ્યો ન જાયે સ્વરૂપ,
આજહો જીતીરે એણે ત્રિભુવન કેરિ નારિયાં રે જો. ૫

દેખી રંજ્યા રાય, લોયણ રહ્યાં લગાય,
આજ હો છાકી રે આંખડીયાં પાછી નવિ વલે રે જો;
દીપે દંત રસાલ, જાણે મોતી માલ,
આજહો જાણે રે રવિ કિરણા સરિખા ઝલહલે રે જો. ૬

નયનકમલ દલ જાણ, અણીયાલાં ગુણખાણ,
આજહો તીખાંરે મનમથનાં સાયક લાગણાં રે જો;
નાક દીવાની ધાર, ચંપકલી આકાર,
આજહો દેખી રે રંખિત થાયે કામી જણા રે જો. ૭

અધર પ્રવાલી રંગ તેથી અધિક સુરંગ,
આજહો દર્પણ રે સારિખા ગલસ્થલ બન્યા રે જો;
ગજકુંભસ્થલ મોજ, એહવા જાસ ઉરોજ,
આજહો પીલા રે બીજોરાં વરણે અવગણ્યા રે જો. ૮

કાને શોહે જાલ, દીપાવ્યા જેણે ગાલ,
આજહો ખટકે રે ખીટલીયાં જબકે ઝૂમણાં રે જો;
ચાવંતી તંબોલ, સહીયાશું રંગરોલ,
આજહો પહેર્યાં રે હિયડે આભરણ સોહામણાં રે જો. ૯

ઉર કંચુ કસ તાણ, પહિરયો કુમરી સુજાણ,
આજહો જાણે રે ઇશ્વર શિર તંબૂ તાણીયો રે જો;
સોવન ચુડલો બાંહ, જાણે સુરતરૂ છાંહ,
આજહો બાંહે રે બાજુબંધ ભાગ વખાણીયો રે જો. ૧૦

કનક મુદ્રડી ખંત, અંગુલીયે સોહંત,
આજહો સોવન રે અંગુઠી, અંગુઠે બની રે જો;

કટિમેખલ ખલકંતી, ઘૂઘરીયાં ઘમકંતી,
આજહો પાયે રે જેહક, સોવનમય વાજણી રે જો. ૧૧

પહેરી પટોલી અંગ, ઓઢણ ચીર સુરંગ,
આજહો ઝબકે રે આભરણમાં જાણે વીજલી રે જો,
હસતિ રમતિ ગેલ, જાણે મોહન વેલ,
આજહો પૂરી રે થઇ સોલમી ઢાલ જિનહર્ષ રલી રે જો. ૧૨

( સર્વગાથા ૩૦૦ )

## ।। દોહા ।।

નારી જોવા પાસમાં, રાજહંસ તતકાલ;
દેખી વ્યામોહિત થયા, બંધાણા તતકાલ.
(પાઠાંતરે-પુરૂષ પડે જેમ માછલો, જ્યારે ખૂટે કાલ) ૧

રે જગદીશ કિશા ભણી, તેં ઉપજાવી નાર;
ઇણ નારી નર ભોલવ્યા, ભૂલા ભમે સંસાર. ૨

ઇણે નારી જગ મોહીયું, હાવ ભાવ દેખાલ;
પોતાને વસ સહુ કિયા, મનમૃગ બંધણ જાલ. ૩

જેહને ઘરે એ કામિની, થાશે તે ધન્યધન્ય;
બીજા ફોકટ અવતર્યા, પશુવશ જેમ રતન્ન. ૪

જેહને આપશે એ પ્રિયા, તેહશું તાહરે પ્રીતિ;
બીજાશું તુજ રૂસણો, એહ કિસી તુજ રીતિ. ૫

## ઢાલ સત્તરમી

(એ કર જોડી તામ રે, ભદ્રા વિનવે—એ દેશી
અથવા ( જંબૂદ્વીપ મઝાર, પુરહથિણાઉર—એ દેશી )
અથવા ( પામી સુગુરૂ પસાય રે—એ દેશી )

લખીયો જેહ નિલાડ, તેહિજ પામીએ, હાંસિ કીજે કેહી ઘણી એ; દેખી પરાયાં લાડ, હીયડા હુરકડો, ફોકટ કરે કિશા ભણી એ. ॥૧॥ જેણે દીધું છે દાન, પુણ્ય કર્યા ઘણા, તે લહેશે એ કામિની એ; વરસે તો નર એક, પણ સહુનાં મન, કર્યા ચંચલ ગજગામિની એ. ॥૨॥ રૂડા તણી રૂહાડ, મન કીજે નહી, ફોગટ મન વિણસાડીયે એ, વિધિ લખિયો સંબંધ, મલશે તેહને, ચિત્તાથી સત્ય કેમ છાંડીયે એ. ॥૩॥ રાજા કરે વિચાર, તૃપ્તિ ન જોવતાં, પામે ન મન ચૂભી રહ્યો એ; પ્રાતિહારિણી તામ, સહુને ઓલખે, નામ લેઈ લેઇ કહ્યો એ. ॥૪॥ ચાંદો એ ચઉઆણ, મહોટો રાજવી, એ સહસો સીસોડીયો; એ પાલણ પરમાર, હયગય ઋદ્ધ ઘણી, જગમાંહે એણે જસ લીયો એ. ॥૫॥ પરવતજી પડિહાર, પરવત જેહવો, અરિ ખીસવીયો નવિ ખસે એ; રણસિંઘ એ રાઠોડ, મહોટો ગઢપતિ, પ્રજા સહુ સુખણી વસે એ. ॥૬॥ સોલંકી નૃપ ચંદ્રસેન, સેન્યા પરિઘલ, ભાંજે પણ ભાગે નહિ એ; મરહઠો મહિપાલ, મહીયલ રાખણો, ખ્યાતિ જગતમાંહે લહી એ. ॥૭॥ શંખરાય સુવિહિત, ન્યાતે સોંખલો, એહને ઘેર નારી ઘણી એ; સિંહલવાંકો રાય, શ્રીધર

રાજવી, મહોટા ગઢનો ધણી એ. ॥૮॥ સબલ સિંહ મહારાય, સોલંકી સાખે, જેહને દલ સંખ્યા નહી એ, જાદવ નૃપ જયપાલ, પાલે લોકને, કીત્તિ જેહની મહમહી એ. ॥૯॥ ગંગાધર ગહિલોત, ગંગાજલ જિશ્યો, જસ જેહનો છે નિર્મલો એ, જાલો જાંજણસિંહ, ચતુર વિચક્ષણ, કલા બહોંત્તેર આગલો એ. ॥૧૦॥ વિગતાલો વણવીર, મહિમા જેહનો, વાઘેલા માંહિ દીપતો એ, હાડો રાવ હમીર, દેવરાજ દેલડો, અરિયણનો બલ જીપતો એ. ॥૧૧॥ સગરરાય સેલોત, સહદેવ સોનગરો, અમરસેન એ આહડો એ, એ વચ્છદેશ શણગાર, જયસેન તસુ સુત, ધીર વીર વર વાંકડો એ. ॥૧૨॥ રાજવીયાંના નામ, કહે બિરૂદાવલી, કુમરી મન માને નહી એ, ઢાલ સત્તરમી એહ, નર નારી સુણો, રૂડી જિનહર્ષે કહી એ. ॥૧૩॥ (સર્વગાથા–૩૧૮)

## ॥ દોહા ॥

શાને સમજાવે સખી, ચાર પ્રતિજ્ઞા દાખ,
સઘલા નરપતિ સાંભલે, ભલી પરે તું ભાખ. ૧
સખી સહુકો સાંભલો, મલિયા બહુ ભૂપાલ;
ચાર પ્રતિજ્ઞા પૂરશે, તે ગ્રહશે વરમાલ. ૨
માટી તુરંગ ચલાવશે. કહેશે પૂરવ જમ્મ;
તાંતણ હીંચોલે હિંચશે, રૂપ ફેરવશે તિમ્મ. ૩
એહવું સાંભલી રાજવી, થયા વદન વિચ્છાય;
એક એકને એમ કહે, એતો કિમે ન થાય. ૪

એતા બોલાવી નૃપતિ, શું કીધું એણે રાય;
માન મહોત સહુ નિગમ્યો, બેટીને શીખાય. ૫

**ઢાલ અઢારમી** (તુંગીયાગિરિ શિખર શોહે.એ-દેશી)

વયણ સુણી હરખ્યો હીયે, તવ જયસેન કુમારો રે;
એ કલા મુજમાં એછે, પૂરીશ પ્રતિજ્ઞા ચારો રે. વય૦ ૧
તુરત કુમર ઊઠી કરી, ઓઢયો ઉલટો ચાર્મ રે;
રૂપ ફરી ગયો મૂલગો, કોઇ ન જાણે મર્મ રે. વય૦ ૨
માટીને ઘોડે ચાડી, આવ્યો સ્વયંવર ઠામ રે,
સભા સહુ દેખી કરી, અચરિજ પામે તામ રે. વ૦ ૩
હાથ ગલ્યા પગ પણ ગલ્યા, બાહેર દાંત નીકળ્યા રે,
લાંબો પેટ કૂઆ જિસો, કેશ માથાનાં પલીયાં રે. વ૦ ૪
કાયા તો રોગે ભરી, વાંસે તો દુર્ગંધ રે,
વાંસે રુધિર વહે ઘણું, બોલે વચન નિબંધ રે, વ૦ ૫
એહવું રૂપ બનાવીયું, માટી તણો તુરંગ રે,
થઇ અસવાર ફરે તિહાં, મંડપે ધરી ઉછરંગ રે, વ૦ ૬
કૌતુક મનમાં ઉપજે, કેડે લોક ઉજાય રે,
તુરત ઘોડાથી ઊતરી, હીંચોલે હીંચાય રે. વ૦ ૭
ત્રુટે નહિં એક તાંતણો, લોહ સાંકલ સમ જાણો રે,
લોક કહે તુજ નામ શું, **ધૂબડ** નામ પીછાણો રે. વ૦ ૮
હિંચોલે કેમ હીંચીયો પુરભવની ઢાલો રે,
ચિડા ચડકલી અમે હુતા હિંચ્યા છું બહુ કાલો રે. વ૦ ૯

કુમરી વચણ સુણી કરી, પામી સઘલો ભેદો રે;
પૂરભવનો પતિ મુજ સખી મલીયો ઘણે ઉમેદો રે. ૧૦

સખી કહે એહને વર્યાં, ચડશે સુકુલ કલંકો રે,
યૌવન જીવન વિણસશે, હસશે લોક નિઃશંકો રે. વ૦ ૧૧

એ વર નહી તુજ યોગ્યતા, નિસુણી વચન કુમારી રે;
જે નિજ બોલ પાલે નહિ, તે તો બે ભવ હારી રે. વ૦ ૧૨

માહરી પ્રતિજ્ઞા પાલશું, વચન ગમું કેમ આલો. રે;
વરમલા ધૂંખડ ગલે, ઘાલી તેણે તતકાલો રે. વ૦ ૧૩

કોપે ભરીયા રાજવી, સ્વયંવર એણે બિગાડયો રે;
મારો કુમરી બાપને, સઘલો કામ ઉજાડયો રે. વ૦ ૧૪

દોષ કિશો કહો બાપનો, કુમરી થઇ અજાણો રે;
ઢાલ થઇ એ અઢારમી,
સુણો જિનહર્ષ સુજાણો રે. વ૦ ૧૫
( સર્વગાથા ૩૪૮ )

## ॥ દોહા ॥

કહે સહુ એમ રાજવી, ધૂંખડ માલા મૂક;
પ્રાણે પણ લેશું અમે, જીવ થકી મત ચૂક. ૧

બોલો ધૂંખડ બલ કરી, ભલે ભલે હો રાય,
જાણ્યા હતા બે પાયના, પણ દીશો છો ચઉપાય. ૨

બોલે છો ચૂકા થકા, એવો કરો છો ન્યાય;
આવી વરમાલા તજે, તે મૂરખ કહેવાય. ૩

પરાણે મેં લીધી નથી, ખુશી થઇને એહ;
ઘાલી તો મુજ શિર શટે, લ્યો ઉચ્છિષ્ઠ હોય જેહ. ૪

એવી મતિ સારુ તુમે, કેમ પાલો છો રાજ;
વાત ઇસી કરતાં થકાં, નાવે તુમને લાજ. ૫

હોઠ ડસે રીસે ભર્યા, એ ધૂંબડ કુણ માત્ર;
બોલે એહવો અંહકરો, કરો ઘાત એ વાત. ૬

કુદ્યો રૂપ બોલે કહ્યો, મારણ ઊઠયા દાસ,
ઘોડો ચાંપ્યો સામહો, નાઠા પામી ત્રાસ. ૭

## ઢાલ ઓગણીશમી (કડખાની દેશી)

માનના ગાડલા સૈન્ય લાડલા, ક્રોધ ભરીયા હીયા જોધ ધાયા; મારી લ્યો ઝાલી લ્યો બાંધી લ્યો ધૂંબડો, એમ કહેતાં નરાધીશ આયા. માન૦ ૧ ગયવર ગાજતા સૂંઢ ઉલાળતા, ચાલતા પર્વતા ટૂંક દીશે, ધૂણતાં શીશ સુર ઇસરા સારિખા, ચપલ તેજી ઘણા વિચી હીંસે. મા૦ ૨ હુઇ અસવાર તરવાર ઢાલા ગ્રહે, ધનુષધર તીર તૂણીર ભરીયા; કુંત વીજૂજ્જાલા ઉજ્વલા સારના, ધારના તિક્ષણ નિજ હત્થ ધરીયા. મા૦ ૩ આવ રે ધૂંબડા કૂબડા સામહો, નાસજે મત હવે ત્રાસ પામી; તાહરા હાથનો બલ હવે જાણસાં, આણસાં તાહરે વંશ ખામી. મા૦ ૪ કાંરે મરે તું ખૂટયા વિણ બાંપડા, નાખ કાલ વરમાલ કે રુઠો; એકલો કેટલો જોર ફોરે કિશ્યો,

જલધિ સંગ્રામ-તું લોટ મૂઠો. મા૦ ૫ કાયરા નરાં કિશું ઘણા હુવા શું થયું, તુલ જિમ વાયરે ઊડી જાશો, માહરા હાથ ભારથમાં કુણ સહે, ભીતિ મન રીત ભાશો. મા૦ ૬ વચન સુણી કુમરનાં આકરા કાંકરા, ઊઠીયા મારવા સહુ સમેલા, મરી કુંભાર તેણી વાર વ્યંતર હૂઓ, આવીયો તામ સંગ્રામ વેલા. મા૦ ૭ દેવની શકિત ધરી ભકિત નિજ શિષ્યની, કટક ઘટ શુભટ તવ મેલી આવ્યો, ભીર કુંઅર તણી હોંશ મનમેં ઘણી, રાખવા સુત યમદૂત લાવ્યો. મા૦ ૮ ઊમરા ધૂમરા ઘૂંમરા જાણજે, લોહના બાણ સીંગણ ચડાવે, નાલ ગોલા વહે વેરીયોંને દહે, ક્રોધ ભરીય હીયામાં ન માવે. મા૦ ૯ મુંહરિ કરિ ગજઘટા પટા જરતા પ્રબલ, ચાલતા જાણે ઊંચા હિમાલા, જાડતા સૂંઢશું ભુંડ જયુ અરિગજા, પાયદલશું લડે ભીડે પાલા. મા૦ ૧૦ કૂદતા નાચતા અશ્વ ગયણે ચડે, ત્રાપડે આપડે નહી ય કોઈ, ચઢે, યોધાર ખગધારશું આહણે, ઘાવ એકણથી બે ટૂંક હોઇ. મા૦ ૧૧ કારિમા યોધના હાથના ઘાવશું, સાથરા હૂઆ શીશ જૂઆં, રકતના ખાલ બંબાલ નદીયાં વહી, ચિંતવ્યા પચચરા તેમ હૂઅ. મા૦ ૧૨ શુભટ ઘાયે ઘણા ઘૂંમતા ઊમતા, કટકની આકરી હૂંક વાજે, રાખવા ખ્યાતિ ક્ષત્રી ક્ષત્રવટ તણી, નાશી જઇયે તો હવે વંશ લાજે. મા૦ ૧૩ ઘાવ સામે અડે આથડે કેઇ પડે, આરડે જયાંહ નિજ જીવ વાલ્હા, સેરીયાં કેઇ નાસેઇ

વાંસે પડયા, મારતાં ગલ્લ હૂઆ સુંઢાલા. મા૦ ૧૪ કટક વ્યંતર તણે આહણ્યા અરિ ઘણા, આપણા શિષ્યની જીત કીધી, વાજીયાં તૂર નીસાણ ઘૂરયા ઘણાં, અમરને દાવડે ખ્યાતિ લીધી. મા૦ ૧૫ લાજ વાધી ઘણી જગત ઘૂંબડ તણી, બોલ અરિયાં તણો હૂઓ માઠો, એ થઇ ઢાલ **જિનહર્ષ** ઓગણીશમી, નાસતાં શિર ચડયો કૃષ્ણ ચાઠો. મા૦ ૧૬

(સર્વગાથા ૩૭૧)

## ॥ દોહા ॥

વ્યંતર તાસ સખાઇયો, કુમર લહ્યો જસવાદ,
અચરજ સહુને ઊપનો, એકણ કર્યો ઉન્માદ. ૧

ઘૂંબડ તો એકલો હુતો, કટક થયો પરગટ્ટ,
દીઠો નહી કેણે આવતો, જાતો નહી પણ દીઠ. ૨

એતો કોઇક દેવતા, કે વિદ્યાધર કોઇ,
કે કોઈક યોગિંદ્ર છે, જાંખા નરપતિ હોઇ. ૩

રાજા દેશના મૂઆ ઘણા, એનો ન મૂઓ કોઇ,
*અમરસેન મનમાં ઇશો,* એહ કરંતો જોઇ. ૪

તતક્ષણ કુમર કાયા થકી, ચર્મ ઉતારયો જામ,
જયસેન રૂપ પ્રગટ થયું. હર્ષ્યા સહુકો તામ. ૫

એ વિદ્યા શીખ્યો કિહાં, અહો કુમર વડવીર,
સંગ્રામ કીધો એટલો તું તો સાહસ ધીર. ૬

લાગો પાયે તાતને, ખમજો અવિનય મુઝ,
આલિંગન દેઇ પૂછીયો, મલી વિદ્યા કિહાં તુજ. ૭
કહ્યું વૃત્તાંત સહુ મૂલથી, ખુશી થયો સુણી તાત,
હવે સમય વિવાહનો, આવ્યો દિન વિખ્યાત. ૮

**ઢાલ વીશમી** (રઘુનાથ મલે મો મન વસીયા એ-દેશી)

જયસેનકુમર ગુહિરગાડો, કેસરીયા કરી હૂઓ લાડો. એ આંકણી. બલિભદ્રરાયે ઉત્સવ માંડયો, શણગાર્યું પુર સઘલી ભાંતે, કુમરી ભાગ્ય પુણ્યાઇ માહરી, વર મલીયો પુરૂં મન ખાંતે. જ૦ ૧. મંડપ રચિયો સુરભવન સરિખો દેખતાં થાય ઉછરંગ, ગયવર ચડી વર કુમર પધાર્યો, તોરણ વાંદણ જાય નિસંગ. જ૦ ૨. ગોખે ગોખે જોવે ગોરી, ગલીયે નર જોવે વરરાજ, પુરમાંહે ગહમહ હુઇ રહ્યો, ઘુરે નગારા નોબત સાજ. જ૦ ૩. રૂપે દેવકુમર અવતરીયો, આભરણે કરી દીપે અંગ, વાઘો પહેરી અવલ કસબીનો, સૂરજ જ્યોતિ ઝગમગે અભંગ. જ૦ ૪. સાસુ આવી પુંખીયો વરને, સઘલાહી કીધા આરંભ, લાડો દેખી મનહરખી લાડી, વર સુરવર સરિખો હું રંભ. જ૦ ૫. પૂરવભવનો નેહ નગીનો, છાનો ન રહે વ્યાપે મોહ, ખેંચી લે મન હીયડે પેસી, આકર્ષી જેમ ચમક લોહ. જ૦ ૬. શોલે તન શણગાર બનાયા, સુર કન્યા સરખી જેહ, આવી ચોરીમાંહે બેઠી, વર પણ બેઠો સુંદર દેહ. જ૦ ૭. ગાવે ધવલ મંગલ મલી ગોરી, બ્રાહ્મણ કરે વેદ ઉચ્ચાર, ફેર્યા

પાવક વેદી દોલા, વર કન્યાને ફેરા ચાર. જ૦ ૮. હાથ મેલાવ્યા વરકન્યાનાં, કારણ સહૂ લીધાં લૌકિક; ચારે મંગલ વરત્યા ચોરી, લાડો લાડી રહ્યા નજીક. જ૦ ૯. કર મેલાવરણ રાયે દીધો, હય ગય કંચન અર્દ્ધું રાજ માંહોમાંહે રહ્યો રસ જાજો, પરણી ઊઠયા સીધાં કાજ૦ જ૦ ૧૦. રાજવીયાનાં મન રીઝાણાં, પરિઘલ મીઠા કરી પકવાન, ભલી યુક્તિશું જાન જિમાઈ, દેઇ યાન ઘણું સન્માન જ૦ ૧૧. જાની સઘલાહી ગહગહ્યા, રાજવીયાંને દીધી શીખ, ખુશી થઇ સહુકો ઘર ચાલ્યાં, વેવાહી બે રહ્યા સરીખ. જ૦ ૧૨. સાસુ દેખી જમાઇ હરખે, કરે ભક્તિ દિનદિન નવિ રીત, ઢાલ થઇ વીશમી એ પૂરી, ગાઇ **જિનહર્ષ** સોહેલે ગીત. જ૦ ૧૩.

( સર્વગાથા ૩૯૨ )

## ॥ દોહા ॥

અમરસેન રાજા ભણી, કહે બલિભદ્ર નૃપ એમ;
ઇહાં રહો દિન કેટલા, તુમશું છે બહુ પ્રેમ. ૧

અમને રહ્યાં ન પૂરવે, સૂનો કેડે રાજ;
શૂનું રાજ ન મૂકીયે ક્યારેક વિણસે કાજ. ૨

રાયે ઘણું કહેવરાવીયું, પણ ન રહે અમરસેન;
સા તેંહિ જો નવિ રહો, તો રાખો જયસેન. ૩

આગ્રહ કરી રાખ્યો કુમર, સાસુ સસરે તામ,
ભગતાવિ બોલાવીયો, પૂરી મનની હામ. ૪

વાલી થાયે દીકરી, વર પણ વાલો તાસ;
સહુ સો સો વાનાં કરે, ક્ષણ મેલે નહી પાસ ૫

## ઢાલ એકવીશમી

( ઋષભજિનેસર પ્રીતમ માહરો એ–દેશી )

કેલી કરે કુમરી રે જયસેન કુમરશું રે, દિન દિન નવલો રંગ, દિન દિન વધત્તિ રે પ્રીતિ પરસ્પરે રે, દિન દિન અતિ ઉછરંગ કે૦ ૧. કુમરી જાણે રે વર પામ્યો ભલો રે, પૂરવપુણ્ય સંયોગ, નૃપસુત મોહ્યો રે કુમરી રુપશું રે, ભોગવે સુખ સંભોગ. કે૦ ૨. રમે કોઈવારે રે વાડી બાગમાં રે, વાપી નીર મઝાર, કુંડ ભરાવે રે કેશર નીરશું રે, ઝીલે મલી નિજ નાર કે૦ ૩. મીઠે બોલે રે વાણી સીમંતની રે, રંજે પ્રીતમ ચિત્ત, ક્ષણ એક પણ રે દૂર રહે નહી રે, પારેવા જેમ પ્રીત. કે૦ ૪. એક દિન પૂછે રે અવસર પામીને રે, જયસેના ઘર નારી, મન નિચિંતે રે પ્રતિજ્ઞા દોહેલી રે, કેણી પરે પૂરી ચાર. કે૦ ૫. સહુ તિણે કહ્યું રે વૃત્તાંત તે વનતણું રે, પૂરવ ભવની વાત, તેતો મેં જાણી રે બાલપણા થકી રે, સાંભલી કહેતાં તાત. કે૦ ૬. એહવું સુણીને રે ચિંતે કામિની રે, વિધિ સનમુખ જબ હોય, ચિંતિત ત્યારે રે સહુ આવી મલે રે, કારણ અવર ન કોય. ૭. ઇમ સહુ ઇચ્છા રે પૂરે મન તણી રે, સુરની પરે સુકુમાલ, કાલ ગમાવે રે રાગ રંગમાં સદારે, બંધાણા પ્રેમજાલ. કે. ૮. સુખ લપટણાં રે જાતા જાણે નહી રે,

રાત દિવસ સુખમાંહિ, નિજ ચતુરાઇયે રે પ્રીતમ વશ કીયો રે, મનમાં સદા ઉચ્છાંહિ કે૦ ૯ એકદિન ભાંખે રે કુમર રાજા ભણી રે, અમે હવે ચાલણહાર, અનુમતિ આપો રે અમને કરી મયા રે મ લગાવો હવે વાર. કે૦ ૧૦ દિવસ ઘણેરા રે ઇહાં રહેતાં થયા રે, હવે જઇયે નિજગેહ, મિલણો માહરે રે માત–પિતા ભણી રે, જાગ્યો બહુપરે નેહ કે૦ ૧૧ માય બાપ માહરી રે વાટ જોતાં હસે રે, તેહની પૂરું ખંત, ઢાલ થઇ રે એ એકવીશમી રે, થાયે જિનહર્ષ નિચિંત. કે૦ ૧૨

( સર્વગાથા–૪૦૯ )

## ॥ દોહા ॥

સાંભલી વચન કુમારનાં, હીયુ ભરાણુ તામ;
બલિભદ્ર બોલી નવિ શકે, સંભારી ગુણગ્રામ. ૧

પ્રીતિ જમાઇ તાહરી, હીયડે બેઠી આઇ;
કિમહી નીસરસે નહી, એતો શાલ સમાઇ. ૨

મન ઊપાડયું ઇહાં થકી, અમને કરી નીરાશ,
જાશો કેમ કરશું અમે, ખારા હોય આવાસ. ૩

અમને વીસરશો નહી, ખરી લગાઇ પ્રીત;
ભોજન કરવા અવસરે, વાલા આવે ચિત્ત. ૪

તુમને શું કહીયે ઘણું, કહેવાનો વ્યવહાર;
સીધાવોને સિદ્ધ કરો, ધરજો પ્રીતિ અપાર. ૫

**ઢાલ બાવીશમી** (આજ નિહેજો રે દીસે નાહલો એ–દેશી)

કરે સજાઇ રે કુમર તે ચાલવા, બલિભદ્ર રાજા રે તામ, હય ગય સેજવાલા રથ પાલખી, કિંકર કરવા રે કામ. કરે૦ ૧ આપ્યા ઘરેણા રે વાઘા નવનવા, કન્યાને પણ સાર, બહુપરે આપ્યા રે વેશ ઘણા, આપ્યા સહુ શણગાર ક. ૨ કીયો જુહાર જમાઇયે જઇ કરી, સાસુને તેણીવાર, દીધી ફરી આશીષ સોહામણી, નયણે આંશુ-ધાર, ક૦ ૩ મેલો દેજો રે વહેલા આવીને, તુમે છો જીવ સમાન, કયારે અમને રે વીસરશો નહી, જેમ ભૂખ્યાને રે ધાન્ય. ક૦ ૪ અમને પણ અવસરે સંભારજો, લખજો કાગલ પત્ર, સેંગુ સાથે રે કુશલ કહાવજો, કુશલે પોહોચો રે તત્ર. ક૦ ૫ હિયડે ભીડી રે બેટીને કહે, કરજે સહુની રે લાજ, વિનય કરે સાસુ સસરા તણો, ન કરે કાંઇ અકાજ. ક૦ ૬ કુલવટ રીતે ચલીજે દીકરી ન કરે મધ્યમ સંગ, ઉત્તમની સંગતી તું આદરે, પીયુશું રાખે રે રંગ ક૦ ૭ અધિકો ઓછો રે જો પ્રીતમ કહે, તો પણ મ કરે રે રીશ, કિણહી વાતે રે રે નાહ મ દૂહવે, ધરજે આણા રે શીશ. ક૦ ૮ મન વચ કાયા રે શીલ મ ખંડજે, શોભા શીલ શરીર, આવે તેહને રે માગે તે આપજે, પરનર ગણજે રે વીર-ક૦ ૯ તુંહારે કિણને મ બોલાવજે, બોલાવે જીકાર, શોભા લેજે રે સહુમાંહે ઘણી, ભુઇ જેમ ધરજે રે ભાર. ક૦ ૧૦

રાજલીલાસુખ સંપતિ પામીને, મ કરે મન અહંકાર, ધર્મધ્યાન સૂધો મન આદરે, કરજે દુઃખિત સાર. ક૦ ૧૧ તુજ ઘરે આવે રે સાધુ મહાવ્રતી, દેજે અદલક દાન, લાહો લેજે રે પામી આથનો, મ કરીશ દેતી રે માન. ક૦ ૧૨ શીખ કિશી દિજે સુપુરૂષને, તું છે ચતુર સુજાણ, પૂરી ઢાલ થઇ બાવીશમી, સુણો **જિનહર્ષ** સુજાણ. ક૦ ૧૩

( સર્વગાથા ૪૨૭ )

## ॥ દોહા ॥

શીખ ઇસી સુણી રાયની, મલી કુમરી માય તાય;
ચાલી પીયુશું સાસરે, સાથે સૈન્ય સમુદાય. ૧

ચર્મરતન મૃન્મય તુરી, લેઇ કુમર સુજાણ;
તિહાંથી ચાલ્યો હિત કરી, કરતો અખંડ પ્રયાણ. ૨

અનુક્રમે ધારાપુર વરે, આવ્યો જાણી રાય;
પેસારો કીધો ઘણો, નમ્યા તાતના પાય. ૩

ચરણ નમ્યા માતા તણા, વહુ સાસુને પાય;
લાગી વિનય વિવેકશું, આવી સહુને દાય. ૪

વહૂયે સહૂને મોહીયા, જાણે મોહનવેલ;
દેખીને લોચણ ઠરે, ચાલે ગજગતિ ગેલ. ૫

✻

## ઢાલ ત્રેવીશમી

(નરભવ નગર સોહામણું વણજારા રે. એ–દેશી)

અમરસેન અમરેશશું પુણ્ય જોવા રે, પાલે રાજ્ય અખંડ હો પુણ્ય૦ તેજ વધે દિનદિન ઘણો પુ૦ ભરે ભૂમિયા દંડ હો પુ૦ માંહોમાંહિ હિત ઘણું પુ૦ પિતા પુત્ર એક જીવ હો, પુ૦ તાત વચન લોપે નહીં પુ૦ વાધ્યો વિનય અતીવ હો પુ૦ ૨ ત્રણ્ય વર્ગ સાધે સદા પુ૦ જાણે અધિકો ધર્મ હો, પુ૦ અર્થ કામ ધર્મવિણ નહીં પુ૦ ધર્મથકી શિવશર્મ હો. પુ૦ ૩ જીવદયા પાલે સહુ પુ૦ ન કરે જીવની ઘાત હો, પુ૦ મૃષા વચન બોલે નહી પુ૦ અદત્ત તણી વાત હો. પુ૦ ૪ પરદારા સેવે નહી પુ૦ કરે સહુને ઉપકાર હો પુ૦ અન્યાય મારગ ટાલીયો પુ૦ દીજે શત્રુકાર હો પુ૦ ૫ ઉત્તમ આચારે ચલે પુ૦ પરજાને સુખકાર હો પુ૦, પાપ પુણ્ય જાણે સહુ પુ૦ જીવાજીવ વિચાર હો પુ૦ ૬ નિશિભોજન ન કરે કદા પુ૦ જાણી દોષ અપાર હો પુ૦, સાત ક્ષેત્રે ધન વાવરે પુ૦ પણ ન કરે અહંકાર હો પુ૦ ૭ કુલવટ રીત ન ચાતરે પુ૦ કૂડ કપટ પરિહાર હો પુ૦, પાલે આજ્ઞા જિન તણી પુ૦ ભરે સુકૃત ભંડાર હો પુ૦ ૮ કુમર અધિક થયો બાપથી પુ૦ ધર્મી ધર્મવિચાર હો પુ૦, કિણુહીને દૂહવે નહી પુ૦ ક્ષત્રી કુલ શણગાર હો પુ૦ ૯ પુણ્યપસાયે ભોગવે પુ૦ વિષય તણા સુખ ભોગ પુ૦, તીવ્ર પરિણામ ન જેહના પુ૦ જાણે દુઃખ સંયોગ

હો પુ૦ ૧૦ કુમર રાય ઇણી પરે રહે પુ૦ સુખમાંહે નિશદીશ હો પુ૦, **જિનહર્ષ** પૂરી થઇ પુ૦ ઢાલ એહ ત્રેવીશ હો પુ૦ ૧૧ (સર્વ ગાથા ૪૪૩)

## ॥ દોહા ॥

એણે અવસર ઉદ્યાનમાં, સમવસર્યા ઋષિ રાય,
સૂરિ **ગુણાકર** ભૂરિ ગુણા, પાલે જે ષટકાય. ૧

ઇર્યા ભાષા એષણા, પારિઠાવણીયાદાણ;
પાંચ સમિતિ પાલે સદા, ત્રણ ગુપ્તિ સુપહાણ. ૨

બારે ભેદે તપ કરે, સહે પરીસહ અંગ;
જીત્યા ચાર કષાય જિણે, ધારે રથ શીલંગ. ૩

પંચ પ્રમાદ કરે નહી, જે દુર્ગતિ દાતાર;
ચાર સંસાર વધારણા, ક્રોધાદિક પરિહાર. ૪

ગુણ છત્રીશ બિરાજતા, પાલે પંચાચાર;
ભવિક જીવને તારવા, મુનિવર કરે વિહાર. ૫

## ઢાળ ચોવીશમી

(કર્મ પરીક્ષા કરણ કુમર ચઢયો રે. એ–દેશી)

સદ્‌ગુરૂ આવ્યા રે રાય સુણી કરી રે, હરખ્યો ચિત્ત મઝાર; સૈન્ય સંઘાતે રે વાંદણ ચાલીયો રે, સાથે પુર નરનાર; સ૦ ૧ વિધિશુ રાજા રે ગુરૂ ચરણે નમ્યો રે, ધર્માશીશ ગુરૂ દીધ, વિનય કરીને રે બેઠા આગલે રે,

ધર્મોપદેશ ધ્વનિ કીધ. સ૦ ૨. ભવિયણ ભાવો રે મન-માંહે તુમે રે એહ અનિત્ય શરીર; વાર ન લાગે રે એહને વિણસતાં રે, જેમ પંપોટો નીર. સ૦ ૩. ઈંદ્ર સભાથી રે આવ્યા દેવતા રે, જોવા રૂપ અપાર; એક પલક રે માંહે વિણસી ગયો રે, ચક્રી સનતકુમાર. સ૦ ૪. ઋદ્ધિ છોડીને રે રાજન નીસર્યો રે, ન કરે કાયા સાર; એહને પોષી રે ન થઇ આપણી રે, દીધો મોહ ઉતાર. સ૦ ૫. તેણે એ કાયા રે જાણી અશાસતી રે, ન ધર્યો મોહ લગાર; તેમ તુમે જાણો રે કાયા કારમીરે, પડતાં ન લાગે વાર. સ૦ ૬. વિભવ વિચારો રે ચપલા સારિખો રે, રાખ્યો ન રહે એહ; યતન કરંતાં રે જાયે હાથથી રે. જેમ નિગુણાનો રે નેહ. સ૦ ૭.

ભેલી કીધી રે કપટ કરી ઘણા રે, કરી કરી બહુ આરંભ; રાય લેઈ જાય રે ચોર પલેવણું રે, જોવો એહ અચંભ. સ૦ ૮. દિન દિન આવે રે નેડો આઊખો રે. ગણિયા માંહે ઘટંત; એકદિન આવી રે જમ લઈ જાયશે રે, રાખી ન કોઇ શકંત. સ૦ ૯. મૃગપતિ જાયે રે જેમ મૃગને ગ્રહી રે; તેમ લેઇ જાશે એ કાલ, માત પિતાદિ રે રાખી નવિ શકે રે, સાથે ન કો અંતકાલ. સ૦ ૧૦. એક દિન મરવું રે છે સહુને સહી રે, કોણ રાજા કોણ રંક; એહવું જાણી રે ધર્મ સંગ્રહ કરો રે, જિહાં લગે દૂર આતંક. સ૦ ૧૧. જરાયે ન કીધી રે કાયા જાજરી રે, તિહાં લગે ફોરવે પ્રાણ; જરા આવશે રે જ્યારે

પાપિણી રે, ઘટશે પ્રાણ વિન્નાણ સ. ૧૨. જરા ધૂતારી રે એહ વિધ્વંસિણી રે, તપ જપ કિરિયા ન થાય; પાંચે ઇંદ્રી રે બલહીણાં કરે રે, લડથડશે નિજ કાય. સ૦ ૧૩ ધર્મ કરો રે અવસર પામીને રે, આલસ નાણો અંગ, અવસર ચૂકો રે ફરી નહી આવશે રે, જેમ નદીયાં જલ સંગ. સ૦ ૧૪. ધર્મ કરો રે જેમ ભવજલ તરો રે, ધર્મથી સંપત્તિ થાય; ધર્મથી પૂગે રે આશા મન તણી રે, ધર્મે દુરિત પલાય. સ૦ ૧૫. ધર્મે કાયા રે નિર્મલ પામીયે રે, ધર્મે જસ જયવાદ; ઢાલ ચોવીશમી ધર્મ કરો ભવિ રે, ત્યજી **જિનહર્ષ** પ્રમાદ. સ૦ ૧૬.

( સર્વગાથા ૪૬૪ )

## ॥ દોહા ॥

દીધી ઇણી પરે દેશના, ધર્મ રંગાણી દેહ;
અમરસેન નૃપ ચિંતવે, ધન્ય ધન્ય મુનિવર એહ. ૧

એ મુનિવર તારણ તરણ, ધર્મ તણા દાતાર;
મિત્ર એહ નિસ્વારથી, કરે સહુને ઉપકાર. ૨

ધર્મ સુણ્યાનું ફલ કિશું, જો તજીયે ન આરંભ;
ગુરૂવાણી ન રહે હીયે, જેમ જલ કાચે કુંભ. ૩

ગુરૂ વાણી સફલી કરૂં, લ્યું હવે સંયમભાર;
*જો સાંભલી નવિ આદરૂં*, તો થાયે લીપણ છાર. ૪

રાજકાજ કીધાં ઘણાં, કીધાં પાપ અપાર;
પાપ પખાલું આપણાં, કીધો એહ વિચાર. ૫

આચારજને એમ કહે, અમરસેન નરનાથ;
રાજ્ય દેઇ નિજ પુત્રને, વ્રત લેશું તુમ પાસ. ૬
ઇમ કહી મંદિર આવીયો, કુમર ભણી દેઇ રાજ;
ઓત્સવશું વ્રત આદર્યો, અમરસેન શિવકાજ. ૭
તપજપ કિરિયા મુનિધરમ, પાલી નિરતિચાર;
અંતે અનશન આદરી, પોહોતા મુગતિ મઝાર. ૮

**ઢાલ પચ્ચીસમી** ( ભરત નૃપ ભાવશુંએ એ-દેશી )

શ્રી જયસેન રાજા હવે એ, ન્યાયે પાલે રાજ,
અન્યાય દૂરે તજે એ, વાધી જગમાં લાજ. ૧
સદા જય ધર્મથી એ, ધર્મે લીલ વિલાસ,
ધર્મથી સુખ હુએ એ, ધર્મથી સફલી આશ. સદા૦ ૨
જય સેના પટરાગિણી એ, વાલી જીવ સમાન,
સદા સુખ ભોગવે એ, રાગરંગ ગુણગાન. સદા૦ ૩
સૂત્ર તાંતણની પાલખી એ, બેસી રમે પુરમાંહે,
સહુ અચરજ લહે એ, દિન દિન અધિક ઉચ્છાંહે. સ૦ ૪
રૂપ કર્યું અદૃશ હુવે એ, ધર્મ તણે પરભાવ,
માટીને તુરગે ચડે એ, નામ થયો સિદ્ધરાવ. સ૦ ૫
કિણહીને નમતાં નહી એ, તે પણ લાગ્યા પાય,
ભરે દંડ રાયને એ, દુર્દ્ધર પુણ્ય પસાય. સ૦ ૬
કુંથુ જિણંદ પસાઉલે એ પામ્યા રાજભંડાર,
રતનમય તેહનો એ, બિંબ ભરાવ્યો સાર. ૭
દયાધર્મ પાલે સદા એ, પાલે જિનવર આણ,
નમે મુનિ ભાવશું એ, પવિત્ર કરે નિજ પ્રાણ. સ૦ ૮

ઇમ ગૃહધર્મ પાલી કરી એ, અણસણ લેઇ અંત,
વૈમાનિક સુર થયો એ, પુણ્યપ્રભાવ અચિંત. સ૦ ૯
રાત્રિભોજન પરિહરો એ, સાંભલી ગુરૂ ઉપદેશ,
જાણી દોષ બહુપરે એ, પામો સુખ સુવિશેષ. સ૦ ૧૦
સાંભલી રાસ સોહામણો એ, ધરજો હૃદય મઝાર,
આતમ હિત જેમ હુવે એ, તેમ કરજો નર નાર. સ૦ ૧૧
રાત્રિભોજનની આખડી એ, કરજો દોષ વિચાર,
અમરસેન જયસેન પરે એ, લહેશો સુખ અપાર. સ૦ ૧૨
નિધિ પાંડવ ભક્ષ સંવત્સરે એ. ૧૭૫૯ વહિ આશાઢ જગીશ,
પૂરણ થઇ ચૌપઈ એ, પડવા કેરે દીસ. સ૦ ૧૩
શ્રીખડતરગચ્છ રાજીયો એ, **શ્રી જિનચંદ સૂરિંદ,**
**રતનસૂરિ** પાટવી એ, દીઠાં હોયે આણંદ. સ૦ ૧૪
**શાંતિહર્ષ** વાચક તણો એ, કહે **જિનહર્ષ** મુણિંદ,
વામેય પસાઊલે એ, કીર્ત્તિ કમલા કંદ. સ૦ ૧૫
પાટણમાંહે મેં રચ્યો એ, રાત્રિભોજન રાસ,
પચ્ચીશ ઢાલે કરી એ, સુણતાં લીલવિલાસ સ૦ ૧૬

( સર્વગાથા ૪૮૮ )

ઇતિ શ્રી રાત્રિભોજન ત્યાગ ફલ માહાત્મ્યે અમરસેન જયસેન નૃપ રાસ સંપૂર્ણ. શુભમસ્તુ.

---

**ઇતિ શ્રી રાત્રિભોજન ત્યાગ**
**ફલમાહાત્મ્ય રાસ સમાપ્ત**

---

## ॥ દુર્જન વિષે દોહા ॥

પાણી ઘણું વિલોઇએ, કર ચોપડયા ન હુંતિ;
નિગ્ગુણ જણ ઉપદેશડા, નિષ્ફલ હુંતિ ન ભંતિ. ૧
દુજજણ વિખહર સહસ હૈ, લેત ઔરકે પ્રાણ;
આપ ઉદર ન ભરે તનક, દુદુ સહાવ પમાણ. ૨
દુજજણ ચુઆ સમાન હૈ, કરે અમૂલક ચીર;
ભુખ ભગે નહિ આપણી, કરત ઔરકૂં પીર. ૩
દુજજણ અગ્ગિ સહાવ હૈ, જારત અગણિત વચ્છ;
આપ તૃપત હોવૈ નહીં, નાશ કરત જગ સચ્છ. ૪
દુજજણ અહિથેં નઠુર હૈ, અહિ ડંકે ઇક વાર;
દુજજણ કાટે વયણથે, દીહ રયણ બહુ વાર. ૫
દુજજણ ભી જગમેં ભલે, ઇનકો યે ઉપયોગ;
દુજજણ વિણ સજજણ હુકો, ઓલખહી કિસ લોગ. ૬
દુજજણ કિરતારે કિયે, પર દૂખણહિ દિખાઇ;
વે સુણિ જન ચેતી કરી, સીખે આપ સહાઇ. ૭
દુજજણ સંધી ગોઠડી, કરકે સંધી ભાય;
પાણી જેમ વિલોવિયાં, પરકણ નક્કો છાય. ૮
દુજજણ જણ બબ્બૂલ વણ, જો સીંચો અમિએણ;
તોહે કાંટા વીંધણાં, જાતી તણે ગુણેણ. ૯

### ॥ સોરઠા ॥

જેવાં પાકાં બોર, તેવાં મન દુજજણ તણાં;
ભીતર કઠિન કઠોર, બાહિર તા રાતા રહે. ૧૦

## ॥ જુવાની વિષે દુહા ॥

જુવાનિ હૈ દિન ચારકી, જ્યૂં પતંગકો રંગ;
સહજમાંહિ ઉડિ જાયગો, તાકો કહા ઉમંગ. ૧

જુવાનિ મેં ફૂલ્યો ફિરત, અમરહિ જાનત આપ;
ખબર ન પલકી પરત હૈ, શિરપે યમકી છાપ. ૨

જુવાનિ કેસૂ રંગવત, પલ છિન સુંદર દીખ,
રહત નહી બહુ કાલ યહ, દેખહુ જગકી સીખ. ૩

જુવાનિમેં ભી મરત હૈ, બહુત જગતમેં લોક;
તાકો સો અભિમાન ક્યા, સબહી હૈ યહ ફોક. ૪

બાલપનો જ્યૂં ચલિ ગયો, ત્યૂં જુવાનિ હૂં જાઇ;
જરા આવહી તબ કછુ, શુભ કૃત હોવૈ નાંઇ. ૫

જુવાનિકો મદ ક્યાં કરિયે, નહી રહે બહુ કાલ;
નાશવંતકો ગર્વ ક્યા, લ્હે તૌ ડાર નિકાલ. ૬
જુવાનિમેં કછુ રોગ લ્હૈ, તો ક્યા આવૈ કામ;
નાંહિ પ્રીય સુખ ભોગ કછુ, વિષ વત લગૈ તમામ. ૭
જુવાનિમેં માયા મિલૈ, તૌ પુમાન છકિ જાત;
જાનત નહિ યહ ના રહૈ, લગહિ કાલકી લાત. ૮

## ॥ પ્રીતિ વિષે દોહા ॥

પ્રીતજ એસી કીજીયે, જ્યૂં જલ મચ્છ કરાય;
ખિણેક જલથી બીછરે, તડફડિ ને મરિ જાય. ૧

મને સાધજો પ્રીતડી, નથિ મિલવાનો સંચ;
સરજ્યા વિણ નવિ સાંપજે, કરિયે કોડિ પ્રપંચ. ૨

નયણા કેરી પ્રીતડી, જો કરિ જાણે સોઇ;
નયણે જે રસ ઊપજે, તે રસ સેજ ન હોઇ. ૩

પ્રીતિ ભલી પંખેરૂઆં, જે ઉડીને મિલંત;
પંખ વિહૂણા માણસાં, અલગાથી વિલવંત. ૪

નયણ પદારથ નયણ રસ, નયણે નયણ મિલંત;
અણજાણ્યાશું પ્રીતડી, પહેલાં નયણ કરંત. ૫

કીજે પ્રીત સુમાણસાં, જે જાણે ગુણ ભેઅ;
સૂકડ પત્થરશું ઘસી, તોહુ ન આપે છેઅ. ૬

પ્રીતિ રીતિ કછુ ઔર હૈ, મુખ તે કહી ન જાય;
મિશરી ખાઇ મૂક સો, કહૈ કહા દરશાય. ૭

પ્રીતિ સર્વશે રાખિંએ, કરહુ ન કાહુ બિગાર;
જૈસે સહાવ લીંબ રસ, મિલત સકલમેં ધાર. ૮

પ્રીતિ બહુત પ્રકારકી, તિનમેં ગહિયે શુદ્ધ;
કાજ ન બિગરે જાહિ તેં, કોઇ કહૈ ન અશુદ્ધ. ૯

અર્હમ્

પૂ. તપોમૂર્તિ આચાર્યદેવ શ્રી વિજયકર્પૂરસૂરિભ્યો નમઃ

卐

પંડિત પ્રવર શ્રી ઉદયરત્નજી મહારાજ રચિત

# શ્રી ધર્મબુદ્ધિ અને પાપબુદ્ધિનો રાસ

## ॥ દોહા ॥

શ્રી જિન સરસ્વતી સંતને, પ્રણમું તજી પ્રમાદ;
પાપ બુદ્ધિ ધર્મબુદ્ધિનો, સુવિધે કહુ સંવાદ. ૧

હીરરતન સૂરિ સાનિધ્યે, સદ્ગુરુને સુપસાય;
રાસ રચું રળિયામણો, જેહથી પાતક જાય. ૨

શ્રોતાજનો સુણજો સહુ, વિકથા વર્જી વાત;
તન મન વાચા નયણને, થિર કરી તજી વ્યાઘાત. ૩

વકતા વચનામૃત જરિ શ્રોતા ઊખર ખેત;
બીજ વાવ્યુ જાયે બલી, તિહાં કેમ ઉપજે હેત. ૪

શ્રોતા જીર્ણા રસ વેલડી વકતા વાણી નીર;
સુમતિનીકે કરી સીંચતા, થાયે ગહેર ગંભીર. ૫

રસીયા સહુકો રાસના, રસની ન લહે રીત;
નવરસના જે અતિ નિપુણ, પામે તે સુણિ પ્રીત. ૬

શ્રોતા વકતા બે જિહાં, સરખા હોય સુજાણ;
કવિ ચતુરાઇ તો લહે, પ્રગટ રસની ખાણ. ૭

ધર્મથકી જસ વિસ્તરે, ધર્મે લહે શિવશ્રેણ;
ધર્મે હોય સુખ સંપદા, ધર્મ કરો સંહુ તેણ. ૮

સુરતરૂ સુરમણિ સુરલતા, જે સુરધેનુ સમાન;
સાધો તે સુધે મને, ધર્મ સદા ધીમાન. ૯

**ઢાલ પહેલી** ( આછેલાલની દેશી )

શ્રી પુરનગર સુથાન, જિતારિ રાજાન,
આછે લાલ, મંત્રી તેહને મતિસાગરૂ,
મ્હોટા દ્વિજ સમાન, નહી કોઇ તેહ સમાન, આ૦
ઉત્તમગુણનો આગરૂ. ૧
એક દિન ભાંખે રાય, પાપતણા મહિમાય, આ૦
રાજાદિક રૂદ્ધિ પામીયે,
મંત્રી કહે મહારાજ, એ શું બોલ્યા આજ, આ૦
વિપરીત મતિ એ વામીયે. ૨
વહાલાશું હોય વિયોગ, શત્રુના સાધે સંયોગ, આ૦
સુખ ન હુએ માય બાપના
દુશ્મન થાયે સજ્જન, ઘૃત વિણ લહે ભોજન. આ૦
પીછો એ ફલ પાપનાં. ૩
ધર્મે ધન સુખ હોય, જીજી કરે સહુ કોય, આ૦
જે જે મન કામીયે,
તુરત પદારથ તેહ, લહીયે નહી સંદેહ, આ૦
પુણ્યે મહા ફલ પામીયે. ૪
ન દેવતીર્થૈર્ન પરાયતઃ- ક્રમેણ,
ન મંત્રતંત્રૈર્ન સુવર્ણદાનૈ,
ન સેવયા નૈવ સુરદ્રુમાદ્યૈઃ,
વિના સ્વપુણ્યૈરિહ વાંછિતાર્થાઃ ૧

## પૂર્વ ઢાલ

વાદ વદંતાં આમ, પાપબુદ્ધિ તેહે ઠામ, આ૦
નામ થયું તે ભૂપનું,
પ્રધાનનું પ્રધાન, ધર્મબુદ્ધિ અભિધાન, આ૦
આપ ગુણે તવ ઉપનું. ૫
સદા સભામાં સોય, વાદ વદે એમ દોય, આ૦
પાપ અને પુણ્યના મતિ,
લજવી કેતા લોક, નૃપને નાખે ટોક, આ૦
તો પણ નૃપ ન વલી રતિ. ૬
અવનીપતિ એક દિન્ન, મંત્રીને કહે વચન્ન, આ૦
જો તું માને છે ધર્મને,
તો લખમી છે લવલેશ, જો માને મુજ ઉપદેશ, આ૦
તો પામે સર્વ શર્મને. ૭
રાજ્યાદિક મહારૂદ્ધિ, તો છે મહારે નવનિધિ, આ૦
જો હું માનું છું પાપને,
ધર્માધર્મ ફલ એહ, પ્રગટ પેખ તું એહ, આ૦
જો ધર્મે ધરે છે તું આપને. ૮
તો તું તજી ધન ગેહ, એકાકી સસનેહ, આ૦
પરદેશે જઇ પુણ્યથી.
આથ ઉપાઇ અછેહ, જો તું લાવે ગુણગેહ, આ૦
તો ધર્મે ભેદુ હું મન્નથી. ૯

મંત્રી કહે મહીનાથ, સત્ય કહી એ વાત, આ૦
માહરા પણ મનમાં વસી;
જોતાં એ દષ્ટાંત, ભાંગશે મનની ભ્રાંત, આ૦
પુણ્યની ગતિ પરખી હસી. ૧૦
અવનીપતિ આદેશ, પ્રધાન તે પરદેશ, આ૦
ચોપ ધરીને ચાલીયો;
ઉદયરતન કહી એમ, પહેલી ઢાલે પ્રેમ, આ૦
પરમારથ પીછી લિયો. ૧૧

॥ દોહા ॥

અટન કરંતાં એકદા, રાતમાં રાક્ષસ એક;
ભેટયો મહાભૂખાકૂલો, ખાઉં ખાઉં કરતો છેક. ૧
મંત્રી કહે તમને હુઓ, મામા મુજ પ્રમાણ;
મામા કહે મૂકું નહી, ફરી રાક્ષસ કહે તામ. ૨
॥ સર્વ ગાથા ૨૨ ॥

॥ ઢાલ બીજી ॥ (હમીરાની દેશી)

વ મંત્રી કહે તેહને, કરવા કારજ એક મામાજી;
ઉં છું તેણે જીવતો,
મેલો મુને સુવિવેક મામાજી. તવ. ૧.
ારજ તેહ કરી પાછો, ફરી આવું હણે ઠાર; મા૦
ખાઓ તવ ખાંતે વહી, મુજને તમે નિરધાર. મા૦ત૦ ૨.
ાલા માથાંનાં માનવી, તેહનો શો વિશવાસ, ભાણેજા;
રાક્ષસ કહે મરવા ફરી, તું કેમ આવે મુજ પાસ, ભાણેજા,
તવ રાક્ષસ કહે તેહને ૩.

પર નર સાથે પરવરિ, ગર્ભ ગલાવે જેહ, મા૦
જો ફરી નાવું તો મુને, પાતક લાગજો તેહ. મા૦ત૦૪
આગલથી વ્રત ઉચ્ચરી, વલતાં વિરાધે જેહ. મા૦
જો ફરી નાવું તો મને, પાતક લાગજો તેહ. મા૦ત૦૫.
માવિત્રને જે અવગણિ, ગુરૂને ઓલવે જેહ, મા૦
જો ફરી નાવું તો મને, પાતક લાગજો તેહ. મા૦ત૦૬.
વિશ્વાસઘાત કરે વલી, પાંતે વંચો કરે જેહ. મા૦
જો ફરી નાવું તો મને, પાતક લાગજો તેહ. મા૦ત૦૭.
સંખારો જે સૂકવી, દવ લગાડે જેહ. મા૦
જો ફરી નાવું તો મને, પાતક લાગજો તેહ. મા૦ત૦૮.
પાપ સ્થાનકને આચરે, અઢાર ભેદે જેહ મા૦
જો ફરી નાવું તો મને, પાતક લાગજો તેહ. મા૦ત૦૯
ભાઇ હણે ભગિની પ્રત્યે, મુનિ હત્યા કરે જેહ. મા૦
જો ફરી નાવું તો મને, પાતક લાપજો તેહ. મા૦ત૦૧૦
સાતે વ્યસનને સેવતાં, અનરથ ઉપજે જેહ મા૦
જો ફરી નાવું તો મને, પાતક લાગજો તેહ. મા૦ત૦૧૧
બાલ ધેનુ સ્ત્રી બંભને, જગમાં મારે જેહ. મા૦
જો ફરી નાવું તો મને, પાતક લાગજો તેહ મા૦ ત૦ ૧૨
ગોત્ર ગમન કરે ગેલશું, જૂ લીખ મારે જેહ. મા૦
જો ફરી નાવું તો મને, પાતક લાગજો તેહ. મા૦ત૦૧૩
રોકી મારગ ધર્મનો, અછતા કર કરે જેહ મા૦
જો ફરી નાવું તો મને, પાતક લાગજો તેહ. મા૦ત૦૧૪

ધર્મી થઇ ધૂરતપણે, લોકને ધૂતે જેહ. મા૦
જો ફરી નાવું તો મને, પાતક લાગજો તેહ. મા૦ત૦ ૧૫

કીધો ગુણ જાણે નહી, કુપથ ચલાવે જેહ. મા૦
જો ફરી નાવું તો મને, પાતક લાગજો તેહ. મા૦ત૦ ૧૬

ગુરૂ દેવનું દ્રવ્ય વાવરે, પૂજ્યને પરાભવે જેહ. મા૦
જો ફરી નાવું તો મને, પાતક લાગજો તેહ. મા૦ત૦ ૧૭

ઇત્યાદિક કરી અર્ગલા, રાક્ષસની લઇ શીખ શ્રોતાજી;
મંત્રી મન મોદે કરી, આગે ભરી તેણે વીખ શ્રોતાજી ત૦ ૧૮

**ઉદયરતન** એમ ઉચ્ચરે, બોલી એ બીજી ઢાલ શ્રો૦
હું બલિહારી તેહની, પણના જે પ્રતિપાલ શ્રોતાજી ત૦ ૧૯

( સર્વગાથા ૪૧ )

## ॥ દોહા ॥

ચોંપશું આગલ ચાલતાં, કોઈક નગર નજીક,
દેવલ ઋષભજિણંદનું, દીઠું અતિ રમણીક. ૧

અતિશય આનંદ ઉપનો, પેખી તે પ્રાસાદ;
ભાવેશું ભગવંતને, એમ તે સ્તવે આલ્હાદ. ૨. યત:

ન યાતિ દાસ્યં ન દરિદ્રભાવં,
ન પ્રેષ્યતાં નૈવ ચ હીનયોનિં;
ન ચાપિ વૈકલ્યમથેંદ્રિયાણાં,
યો કારયન્માર્ગજિનેન્દ્રપૂજા. ૧

## ॥ દોહા ॥

ઇત્યાદિ સ્તવના સુણી, કપર્દીનામા યક્ષ
રક્ષક તે જિનબિંબનો, પ્રીતે થઇ પ્રત્યક્ષ. ૩
મંત્રીશ્વરને કામઘટ, આપ્યો જેહ દુર્લભ;
સચિવ કહે હું શું કરૂં, કિહાં થાપું એ કુંભ. ૪
કુંભ શોહે શિર નારીને, પુરૂષને લાગે લાજ;
તે માટે એ કામઘટ, કહો આવે શે કાજ. ૫

## ॥ ઢાલ ત્રીજી ॥ ( શોરઠીરાગે ચાલ )

તવ દેવ કહે ઘટ એહ, અદૃશ્યપણે ગુણગેહ,
તુજ પૂંઠે વહેશે વહેલો, ગુરૂની પૂંઠે જેમ ચેલો. ૧
તિહારે મંત્રીયે માની વાણ, કુંભશું કીધું પ્રયાણ;
ગેલે આવંતો નિજ ગેહ, વચમાં આવ્યું વન તેહ. ૨
માંડજે કહેવાનો મામો, તે પણમાં ન ભેદે પાણી,
સાપુરૂષે બોલ્યા બોલ જેહ, પ્રાણાંતે ન બદલે તેહ. ૩
પણ સાંભલો એક વિચાર, મુજ તનુ એ અશુચિ અપાર,
રસ લોહી માંસને મેદ અસ્થિ મજ્જા શુક્ર અમેધ્ય. ૪
મલમૂત્ર તણો ભંડાર, કેમ કીજે તેહનો આહાર,
રસાલાની પાઉં રસોઇ, સ્વાદે જિમો તમે સોઇ. ૬
તવ રાક્ષસ કહે થઇ રાજી, તું આપ રસોઇ તે તાજી,
તેણે રાક્ષસ કુંભ પસાયે, જિમાડયો યથેષ્ટ ઉચ્છાહે. ૭
તવ તેહ રીજી મનમાંથી, કહે રસોઈ આપી એ કિહાંથી,
મંત્રી કાંઇ અલિક ન બોલ, સત્ય ગુહ્ય હૈયાનું ખોલ. ૮

કામકુંભ પસાયે કામી, રસોઇ પુરી મેં સ્વામી,
તવ રાક્ષસ કહે કામકુંભ, મુજને એ આપો અવિલંબ. ૯
એહ કોડી સાધારણ કામ, કેમ આપું મંત્રી કહે તામ,
જો તું આપે કુંભ કરારે, તો હું હિંસા ન કરૂં ક્યારે. ૧૦
પલાદ કહે તે પુણ્ય, તુજને હોશે અગણ્ય,
હું માનીશ તુજ ઉપકાર, વલી સાંભલ એક વિચાર. ૧૧
હું પણ તુજને નિરધાર, રિપુ શસ્ત્ર નિવારણ હાર,
સાધીજે અરથ અખંડ, તે આપીશ મહારો દંડ. ૧૨
જો આપું એ તુજને ઉલ્લાસે, તો પણ તુજ હિંસક પાસે,
કુંભ ન રહે મંત્રીસર ભાસે, તેણે પડયો છું હું સાંસે. ૧૩
**ઉદય વદે ત્રીજી ઢાલ**, શ્રોતા સુણજો ઉજમાલ,
ધર્મ કરશે જે ધસમશિયા, વરસે તે શિવવધૂ રસીયા. ૧૪

## ॥ દોહા ॥

રાખીશ હું રૂડી પરે, રાક્ષસ કહે, ધરી રાગ;
ઇમ સુણીને આપ્યો ઘડો, મંત્રીશ્વરે લહી લાગ. ૧
દંડ ગ્રહીને દિવ્ય તે, પંથે વહ્યો પ્રધાન;
બીજે દિન ભૂખ્યો થયો, મંત્રી તે મતિમાન. ૨
બોલાવી કહે દંડને, ભોજન દે તું આજ;
તે કહે હું સમરથ નથી, કરવા એ તુમ કાજ. ૩
કામ કો બીજું જો કહો, તે કરૂં હું તહકીક;
તવ મંત્રી કહે કામઘટ, આણો તે રમણીક. ૪

## ॥ ઢાલ ચોથી ॥ ( ભટીઆણીની દેશી )
( આજ ન ઉમંગે હો રંગે મજન આદરે—એ દેશી )

હા હું આણીશ તેહ,
ઇમ કહીને નભપંથે હો સંચરીયો દંડ તે વેગશું,
પલાદ પાસે જઇ તાસ,
મુહકમ મારીને હો ભાંજી બારને વેગશું. ૧
તુરત લેઇ ઘટ તેહ,
મંત્રીશ્વર સમીપેં હો મોદ ભરે આવ્યો વહી,
પૂછે તવ પરધાન,
કુંભને પેખીને હો મનશું મહાશાતા લહી. ૨
તિહાં તુજને હૂતી સમાધિ,
એમ સુણિને ઘટ જંપે હો જે તેને સોંપી મુને,
પાપી નરને હાથ,
તો સમાધિ મુને કિહાંથી હો સાચું હું ભાંખું તુને. ૩
ધર્મી નર હુવે જેહ,
તેહને સમીપે હો રહેતાં હું સુખીયો સદા,
અધર્મીને આશ્રમ,
અર્દ્ધઘડી પણ વસતાં હો મુજને રતિ ન હોવે કદા. ૪
કુંભ પસાયે તેહ,
ભોજન કરીને મંત્રી હો વલતો આગે ચાલીયો,
જાતાં મારગ માંહે,
એક ગામ સમીપે હો કોઇક સંઘ નિહાલીયો. ૫

શેત્રુંજય ગીરનાર,
તીરથ જઇને હો પાછો તે વલીયો જિસે,
આવતાં પંથ વિચાલ,
મંત્રીશ્વર મહાપુણ્યે હો, સાહમો તિહાં મલીયો તિસે. ૬
સમય લહીને સંઘ,
સચિવે તે સઘલો હો જમણ કાજે નોતર્યો,
તેહને અસંખલ દેખી,
રસોઇ કરવાનો હો ઉદ્યમ સહુ સંઘે કર્યો. ૭
ભરી એક જલનો કુંભ,
સંઘવાલુને ચૂલે હો સઘલે જલ રેલી તદા,
કહે મત રાંધશો કોય,
મુજ પામરને કરો પાવન હો મંત્રી ઇમ ભાખે મુદા. ૮
અસમંજસ અવદાત,
અવલોકી સંઘવાલુ હો મનમાંહે ચિંતે ઇશ્યું,
અશન એહનું રહો દૂર,
પોતાનું પણ ભોજન હો આજ ન કરી શકીયે કિશું. ૯
સહુ મલી સંઘનાં લોક,
માંહોમાંહે આલોચે હો હવે શું કરશું અદે,
પોતાનું ભરવા પેટ,
સમરથ એ નહીં હો ફોકટ વયણ મહોટા વદે. ૧૦
કહે કવિ ઉદયરતન,
ચતુરનર સહુ સુણજો હો કહુ છું **ચોથી ઢાલમાં**,

સુપુરૂષ સાહ્ય હોય,
આડંબર દેખાડી હો કુપુરૂષ પાડે જાલમાં. ૧૧
( સર્વગાથા ૭૫ )

## ॥ દોહા ॥

રાંક ન દ્યે એ રાંધવા, આપણનો નિજ અન્ન;
એહની તો આશા કિસી, ઇમ ભાંખે સહુ જન્ન. ૧
વૃદ્ધ વિચારી તવ કહે, ભોજનવેલા તઇ;
પડખો પછી જણાયશે, જે નીપજશે કાંઇ. ૨

**॥ ઢાલ પાંચમી ॥** (એકદિન એક પરદેશીયો એ દેશી)
અથવા નમો નમો મનક મહામુનિ–એ દેશી)
અથવા ચરણાલી ચામુડ રણ ચઢે–એ દેશી)

ભોજનવેલાને સમે, મંત્રી કોટ નમાવી રે,
સંઘપતિ સહુ લોકને, તેડા કરે તિહાં આવી રે. ભો૦ ૧
સંદેહ હિંડોલે ચડયો, વનમાંહે સંઘવાલુ રે,
તેહની પૂંઠે પરિવર્યો, અતિ આતુર ઉજમાલુ રે. ભો૦ ૨
આગલ જાતાં અનુક્રમે, પટકુલમેં વિસ્તારો રે,
મનોહર દીઠો માંડવો, ઉપનો હર્ષ અપારો રે. ભો૦ ૩
વિસ્મય પામી સહુજના, પૂછે માંહોમાંહે રે,
એ સાચું કે સ્વપનું સહી, કે મૃગતૃષ્ણા પાહે રે. ભો૦ ૪
કે એ નર છે કારમો, કે દીસે ઇંદ્ર જાલો રે,
આપણ પડયા પાશમાં, રખે વધે જંજાલો રે. ભો૦ ૫

હાથે ફરસે માંડવો, પાસે જઇ જનકેતા રે,
પરગટ પેખી 'પારખૂં', સહુ થયા હર્ષ સમેતા રે. ભો૦ ૬
તે કામકુંભ તણે બલે, માંડયા સોવન થાલો રે,
પાંતે ચાલ્યા પ્રીસણાં, દીસે આઠ જમાલો રે. ભો૦ ૭
અટ્ટોત્તરશત અંગના, વિધવિધ પહેરી વેશો રે,
પીરસે પ્રેમે રસવતી, ઓપ રૂપ અશેષો રે. ભો૦ ૮
અન્યોન્યે એમ ઉચ્ચરે, અહો રસોઇ એહવી રે,
કહો કેણે દીઠી કિહાં, અમર આરોગે તેહવી રે. ભો૦ ૯
અશનાંતે આભૂષણે, વિવિધ વસને વારૂ રે,
સઘલો સંઘ પહિરાવીયો, મંત્રીયે મનોહારૂ રે. ભો૦ ૧૦
પૂછે અચરિજ પામીને, મંત્રીને શ્રીસંઘો રે,
કહો એવડો કેહને બલે, પૂરો પડયો ઉચ્છરંગો રે. ભો૦ ૧૧
કામકુંભે સહુ કામના, પૂરી તે કહે એહો રે,
સંઘવી ઘટ યાચે તદા, લોભે કરીને તેહો રે. ભો૦ ૧૨
જો તું આપે એ મુને, તો હું કરૂં શુભ રીતે રે,
સાહમીવાત્સલ સર્વદા, તુજ સાન્નિધ્યે પ્રીતે રે. ભો૦ ૧૩
તું ધર્મી દીસે અછે, ચમર યુગમ તુજ આપું રે,
વિષ રોગ શસ્ત્ર નિવારણું, મિત્ર કરી વલી થાપું રે. ભો૦ ૧૪
કુંભ સાટે લે તું વલી, ચમર યુગલ એ ચાહી રે,
પાંચમી ઢાલે ઉદય વદે, એમ કહે તેહ ઉમાહી રે. ભો૦૧૫

( સર્વગાથા ૯૨ )

## ॥ દોહા ॥

મંત્રી કહે મયા કરી, દેવે દીધો જાસ;
કુંભ રહે એ તે કને, અવરાં ન પૂરે આશ. ૧
સ્વારથવશે સંઘવી કહે, તું તો આપને એહ;
જેમ તેમ કરીને રાખશું, અમે અમારે ગેહ. ૨
કુંભ ચમર શાટાં કરી, સચિવ સંઘવી સોય;
નિજ નિજ પંથે પરવર્યા, હીયે હર્ષિત હોય. ૩

## ॥ ઢાલ છઠ્ઠી ॥

( વૃષભાન ભુવન ગઇ દૂતી—એ દેશી )

બીજે દિન ભૂખે ભરાયો, તવ મંત્રીયે દંડ પઠાયો,
ઘટ લેવા ઘણે ઉત્સાહે, જઇને તેણે સંઘમાંહે. ૧
પાસે શુભટ હતા બહુ જેહ, સહુ ત્રાસ પમાડય, તેહ,
ભાંજી ખડગ ખેડા હથીયાર, કામકુંભ ગ્રહી સકરાર. ૨
પાછો ફરી મંત્રી પાસે, આવ્યો ફરી લકુટ ઉલ્લાસે,
તવદંડના પરાક્રમ જોઇ, ઘણું મુદિત થયો મનસોઇ. ૩
કુંભ દંડ ચમર એ ત્રણય, લેઇ વસ્તુ મૂલે અગણ્ય,
નિજનગરીયે પહોતો જે હવે, તેણે દિવસે તિહાં તેહવે. ૪
પ્રગટ કરવા ધર્મ પરીક્ષા, સેવકને દેઇ બહુ શિક્ષા,
ઘાલી રત્ન વીજોરાંમાંહે, સવા લાખ ટકાનું રાયે. ૫
આપીને કહે અનુચરને, શાક વિક્રય કરે તે નરને,
સોંપી એ ફલ સુવિવેક, વલી સાંભલ કહું વાત એક ૬

જિહાં લગે કોણ લે તાં લગે, તિહાં છાનો રહેજે તું વેગે,
જે કોઇ લીયે તેહ રાગે, નામ તેહનું કહીયે મુજ આગે. ૭

સેવક તે સઘલું સીધું, જેમ રાયે કહ્યું તેમ કીધું,
મંત્રીઘરે આવ્યા પછી, સુંદરી શાક લેવા ગચ્છી. ૮

બીજોરૂં લેઇ તે વાલા, ઘરે આવી ઘણું ઉજમાલા,
તે જાણી ચિંતે નૃપ તેહ, અહો ધર્મનો મહિમા એહ.

**ઉદયરતન** વદે ઇમ વાણી, એતો **છઠ્ઠી ઢાલ** પ્રમાણી,
ધર્મ કરશે જે ધર્મધોરી, તે કાપશે કર્મની દોરી. ૧૦

॥ સર્વગાથા ૧૦૫ ॥

## ॥ દોહા ॥

રંગેશું એક રાતમાં, સોવનમય આવાસ;
નીપાવ્યા મંત્રીશ્વરે, કુંભ પસાયે ખાસ. ૧

શોભિત સોવન રયણમે, ગોખકોશીશાં થંભ,
નિરૂપમ થાયે નવનવાં, મધ્યે નાટારંભ. ૨

## ॥ ઢાલ સાતમી ॥

(હવે શ્રીપાલ કુમાર, વિધિપૂર્વક મઝન કરેજી—એ દેશી)

નાટકના સુણી નાદ, દેખી આડંબર ગેહનોજી,
વિસ્મય પામ્યો વસુધેશ, પાપે રાચે મન જેહનોજી. ૧

મંત્રી હવે પરભાત, શૃંગારે તનુ શાહાવીને જી,
રત્ને ભરી સોવન થાલ, ભેટે ભૂપને આવીનેજી. ૨

પૂછે તવ મહિપાલ, રત્ન એ કિહાંથી પામીયોજી,
મંત્રી કહે ધર્મપસાય, સહુ ફલી મન કામીયોજી. ૩

નિરૂપમ નાટક દિવ્ય, કનક આવાસ છે તુમ તણેજી,
એમ વલી પૂછે રાય, હા પ્રભુ છે મંત્રી ભણેજી. ૪

આવાસ જોવા તેહ, રાજા કહે મંત્રી પ્રતેજી,
થોડા જનશું એક વાર, જમાડ તું મુજને હેતેજી. ૫

મંત્રી કહે મહારાજ, તમને ગમે જન જેટલા જી,
મેલાવો મેલી મુજગેહ, આવજો તેડી તેટલાજી. ૬

સ્વામી શક્તિ પ્રમાણ, ભક્તિ કરીશ ભાવે મુદાજી,
રખે રાખો મનભ્રાંત, અલિક ન ભાખું હું કદાજી ૭

અવનિપતિ ચિંતે એમ, અહો એ સાહસપણું બકેજી,
મુજ પરિકરને જગમાંહે. પાણી પણ કોણ પાઇ શકેજી. ૮

તો ભોજન પૂરે કોણ, કુંજર કીડીને ઘરેજી,
જાય પ્રાહુણો જેમ, એ પણ જાણવો એણી પરેજી. ૯

રોષે કરીને રાય, દેશ મેલાવો મેલી બહુજી,
માણસ મંત્રીગેહ, મેલ્યું શુદ્ધિ લેવા સહુજી. ૧૦

ભોજનનો સમુદાય, મેલ્યો છે કેતો એણેજી,
જોઇ આવો તેહ, જઇને તસ ઘર આંગણેજી. ૧૧

**ઉદયરતન** કહે એમ, સાતમી ઢાલે સમય લહીજી,
ભીંત વિહૂણો ભાર, મેલતાં મન માને નહીંજી. ૧૨

॥ સર્વ ગાથા ૧૧૯ ॥

॥ દોહા ॥

સેવક જઇ મંત્રી ઘરે, જોઇ રસોઇ સાજ;
પણ કિંહાએ દેખે નહી, મુઠી માત્ર અનાજ. ૧
સચિવ સામાયિક ધરી, સાતમી ભૂમે સમાધ;
નેહેશું નવપદ જપે, સોહે જાણે સાધ. ૨
નૃપને કહ્યો જઇ સેવકે, તે સઘલો વિરતંત,
વ્યતિકર તે શ્રવણે સુણી એમ ચિંતે ભૂકંત. ૩
ગહેલો થઇ એ છૂટશે, માથે પડશે મોચ;
શું કરશું નૃપ ચિંતવે, દિગ્મૂઢ થઇ ઇમ સોચ. ૪
મંત્રી કહે આવી તિસે, નૃપને મસ્તક નામ;
શીતલ થાયે રસવતી, વેગે પધારો સ્વામ. ૫

॥ ઢાલ આઠમી ॥

( ચિત્રોડા રાજા રે–એ દેશી )

( વિનત્તિ અવધારો રે, પૂરમાંહિ પધારો–એ દેશી )

રોષારૂણ ભૂપો રે, થઇ જમ રૂપો રે,
કરી રૂપ કરૂપ ચિંતે એહવું રે. ૧
ઇમ ચિંતવી રાજા રે, લેઇ શુભટસુ સાજા રે,
લક્ષ નરશું તગાજા કરતો સંચર્યો રે,
આડંબર ઘરનો રે, જોઇ મંત્રીસરનો રે,
સ્વામી તે પુરનો મનશું ગહવર્યો રે. ૨
શું એ સુરધામ રે, દીસે અભિરામ રે,
ફિલશું તે ઠામ દેખીને ડરે રે,
માનવગત્તિ નહિં રે, આવ્યા છું કયાંહિં રે,
સહુ જન મનમાંહે ઇમ સાંસો ધરે રે. ૩

ઇદ્રજાળ અલેખે રે, કોઇકાજ વિશેખે રે,
મંત્રી મનદ્વેષે દેખાડે અછે રે,
કે હોશે સાચું રે, પણ લાગે કાચું રે,
જેમ સોનું જાચું મૂઢ મહેલી ગચ્છે રે. ૪
ઇમ સંશય આયો રે, નૃપભ્રાંતે ભરાયો રે,
મનમાં અકુલાયો આઘો ન સંચરે રે,
મંત્રીસર ત્યારે રે, તેડી શુભ ઠારે રે,
ભોજનને વેસારે સહુ સપરિકરે રે. ૫
ફલને પક્વાન્ન રે, પેખી અસમાન રે,
સહુ કહે તેણે થાન અન્યોઅન્ય ઉલ્લસી રે,
ભોજનની સજાઇ રે, કેણે કિહાં ભાઈ રે,
દીઠી રસદાઇ જગમાં એ જિસી રે. ૬
તવ સહુ કહે નાના રે, મંત્રીયે જમવાના રે,
કરી ઝાઝા વાનાં ભક્ત મુંજાવીયાં રે,
ચૂઆ ચંદન લાઇ રે, કેશર છટકાઇ રે,
તંબોલ દેવાઇ અધિક ઓપવીયા રે. ૭
પામરીને ચીરા રે, મણિ માણક હીરા રે,
પટકૂલ દક્ષિણરા બહુ પહેરાવીયા રે,
ભૂપતિને ભજતાં રે, ભૂષણ મનગમતાં રે,
ભેટ ધરીને નમતાં સહુ નમાવીયા રે. ૮
ઉદય વદે વાણી રે, સુણજો ભવિ પ્રાણી રે,
બીંજ જેહની ભેદાણી શ્રીજિનવાણીયે રે,
તે આઠમી ઢાલે રે, કરશે ઉજમાલે રે,
જિનધર્મ સુચાલે યુગતે જાણીયે રે. ૯

## ॥ દોહા ॥

પૂછયું અચરિજ પામીને, તવ મંત્રીને રાય;
જીમાડયા એતા જણા, કહે તે કુણ સુપસાય. ૧
કુંભ પસાયે તે કહે, તવ ફરી બોલ્યો રાય;
મુજને આપ તે કામઘટ, જેમ ચુદ્ધે સુખ થાય. ૨
કટક મેલાવો બહુ મલે, રણભૂમે એ કુંભ;
ભોજન આપે ભાવતાં, જિહાં જન મલે સુલભ. ૩
તે માટે તું સર્વથા, આપ મુને નિરધાર;
જન્મ લગે વલી જાણજે, માનીશ તુજ ઉપગાર. ૪

## ઢાલ નવમી

( મુની મારગ ચાલતાં–એ દેશી )

મંત્રી કહે મહારાજને, પાપીને ગેહે,
ઘટ ન રહે એ સર્વથા, તવ નૃપ કહે નેહે મં૦ ૧
વિલંબ તજી વીસે વસા, આપે તું એકવાર,
યતન કરી જોયે પછી, અમે રાખશું ઠાર. ૨
મહિપતિ કહે મંત્રી પ્રતે,
મંત્રીએ મહિપતને તદા, ઘટ આપ્યો તેહ,
યત્ને મૂકયો જાલવી, નૃપે જિહાં નિજગેહ.
જુઓ જુઓ પુણ્યપટંતરો, (એ આંકણી). ૩
સુભટ સર્વ માંહે સહી, શિરોમણિ શૂરા,
રખવાલા તે રાખીયા આપી આયુદ્ધ પૂરા. જુ૦ ૪
ત્રણ દિવસ લગે તુમ, રહેજો સાવધાન,
રક્ષા કરજો કુંભની, કહે એમ રાજાન. જુ૦ ૫

દિન બીજે દેખાડવા, ધર્મનો મહિમાય,
ઘટ ગ્રહવા દંડ પાઠવ્યો, મંત્રીયે તેણે ઠાય. જુ૦ ૬
લકુટે સુભટ તાડયા તિસા, મુખે વમતા લોહી,
ભૂમે પડયા ભૂપ દેખતાં, સઘલા શુદ્ધિ ખોહી. જુ૦ ૭
ઘટ લેઇ મંત્રી ઘરે, દંડ પહોતો દોડી,
વસુધાપતિ વિલખો થયો, પતહાની પોઢી. જુ૦ ૮
મંત્રીને જઇ મહિપતિ, કહે કહ્યું તાહરૂં,
સત્ય થયું સંશય વિના, મન માન્યું માહરૂં. જુ૦ ૯
પણ એક અનરથ ઊપનો, સઘલા મુજ સુભટ,
પડયા છે પુહવી તલે, જીવાડ તું સુઘટ. જુ૦ ૧૦
ચમર યુગમ સુભટા શિરે, મંત્રી જઇ ઢાલે,
તવ તે સઘલા સજ થયા નરપતિ નિહાલે. જુ૦ ૧૧
મંત્રી કહે મુજ ધર્મનો, પ્રભાવ એ પેખો,
મુઆ સુભટ જીવાડીયા, દિલ ખોલી દેખો. જુ૦ ૧૨
મનશું માન્યું મહિપતે, ધર્મે થાયે શ્રેય,
પાપે તાયે પાડુઓ, તેમાં નહીં સંદેહ. જુ૦ ૧૩
પુરલોકે પણ પીછીયું, સત્ય ધર્મ સહાય,
જુઓ જુઓ અહો જગતી તલે, જેથી વંછિત થાય. જુ૦ ૧૪
નવમીઢાલે નિરધારીને, ઉદય એમ બોલે,
કેવલિભાષિત ધર્મને, કોણ આવે તોલે. જુ૦ ૧૫
( સર્વ ગાથા–૧૫૨ )

## ॥ દોહા ॥

દિન કેતા એક નરવરે, માન્યો ધર્મ મહિમાય;
વલી મંત્રીને એકદા, ભાંખે તે મહારાય. ૧

ઘૂણાક્ષર ન્યાયે ફલ્યો, ઉદ્યમ તુજ એકવાર;
પણ નહીં ધર્મ પ્રભાવ એ, સુણ મંત્રી સુવિચાર. ૨
બીજી વાર જો તું જઇ, પ્રેમદા સહિત પરદેશ;
ધન અર્જી આવે બહુ, તો લહું ધર્મ વિશેષ. ૩
નહિ તો મહિમા ધર્મનો, નહીં માનું નિરધાર;
તે પણ તવ માન્યું તેણે, આણી પર ઉપગાર. ૪
ઘર ભલાવી ભૂપને, મંત્રી મહિલા લેહ;
ચાલ્યો વલી દેશાંતરે, સંબલ પુણ્ય અછેહ. ૫

## ॥ ઢાલ દશમી ॥

(તે તરિયા રે ભાઇ તે તરિયા–એ દેશી)

**મતિસાગર** મંત્રી મતિદરિઓ, જગતી અનુક્રમે જોતો રે,
એકદા **ગંભીરપુરે** ઉદધિતટે, પ્રેમદાશું તે પોહોતો રે.
મ૦ ૧

પુરને પરિસરે તિહાં વાડીમાં, **શ્રીજિનમંદિર** પેખી રે,
વંદે તેહવે જલનિધિ તીરે, લોક મલ્યાં બહુ દેખીરે. મ૦૨
જાયાને મેલી જિનભવને, સમુદ્ર તટે ગયો રોહોરે.
**શ્રીપતિનામે** તિહાં વ્યવહારી, દીયે દાન અછેહો રે. મ૦૩
વહાણે ચઢયો જાવા પરદ્વીપે, મંત્રી પણ જલમાંહિ રે,
દાનકાજે જઇ ભૂમિ કેતિ, નાવ ચઢી તવ ત્યાંહિ રે. મ૦૪
શેઠ સમીપથી દાન લેઇને, પાછો વલી તે જેહવે રે,
તોયનિધિમાં તરતાં દૂરે, પ્રવહણ પહોતાં તેહવે રે. મ૦૫
જિહાં જૂએ તિહાં જલ એક દીસે, બીજું ન દીસે કાંઈ રે,
તવ પાછો ફરી વહાણમાં પોહતો, મનશું તે અકુલાઇ રે. મ૦૬

તવ વ્યવહારી પૂછે તેહને, લેખું તું કાંઈ લહે રે,
હા સ્વામી જાણું છું સર્વે, ઉત્તર તે એમ કહે રે.મ૦૭
તો વાણોતર થા તું માહરો, હા માની પરધાને રે,
વણિકે તે વાણોતર રાખ્યો, સુણો શ્રોતા એકતાને રે. મ૦૮
**ઉદયરતન** કહે **દશમી ઢાલે**, પુણ્યોદય પ્રભાવે રે,
સુખે સમાધે રહે તિહાં મંત્રી, નવપદ નિત્યે ધ્યાવે રે.મ૦૯
(સર્વ ગાથા ૧૬૬)

## ॥ દોહા ॥

દેવકુલે જે સુંદરી, **વિજયસુંદરી** નામ;
મૂકી હતી મંત્રીસરે, વાટ જુવે સા તામ. ૧
શે મુજ સ્વામી નાવીઓ, દિવસ થકે ઘડી દોય;
ગોધણ લે ગોવાલીયા, વલ્યા નહીં વન કોય. ૨
હિયડું અતિ હેજાલુઉં, તો હું જાણું તુજ્જ,
પીયુ વિરહે એક પલકમાં, જો તું ફાટે અજ્જ. ૩
સાજન વિણ સાજો રહી, કાં તું લજવે મુજ્જ,
આરતિ ઉલ્લાયે સર્વે, જો વાઘ વિલૂરે તુજ્જ. ૪

## ॥ ઢાલ અગીઆરમી ॥

( જિહાં હરિ બેસતા રે.
તિહાં મુને ધરતી ખાવા ધાય–એ દેશી. )

અબલા એકલી રે, વનમાંહે તે વિવિધ કરતી વિલાપ,
દુ:ખે દાધી થકી રે, ઝુરે ઘણું દૈવને દેતી શરાપ. ૧

પોઢા પૂરવે રે, કીધાં હશે પાતક મેં લખ કોડ;
તેણે મુજ નાહલો રે, ગયો મુને મારગ માંહે છોડ. ૨
વનના પંખીયા રે, ચારો કરી આવ્યા નિજનિજ ઠામ;
વાટડી વહેતી રહી રે,
હા હા માંહરો તો પણ નાવ્યો સ્વામ. ૩
માયને મલ્યાં વાછરુ રે, જલહલિ ઘર ઘર દીપક જ્યોતિ;
નિશાચર ગહગહ્યાં રે, ઓપ્યો વલી શશિહર ઉદ્યોત. ૪
સોહાગણ નારીનાં રે, મનમાંહે પ્રગટયો આનંદપુર,
હા હા ચકવી પરે રે,
વાલો માવરો જઈ વસિયો અતિદુર. ૫
કિહાં રહ્યું સાસરૂં રે, વલી માહરી કિહાં રહી પીયર વાટ,
જિહાં જિહાં નયણાં ઠવું રે,
પીયુ વિણ તિહાં તિહાં લાગે ઊજાડ. ૬
સૂરતિ મુને સાંભરે, વહાલા તાહરી ઘડીય ઘડીને છેહ,
આંસુડા ઉલટયાં રે, એ ન જાણે વરસે આષાઢો મેહ. ૭
કોણ પરદેશમાં રે, અહો મુને આજ આપે આશ્રમ,
હવે હું શું કરૂં રે, અહો માહરો કેમ રહેશે કુલધર્મ. ૮
અગીયારમી ઢાલમાં રે,
સમય લહી **ઉદયરતન** કહે એમ,
ધન્ય તે નારીને રે, દુઃખ પડે જે ધરે શીવશું પ્રેમ. ૯
( સર્વગાથા-૧૭૯ )

## ॥ દોહા ॥

જિહાં તિહાં જોતાં નવિ જડી, જબ સ્વામીની શુદ્ધિ;
કુંભકારને મંદિરે, તવ સા પોહોતી **મુદ્ધ**. ૧

વીરા સાંભળ વીનતિ, હું પરદેશણી નારી;
બહિન કરીને ત્રેવડે, તો રહું તુજ ઘરબાર. ૨
કંતવિછૂટી એકલી, આવી છું તુજ ગેહ;
પીયુ મુજને મલે જિહાં લગે, તિહાં લગે આશ્રમ દેહ. ૩
શીલશૃંગારે શોભતી, પવિત્ર લહી ગુણગેહ;
કુંભારે પુત્રી કરી, રૂડી પરે રાખી તેહ. ૪

યતઃ—લજ્જા દયા દમો ધૈર્યં, પુરુષાલાપવર્જનં;
એકાકિત્વપરિત્યાગો, નારીણાં શીલરક્ષણે. ૧

## ॥ ઢાલ બારમી ॥

(લાઇ લાઇ હે ભાવજ માહરી લાઇ હે માત—એ દેશી)

તવ મંત્રી હો તે વ્યવહારી સાથે,
સુખે સમાધે રત્નદ્વીપે ગયો,
તિહાં સુરપુર નામે હો નગર ઉદાર,
પુરંદર નામે નરેસર તિહાં લહ્યો. ૧
પ્રવહણ થકી હો વસ્તુ ઉતારી સર્વ,
પુરમાં વખારે ભરી મન હેજશું,
મંત્રીને હો સોંપીને વ્યવસાય,
શેઠ તે નગરમાં લુબ્ધો વેશશું. ૨
ધન યૌવન હો અને ત્રીજો અધિકાર,
વલી વિશેષ જાણો અવિવેકતા,
એહ એકેક હો અનરથકારી અત્યંત,
તો ચારે મલે ત્યાં શું કહું વારતા. ૩

નિત્ય નવલા હો વેશ્યાશું વિલસે ભોગ,
મગન થયો શ્રીપતિ વ્યવહારીયો,
કેહી દીસે હો ઊગે આથમે ભાણ,
ને લહે મન મહિલારસે હારીયો. ૪
યુવતીના હો પાસમાં પડીયા જેહ,
તન મન ધન યૌવન તે સર્વે ગમે,
અપકીર્ત્તિ હો આરતિ અલચ્છિ વધંત,
વલી દુર્જન પગ પગ તેહને દમે. ૫
લીલામાં હો આપે લાખ પસાય,
વલી જે જે ગણિકા મુખે ઉચ્ચરે,
તે સઘલાં હો કાજ કરે તતખેવ,
શીખામણ કિસી કાને નવિ ધરે. ૬
અબલાને હો જેહ થયા આધીન,
કુલવટની તે માજા નવિ ગણે,
વિષયે કરી હો પરવશ થાયે પ્રાણ,
અમલીની પરે એમ આગમ ભણે. ૭
હવે શ્રીપતિ હો વ્યવહારી તે રોજ,
મનની મોજે તિહાં ધન બહુ વાવરે,
ગણિકાનો હો સંગ ન કરશો કોય,
બારમી ઢાલે ઉદય ઇમ ઉચ્ચરે. ૮
( સર્વ ગાથા ૧૯૨ )

॥ દોહા ॥

એકદિન તેહ પણ્યાંગના, ચિત્તમાં ચિંતે એમ;
વાણોતર જો એહનો, અમ ઘર આવે પ્રેમ. ૧

બહુ ધન આપે તો સહી, કર્ત્તા હર્ત્તા તેહ,
નિહાલ કરે નિશ્ચય સહી, નવલ જો બાજે નેહ. ૨

## ॥ ઢાલ તેરમી ॥

(બેડલે ભાર ઘણો છે રાજ, વાતાં કેમ કરો છો–એ દેશી)

એકદિન તેણે એહવું આલોચી, રૂપ બનાવ્યો રુડો,
અતિસુંદર ભૂષણ ધરી અંગે, કરે ખલકાવતી ચૂડો. ૧
પોતે મોહ ધરી મનમાંહે આવી મંત્રી પાસે.એ આંકણી.
કણયરી કાંબ તણીપરે લલકી, જીણો કેડનો લંક,
વાસગ નાગ હરાયો વેણે, મુખે જીત્યો મયંક. પો૦૨
અંજિત બે લોચન અણિયાલા, જાણે કામનાં બાણ,
ભમરી મિશે બે ધનુષ્ય ચઢાવી, પુરૂષના વીંધે પ્રાણ. પો૦૩
સોવન રેખા દંતે સોહે, નાકે નિર્મલ મોતી,
મુખ મરડીને અંગૂઠીમાં, જોપે ફરી ફરી જોતી. પો૦૪
કર્ણ ભૂષણની કાંતે ઓપી, ગંડસ્થલનાં રૂપ,
દામણીયાં દીપે દોય પાસે, શિર સેંથો અનૂપ. પો૦૫
પીનપયોધર ભારે નમતી, સુરતરૂ શાખા જેમ,
હીયે નવસર હાર વિરાજે, પગ પગ દાખતી પ્રેમ. પો૦૬
ઉંડી નાભી ને પાતલપેટી, જંજરને જમકારે,
પાણી વલમાં પુરૂષને પાડે, સુંદરી જે સંસારે. પો૦૭
એહવું રૂપ સજીને અદ્ભુત, તેરમી ઢાલે તેહ,
**ઉદયરતન** કહે પ્રેમે પોહતી, ગણિકા મંત્રી ગેહ. પો૦૮
(સર્વ ગાથા ૨૦૨)

॥ દોહા ॥

હાવભાવ વિભ્રમવિધે, કરતી કોડિ વિલાસ,
પ્રધાનને મોહ પમાડવા, મેલે મુખ નિસાસ; ૧
અધર ડસે કંચુક કસે, આલસ મરડે અંગ,
વેણિ સમારે વલી વલી, આતુર થઇ ઉમંગ. ૨

॥ ઢાળ ચૌદમી ॥

( છેડો નાંજી–એ દેશી )

મતિસાગર મંત્રી ગુણઆગર, વદને વદે ઇમ વાણી,
ગણિકા તું કાં થઈ છે ઘેલી, ઇહાં તુજને કેણે આણી. ૧
બોલીશમાં જો, વિરૂઆ લાગે તુજ વયણાં બો૦
જહેરે ભર્યાં તુજ નયણાં બો૦
હું તો નાવું તાહરે હાથે. બો૦
હું તો નહીં બોલું તુજ સાથે. બો૦
માં જો માં જો માં જો. બો૦ એ આંકણી
અણતેડી શાને આવી છે, સાંભલ. ગણિકા સાચું,
સાવ સોનાની જો તું થાયે, તો પણ હું નવિ રાચું. બો૦૨
સાતે ધાતુ તણો એ સાચો, ઊપરે મઢીયું ચર્મ,
દશ દોય છિદ્ર ભર્યાં દુર્ગંધે, અશુચિ તણો આશ્રમ. બો૦૩
તે તનને કાજે કોણ તરસે, વરસે જે બહુ વિષ્ટા,
જે ફરસે તે આખરે પામે, નિશ્ચય નરક અનિષ્ટા. બો૦૪
મહિલા રૂપે પાસ માંડયો છે, કેવલ એ કિરતારે,
જાણ અજાણ બંધાયે જેહમાં, સહુ નર જિહાં સાંસારે. બો૦૫

મદિરાની પરે ઉન્મત્ત દીસે, ઇહલોકને પરલોક,
જોયામાંહે જે વિણસાડે, જે બોલે તે ફોક. બો૦ ૬
તજે છે ધર્મી તે માટે, પરદારા પરસંગ,
એકવીશ વાર જે નરકને આપે, સહી કરતાં એક સંગ.બો૦૭
પરસ્ત્રીગમન કરે જે પાપી, દેવનો દામ જે ખાય,
સાત વાર શ્રી વીર કહે તે, સાતમી નરકે જાય. બો૦૮
યત:–ભક્ખણે દેવદવ્વસ્સ, પરઈત્થી ગમણેણ ચ ॥
સત્તમં નરયં જંતિ, સત્તવારા ય ગોયમા. ૧
પૂર્વઢાલ–કલીવ કુરોગી ઇંડિયહીણો, કોઇ નામ ન લેવે,
દુ:શીલને દોભાગી થાય, જે પરદારા સેવે. બો૦ ૯
**ચૌદમી ઢાલે** ઉત્તર ચોખો, ગણિકાને તેણે ગેલે,
**ઉદયરતન** કહે ઇણી પરે આપ્યો,જે કોઇ વચણ ન ઠેલે.બો૦૧૦
(સર્વ ગાથા ૨૧૪)

## ॥ દોહા ॥

વેશ્યા તે વિલખી થઈ, ગઇ પોતાને ગેહ;
પુરમાંહે પરધાનનો, પસર્યો સુજશ અછેહ. ૧

## ॥ ઢાલ પંદરમી ॥

(ઝરમર વરસે મેહ, ઝબુકે વીજળી હો લાલ–એ દેશી)
સરોવર તિહાં નરનાથ, ખણાવે એકઠા હો લાલ. ખણાવે૦
ત્રાંબાના પત્રાં તામ, ખણંતા શર મુઠા હો લાલ. ખ૦,
પ્રગટ્યા પેખી તે લોક, સોંપેનૃપને જઈ હો લાલ સો૦
પંડિત તેડી ભૂપ, વંચાવે ઉમંહી હો લાલ વં૦ ૧

લિપિ ભેદે તે વર્ણ, વાંચી કોઇ નવિ શકે હો લાલ. વાં,
તવ વજડાવે ભૂપ, ઢંઢેરો કૌતુકે હો લાલ. ઢં૦
એ અક્ષર વાંચે જેહ, તેહને નૃપનંદની હો લાલ. તે૦
અર્દ્ધરાજ્ય સમેત, આપે આનંદની હો લાલ. આ૦ ૨

પડહો પ્રધાને તેહ, છબ્યો તદનંતરે હો લાલ. છ૦
લઇ ગયા નૃપની પાસ, સેવક સભાંતરે હો લાલ. સે૦
મંત્રી વાંચી તે લેખ, કહે નૃપને તિસે હો લાલ. ક૦
જિહાંથી એ પ્રગટયા પત્ર તિહાંથી પૂરવદિશે હો લાલ તિ૦ ૩

એક હાથ તજી ખણીયે, કેડ લગે ભૂમિકા હો લાલ, કે૦
તિહાં એક શિલા દીઠ, અછે ધન દાયિકા હો લાલ, અ૦
તેહને તલે કોડી વાર, સોનૈયા છે સહી હો લાલ, સો૦
ઉપર પચ્ચાસ લાખ, તેમાં સંદેહ નહી હો લાલ. તે૦ ૪

અચરિજ લહી સહુ કોઇ, ભાંખે તવ એહવું હો લાલ. ભાં૦
ચાલો જઇયે તે ઠામ, મલે છે કેહવું હો લાલ, મ૦
સહુજન લેઇ સાથ, જઇ નૃપે તે થલે હો લાલ, જ૦
પત્રામાં લખીચું તેમ, કર્યું તવ નીકલે હો લાલ. ક૦ ૫

સાડીબારહ કોડી, સોનૈયા સુંદરૂ હો લાલ, સો૦
દેખી હર્ષ્યા લોક, રીજયો રાજેસરૂ હો લાલ, રી૦
મંત્રીતણાં વખાણ, કરે સહુકો મલી હો લાલ, ક૦
આપી અર્ધું રાજય, રાજાએ મન રલી હો લાલ. રા૦ ૬
**સૌભાગ્યસુંદરી** નામે, પરણાવી અંગજા હો લાલ, પ૦
સુખ વિલસે તસુ સાંગે, મંત્રી મનની રજા હો લાલ મ૦

કહે કવિ **ઉદયરતન**, એ પન્નરમી ઢાલમાં હો લાલ એ,
પુણ્યનાં ફલ સુણી એહ, થજો સહુ ચાલમાં હો લાલ.થ૦ ૭
(સર્વ ગાથા ૨૨૨)

## ॥ દોહા ॥

હવે કેતાએક દિન પછી, શ્રીપતિ શ્રેષ્ઠી તેહ;
વણજ સલુજી પૂરીયાં, વાહણ જાવા ગેહ. ૧
મંત્રીને મન મોદશું, સમય જણાવા સોય;
માણસ મેલ્યું તેડવા, સહુદેશી પણું જોય. ૨
શીખ લઈ સસરા કને, સૌભાગ્યસુંદરી નારી;
સાથે હેઇ સજજ થયો, મંત્રીસર તેણીવાર. ૩
મૂલ્ય કરી અર્દ્ધ રાજ્યનું,આપ્યાં પ્રવહણ આઠ;
મણિ સોવન રયણે ભરી, સસરે સબલે ઠાઠ. ૪
ઉદધિ તટ લગે આવીયો, સસરો પરિકર લેહ,
વોલાવી પાછો વલ્યો, જલ ઝરતે નયણેહ, ૫
તવ મંત્રીને શેઠ તે, વાહણ હકારી વેગ,
સમુદ્રમાંહે તે સંચર્યા, નિજ મને ધરતા નેગ. ૬

## ॥ ઢાલ સોલમી ॥

(જિમ તરૂડાલે હો જી, વસતો વાનરો—એ દેશી)

રતને ભરીયાં હોજી વહાણ વિલોકીને,
સુરવધૂ સરખી નીરખી સુંદરીજી,
લોભે લુબ્ધો હો જી શ્રીપતિ શેઠ તે,
ચિત્તમાંહે ચિંતે ઇમ કપટે કરીજી. ૧

જલનિધિમાંહે હોજી નાખું જો એહને,
તો મુજ હાથે આવે એ અંગના જી,
નાવ પણ નિશ્ચે હોજી થાય એ માહરી,
અહો ભવિ જોજો ભાવ અનંગના જી. ૨
એમ આલોચી હોજી પ્રીતિ પ્રધાનશું,
કપટે કરીને માંડી આકરી જી,
જે જે જંપે હો જી મંત્રી મુખથકી,
ચાહ ધરીને કરે તે ચાકરીજી. ૩
જૂજૂવે વહાણે હોજી વસતાં આપણે,
કહો કેમ વાજે પૂરી પ્રીતડી જી,
જો મુજ નાવે હોજી આવી વસો તમે,
તિહારે જણાયે પ્રીતની રીતડી જી. ૪
સરલ સ્વભાવે હોજી મંત્રી તેહને,
પ્રવહણ પહોતો મનના મોહશું જી,
એકદિન ભાંખે હોજી તવ તે શેઠીયો,
વાહાણની કોરે બેઠો વિનોદશું જી. ૫
આવોજી અરહાં હોજી મિત્રજી મન રલી,
સમુદ્રની શોભા આપણ જોઇયે જી,
કપટીનું કહ્યું હોજી તવ કર્યું તેણે,
ભાવી ફલને કહો કિમ ખોઇયે જી. ૬
કપટે કરીને હોજી પોતે તે પાપીયો,
નીરધિમાંહે મંત્ર નાખીયો જી,
પડતાં પુણ્ય હોજી નવપદ ધ્યાનથી,
દેવ સંયોગે ફલક તે પામીયું જી. ૭

સોલમી ઢાલે હોજી **ઉદયરતન** કહે,
પરખ્યા વીણ પરશું પ્રીત ન કીજીયે જી,
વલી વિદેશી હોજી જઈજે તેહ શું,
જટક મલીને દિલ નવિ દીજિયે જી. ૮
(સર્વગાથા ૨૩૬)

## ॥ દોહા શોરઠી ॥

વહુલી પાડે બૂંબ, કોલાહલ કરી કારિમો;
લલના લખમી લૂંબ, પામી હરખ્યો પાપી તે. ૧
શિર કૂટે ધરી શોક, લોકપતિજણ લંઠ તે;
પોઢી મેહેલે પોક, કોકટ પ્રીતિ કુલાવતો. ૨
તરી જાણો સહુ, આવો ઇહાં ઉતાવલા;
સાહેબ મુજ સસનેહ, સહસા પડ્યો સમુદ્રમાં. ૩
રાજ સુતાને રંગ, જઇને જંપે ઇશ્યું;
ભદ્રે સુખ બહુ ભંગ, ભાવે મુજશું ભોગવો. ૪
ભવ ઇણે ભરતાર, હું સભાગ તુજ હું થયો;
ભામિની મેં ઘર ભાર, સોંપ્યો હવે તુજને સહી. ૫

## ॥ ઢાલ સત્તરમી ॥

( સીતા હો પ્રિયા સી તારા પ્રભાત—એ દેશી )

સમજી હો શ્રોતા સમજી સુંદરી તેહ,
સાયરે હો પીયુ સાયરે ઇણે પાડયો સહી,
જૂઠો હો એ જૂઠો કરે છે સોર,
પહેલો હો પીયુ પહેલો એ પાપી પીરછો નહી. ૧

તજ્યા હો સહુ તજ્યા તેણે શણગાર,
બાલા હો તે તો બાલા બહુ દુઃખે ભરી,
ત્રોડી હો તે તો ત્રોડી શિરના કેશ,
દીયું હો વલી દીયું હણે હાથે કરી. ૨
વિધવિધ હો તે તો વિધવિધ કરે વિલાપ,
રોતાં હો તેણે રોતાં સહુ રોવરાવીયાં,
પૂરવ હો કહે પૂરવ ભવનાં પાપ,
ઉદય હો આજ ઉદય સઘળાં આવીયા. ૩
મેં શ્યો હો કહેને મેં શ્યો કર્યો અપરાધ,
દવને હો એમ દૈવને દે ઓલંભડો,
લેઇ હો માહરો લેઇ લાલ અકાલ,
દીધો હો મુજને દીધો જે દુઃખ એવડો. ૪
મનનાં હો માહરા મનનાં મનોરથ રૂપ,
રસ ભરી હો તેં તો રસભરી સુરતરુ રોપીયો,
વેગે હો વલી વેગે ઉનમૂલ્યો તેહ,
ઇમકિમ હો મુજશું ઇમ કિમ દૈવ તું કોપીયો. ૫
વારુ હો પીયુ વારુ ન કીધું એહ,
છટકી હો પીયુ છટકી છેહ મુજને દીયું,
અબળા હો પીયુ અબળા હું ઉભી મેહલી,
ઇમશું હો પીયા ઇમશું પિયાણા એ કીયું. ૬
દેશે હો પીયુ દેશે દિલાસો કોણ,
મુજને હો પીયુ મુજને હવે પરદેશમાં,
કેમ કરી હો પીયુ કેમ કરી રાખું આપ,
બાલા હો પીયુ બાલા હું બાલી વેશમાં. ૭

ચોરી હો પીયુ ચોરી માંહે સહુ સાખ,
વચન હો પીયુ વચન દીધું હતું તે મુને;
જમણે હો પ્રભુ જમણે હાથ જેહ,
તે કિમ હો પીયુ તે કિમ વીસરી ગયું તુને. ૮
મલીને હો પીયુ મલીને ઇણે મુજ માટે,
દુશ્મન હો પીયુ દુશ્મન એ દીધો દગો;
માહરે હો પીયુ માહરે હવે જગમાંહે,
તુમ વિણ હો પીયુ તુમ વિણ કોણ કહોને સગો. ૯
રોઇ હો શ્રોતા રોઇ તે સારી રાત,
સત્તરમી હો શ્રોતા સત્તરમી ઢાલે તે સુંદરી;
ઉદય હો શ્રોતા ઉદયરતન કહે એમ,
ઉદય હો વલી ઉદય હોસે પુણ્ય કરી. ૧૦
(સર્વ ગાથા ૨૫૧)

॥ દોહા ॥

પ્રભાતે હવે શ્રીપતિ, વલી વ્યવહારી તેહ;
આવી કહે અબલા પ્રત્યે, નયણે ધરતો નેહ. ૧
શ્યામા શોક તજો તમે, શોલ સજો શણગાર;
ભાવેશું મુજને ભજો, ઇમ કહે વારંવાર. ૨

## ॥ ઢાલ અઢારમી ॥

(કરતિ અરજી જે જમવારિ—એ દેશી)

એહવા તસુ વયણ સુણી શ્રવણેહ,
શીલ રખોપું કરવા સનેહ.

તક જોઈને તક તે તરૂણી,
ઉત્તર ઇમ આપે મનહરણી. ૧

શેઠજી સાંભલો માહરી વાણી,
હમણાંતો હું છું દુખઆણી,
પુરે પહોતા પછી દૌર્ય ધરાશે,
જે કહેશો તે તિઆરે જણાશે. ૨

ઇમ સાંભળીને શ્રીપતિ શેઠે,
ચિત્તશું વિચારી લાંબી દૃષ્ટે,
સ્વસ્થ કર્યું નિજ મન તેણે વેલા,
અનુક્રમે નિજપુરી પહોતો હેલા. ૩

વિગ્રહપણે જય તે વ્યવહારી,
કરિયાણાં ઘરે ગેહ મઝારી,
પાસે દેઉલ દેખી તેણે ઠારે,
સવ સા પેઠી તેહ મઝારી. ૪

કમાડ જડી કહે શીલ રાખેવા,
સમરી મનશું શાસન દેવા,
જો મુજશીલ પ્રભાવ છે સાચો,
જિમ જલહલતો હીરો જાચો. ૫

તો મુજ ઉઘાડયા વિણ એહ,
ઉઘડશો મા કમાડજ વેહ,
શીલે સુરનર માને આણ,
શીલે થાયે કોડ કલ્યાણ. ૬

શીલે પાવક થાયે પાણી,
ઉદયરતન ઇમ ભાંખી વાણી,
અઢારમી ઢાળે જે શીલ પાલે,
આપે બે ભવ તે અજુવાલે. ૭
(સર્વગાથા ૨૬૦)

## ॥ દોહા ॥

ધર્મબુદ્ધિ મંત્રી કહે, પામી ફલકાધાર,
નવપદ મંત્ર પ્રભાવથી, પામ્યો ઉદધિ પાર. ૧
તરણે તાપ સંયોગથી, તાતી વેલુ સંગ,
મંત્રી પામ્યો ચેતના, અરતિ મટી સહુ અંગ. ૨
અરહું પરહું જોતાં થકાં, શુન્ય નગર તિહાં એક,
પરધાને તવ પેખીયું, જેહ ભયંકર છેક. ૩

## ॥ ઢાલ ઓગણીશમી ॥

( સુગુણ નર સુણજો રે—એ દેશી )

શનિશનિ પુરને પેખતો રે, પોહતો રાજ્ય આવાસ,
ચડયો સાતમી ભૂમિકા રે, તિલ નવિ પામે ત્રાસ. ૧
મંત્રીસર પહોતો મહેલમાં રે, અચરજ જોતો ત્યાંહિ મં૦
મનશું વીહે નાંહિ મં૦ એ આંકણી.
ખાટ ઉપર એક ઉંટડી રે, પાસે કુંપી દોય,
કાલા ધોલા અંજન તણી રે, દેખી અચરજ હોય. મં૦૨
શ્વેતાંજને તવ કૌતુકે રે, આંખ્યો આંજી તાસ,
ઉંટડી મટી થઇ અંગનાં રે, તેહને ભાવે ખાસ. મં૦૩

જવ આસન આપ્યું તેણે રે, તવ તિહાં બેસી પ્રધાન,
પૂછે પુરની વારતા રે, સા કહે થઇ સાવધાન. ૪
વિદેશી સાંભળો માહરી વાત, નગરતણો અવદાત,
માંડી કહું સુવિખ્યાત. વિ૦ ( એ આંકણી ),
એક દિવસ ઇહાં આવીયો રે, તપસી એક મહંત,
તે મુજ તાતે નોતર્યો રે, ભોજન કાજે ખંત વિ૦ ૫
આપી મુજને આગના રે, રાજાયે મનરંગ,
પીરસો પુત્રી પ્રેમશું રે, અશન એહને બહુ ભંગ. વિ૦ ૬
જબ હું ગઇ તસ પીરસવા રે, તવ દેખી મુજ રૂપ,
વિષયરસે વાહ્યો થકો રે, પડયો મોહને કુપ. વિ૦ ૭
નિશિ મુજ પાસે આવતા રે, રક્ષકે ઝાલી તેહ,
સોંપ્યો નૃપને પ્રહસમે રે, લહી અપરાધ અછેહ. વિ૦ ૮
શુલીયે દેવરાવીયો રે, રોષભરે રાજન્ન,
આરતિ ધ્યાને તે મરી રે, પામ્યો રાક્ષસ તન્ન. વિ૦ ૯
નગર તેણે ઉજાડીને રે, વૈરે બાંધી રાજન.
મુજને મોહે કરી ઉટડી રે, થાપી એણે થાન. વિ૦ ૧૦
રોજ આવે છે રાક્ષસી રે, ઇહાં કરવા મુજ સાર,
તેહને કહ્યું મેં એકદા રે, માત સુણો સુવિચાર વિ૦ ૧૧
અરણ્યમાંહે હું એકલી રે, કિમ રહું તવ કહે તેહ,
યોગ્ય વર મલશે યદા રે, તવ પરણાવશું નેહ. વિ૦ ૧૨
આરતિ તંજીને ઇહાં રે, વલી કહું સુણ વચ્છ વાત,
સુખે રહે તું તિહાં લગે રે, જિહાં લગે ન મલે નાથ. વિ૦ ૧૩

આવ્યાનો અવસર થયો રે, હમણાં આવશે તેહ,
તુમને જો આપે મુને રે, તો તુમે યાચજો એહ. વિ૦ ૧૪
એક ઉડણ ખાટલી રે, રાતી ધોળી બે કંબ,
કણયરની છે કત્તિંમા રે, માગજો તે અવિલંબ. વિ૦ ૧૫
ગરથ બહુલ છે ગાંઠડી રે, દિવ્ય રતનની હોય,
કર મૂકાવણને સમે રે, માગી લેજો સોય. વિ૦ ૧૬
ગુપ્ત રહો તમે તિહાં લગે રે, મંત્રી રહ્યો તવ તેમ,
ઓગણીશમી એ ઢાલમાં રે,
**ઉદયરતન** કહે એમ. વિ૦ ૧૭
( સર્વ ગાથા ૨૮૦ )

## ॥ દોહા ॥

આવતી દેખી રાક્ષસી, કન્યા તજી નિજ રૂપ;
અંજનયોગે ઉંટડી, તતક્ષણ થઇ તદ્રૂપ. ૧
પરસ્પર કરતાં વારતા, વર યાચે સા બાળ;
તવ રાક્ષસી કહે તેહને, સુણ વત્સે સુકુમાલ. ૨
જગતીમાં જોતાં થકાં, તુજને વરવા યોગ્ય;
વર કોઇ મળતો નથી, કોઇક ભાવિ ભોગ. ૩
કુમરી કહે જો માત હું, દેખાડું વરરાજ;
તવ તેહને કહે રાક્ષસી તો પરણાવું આજ. ૪

## ॥ ઢાલ વીશમી ॥

( છડર આંબા આંબલી રે–એ દેશી )

તવ પૂરવ સંકેતથી રે, પ્રગટ થયો પરધાન;
રાક્ષસીએ રાજી થઇ રે, દીધું કન્યા દાન. ૧

ભવિકજન જો- જો પુણ્ય પ્રભાવ. એ આંકણી.
માગી લીધા મંત્રીસરે રે, પંચ પદારથ તેહ,
ખટવાદિક ખાંતે કરી રે, કુમરીયે કહ્યા જેહ. ભવિ૦ ૨
રમવા ગઇ તે રાક્ષસી રે, કોઇક વનમાં જામ,
તવ કુમરી કહે કંતને રે, આપણ જઇએ ઠામ. ભવિ૦ ૩
નિજપુરની મંત્રી કહે રે, હું નવિ જાણું વાટ,
તો કિહાં જઇયે કામિની રે, એ મહોટો ઉચ્ચાટ. ભવિ૦ ૪
શ્વેતકંબે કહે સુંદરી રે, જવ મારી જે ખાટ,
મનમાને મેલે પુરે રે, તવ થાયે ગહગાટ. ભવિ૦ ૫
પૂંઠે આવે તો રાક્ષસી રે, તો રાતી કાંબે તેહ,
હણજો જેમ જાયે ગલી રે, મીઠું જેમ વુઠે મેહ. ભવિ૦ ૬
જાશે તવ પાછી ફરી રે, નિજસ્થલે થઇ નિસ્તેજ,
આપણે આપણ થાનકે રે, જાશું મનને હેજ. ભ૦ ૭
સમુદાય સઘલો લેઇને રે, બેસી ખાટલી માંહે,
કંબે હણી તવ સંચરી રે, આકાશે ઉત્સાહે. ભ૦ ૮
તે ગગને ગછ્યા પછી રે, રાક્ષસી આવી ત્યાંય,
નિજથલ શુન્ય નિહાલીને રે, ધંવધવ પૂંઠે ધાય. ભ૦ ૯
જઇ મલી તવ મંત્રીયે રે, રાતી કાંબે જોર,
તાડી તવ પાછી ફરી રે, પહોતી પોતાને ઠોર. ભ૦ ૧૦
**ઉદયરતન** કહે એ બની રે, વારૂ વીસમી ઢાલ,
પુણ્યબલી અફલ્યાં ફલે રે, સુખ લહીયે રસાલ. ભ૦ ૧૧

॥ દોહા ॥

હવે **ગંભીરપુર** પાટણે, જિહાં છે પહેલી સ્રીય દોય;
તે પુરનાં ઉદ્યાનમાં, મંત્રી પહોતો સોય. ૧

સુંદરી સર્વ સમુદાયશું, મેલી તેણે ઠામ;
પુરમાં મંત્રી પરવર્યો, થાનક જોવા કામ.. ૨

## ॥ ઢાલ એકવીશમી ॥

( નાંરે પ્રભુ નહીં માનું–એ દેશી )

તવ એક વેશ્યા વાહી તે વનથી,સમુદાય શું નિજગેહે રે,
લેઇ ગઈ લંપટ લલચાવી, તે નવલ વધૂને નેહે. ૧
શ્રોતારસ ચાખોને, અહો શીલ સદા ફલ અંબ,
રૂડીપરે રાખોને એ આંકણી.
આચરણ ગણિકાનાં અવલોકી,યુગતિ સર્વે તસ જોઇ રે,
સુંદરી નિજ શીલ રાખવા કાજે,ચિત્તમાં વિચારે સોઇ.શ્રો૦૨
સા ગુણઓરી એક ઓરામાંહે, પેઠી કમાડ જડીને રે,
શીલ પ્રભાવે તે ઉઘડે નહી, અનેક ગયા અડીને. શ્રો ૦૩
પહેલા પણ તે પુરમાં પ્રેમદા,
વિજયસિરિનામે જેહો રે,
કોઇક રાજકુમરે કરી હાંસી, તવ નાસીને તેહો. શ્રો૦ ૪
તે પણ શીલ રખોપા કાજે, કોઇક દેઉલ માંહે રે,
પેઠી કમાડ જડીને પોતે, તેણે અવસર ત્યાંહે. શ્રો૦ ૫
વ્યતિકર તે જાણી વસુધેશે, નિજપુર અનરથ ભીતે રે,
કોટવાલને કહી પુરમાંહે, પડહો વજડાવ્યો પ્રીતે. શ્રો૦૬
કમાડ જે એ ત્રણે ઉઘાડે, બોલાવી ત્રણ નારી રે,
અર્દ્ધરાજ આપી નૃપ તેહને, પરણાવે સ્વકુમારી. શ્રો૦ ૭
પડહો તે ત્યાં છબી પ્રધાને, બોલાવી તે બાલી રે,
પૂરવ રહસ્ય કહીને ત્રણે, સુપરેશું સમજાવી. શ્રો૦ ૮

કામની ત્રણે કમાડ ઉઘાડી, પીયુને પાયે લાગી રે,
અર્દ્ધ રાજ્યશું અંગજા આપી, રાજા થઇ ગુણરાગી. શ્રો૦૯
શ્રીપતિને વેશ્યા સંબંધિ તવ મંત્રીયે સંબંધ રે,
માંડીને કહ્યો મહિપતિ આગે, તે સુણી કોપ્યો નરિંદ. શ્રો૦૧૦
તે બેહુને તેડીને ભૂપે, મંત્રીનું જે કાંઇ રે,
તે સર્વે સોંપ્યો સંભાળી, દોરા ડસી તાંઇ. શ્રો૦ ૧૧
દંડીને દીધો દેસવટો, તે વણિક અને વેશ્યાને રે,
કીધાં કર્મ ન છૂટે કોઇ, જે પાપ લખાણાં પાને. શ્રો૦ ૧૨
એકવીશમી ઢાલે એમ બોલે,
**ઉદયરતન** મુનિ આપે રે,
ધર્મ ત્યજીને ધંધે લાગાં, રખે કોઇ રાચો પાપે. શ્રો૦૧૩
(સર્વ ગાથા ૩૧૧)

## ॥ દોહા ॥

અર્દ્ધરાજ્યની સંપદા, ચતુર સ્ત્રીયા લેઇ ચાર;
શ્રીપુર નગરે સંચર્યો, તવ મંત્રી તક ધાર. ૧
હયવર બહુલા હૂંકલે, ગયવર ગાજે ભૂરિ;
રથ પયદલશું પરવર્યો, જાણે જલનિધિ પૂર. ૨
પાપબુદ્ધિ નૃપ ઉપરે, ચાલ્યો ચિત્તધરી ચૂંપ;
પરદલ આવ્યું જાણીને, ભય પામ્યો તે ભૂપ. ૩
પેઠો ગઢ રોહો કરી, પોલ જડી પુર માંય;
પુરજન સઘળાં ખલભળ્યાં, આકુલ વ્યાકુલ થાય. ૪
મંત્રીસરે તવ મોકલ્યો, દિન આથમતે દૂત;
જિતારી નૃપને જઇ, ભાંખે એમ અદ્‌ભુત. ૫

## ॥ ઢાલ બાવીશમી ॥

( હલ્યા સુણરે સુણ મહાકાલ–એ દેશી )

મુજ સ્વામી મહા મત્સરાલ, ચાલતી છે જૂજની જાલ;
મહીયલે કોઇ સામી ન મંડે, બલીયો જે ઢીંકતા દંડે. ૧

દિન દિન છે તેજ સવાયો, જનની કોઇ એહવો ન જાયો;
એહને જે ઉત્તર વાલે, હિમની પરે નીલાં વાલે. ૨

જગ એહવો ન છે કોણ યોધ, ખમે જે એહનો ક્રોધ;
જેણે મુજ સ્વામી શું તાણી, તેહનાં ઊતાર્યાં પાણી. ૩

કોણ એહવો મૂઢ કહાવે, જેહ કાલશું બાથ ભરાવે;
તઠ સઘલી સાધી તુઠો, પણ રૂઠો તે નહી રૂઠો. ૪

એમ કહાવ્યું છે મુજ નાથે, જો યુદ્ધ કરે મુજ સાથે;
તો રણની ભૂમે વહેલા, આવજે રવિ ઉગ્યાં પહેલો. ૫

નહી તો દંતે તરણા લેઇ, નીકલે પુરને પુંઠી દેઇ;
જો જોઇશ પાછું ફેરી, તો નાખીશ હું નસ વેરી. ૬

એવા દૂતનાં સાંભલી વયણાં, લલાટે ચઢાવી નયણાં;
બોલ્યો શ્રીપુરનો મહારાજા, ક્ષત્રીધર્મની રાખવા માજા. ૭

અલ્યા મરવું છે એક વાર, આખર સહુને નિર્ધાર;
કોણ ન્હાનોને કોણ મહોટો, જોતાં છે જલનો પંપોટો. ૮

તુજ સ્વામીનાં એ ઢંગ, જેમ દીવે પડે પતંગ;
જોરાવર યશનો અર્થી, ઇહાં આવ્યો છે નિજ પુરથી. ૯

તો હું પણ સાહમો થાઉં, મરૂં પણ નાશી ન જાઉં;
જા કહેજે **બહુદલપુરે**, યુદ્ધ કરશું ઊગતે સૂરે. ૧૦

યામિની માટે દરવાજા, જડયા છે રાખવા માજા,
પરભાતે પોલો ઉઘાડી, વઢશું રણતુર વજાડી. ૧૧
મંત્રીને જઇ દૂત ભાંખે, એતો યુદ્ધ તણી હોંશ રાખે;
ઢાલ ઉદય વદે મન ખોલી, બાવીશમી એણી પરે બોલી ૧૨
(સર્વ ગાથા ૩૨૮)

## ॥ દોહા ॥

પ્રાતઃ સમે બહુપરે સજી, સેન સબલ ચતુરંગ;
પાપબુદ્ધિ નૃપ પુરથકી, નીસરીયો મનરંગ. ૧
અપશુકન થાતે થકે, રાજા તે રણ ખેત;
પહોતો બહુફલ પૂરશું, સૂરગુણે ઉપેત, ૨
સાહમે સાહમાં દલ બે મલ્યાં, રોપીને રણથંભ;
રણનાં વાજાં વાજતે, માંડયો યુદ્ધારંભ. ૩

## ॥ ઢાલ ત્રેવીસમી ॥

(શું કરીયે જો મૂલજ કૂડું—એ દેશી)

હાથીશું ભિડે તિહાં હાથી, ઘોડાચઢ ઘોડાચઢ સાથી;
વાણીયે વાણીને પાલાશું પાલા, રથોશું વઢે રથવાલા. ૧
નાલે નાલ મૂકે તિહાં બહુલી, ધૂઆડે થઇ રવિછબી ડુહુલી;
ગાજ તણી પરે મયગલ ગાજે, તરવારને મીસે વીજ વિરાજે. ૨
વાણમિસે વરસે જલધાર, જલની પરે વહે લોહી અપાર;
ધડપડતાં થાયે ધ્રુસૂકા, જવાસાની પરે કાયર સૂકા. ૩
તુંબ તણીપરે શિર તણાય, રક્ત રણની ભૂમિ સીંચાય;
રજપૂરે ગગનાંતર છાયો, એમ જાણે વરસાલો આયો. ૪

સુભટ તણાં સિંહનાદ તિહાં થાય,
તેણે કરી કાને પડયું ન સુણાય;
અપ્સરા બહુ બેશી વિમાને,
આવી તિહાં વરવા શુભટાને. ૫
રોષભરે વઢતાં ઇણી રાતે, મતિસાગર મંત્રીસર જીતે;
પાપબુદ્ધિ નૃપ બાંધી રણમાં,ઊભો રાખી શુભટનાં ગણામાં. ૬
મંત્રીસર પૂછે મહારાજ, મુજને તમે ઓળખો છો આજ;
સૂર્યની પરે તુજને સ્વામ, કોણ નવિ જાણે નૃપ કહે તામ. ૭
તે કહે એમ નથી પૂછતા અમે,
પણ મુજને ઓળખો છો તમે;
તવ નરેસર ભાંખેનાના, સચિવ કહે સુણો નાથ પ્રજાના. ૮
ધર્મબુદ્ધિ હું તુમ પ્રધાન, ધર્મનું ફલ તુમને રાજન;
દેખાડવા આવ્યો છું દોડી,વલી મંત્રીસર કહે કરજોડી. ૯
છે અથવા નથી કહે દેવ, ધર્મ સદા ફલ દાયક દેવ,
લખમી લલનાં લીલ વિલાસ,
ધર્મથકી મુજ પહોતી આસ. ૧૦
ધર્મનું ફલ દેખાડી ધર્મે, વાસ્યો ભૂપ મંત્રીયે મર્મે,
પાપનું પાશું તજી અવનીશે,
શ્રીજિન આણ ધરી નિજ શિસે. ૧૧
મંત્રીયે મૂકયો મહારાજા, વાજ્યા તિહારે યશનાં વાજા,
બેહુને પ્રીતિ બની બહુ ભંગે,શ્રીજિનધર્મ કરેએક રંગે. ૧૨
**ઉદયરતન** કહે ઉલટ આણી, જે નર સુણસે શ્રીજિનવાણી,
ત્રેવીશમી ઢાલે તે તરશે, નરક તણા દુઃખ દૂરે કરશે.
( સર્વ ગાથા ૩૪૪ )

## ॥ દોહા ॥

મહીપતિને મંત્રી બેહુ, રંગેશું કરે રાજ,
તે નગરે તરતીબશું, કરે વળી ધર્મનો કાજ. ૧
કેતેક કાલે કેવલી, આવ્યા તિહાં ઉદ્યાન;
વનપાલકના મુખથકી, સાંભળી તે રાજન. ૨
વહુ પરિવારે પરવર્યો, સચિવને લેઇ સાથ;
વન જઇ વંદે સાધુને, ભાવે તે ભૂનાથ. ૩

## ॥ ઢાલ ચોવીશમી ॥

( કાછબાની—એ દેશી )

કેવલજ્ઞાની તામ, એમ ઉપદેશે હો અહો ભવિ ધારજો,
જિનવાણી સુખધામ,શ્રવણે સુણિને હો સાંસો નિવારજો, ૧
મેલી મિથ્યામતિ મર્મ,સમકેત ફામી હો શુદ્ધ આરાધજો,
દેવ ગુરૂને ધર્મ, સુવિધે સેવિ હો શિવસુખ સાધજો. ૨
વર્જી વિષય વિકાર, અણુવ્રત આદે હો વ્રત આદરો,
જે છે શ્રાવકનાં બાર, મુગતિપુરીનો હો પંથ એ પાધરો. ૩
પંચ મહાવ્રત ભાર, પ્રેમે કરીને હો પ્રાણી જે ધરે,
પામે તે ભવપાર, ઉત્તમગતિમાં હો અથવા અવતરે. ૪
દુવિધ ધર્મ કહ્યો એહ, જયશીલાને હો પામે સહુ જેહથી.
આર્તિ દુઃખ અછેહ, પાપે પામે હો વિરમો તેહથી, ૫
પાપના રાગી જેહ, તે નર આખર હો અધમગતિ સંચરે.
થાયે દુઃખનું ગેહ, કાલ અનંતો હો ભવમાંહે ફરે. ૬
ધર્મનું પાશો ધીર, પુરૂષ જે કરશે હો પ્રેમેશું પરખીને,
તે લેશે ભવતીર, શિવવધૂ તેહને હો વરસે હરષીને. ૭

ધર્મ છે ધન સુખ મૂલ, ધર્મિ પામે હો સુરની સંપદા,
આરાધો અનુકુલ, ધર્મધરામાં હો સાર જાણી સદા. ૮
ચોવીસમી એ ઢાલ, રસીયા પ્રાણી હો જે ધરશે હૃદે,
સંપતિ સુખ સુરસાલ, તેહજ લેશે હો **ઉદયરતન** વદે. ૯
( સર્વ ગાથા-૩૫૬ )

## ॥ દોહા ॥

દીધી ધર્મની દેશના, કેવલીયે ઇણિ ભાંત;
તવ પૂછે તક પામીને, મહીપતિ તે મન ખાંત. ૧
કહો ભગવન્ કરુણા કરો, મેં પૂરવ ભવ માંહિ;
કરણી એહવી શી કરી, જે પાપ રૂચ્યું મુજ પ્રાહિ. ૨
પુણ્ય પ્રધાને શું કર્યું, જે એણે ભવે એહ;
રુદ્ધિ પામ્યો રલીયામણી, ધર્મશું ધરતી નેહ. ૩

## ॥ ઢાલ પચ્ચીશમી ॥

( ઘરે આવોજી આવો મોરીઓ-એ દેશી )

તવ કહે કરુણાનિધિ કેવલી, તમે પૂરવલે ભવે બેહ.
વિજયપુરે વ્યવહારીનાં, નંદન હૂંતા ગુણગેહ. ૧
ઇમ કહે કરુણાનિધિ કેવલી. એ આંકણી.
હાંજી રૂપ પુરંદર સુંદરા, **સુંદર પુરંદર** નામ,
હાંજી બાંધવ બે વધતા તિહાં,
યૌવન પામ્યા અભિરામ. ઇમ૦ ૨
હાંજી કોઇક કર્મ કલ્લોલથી, સુંદર મિથ્યામતિ સંગ,
હાંજી ઘર તજી ને તાપસ થયો,
અજ્ઞાને દમિ બહુ અંગ. ઇમ૦ ૩

હાંજી ધૂણી પાણી છાણુને, વનફલ માટી વિભૂતિ,
હાંજી અહો નિસિ તેહને અભ્યસી,
જટાધર તે અવધૂત. ધર્મ૦૪

હાંજી ઉર્ધ્વબાહુ ઉંચે મુખે, પંચાગ્નિ સાધે સોય,
મૌનમુખે બોલે નહી,
નખ કેશ વધારે હોય. ધર્મ૦૫

હાંજી કંદ ભખી કાયા કસી, ખાંતે હણે અટકાય,
હાંજી દયા દિલમાં નવિધરે,
શૌચ ધર્મ ધરે સહાય. ધર્મ૦ ૬

હાંજી અનુક્રમે પૂરી આઉખું, તિહાંથી મરીને આંહી,
હાંજી અજ્ઞાન કષ્ટ પ્રતાપથી,
તું પાપબુદ્ધિ થયો રાય. ધર્મ૦૭

હાંજી ઉદયરત્ન એમ ઉચ્ચરે, પચ્ચીશમી ઢાલે જોય,
હાંજી સમરથ નહી કોઇ તારવા,
જૈનધર્મ વિના જગ કોય. ધર્મ૦૮
( સર્વ ગાથા ૩૬૭ )

॥ દોહા ॥

પુરંદર સાધુ પ્રસંગથી, શ્રાવક થયો સુજાણ;
જીવાજીવ પુણ્યપાપને, પીછે બુદ્ધિ પ્રમાણ. ૧

ધર્મપ્રભાવે, ધન બહુ, પુરંદર પામ્યો તેહ;
જલનિધિનાં જલની પરે, જેહનો નાવે છેહ. ૨

## ॥ ઢાલ છવ્વીશમી ॥

( ખુઠા હલ વાહલ હો—એ દેશી. અથવા
તે સુત પાંચે હોકે પઠન કરે નહીં—એ દેશી)

એકદા તે પુરંદર હોકે, શ્રીજિનનો વારુ,
પ્રાસાદ કરાવે હો, પુરમાં દીદારુ. ૧

જિનભવનતે જિહાં રે હો, ત્રીજા ભાગ તણું,
થયું તવ ચિંતે હો, પુરંદર તેહ ભણું. ૨

બહુધન ખરચીને હો, જિનઘર મેં જૂઓ,
મ્હોટો મંડાવ્યો હો, લખમી વ્યય હુઓ. ૩

એની પાયાનું હો, ફલ મુજને કાંઇ,
હોશેકે નહી હુએ હો, કે જાણે સાંઇ. ૪

આદિ અંતને મધ્ય હો, ઇમ સંશય આણી,
પોતે તે ભાંજ્યો હો, સમ્યક ફલ જાણી. ૫

હા હા શું એ મેં હો, અલિક ચિંત્યું એહવું.
ફલ છે સહી એહનું હો, મુગતિ આપે તેહવું. ૬

શ્રીજિનવર કેરા હો, બહુ પ્રાસાદ કરી,
બહુ બિંબ ભરાવ્યાં હો, મનશું હર્ષ ધરી. ૭

તીર્થ યાત્રા તપ હો, ગુરુ સાહામી દેવ,
સામાયિક પોસહ હો, સેવી નિત્ય-મેવ. ૮

તિહાંથી તે મરીને હો, મતિસાગર નામે,
મંત્રી થયો તાહરો હો, ધર્મને જે પામે. ૯
કીધા હતા જેણે હો, ધર્મકર્મ જેહવા,
પ્રગટફલ તેણે હો, ઇહાં પામ્યાં તેહવાં. ૧૦
છવ્વીશમી ઢાલે હો, ઇણી પરે ઉદય કહે,
જગમાં ધન્ય તેહને હો, જિનમત જેહ લહે. ૧૧
(સર્વ ગાથા ૩૮૦)

## ॥ દોહા ॥

દીક્ષા લેઇ તપ તપી, પામી કેવલજ્ઞાન;
મુક્તિ જાશો તમે બે જણા, સાંભલ તું રાજન; ૧
રોગ શોગ દોહગ હરે, આપે પરમાનંદ.
ધર્મ કરો તે ધસમસી, ફેડે જે ભવફંદ. ૨
પરમપ્રભુતા પદ સર્વે, સુરપદ શિવ સોભાગ,
પુણ્યપસાયે પામીયે, ભૂપતિ સુણ મહાભાગ. ૩
ઇમ કેવલિયે ઉપદિશ્યો, પૂરવભવ વિરતંત
મહીપતિ મંત્રી બે જણે, સદ્દહ્યો તે તંત. ૪
વંદી સહુ મંદિર વલ્યું, કેવલી કીધ વિહાર.
મહીપતિને મંત્રી ઘરે, વર્ત્યો જયજયકાર. ૫

## ॥ ઢાલ સત્તાવીશમી ॥

( દીઠો દીઠો રે વામાજીકો નંદન દીઠો-એ દેશી )

જયજયકાર ધર્મફલ જાણી, આઠે પહોર આરાધો,
પાપતણી મતિ પાછી ઠેલી, શિવમારગને સાધો રે. ૧

ભવિ ધર્મ સદા શુદ્ધધારો.
શ્રીજિન ભાષિત જગજન તારક,વારક દુરતિ વિકારો રે.ભવિ૦૨

સંખેપે એ ચરિત્ર પ્રમાણે, રહસ્ય કથાનું દાખ્યું,
મિચ્છામિ દુક્કડં તે મુને હોજો,
અધિક ઓછું જે ભાખ્યું રે. ભવિ૦ ૩

તપગચ્છ મંડણ તિલક સમોવડ,
શ્રી રાજવિજય સૂરિ રાજે,
તસુપાટે શ્રીરત્નવિજય સૂરિ,રત્નસરિખો છાજે રે.ભવિ૦ ૪

શ્રી હીરરત્ન સૂરિ તસુ પાટે, શ્રીજયરત્નસૂરિંદ;
સાંપ્રત ભાવરત્નસૂરિ ભેટો,અધિકધરી આણંદો રે. ભવિ૦૫

શ્રીહીરરત્નસૂરીશ્વર કેરા, વારુ શિષ્ય સોહાયા,
પંડિતલબ્ધિરત્ન તસ વિનયી,
સિદ્ધિરત્ન ઉવજ્ઝાયા રે. ભવિ૦૬

ગણિવર મેઘરત્ન ગુણદરિયો,અમરરત્ન તસુ શિષ્ય,
શિવરત્ન તસુ શિષ્ય શોહાવે,
મુજ ગુરુ બહુલ જગીશ રે. ભવિ૦ ૭

સિદ્ધિ રસા મુનિ ઈંદુ સમયે (૧૭૧૮),
એકાદશી અજુઆલી,
માગશિરની રવિદિન શિવયોગે,
નક્ષત્ર અશ્વિની ભાલી રે. ભવિ૦ ૮

એ મેં રાસ રચ્યો અતિ રુડો, મનોહર પાટણ માંહે,
પંચાસર પ્રભુ પાસ પસાયે,દુઃખ સવિ દૂરે પલાયે રે.ભવિ૦૯

મંગલવેલિ ફલી આજ માહરે, રાસ એ જે સુણે રંગે;
તસ ઘર જયકમલા કરે વાસી, ઉત્તમગુણ વસે અંગે રે.ભવિ૦૧૦

સત્તાવીશમી એહ શોહાવી, ઉદયરતન કહી ઢાલ,
ધન્યાશ્રી રાગે શ્રીસંઘને,
નિત્ય હુઓ મંગલમાલ રે. ભવિ૦ ૧૧
( સર્વગાથા ૩૯૬ )

ઇતિ પંડિત શ્રીઉદયરત્નજી મહારાજ કૃત
ધર્મબુદ્ધિ મંત્રી અને પાપબુદ્ધિરાજાનો
રાસ સંપૂર્ણ.

પૂ. શ્રી માનસાગરજી ગણિવર વિરચિત

શીલ વિષયક

# શ્રી કાન્હડ કઠિયારાનો રાસ.

॥ દોહા ॥

પારસનાથ પ્રણમું સદા, ત્રેવિસમો જિનચંદ;
અલિય વિઘન દુરે હરે, આપે પરમાનંદ. ૧

વીણા પુસ્તકધારિણી, શ્રુતદાતા શ્રુત દેવ;
સાનિધ કરજો સામિની, સેવકને નિતમેવ. ૨

દાન શીલ તપ ભાવના, ઇણ મેં અધિકુ શીલ;
સેવે જે ભવિયણ સદા ઇણભવ પરભવ લીલ. ૩

શીલે સુર સાનિધ કરે, શીલે સિંહ શિયાલ;
શીલે સવિ સંકટ ટલે, ફણિધર હુવે ફુલમાલ. ૪

શીલે સુખસંપદા મિલે, શીલે ભોગ રસાલ;
**કઠિયારા કાન્હડ** પરે, ફલે મનોરથ માલ. ૫

કઠિયારો કાન્હડ હુવો, શીલવંત માંહિ લીહ;
તાસ તણા ગુણ ગાવતાં, પાવન થાયે જીહ. ૬

ગુણ ગાઉં ગિરૂઆ તણા, સાંભલજો સહુ સંત;
શીલ કિસી પરે પાલિયું, તે દાખું દૃષ્ટાંત. ૭

## ઢાલ પહેલી ( દેશી ચોપાઈની )

લાખ જોયણ જંબૂ પરિણામ, દાહિણ ભરતપૂરવ દિશિ જાણ;
નયરી અયોધ્યા અતિહિ પ્રધાન, અમરપુરી કેરૂં ઉપમાન. ૧
કોડી ગમે કોટિધ્વજ જાણ, લખપતિ કોઇ ન આણે જ્ઞાન,
હુંઢાલા કુંઢાલા સાહ, અવસરે લે લખમીનો લાહ. ૨
દેવલ દંડ નહિ નરલોય, તર્ક વિના કિહાં વાદ ન હોય,
વેણી બંધન નવિ દીસે સાવ, માર વચન લોકે નવિ ચાવ. ૩
દોય જીભા પટીયારે જોય, નગરમાંહે નવિ દીસે કોય,
ધનના કોઈ ન દીસે ચોર, મનના ચોર વસે છે જોર. ૪
સોહે ચોરાસી ચોહટા, રાજભવન ઘુમે ગજઘટા,
વાપી કૂપ સરોવર સાર, વન વાડી નવિ લાભુ પાર. ૫
ભોગી ભમર અ છે સહુ કોય, તો પણ પગ માંડે છે જોય,
પર નારી શું ન કરે પ્રીત, ચાલે ઉત્તમ કુલની રીત. ૬
ષડ્દરશન મન એહિજ વાત, મ કરી પરજન કેરી તાત,
દાન શીલ તપ ભાવના સાર, ઘણુંશું રાખે નિત વ્યવહાર. ૭
સમકિતમૂલ બારહ વ્રત ધરે, પરવદિવસે પોસહઅણુસરે,
તીન તત્ત્વ સૂધાં સદ્દહે, જિણવર આણ અખંડિત વહે. ૮
રાજ કરે **કીર્તિધર** રાય, વૈરિ ભાજ ગયા વડવાય,
ન્યાયવંત અકરા કર નહી, જેહની કીર્તિ સમુદ્રે કહી. ૯
**સુપ્રભારાણી** જેહને સહી, રૂપે રંભ સમેવડ કહી,
રાજા રાણી અવિહડ પ્રેમ, દુધ નીર પારેવા જેમ. ૧૦

પહેલી ઢાલ કહી અતિ સાર, રાજા નગર તણો અધિકાર,
**આનસાગર** કહે સુણજો સહુ, આગલ વાત અચંભમ કહું. ૧૧

## ॥ દોહા ॥

ગ્રામ નગર પુર વિચરતાં, ચઉ નાણી અણગાર;
**વિનિતા નયરી** સમોસર્યા સાધુ તણે પરિવાર. ૧
**કીર્તિધર** અવનીપતિ, વિધિ શું વાંદણ જાય;
વંદન વિધિશું સાચવી, આગલ બેઠો આય. ૨
આગલ બેઠી પરખદા, બેઠા નગર નરેશ;
અવસર જાણી આપણે, દે મુનિવર ઉપદેશ. ૩

## ઢાલ બીજી ( રાગ વેરાડી )

( ભુલો મન ભમરા રે કાંઇ ભમ્યો.—એ દેશી )

માનવનો ભવ પામિયો, પામ્યો આરજ દેશ,
શ્રાવકનું કુલ પામિયો, પામ્યો ગુરૂ ઉપદેશ. ૧
ચેતને ચેતન પ્રાણીઆ, કરે જિન ધર્મસાર,
દાન શિયલ તપ ભાવના, ચારે જગ સાર. ચે૦ ૨
કાચો રે ઘટ માટી તણો, ઐસી આદમી દેહ,
વીણસતાં વાર ન લાગશે, કાંઇ નહિ રે સંદેહ. ચે૦ ૩
અથિરજ એ સંસાર છે, જૈસે સંધ્યા વાન,
ડાભઅણિ જલ એહવો,
 જેહવો કુંજર કાન, (જેહવું પિંપલ પાન) ચે૦ ૪
તીર્થે મલ્યો જીમ કારિનો, સગપણ પરસંગ,
જેસો સુહણો રાત કો, પંખી તરૂ સંગ. ચે૦ ૫

માતપિતા સુત બાંધવા, ઘર મહિલા આથ,
પરભવ જાતાં જીવને, કોઈ નાવે રે સાથ. ચે૦ ૬
માહરૂં માહરૂં કરતો રહે, તાહરૂં નહિ રે લગાર,
કોણ તાહરો તું કેહનો, જુવો હૃદય વિચાર. ચે૦ ૭
ધંધો કરી ધન મેલીયું, પોષ્યું સયલ કુટુંબ,
દાંધાહિમાંહે મરી ગયો, બાહર હુઈ નહીં બુંબ. ચે૦ ૮
કાલ આહેડી નિત ભમે, કર ઝાલી કબાણ,
વન મૃગલા જીમ જીવને, શર નાંખે રે તાણ. ચે૦ ૯
ધર્મ સખાઇ લે ચલો, લેજો સંબલ સાથ,
આગલહી આદર હુવે, એમ કહે જગનાથ. ચે૦ ૧૦
રાગ વેરાડી જે સુણે, બીજી ઢાલ વખાણ,
**માનસાગર કવિ** એમ કહે,
સુખ લહો નિવારણ. ચે૦ ૧૧

## ॥ દોહા ॥

દીધી મુનિવર દેશના, દેખી આયો દોડ;
આગળ બેઠો આઇને, કઠિયારો કરજોડ. ૧
કઠિયારાને મુનિ કહે, કિસ્યું કરો છો કામ;
ભારીશું ભગવાનજી, આઘો કાઢું આમ. ૨
એક લિયો તુમ આખડી, એમ કહે અણગાર;
સુગરાચાર વહૂ પરે, વ્રધતો કરો વિચાર. ૨
કઠિયારે મુનિવર કને, કરી શીલની કાર;
પુનિમ રે દિન પૂજય જી, પરનારી પરિહાર. ૪

એટલી મુઝને આખડી, સદ્‌ગુરૂ કેરી શીખ;
પરમેસર પરસાદથી, ભલી કરી છે શીખ. ૫
હવે કઠિયારો પ્રણમીને, આયો આપણે ગેહ;
પૂનમ પરનારી તજી, નિજનારી શું નેહ. ૬
કરે ઉદર આજીવિકા, રાખે વ્રતની રેખ;
કાન્હડ કઠિયાર તણે, જન્મ કૃતારથ લેખ. ૭

**ઢાલ ત્રીજી** (બાદલ દહ દિસિ ઉન્હમ્યો—એ દેશી)

ઇણ અવસર આયો તિહાં સખી, વારુ વર્ષા કાલ,
ગગન ધડુકે મેહુલો સખી, પાણી વહે પડનાલ રે.
ચિહું દિશિ જલે ખલક્યા ખાલ રે, વલિ નદીય વહે અસરાલ રે
સરપૂરિત ફૂટે પાલ રે, વર્ષાઋતુ આઇ મોહના.એ આંકણી. ૧

મોર જિંગોરે ડુંગરે સખી, ડર ડર દાદૂર સોર,
બપૈયા પિયુ પિયુ કરે સખી, ગગન કરે ઘનઘોર રે,
વાધ્યો તિહાં મન્મથ જોર રે, વિરહીકું કઠિન કઠોર રે,
હિયડું ન રહે ઈક ઠોર રે. વર્ષા૦ ૨

વીજલીયાં ઝડ માંડીયો સખી, ગગન કરે ધડડાટ રે,
જલ થલ સવિ જલ પૂરિયાં સખી, વહે નહિં કાંઠા વાટ રે,
જલથલ સવિ રૂંધ્યા ઘાટ રે, હલ કર્ષણ વાહે જાટ રે,
જલ પેઠો વસુધા ફાટ રે. વર્ષા૦ ૩

ઉદરવૃત્તિ કરવા ભણી સખી, હવે કઠિયારો કાન્હ,
રજ્જુ કુહાડો કર ગ્રહી, રડવડતો ગયો રાન રે,
નદીયાં વહે અસમાન રે, વહિયાં એ તરૂવર રાન રે,
ગણતા કોઇ નાવે જ્ઞાન રે. વર્ષા૦ ૪

કટીએ બાંધ્યો કાંબલો સખી, પેઠો જલ ભરપૂર,
ચોખું ચંદન લાકડું સખી, આણ્યું આપ હજુર રે,
દીશે અતિ સકલસનુર રે, ભાંજી કીધું ચકચુર રે,
ગંધ પહોતો જીહાં શશી સૂર રે. વર્ષા૦ ૫

ભારી વેચણ કારણે સખી, આયો ભર બાજાર,
કાઠકું કાટ ભલો બુરો સખી, જાણે નહિં તિલભાર રે,
મુરખમાં તે શિરદાર રે, નહિં વિનય વિવેક વિચાર રે,
રાખી તિણે વ્રતની કાર રે. વર્ષા૦ ૬

ઇણ અવસર તિણ સહેરમેં સખી, શ્રીપતિ શેઠ સુજાણ,
સોવન કોડી ચારનો સખી પરિગ્રહ કીધ પ્રણામ રે,
શ્રી જિનવર પાલે આણ રે, બારહ વ્રત ધારક જાણ રે,
નિત્ય પોસહ કરે પચ્ચખ્ખાણ રે. વર્ષા૦ ૭

ચઉદ નિયમ સંભારતો સખી, શ્રાવકકુલ શણગાર,
લાહો લખમીતણો સખી, જાણે સહુ સંસાર રે,
ઘર પુત્ર કલત્ર પરિવાર રે, ઇમ સફલ કરે અવતાર રે,
થયું ધર્મે ચિત્ત ઉજમાલ રે. વર્ષા૦ ૮

ચંપક ચાકર શેઠનો સખી, આયો ઉણ બાજાર,
કઠિયારા કાન્હડ તણી સખી, ભારી લિયે તિણવાર રે,
હવે દેઇ ટકા દોઇ ચાર રે, કાન્હડ શિર દેઇ ભાર રે,
દોનું આયા શેઠ દુવાર રે. વર્ષા૦ ૯

ચોખો ચંદન બાવનો સખી, પરિમલ ગંધ રસાલ,
ગોખે બેઠા શેઠજી સખી, ખબર હુઇ તતકાલ રે,

ચંદનનો ગંધ વિસરાલ રે, કઠિયારો કાન્હડ બાલ રે,
જઇ નાખ્યો ચોક વિચાલ રે. વર્ષા૦ ૧૦
શેઠ કહે ચંપક પ્રત્યે સખી એહનું મૂલ કહાય,
દોય ટકા દીધા અછે સખી, જો તુમ આવે દાય રે,
કઠિયારો ઘરમેં જાય રે, હવે શેઠ કહે સમજાય રે,
એહનું મૂલ લીયો તુમ દાય રે. વર્ષા૦ ૧૧
દેઇ સોનૈયા પાંચશે સખી, શેઠે કીધ જુહાર,
ત્રીજી ઢાલે ઢલકતો સખી, મીઠો રાગ મલ્હાર રે,
કહે **માનસાગર** સુવિચાર રે, કાન્હડે લહ્યું દ્રવ્ય અપાર રે,
પામી જે પુણ્ય પ્રકાર રે. વર્ષા૦ ૧૨

## ॥ દોહા ॥

નગર વિચાલે નીકલ્યો, આયો ગણિકા વાસ;
નટ્ટખૂટ નર તિહાં વસે, હંસ કરિ કીધી હાસ. ૧
ઓલગાણો આયો ઇહાં, મનમેં મહોટી ખંત;
આયો આંહી જાણ જો, રસિયા એમ હસંત. ૨
કઠિયારો કાન્હડ કહે, સાંભલ સયણાં વાત;
ઇણ ઠોડે જે આવશે, રહેશે દિવસને રાત. ૩
વેશ્યા આઇ વિહસતી, નયણે અમી ઝરતી;
મુખ મોઢે મટકા કરે, નયણે નેહ ધરતિ. ૪

## ઢાલ ચોથી (નમણી ખમણી–એ દેશી)

બેઠી પીઢા માંડી વિશાલા, રસિયા ઉપર માંડે ટાલા,
શિર રાખડિયાં અધિકી શોભા, માથે ભ્રમર ભલી પરે થોભ્યા. ૧

નિલવટ અધિક વિરાજે ટીકો, નયણે કાજલ સોહે નીકો,
આંખડીયાં સોહે અણિયાલી,ભમુહક બાણ ભ્રમર પરે કાલી. ૨
દીપ શિખા જિમ સોહે નાસા, પદમલ ગંધ લિયે તિહાં વાસા,
નાક ઉપર સોહે મોતી, રાત દિવસ ન રહે તિહાં જોતી. ૩
વદન અનોપમ શરદ ચંદ, જીહા જીત્યા અમીરસ કંદ,
અધર પ્રવાલ તણી પરે રાતા,દંત પંતિ વિચ સોહે ખાતાં.૪
સોનાની છડ સોહે કાન, ઓગનીયા સોહે અસમાન,
ગલે સોહે મોતિનકો હાર, મૂલ્ય તણો નવિ લાભું પાર. ૫
બાંહે બહેરખા સોવન ચૂડી, કરકંકણુ સ્ત્રી દીસે રૂડી,
કુચ કઠિન ઉંચા અસમાન, સોવન કલશ તણું ઉપમાન. ૬
મુખમેં પાન તણી છે બીડી,કંચૂતણી કસ અધિકી ભીડ,
સિંહલંકી અતિ સુકુમાલ, હંસ તણી જિણે જીતી ચાલ. ૭
પાયે નેઉર વાજે ચંગ, ચરણ કમલ અલતાકો રંગ,
ઇણ પરિ સોલ સજી શણગાર, આઇ બેઠી પોલ દુવાર. ૮
રૂપે રંભ તણો અવતાર, હાથે આપ ઘડી કિરતાર,
તે દેખીને મોહે ઇંદ. આગે ઉભા તરૂવર વૃંદ. ૯
કામલતા તિયાં સહામુ જોયું, તે દેખી કાન્હડ મન મોહ્યું,
મુઝ પાસે સોનૈયા સાર, દેઇ સફલ કરૂં અવતાર. ૧૦
ગોલાં રે કહિ હું તી ગાય ? એમ ચિંતવિયું કાન્હડરાય;
લઇ સોનૈયા હાથ દીધ, સયણાં હંદા બોલ જ કીધ. ૧૧
કામલતા હુઇ મન રાજી, કામકેલિની માંડી બાજી
તેલ સુગંધા મોહોંઘા કીધાં, સયણાં સેંતી બીડાં દીધા. ૧૨

ચોથી ઢાલ કહી અતિ ચંગી, **માનસાગર** કહે નવરંગી.
કાન્હડનું મન થયું ઉછરંગ, રાગ કેદારો વધતે રંગ. ૧૩

## ॥ દોહા ॥

નાપિત તેડી નાયકા, તુરત મંગાચું તેલ;
ચાક પાક કાન્હડ કિયો, વેશ્યા સુરંગી રેલ. ૧
મનગમતાં ભોજન તણા, કીધા સરસ આહાર;
લવિંગ સોપારી એલચી, મુંછણનો વ્યવહાર. ૨
પહેરચાં મુલમુલ બસતરાં, શિર પચરંગી પાઘ;
આગે ઉભા ઓલગું, ગાવે નવ નવ રાગ. ૩
ચઉબાર્યા દીવા કિયા, સખર બનાવી સેજ;
વેશ્યા આવી વિહસતી, જિણશું અધિકો હેજ. ૪
પૂરો ઉગ્યો પાધરો, પૂનમ રે દિન ચંદ;
કાન્હડ ઝાંખી જાલીયે, આંખે દીઠો ઇંદ. ૫
આજ અછે મુઝ આંખડી, પરનારી પરિહાર;
અવસર આવી આપણો, કહે ન લોપુંકાર. ૬

## ઢાલ પાંચમી ( દેશી–ચૂનડીની )

રજની ઉઠચો એકલો, હવે તુરત બનાવી તોત રે લાલ,
મેહાનનને મિસ કાન્હજી, ગયો આપણો પહેરી પોત રે લાલ ૧
ધન ધન કઠીયારો કાન્હજી, જિણે રાખી વ્રતની રેખ રે લાલ,
મેલી સોનૈયાં પાંચશે, વલી મૂકચો પરનો વેષ રે લાલ. ધ૦ ૨
ભરબજારે હાટમે, સૂતો નિંદ ઘુરાય રે લાલ,
વેશ્યા જોવે વાટડી, આયો ન હું કાન્હડ રાય રે લાલ. ધ૦ ૩

પહોર ઘડીને આંતરે, પાણી ભરિ ઝારી સાહિ રે લાલ,
ઉભી જોવે વાટડી, કાન્હડ ન આયો ઘરમાંહિ રે લાલ ધ૦.૪
આબ ખાનાની પાખતી, ઉભી તિહાં કરતી હાસ રે લાલ,
સાહહિયે સાને કરિ,વિચ કરતી ખોંખરા ખાસ રે લાલ.ધ૦પ
દીવો આણ્યો દોડીને, તિણ જોવે વેશ્યા વાસ રે લાલ,
ખબર ન લાધી કાન્હની, મૂકી ગયો ધનની રાશિ રે લાલ.ધ૦૬
રાત ગઇ રવિ ઉગિયો, સહુ મલિયા રાણોરાણ રે લાલ,
વાત જિહાં કાન્હડ તણી,કહિ માંડી ચતુર સુજાણ રે લાલ.ધ૦૭
વેશ્યા કહે વિત્ત પારકું,હું તો રાખું નહિ તિલ માતરે લાલ,
ખરી કમાઇ સ્વાહની,મહારે તો લેવી વિખ્યાત રે લાલ. ધ૦૮
ગણિકા કાંઇ પર ધન તણો, લેવા લીધો છે નીમરે લાલ,
ખરીય કમાઇ આપણી,તિણશું નિત્ય રાખે સીમરે લાલ.ધ૦૯
વેશ્યા સહુ ટોલે મલી, બાલી ભોલી યોવન વેષ રે લાલ,
ઘરડી બુઢી ડોકરી, જઇ ભેટયો નગર નરેશ રે લાલ. ધ૦૧૦
કામલતા વેશ્યા ઘરે, કઠિયારો કાન્હડ નામ રે લાલ,
સોનૈયા દેઇ પાંચશે, મૂકી ગયો કિણહી કામ રે લાલ.ધ૦૧૧
સાર ન પૂછી સાહિબા, મોશું નવિ સીધું કાજ રે લાલ,
એ નિરમાલ લીયાં નહિ.માહરે ઘર એહવું રાજરે લાલ.ધ૦૧૨
રાજન રૂડા રાખજો,ધન દઉં છું સહુની સાખ રે લાલ,
એ ધન આવે રાવલે,એહવી લોકતણી છે ભાખ રે લાલ.ધ૦૧૩
પાંચમી ઢાલ સુહામણી, રાજાને દીધા દામ રે લાલ,
**માનસાગર** કહે આગલે, હવે કુણ કુણ હોસે કામરે લાલ.ધ૦૧૪

## ॥ દોહા ॥

પુરમેં પડહ વજડાવીયો, લઈ સહુ કોનાં નામ;
કામલતા વેશ્યા ઘરે, કુણ મૂકી ગયો દામ. ૧
ગલિયાં ગલિયાં ગુંજતાં, મલિયા માણસ થોક;
શેરી શેરી સાંભલ્યો, કોઇ ન બોલે લોક. ૨
ચહુટા વિચ વાજે પડહ, લે સહુકોનાં નામ;
કાન્હડ કઠયારો કહે, એ તો મહારાં દામ. ૩
આગે ઉભો આયને, એહવી ભાંખે ભાખ;
એ દમડા છે માહરા, એવી દઉ છું શાખ. ૪
કઠિયારાનો કર ગ્રહી, આણ્યો રાય હજૂર;
અધિપતિ દિઠો આવતો, એ તો વડો મજૂર. ૫
રાય પૂછે કાન્હડ પ્રત્યે, તે જોડયો કિમ દામ;
કઠિયારો કાન્હડ કહે, થેં સુણજો મુજ સ્વામ. ૬
વીતક વાત કહું સવે, સાંભલજો સહુ સંત;
કાન્હક કઠિયારો કહે, તે દાખુ દૃષ્ટાંત. ૭

**ઢાલ છઠ્ઠી** ( રાગ સોરઠ : ચત્તની–એ દેશી )

કઠિયારો માંડી વાત રે, વાત રે, ભારી વેચું દિનને રાત;
એક દિવસ મુનિસર મલિયા રે,
મલિયા રે, પાતક સવિ દુર ટલિયા. ૧

## ॥ ત્રુટક ॥

પાતક સવિ દૂરે ટલ્યાં, સુણિ મુનિવરની વાણી;
ચોથા વ્રતની આખડી, મેં લીધી હિત આણી. ૨

॥ ઢાળ ॥

ચિત્તમેં એક વાત વિચારી રે, વિચારી રે
તજી પુનિમ દિન પરનારી;
નિજ નારીશું નિત્ય નેહા રે, નેહા રે, પાળું હું વ્રતની રેહા. ૩

॥ ત્રુટક ॥

એમ કરતાં દિન કેટલે, ભારી વેચી આણ;
દોય ટકા દે લે ગયો, શ્રીપતિ સેવક જાણ.

॥ ઢાળ ॥

શ્રી પતિનો સેવક એહ રે, એહ રે, ભારી લે ગયો નિજ ગેહ,
ભાવના ચંદનની ભારી રે, ભારી રે,
શ્રીપતિ મન વાત વિચારી. ૫

॥ ત્રુટક ॥

વાત વિચારી તુરતશું, સોનઇયા સો પાંચ;
આણ દિયા એકણ સમે, કાંઇ ન કરી મન ખંચ. ૬

॥ ઢાળ ॥

મનમાં ન કરી કાંઇ ખંચ રે, ખંચ રે,
મુઝ મલિયો એહવો સંચ;
પાંચશે સોનૈયા દીધાં રે, દીધાં રે, મેં ખોલે ઘાલી લીધાં. ૭

॥ ત્રુટક ॥

લેઇ ઘરને સંચર્યો, ગયો બેશ્યા વાસ;
નટ્ટખૂટનર તિહાં વસે. તિહાં કીધી મુજ હાસ. ૮

॥ ઢાળ ॥

તિહાં માહરી હાંસી કીધી રે, કીધી રે,
વેશ્યા મુઝ શું દિઠ દીધી;
પાંચશે સોનૈયા દીધાં રે, દીધાં રે, તિણે શીશ ચઢાવી લીધા. ૯

॥ ત્રુટક ॥

શિશ ચઢાવી તસ્ત શું, માંડી મુઝ શું સાત;
આધા આવો અમ ઘરે, વાસો રહો એક વાત. ૧૦

॥ ઢાળ ॥

મેડી માંહે સેજ બિછાઈ રે, બિછાઇ રે,
વેશ્યા વિહસંતિ આઈ,
પૂનમદિન પૂરો ચંદ્ર રે, ચંદ્ર રે, દેખી થયો અધિક આણંદ. ૧૧

॥ ત્રુટક ॥

પૂનમ દિન પરનારીશું, છે મુઝ વ્રત નીરધાર;
એહ ન ભાંજુ આખડી, નિશ્ચય ને વ્યવહાર. ૧૨

॥ ઢાળ ॥

મેં દાન તણો મિષ કીધો રે, કીધો રે,
બેશ્યાનો હુકમ જ લીધો રે;
રજની જઇ હાટે સૂતો રે સૂતો રે, વેશ્યા સેતી નવિ ખૂતો. ૧૩

॥ ત્રુટક ॥

બેશ્યા સું સુતો નહિં, પાલી વ્રતની આણ,
રાત ગઇ હવે ઉગ્યો, ઉદયાચલ શિર ભાણ. ૧૪

॥ ઢાલ ॥

ઉદયાચલ ઉગ્યો ભાણ રે, ભાણ રે, કરતો તે સફલ વિહાણ;
કાન્હડ કહિ વાત્ત જ તાજી રે, તાજી રે,
સહુ લોક હુવા મન રાજી. ૧૫

॥ ત્રુટક ॥

મન રાજી સહુ કો હુવા, વાત કહી મેં આજ;
એ સોનઇયાં પાંચશે, માહરાં છે મહારાજ. ૧૬

॥ ઢાલ ॥

છઠી એ ઢાલ વિશાલ રે, વિશાલ રે,
સુણતાં કહે માન રસાલ;
રાગ સોરઠ યત્તિની દેશી રે, જાણુ શી તે ખરીય કહેશી. ૧૭

॥ દોહા સોરઠી ॥

રાજી હૂવો રાય, લોક સહુ રાજી હુઆ;
શ્રીપત્તિ તેડણ જાય, અધિપત્તિ કેરા આદમી. ૧
આવી અધિપત્તિ, શ્રીપત્તિ શેઠ ઇસ્યો કહે;
મેં દિધી ધનરાસ, ઇણ કઠિયારા કાન્હને. ૨
ઉ કઠિયારો કાન્હ, લાયો ચંદન બાવનો;
દોય ટકા ઉનમાન, દીધા ચાકર માહરે. ૩
મેં વિગતાવી વાત્ત, એ તો ચંદન બાવનો;
એહનું મૂલ્ય અખ્યાત, દિયા સોનૈયા પાંચશે. ૪
છે મુઝ ગુરૂની આણ, અધિક ન લીયું પારકું;
એ ઉત્તમ અહીંતાણ, આટા લુણ તિસી પરે. ૫

અધિપતિ ભાખે આમ, એ સોનૈયા પાંચશે;
કો નહિ આવરે કામ, સાંભળજો સહુકો સભા. ૬
સોનઇયાં સો પંચ, કાન્હડને દીધા પરા;
એહનો એહિજ સંચ, ખરા કમાયા કાન્હડા. ૭

## ઢાલ સાતમી ( મેરા પ્યારા–એ. દેશી )

ઇણ અવસર આવ્યા તિહાં રે લાલ,
કેવલધર અણગાર સુખકારી રે,
રાજા પૂછે રંગશું રે લાલ, કહો મુઝ એક વિચાર. સુ૦ ૧
શીલ તણો મહિમા સુણો રે લાલ. ॥ આંકણી ॥
શ્રીપતિ શેઠ વસે ઇહાં રે લાલ, કમલશ્રી ઇહાં જાણ. સુ૦
કઠિયારો કાન્હડ અછે રે લાલ, લેખે મુઝને આણ. સુ૦શી૦ ૨
મુનિવર આગલ ભાખિયો રે લાલ, ચારે તણો અવદાત સુ૦
ચાર માંહે અધિકો કિસ્યો રે લાલ,
મહિપતિ પૂછે વાત સુ૦ શી૦ ૩
ચારે એ મહિમા નિલા રે લાલ, ચારે એ ચતુર સુજાણ સુ૦
ઇણ મેં અધિકો કાન્હડો રે લાલ, રાખી વ્રતની કાણ સુ. શી૦ ૪
મૂકયા સોનૈયા પાંચશે રે લાલ, મૂકયો ગણિકા ભોગ. સુ૦
ધન કઠિયારો કાન્હજી રે લાલ,
સહુય સરાહે લોક. સુ૦ શી૦ ૫
ધનધન લોક કાન્હડ કહે રે લાલ, ધન કહે નગર નરેશ સુ૦
શીલ તણી જિણે આખડી રે લાલ,
બાલી યૌવન વેશ. સુ૦ શી૦ ૬

તીરથ શેત્રુંજો વડો રે લાલ, મંત્ર વડો નવકાર સુ૦
નદિયામાંહિ મંદાકિની રે લાલ, વ્રત માંહે બ્રહ્મચાર.સુ૦શી. ૭

શીલ તણો મહિમા સુણી રે લાલ, હરખ્યા રાણો રાણ. સુ૦
ધન ધન જે સેવે સદા રે લાલ,
તે લહે સુખ નિર્વાણ. સુ૦ શી૦ ૮

ઇણ અવસર અવનિપતિ રે લાલ, થાપ્યો નિજ પરધાન સુ૦
રાજકાજ તે સોંપીયું રે લાલ,દીધું બમણું માન. સુ૦ શી૦ ૯

રાજભાર ધુરંધરૂં રે લાલ, મંત્રમેં શિર નવકાર. સુ૦
મન મોહ્યું મહારાજનું રે લાલ,વાધી બમણી લાજ સુ૦શી૦૧૦

પંચવિષય સુખ ભોગવે રે લાલ, ભોગવે ભોગ રસાલ સુ૦
લે લાહો લખમી તણો રે લાલ,
ટાલે કુમતિ જંજાલ. સુ૦ શી૦ ૧૧

સાતમી ઢાલ સોહામણી રે લાલ, એમ કહે કવિ માન સુ૦
શીલ તણા પરભાવથી રે લાલ,કાન્હડ થયો પરધાન.સુ૦શી૧૨

॥ દોહા ॥

હવે કાન્હડ સદ્‌ગુરૂ કને, શીખે સમકિત ભેદ;
સુગુરુ સુદેવ સુધર્મ શું, જાણશું સદા ઉમેદ. ૧
શ્રાવકનાં વ્રત આદર્યાં, પાલે નિરતિચાર;
સેવ કરે અરિહંતની, જાપ જપે નવકાર. ૨
દાન શીયલ તપ ભાવના, શિવપુર મારગ ચાર;
આરાધે અતિ ભાવશું, જિમ પામે ભવપાર. ૩

## ઢાલ આઠમી ( દેશી–મધુકરની )

ઇણ અવસર આયા ઈહાં, ધર્મઘોષ અણગાર. ભવિયણ,
કાન્હડ દીક્ષા આદરી, છાંડી ધન પરિવાર. ભ૦ ૧

ધન ધન શીલ સદા ભલું, જે સેવે નર નાર, ભ૦
ઇણ ભવ સુખ સંપદ મિલે, પરભવ મુગતિ દાતાર. ભ૦ ધ૦

પંચ મહાવ્રત ઉચ્ચરે, પાંચે મેરુ સમાન, ભ૦
છક્કાયની રક્ષા કરે, ધન કાન્હડ પરધાન. ભ૦ ધ૦ ૩

પાંચ સમિતિ સેવે સદા, તીન ગુપતિ ધરે અંગ, ભ૦
અંગ દગ્યાર ભણ્યા સહું, વલી બારે ઉપંગ. ભ૦ ધ૦ ૪

તપ કિરિયાનો ખપ કરે, લે મુનિ શુદ્ધ આહાર ભ૦
ભ્રમર તણી પરે બહુ ભમે, ચાલે ખાંડા ધાર. ભ૦ ધ૦ ૫

બાવીશ પરિસહ ઝીંપતો, કરતો કર્મની હાણ. ભ૦
દશવિધ યતિ ધર્મ સાચવે, જીવિત મરણ સમાણ, ભ૦ ધ૦ ૬

ક્રોધ માન માયા તજી, તજીયો સઘલો લોભ, ભ૦
ચારિત્ર પાલે નિર્મલું, વાધે જગમેં શોભ. ભ૦ ધ૦ ૭

ક્ષમા ખડ્ગ કર સાહિસું, પહેરી શીલ સન્નાહ, ભ૦
મહિયલ વિચરે એકલો, કોયે નહિ પરવાહ. ભ૦ ધ૦ ૮

કર્મશત્રુ ઝીંપણ ભણી, જાણે સાર્દૂલો સિંહ, ભ૦
અપ્રમત્ત ભારંડ પરે, કોઈ ન આણે બીહ. ભ૦ ધ૦ ૯

પંચ તીરથ જાત્રા કરી, નિર્મલ કીધાં ગાત્ર, ભ૦
બારહ ભાવી ભાવના, મુનિવર ચારિત્ર પાત્ર. ભ૦ ધ૦ ૧૦

પાપ આલોચ્યાં આપણાં, સદ્ગુરૂ કેરી સાખ, ભ૦
સયલ જીવ ખમાવિયા, જે ચોરાશી લાખ. ભ૦ ધ૦ ૧૧
અંત સમય જાણી કરી, કરિ અણુસણુ પચ્ચક્ખાણુ ભ૦,
દેવલોકે થયા દેવતા, પહિલે કલ્પે જાણ. ભ૦ ધ૦ ૧૨
અષ્ટ કર્મનો ક્ષય કરી, લહિ માનવ અવતાર, ભ૦
મોક્ષ તણાં સુખ પામશે, ધન કાન્હડ અણગાર. ભ૦ ધ૦ ૧૩
સરસ ઢાલ એ આઠમી, સાધુ તણો આચાર, ભ૦
માન કહે સુખ સંપદાં, જે સેવે નરનાર. ભ૦ ધ૦ ૧૪

**ઢાલ નવમી** (વાડી ફૂલી અતિ ભલી, મન ભમરા રે-એ દેશી)

કાન્હડ સાધુ શિરોમણિ મન ભમરા રે,
લીધો સુર અવતાર, લાલ મન ભમરા રે;
શીલ તણા પરભાવથી, મ૦ લાધી ઋદ્ધિ અપાર લાલ. મ૦ ૧
શીલે સુર સાન્નિધ્ય કરે, મ૦ શીલે પામે રાજ લા૦,
શીલે સંપત્ત સંપજે, મ૦ સીઝે વંછિત કાજ. લા૦ મ૦ ૨
ડાયણ સાયણ વ્યંતરી મ૦ ભૂત પ્રેત વેતાલ લાલ૦,
શીલ તણા પરભાવથી મ૦ આવીં નમે તતકાલ. લા૦ મ૦ ૩
શુલી સિંહાસણ થઈ મ૦ શેઠ સુદર્શન જોય, લા૦
શીલ તણા પરભાવથી મ૦ રાન વેલાઉલ હોય. લા૦ ૪
કાન્હડ સાધુ તણી પેરે મ૦ ભવિયણ પાલો શીલ, લા૦
ઇણ ભવ સુખ સંપદ મિલે મ૦ પરભવ અધિકી લીલ. લા૦ ૫
નગર ભલું પદ્માવતી મ૦ મરૂધર દેશ મઝાર, લા૦
ધર્મનાથ પરસાદથી મ૦ પૂજા સત્તર પ્રકાર. લા૦ ૬

વડા વસે વ્યવહારીયા મ૦ ધન કરિ ધનદ સમાન. લા૦
ખ્યાગી ત્યાગી બહુગુણી મ૦ દે વટ કરિસણ દાન.લા૦, ૭
સત્તરશે છેતાલીસમે મ૦ તિહાં કીધો ચઉ માસ. લા૦
સદ્ગુરૂનાં પરસાદથી મ૦ પૂગી મનની આશ. લા૦ ૮
શ્રી તપગચ્છગુરૂ રાજીયો મ૦ શ્રીવિજયપ્રભસૂરિંદ,લા૦
તસ ગચ્છ ગગન દિવાકરૂ મ૦ શ્રીવિજયરત્નમુણિંદ. લા૦૯
તસગચ્છમેં મહિમા નિલો મ૦શ્રીજયસાગર ઉવજ્ઝાય,લા૦
તાસ શિષ્ય શોભાકરૂ મ૦ જિતસાગર ગણિરાય. લા૦ ૧૦
રાજસાગર સુખ સંપદા મ૦ રચિયો એ અધિકાર, લા૦
ઓછો અધિકો ભાખીયો મ૦ મિચ્છામિ દુક્કડકાર. લા૦૧૧
માનસાગર સુખસંપદા મ૦જિતસાગર ગણિ શિષ્ય,લા૦
સાધુ તણા ગુણ ગાવતાં મ૦ પૂગી મનહ જગીશ. લા૦ ૧૨
નવમી ઢાલ સોહામણી મ૦ ગોડી રાગ સુરંગ, લા૦
માનસાગર કહે સાંભલો મ૦ દિન દિન વધતે રંગ. લા૦ ૧૩

ઇતિ શ્રી શીલ વિષયક
શ્રી માનસાગર ગણિ વિરચિત
કાન્હડ કઠિયારાનો રાસ સમાપ્ત.

રાજકોટમંડન શ્રી સંભવનાથાય નમઃ
પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરિભ્યો નમઃ

# શ્રી મયણુરેહાનો રાસ.

## ( ચોપાઇ )

### ॥ દોહા ॥

જૂઆ માંસ દારૂ તણી, કરે દેશ્યાશું જોષ;
જીવહિંસા ચોરી કરે, પરનારીનો દોષ. ૧

**ઢાલ** ( અનાથીની-વૈરાગી દેશીમાં )

વ્યસન સાતમું પરનારીનું, પ્રત્યક્ષ પાપ દીખાયું;
રાવણ પદ્મોત્તર મણિરથ રાજા, તીનું રાજ ગમાયું.
રાજવીયાંને રાજ પિયારો, ભાઇ છેદ્યો પ્યારો; એ આંકણી. ૧

મણિરથરાજા કેરો સુણજો, યુગબાહુને માર્યો;
આપ મૂઓને રાજ ગમાયું, હાથે કછુઅ ન આયો.રાજ૦ ૨

રાવણ રાજા પહેલો હૂઓ, પીછે પદમોત્તર રાયો;
ત્રીજી કથા મણિરથ રાજાની, તે સુણજો ચિત્ત લાયો.રા૦ ૩

જંબુદ્વીપ ભરત ખેતરમાં, નગર સુદંસણ ભારી;
ધનશું પૂરણ દેખતાં સુંદર, રૈયત સુખી રાજારી. રા૦ ૪

મણિરથ રાજા ધારણી રાણી, રિદ્ધિ તણો વિસ્તારો;
હાથી ઘોડા રથ પાયક સેના, થાકતો ચોથો આરો. રા૦ ૫

સ્વચક્રને પરચક્રનો, વિરોધ નહી તેણિવારો;
મણિરથરાજાને યુગબાહુ ભાઇ,માંહો માંહે છે પ્યારો. રા૦ ૬

પંચેંદ્રીના ભોગ ભોગવતા, નાટિક રચણિ દિહાડે.
વિવિધ પ્રકારની ક્રીડા કરતાં,વિષયવિરૂદ્ધ હવે પાડે.રા૦ ૭
મણિરથ રાજા રાજ કરતાં, ચડીયા મહેલ ઉદ્દારો,
તેણે અવસર મયણરેહા દીઠી, યુગબાહુની નારો. રા૦ ૮
રૂપ દેખીને અચરજ પામ્યો, અહો અહો રૂપ અપારો,
ઇણ રાણીને મહોલમાં રાખું,સુખ વિલશું સંસારો. રા૦ ૯
મણિરથ રાજા કરી મનસુબો, યુગબાહુને બોલાયો,
કરો બજાઇ આયુધ શાલાની,દેશ લેવા હું જાયો. રા૦ ૧૦
હાથ જોડી યુગબાહુ બોલે, એ છે થોડો કાજો,
રાજ બિરાજો રાજસુખોમેં, હું જાઉં મહારાજો. રા૦ ૧૧
મણિરથ રાજા રાજી હુઓ, હુકુમ કીયો છે ભાઇ,
દેસ કિલો કાયમ કર આજો, લે જાઓ ફોજ સજાઇ. રા૦ ૧૨
યુગબાહુ ઉઠયો સીતાબશું, હરખ હુઓ મન માહિં,
દસ કિલા કાયમ કરી આવી, મુજરો કરશું ભાઇ. રા૦ ૧૩
લઇ ફોજાં યુગબાહું ચઢીયો, મજલેં મજલેં જાયો,
યુગબાહુ તો મરમ ન જાણે,મણિરથ કીયો ઉપાયો. રા૦ ૧૪
મણિરથરાજા મયણરેહાને, ભારી વસ્ત્ર મગાવે;
ઘરેણા જડાવ પહેરણ સારૂ, દાસી હાથેં પહોંચાવે.રા૦ ૧૫
રાજાના કહેવાથી દાસી, દે રાણીને જાયો,
મણિરથરાજા ચોજ બનાયો,તિણરી ખબર ન કાયો.રા૦ ૧૬
મયણરેહ મનમાંહે જાણ્યો, ધણી ચાલ્યો સંગ્રામો,
મયણરેહા મન યુંહી વિમાસે; જેઠ પિતાને ઠામો. રા૦ ૧૭

એમ જાણીને ઓરા લીધા, વસ્ત્ર આભૂષણ સારો,
નેહ સ્નેહે વસ્તુ મેલીને, રાજા લાગ્યો લારો. રા૦ ૧૮
મયણરેહાને રીસજ આવી, દીયો દાસીને જિંજકારો,
મુજ ધણી તો પરદેશ સિધાયો,
રાજા પડીયો મારી લારો. રા૦ ૧૯
દાસી મન દિલગીર હુઇને, રાજા પાસે જાયો,
મયણરેહા તો કોપ કરીને, દીની વસ્તુ બગાયો. રા૦ ૨૦
મણિરથરાજા રાત સમયમાં, મહેલ ભાઇને આયો,
દરવાજો જડીયો તેણે દીઠો, હેલો મારે રાયો. રા૦ ૨૧
મયણરેહા મનમાંહે જાણ્યો, મણિરથરાજા આયો,
બીજા ઉપાય તો કોઇ ન દીસે,દીઉં સાસુને જગાયો.રા૦ ૨૨
મયણરેહા તો છાનું જઇને, વાત સાસુને જણાયો,
અમલને વસ માતાયે જાણ્યો. બેટો ભૂલે આયો. રા૦ ૨૩
એતો મહેલ બેટા જુગબાહુનો,મહેલ પેલીકાની થારો,
વચન માતાનાસાંભલીરાજા,લાજ્યોઘણોતિણિવારો રા૦ ૨૪
મયણરેહા મનમાંહે જાણ્યો, પડ્યો રાજા મહારે લારો,
તો કાસીદ હું મેલુંધણીને,હેલા આવજો એકવારો. રા૦ ૨૫
વીતી વાત લખી કાગલમાં, જીવતી જાણો માને,
તો ઘર પાછાં વહેલાં આવજો,દગો કીધો ભાઇ થાને.રા૦ ૨૬
કાસીદ કાગદ દીનો વેગો, જુગબાહુને જાઇ,
કાગલ વાચી જુગબાહુયે જાણ્યો,દગો કીઓછેભાઇ.રા૦ ૨૭
ઇમ જાણી જુગબાહુ વલિયો, ઢીલ ન કીધી કાંઇ,
મુહૂર્ત નહીમહેલે જાવણારો,નિમિત્તિયે વાત બતાઇ.રા૦ ૨૮

જુગમાહુ ડેડેરો બાહિર કીયો, નગરીમાં નહીં આયો,
મણિરથરાજારો ડર જાણીને, રાણી ધણીકને જાયો. રા૦ ૨૯
મયમરેહા મિત્ર આપ ધણીની, પરપુરૂષ પ્રીતિ ન જાણી,
વિરતિ આપણું રાખણુ સારુ, જતન કરે છે રાણી. રા૦ ૩૦
મયણુરેહા તો ગઇ સીતાબશું, વિધિશું વાત સુણાઇ,
જુગબાહુ તો મનમેં જાણ્યો, મારશે મુઝને ભાઇ. રા૦ ૩૧
જુગબાહુને આવ્યો જાણી, ડર ઉપનો રાજારે,
મણિરથ રાજા કરે વિમાસણુ, ઉમરાવ છે ઇણ સારે. રા૦ ૩૨
જુગબાહુને રાણી કહેલી, હગો, કરેલો ભાઇ,
સાથ સમાન છે ઇણ રે ઘોડે, તો હું પહેલાં મારું જાઇ. રા૦ ૩૩
ભાઇ મારણ રાજા રાતરો ચાલ્યો. ચઢીયો એક સખાઇ,
ઢોડીદાર ચાકર પાલંતાં, ગયો ધખાઇન માંહિ. રા૦ ૩૪
મયણુરેહા તો મનરી હાખવી, જેટલે મણિરથ આયો,
કહે ધણીને હુઓ સાવધાનો, મારેલો થાંકો ભાયો. રા૦ ૩૫
મયણુરેહા તો અલગી હુઇ, રાજા નેડો આયો,
જુગબાહુ તો સાહામો આયો, મણિરથ ઘાવ ચલાયો. રા૦ ૩૬
ભાઇ મારીને પાછો વલિયો, થઇ ઘોડે અસવારો,
સર્પ પૂછડીયે ખુર હેઠેથી, ખાધો છે તિણિવારો. રા૦ ૩૭
મણિરથ રાજા હેઠે પડિયો, મરણ પામ્યો તત્કાલો,
ખબર નહીં કોઇ રાજસભામેં, કર્મે કીધો ચાલો. રા૦ ૩૮
મયણુરેહા તો ધણી કને આઇ. દુઃખ ધરતી મનમાંહિ,
મેં થાંને કહ્યો મહારાજા, મારેલો થાંકો ભાઇ. રા૦ ૩૯

મયણરેહા તો કહે ધણીને, કરો સંથારો સોઈ,
ચાર શરણ થાંને હોજો સ્વામી,નહીં છે કિણરો કોઇ. રા૦ ૪૦
મોરા પ્રીતમ થાને દ્યું છું, શીખ હૈયડા મેં ધારો,
સાહેબ તું પરદેશ સિધારો, હું ભાતું બાંધું લારો. રા૦ ૪૧
મોરા પ્રીતમ થાને દેવઅરિહંતો, ગુરૂનિર્ગ્રંથ સુસાધુ,
ધરમ દયા કેવલીકો ભાંખ્યો, સમકિતને આરાધો. મો૦ ૪૨
થાને જીવ મારણરો, જાવજીવ, પચ્ચક્ખાણો,
સર્વ પ્રકારે મૃષાવાદમે, અદત્તદાનમે જાણો. મો૦ ૪૩
થાને મૈથુન સેવણરો, નવવિધ પ્રગટ પ્રમાણો,
મનુષ્ય અને તિર્યંચસંબંધિ,જાવજીવ પચ્ચક્ખાણો.મો૦ ૪૪
થાને પ્રીતમ નવવિધ, પરિગ્રહનો પરિહારો,
ક્રોધ માન માયા લોભ એ, ચારેનો પરિહારો. મો૦ ૪૫
થાને રાગ દ્વેષહ, કલહને અભ્ભક્ખાણો,
પૈશુન્ય ચાડી રતિઅરતિ, પરપરિવાદ પચ્ચક્ખાણો.મો૦૪૬
માયામોસો, જીવને નહી, ભલો કોઇ રીતે,
મિથ્યાશલ્ય મનથી કાહાડીને,રહો સમકેત પરતીતે.મો૦ ૪૭
નહી કોઇ કહેનું, સ્વપનો સંપત જાણો,
પરભવમાં એ સાથે ચાલસી, ગાંઠે બાંધો નાણો. મો૦ ૪૮
થાને સૂંસ કરાવું, મોમેં જીવ મત ઘાલો,
કરી આલોયણ કારજસારો,પરભવ સુખસોહિલારો.મો૦ ૪૯
ઈમ કરો વિચારો, ધરમ સાચો કરી જાણો,
ડાભઅણી જલ જીવિત જાણો,શ્રીજિનવચન પ્રમાણો.મો૦૫૦

એ દોષ કરમનો, કિણને દોષ ન દીજે;
ક્ષણ વૈયરતો કોઇ ન છૂટે, બાંધ્યા જે ભુકતીજે. મો૦ ૫૧
કુણ માતાને પિતા, કોણ કુટુંબ કોણ ભાઇ;
ઘરકીતો સાહિબ નહી સ્ત્રી, સ્વારથ સર્વ સગાઇ. મો૦ ૫૨
સદ્દહજો સંથારો, ચાર આહાર પરિહરિયો;
મરણ સહુને સાહિબ એકદિન,સાચતો રાખજો હિયો.મો૦૫૩
મયણરેહા છાતી ગાઢ કરીને, કારજ પતિનો સુધાર્યો;
મિત્ર હોઇને મરણ સુધારે, ધન્ય મિત્ર તણો નેહ પાર્યો.રા૦ ૫૪
મોહવશે થઇ મરણ બિગાડે, ઘેરી નરકમેં ઘાલે;
સગા તો પણ પૂરવ વયરી, થઇ ઉભા તિણ કાલે. રા૦ ૫૫
મિત્ર હોઇને મરણ સુધારે, તે વિરલા સંસારો;
કઈ સરણાને સૂંસ કરાવ્યા, કરિયો પર ઉપગારો રા૦ ૫૬
ધન્ય સાંસારમે મયણરેહા સતી, કારજ ધણીનું સુધાર્યું;
જીવ્યું તો એનું રૂડું જાણો, ધન વૈભવ ન સંભાર્યું.રા૦૫૭
મન સમતા આણો, મમતા કોઇ મત રાખો;
શત્રુ મિત્ર સહુ સરખા જાણો,કોઇશું શલ્ય મ રાખો. રા૦૫૮
જુગબાહુ તો સદ્દહ્યો સંથારો, સાહ્ય દીયો છે રાણી;
કાલમાસે તો કાલ કરીને, જઇ ઉપના વિમાણે. રા૦ ૫૯
મયણરેહા સતી મનમેં જાણયો, રખે પકડે મને રાયો;
વેસ બદલાવીને પરિ જાઉં, દાસી નામ ધરાયો. રા૦૬૦
ડેરામેશું બાહિર નિકલી, ગઇ ઉજાડી માયો;
પડી આપદા નહી કોઇ સાથે, રાણી કુંઅર જાયો.રા૦૬૧

જિણજાયે હસોટણ હૂંતે, વધતી રાજ વધાઇ;
વિષમ વિયોગનો કૂંઅર જાયો,જોજો કર્મ કમાઇ. રા૦ ૬૨
ચંપો પાછલો રાણી ડરપે, રખે આવે કોઇ લારો,
ઇમ જાણીને કુંઅર જાયો, હુઇ કરમોને સારો. રા૦ ૬૩
કોમલકાયા કારણ પડિયો, પાય પડે નહી ઠાયો,
કુંઅર તો રાણી નિભતો ન જાણ્યો,
બાલ મેલ્યે રણમાંયો. રા૦ ૬૪
ચીર બિછાઇ સિલા ઉપરસુવાડયો,બાલ વિછોહો જાણ્યો.
હોણહાર થારો હોસે જાયા, મયણરેહા દુઃખ આણ્યો. રા૦ ૬૫
ઘણા દાસને દાસી હૂતી, રાજકુમરની ધાયો,
દોડી પડદામાંહે રહેતી, રાણી એકલી જાયો. રા૦ ૬૬
કુઅર મેલીને આગે ચાલી, અન્ન વિણ સૂની કાયા,
કેઠ સુવાવડ કુણ મંગલ ગાવે, કર્મે ચેન દીખાયા. રા૦ ૭૬
જાતા જાતા આગે નદી આઇ,વસ્ત્ર પાણીમેં પખાલ્યા,
સ્નાન કરીને તીરે બેઠી, દુઃખ કરે મયણરેહાલા. રા૦ ૬૮
કોણ વિયોગ પડીયોહો માને, કિસે ઠેકાણે આઈ,
રણમાં રોલી એકલી બેઠી, રોવે છે વિલવાઇ. રા૦ ૬૯
કિણઘર જન્મી કિણઘર આઇ, રાજાની રાણી કહાઇ,
સાહિબ મહારો મૂઓ મેલ્યો. રણ રોઇમેં આઇ. રા૦ ૭૦
પડિયો વિછોહો માત પિતારો, જગવલ્લભ લઘુભાઇ,
ચંદ્રજસાને મહોલમાં મેલ્યો, બાલક છે રણમાંહી. રા૦ ૭૧
મહેલ ઝરોખા શોભે જાલી, રાજવીયાં રૂસનાઇ,
ઋદ્ધિ સાહેબકી ઉભી મેલી હું,આઇ બેઠી વનમાંહી. રા૦ ૭૨

વિષમ ઉજાડી તીર નદીનો, સુખ નહી છે તિલ રતી,
મયણરેહા તો દુઃખકરી દોરી, અષ્ટ પડયો છે સતી. રા૦ ૭૩
જૂરે ધણીને કરય વિલાપા, દુઃખભર છાતી ફાટે.
મયણરેહાનું દુઃખ પ્રભુ જાણે, બેઠી છે તટ માટે. રા૦ ૭૪
સંયોગ રૂપણી ઇરૂઇ હુંતી, વિયોગણી તિણગવાલી,
નાથ વિહૂણી દુઃખ જ કરતી, આણી રણમે રાલી. રા૦ ૭૫
દેખો સગાઇ ઈણ સંસારો, વીછડતાં નહીં વારો,
ઇમ જાણી સદ્ગુરૂ સેવો, લાહો લેજો લારો. રા૦ ૭૬
તિણ અવસરમેં દેવતા જાણ્યો, દુઃખ કરે છે રાણી,
વૈક્રિયરૂપ કર્યું હાથીનું, રામત માંડી પાછી. રા૦ ૭૭
દુઃખ વીસરીને વિલમ કીનો, સૂંઢ ઉછાલે પાણી,
દુઃખ દોરીને હાથી દીઠી, રામત દેખે રાણી. રા૦ ૭૮
જિયું જિયું રામત દેખે રાણી, અચરિજ મનમાં ભારી,
ધર્મ અંકૂરો પુણ્ય પ્રકારે, આવે છે નરનારી. રા૦ ૭૯
જલભરી હાથી તેહને સુંડશું, દેખી રાણી ઉછાલી,
તેટલે નેડો આવી નીકલ્યો, પાઠાંતર,
દેવતા છે કોઇ પર ઉપગારી, રાણી શુંઢે ઉછાલી,
ઇતરે કોઈ આય નિકલ્યો, રાણી વિમાનમેં ઘાલી. રા૦ ૮૦
વિદ્યાધર તો રાજી હૂઓ, રૂપ ઘણો છે નારી,
તરત વિમાન ને પાછો વાલ્યો, હું લઇ જાઉં ઘરબારી. રા૦ ૮૧
મયણરેહા તો મનમેં જાણ્યો, તુરત વલ્યો છે પાછો,
કુણ જાણે કિણ દિસ લઇ જાવે, યું તો ન દીસે આછો. રા૦ ૮૨

વિદ્યાધરને આણી પૂછે, જાતો કિણ દિસે ભાઇ,
આવતો તો તે પાછો વલિસો, કીસી આઇ દિલમાંહી.રા૦૮૩
ભગવંતના હું દરિસણ જાતાં, તુજ સરખી મલી નારી,
ઈમ જાણી હું પાછો વલિયો, સુખ વિલશું સંસારી.રા૦ ૮૪
મયણરેહા મીઠે વચને કહે, ભગવંત દરિસણ જાતાં,
મારગ માંહે તો હું મલી છું, નફો બહુ દરિસણ કરતાં.રા૦૮૫
તીર્થંકરના દરિસણ કરતાં, પ્રસન્ન હોસે થારી કાયા,
વિદ્યાધર સુણિ પાછો વલીયો, મયણરેહા મન ભાયા.રા૦ ૮૬
સમોસરણશું નેડા આવી, વિમાનથી ઉતરિયા,
કરી વંદના ને વખાણ સુણિયો,કારજ સતીના સરિયા.રા૦૮૭
જુગબાહુ તો દેવતા હૂઓ, ઉઠે છે ઉદ્યમ આણી,
કરજોડી દેવાંગના હર્ષશું, જયજય કહે મુખવાણી. રા૦ ૮૮
ઇણઠાણે સ્વામી આઇ ઉપના, હૂવા હમારા નાથો,
કુણ ગુરુની તુમે સેવા કીધી, કિશો દાન દીયો હાથો.રા૦ ૮૯
જ્ઞાને કરીને દેવતાયે દીઠો, પૂરવભવનો વિચારી,
જુગબાહુ મહારો નામજ હૂતો,મયણરેહા મહારી નારી.રા૦૯૦
મયણરેહાને કારણ મુજને, મણીરથ ભાઇયે માર્યો,
ધરમ તણો મુજ સાહાજ્જ દીધો,મયણરેહા મુને તાર્યો.રા૦૯૧
ઉપગારી ગુરુણી જાણીને, દેવતા દરિસન જાયો,
દેખ મયણરેહા કિણ થાનક, બેઠી સમોસરણ માંયો.રા૦ ૯૨
તતક્ષણ દેવતા તિહાં આવીને, પ્રભુને પ્રદક્ષિણ દીધી,
સાધુ સાધ્વી સર્વ છોડીને, મયણરેહાને વંદન કીધી.રા૦ ૯૩

પર્ષદા દેખી હસવા લાગી, દેવતા દીશે ગહિલો,
સ્ત્રીને ઇણે વંદન કીધી, જીણુરા પ્રભુ ઉત્તર દેલો.રા૦ ૯૪
હેલો મત ને મઠરા હાસો, એ છે એની ગુરુણી,
ઇમ જાણીને વંદના કીધી, પાછલા ભવની પરણી.રા૦ ૯૫
જુગબાહુ ઇણુરા નામ જ હૂતો, મયણુરેહા એ નારી,
ધર્મ તણો ઇણે સાહાજજ દીનું,એ હૂઓ સુર અવતારી.રા૦૯૬
મયણુરેહા રે કારણુ ઇણને, મણિરથ ભાઇયે માર્યો,
ઉપદેશ દેઇ સંથારો સર્દહ્યો. મયણુરેહાયે તાર્યો. રા૦ ૯૭
મયણરેહા સતી મનમાંહે જાણ્યો, કંત દીશે છે મહારો,
ઇણુ અવસરમે સંજમ લેઉ, પછી વિદ્યાધરને સારો. રા૦ ૯૮
ભરી પરષદામે મયણુરેહા ઉઠી, બોલે બેકર જોડી,
આજ્ઞા દ્યો સ્વામી સંયમ લેઉં, ટાલુ ભવની કોડી. રા૦ ૯૯
દેવ કહે થાને આજ્ઞા મહારી, લ્યો થે સંયમ ભારો,
જુગબાહૂ તો ઉરણુ હૂઓ, મયણારેહાને તાર્યો. રા૦ ૧૦૦
મુજને તો વિદ્યાધર લ્યાયો, પરવસ વાત પ્રકાશી,
કઠે વિદ્યાધર કહે દેવતા, ગયો વિદ્યાધર નાસી.રા૦ ૧
મયણુરેહાયે સંયમ લીનો, જ્ઞાન ભણે ગુરુણી પાસે,
વિનય કરીને આજ્ઞા પાલે, સમિતિ ગુપ્તિ અહિઆસે.રા૦ ૨
દેવ તો મનમાં હર્ષ જ પામ્યો, પૂજે પ્રભુના પાયો,
સાધુ સાધુ સર્વ વાંદીને, આવ્યો જિણદિશિ જાયો.રા૦ ૩
દેવતા આપણે ઠામ પોહોતો, મયણુરેહા સંયમ પાલે,
બાલક માતાથે રણમાં મૂકયો,આપણ પુણ્ય રખવાલો.રા૦ ૪

ન કોઇ હિંસક જીવ ત્યાં આવે, નહી કોઇ પંખી આયો,
પુણ્ય એહના જોર કરીને, રાજા રણમાં આયો.રા૦ ૫

મિથિલા નગરી પદ્મોત્તર રાજા, ચઢિયો સિકારે સોઇ, પાપ કરતાં પડયો પાધરો, પૂરવ સુકૃત કોઇ. રા૦ ૬. કરી અસવારી વનમાં ફિરતો, ચઢ્યા પાયક સબ કોઇ, રણમાં બાલક સૂતો દીઠો, પદ્મોત્તર રાજી હોઇ. રા૦ ૭. બાલક દેખી રાજા આવ્યો, રૂપ જોઇ અચરિજ પાયો, બાલક તો કોઇ પુણ્યવંત દીસે, રાજાને મન ભાયો. રા૦ ૮. દેખો પુણ્યાઇ રાજા કેરી, સરણ નહી મનમાંયો, વસ્તુપ્રાપ્તિ પુણ્ય પ્રમાણે, કુંઅર રાજાયે પાયો. રા૦ ૯.

મહારા રાજ્યમાં પુત્ર નહી છે, એતો સહેજે આયો, ઇણ બાલકને ઓરો લઇને, સોંપુ રાણીને જાયો. રા૦ ૧૦. કુમર ઉચાલી રાજા પાછો, આયો નિજ દરબારો, પટરાણી પુષ્પચૂલા તેડી, પુત્ર દીયો દેવકુમારો. રા૦ ૧૧. નવ માસવાડા ભારે મસ્તી દેવી પીતર મનાયો, આપણા પૂરવ પૂણ્યે કરીને, કુમર સહેજે આયો. રા૦ ૧૨. આપણા રાજમાં પુત્ર નહી છે, કરો ઇણારી પ્રતિપાલો, રાજ્ય લાયક એ કુંઅરજ દીશે, હોસે રૈયત રખવાલો. રા૦ ૧૩. ભારી ભૂલવણી દઇ રાણીને, કુમરજ ખોલે ઘાલ્યા, પુણ્યવંત કુમર ઘર આયો પીછે, ભૂમ્યા નમીને ચાલ્યા. રા૦ ૧૪. જે ભૂમ્યાથી અતિહી બીહીતા, કુંઅર

રાજા રે આયો, ભૂમ્યા આવી ચાકરી લાગા, નમી નામ દેવસાવ્યો. રા૦ ૧૫.

નમી કુમર તો વધતો રાજમે, દિનદિન ચડતો હોઇ, માત પિતા બાંધવ વિછોહો, તે સુણજો સહુ કોઇ. રા૦ ૧૬. જુગબાહુને મણિરથે માર્યો, વિષયરસે લોભાયો, પાછો વલતાં સાપે ખાધો, ચોથી નરકમે જાયો. રા૦ ૧૭. બેહુ રાજાનો મરણુજ હુવો, ખબર હુઇ નગરીમાંહિ મયણરેહા તો નિકલી નાઠી, તિણરી ખબર ન કાંઇ. રા૦ ૧૮. દોનુ રાજારો કારજ કીધું, રાજ ચંદ્રજસાને દીયો. કિણને દોષ ન દીજે પ્રાણી, કર્મ આપજે કીયો રા૦ ૧૯. ચંદ્રજસા તો રાજ્ય કરે છે, વરતે ચોથો આરો, બાપ તણો મન થોડો આવે, પણ દુઃખ છે માતારો. રા૦ ૨૦.

નમીકુમર તો મહોટો હૂવો, બલ ક્ષીણ હૂવો રાજારો, નમીકુમરને રાજ બેસાડયો, સુખ વિલસે સાંસારો. રા૦ ૨૧. જુગબાહુ તો દેવતા હૂઓ, મયણરેહા સંયમ પાલે, ચંદ્રજસા ને નેમી ભાઇ, દોનુ રાજ રખવાલે. રા૦ ૨૨. આઠ કર્મ છે મહા જોરાવર, જીવમે ફાંટા પાડે, ચારુને તો ન્યારા કીધાં, એક બહુ દુઃખ દેખાડે. રા૦ ૨૩. દોનું રાજા રાજ ભોગવતાં, અટવી હાથી પડિયો, વસ્તિ આપણી રાખણ સારુ, બાહિર કરવા ચડિયો. રા૦ ૨૪. ચંદ્રજસા તો મનમે જાણ્યો, ઓલડ

દીસે કઠારો, દેખોની મહારી ધરતી, લેસે રાજવીયાં અહંકારો. રા૦ ૨૫.

ચંદ્રજસા ફોજા લઇ ચડીયો, કાકડ સામી આયો, નમી કુંઅર તો કરી સજાઇ, મનમે મગજ ન માયો. રા૦ ૨૬. ચંદ્રજસા તો કોપ કરીને, બોલે વાંકી વાણી, મર્મના મોસા બોલે નમીને, ચઢીયો છે ઇમ જાણી. રા૦ ૨૭. તિણ અવસર મે મયણરેહા સતી, મનમે ઇસડી જાણી, અંગજાત છે દો ું મહારા, નિશ્ચે પુણ્યવંત પ્રાણી. રા. ૨૮. લાખ આદમીરી ઘાતજ હોસે, મરસે ઘણા અજાણી, એથી કોઇ ઉપગારજ કીજે, મયણારેહા મન આણી. રા. ૨૯. વિનય કરી ગુરુણીને પૂછે, આપ કહો તો જાઉં, દોનુ રાજરી રાડ મિટાવુ. હું જાઇ સમજાઉ. રા. ૩૦. માંહોમાંહી કોઇ ન હટશે, અંગજાત છે મહારા, ઘણા જીવાંરી ઘાત જ હોસે, પરમારથ છે દોયારા. રા. ૩૧. દેખો પુણ્યાઇ રાજવીયારી, ગુરુણી તો નહી વર્જ્યો, વસ્તુ આપણી સેંઠી કરીને, પછી ઉપગાર યું કરજો, રા. ૩૨. કરી વંદન મયગુરેહા ચાલી, ફરી સતીયારો સાથો, ચંદ્રજસા તો સઘ પીછાણે, પહેલા કરુ નમી શું વાત. રા. ૩૩. કાંકડસીમાં બેઠા ઠિકાણે, ફોજા ચઢી છે દોઇ, નમિય કુમરનું લસકર પૂછી, ચાલી મયણરેહા સોઇ. રા. ૩૪. રાજ કચેરી મેં રાજા બેઠા, વાત નહી વિષ ટાલો, ઝુંઝ લડાઇરી વાતાં રાજાને, ઉમરાવ મોતી માલો. રા. ૩૫. મયણરેહા સતી

ચરમ શરીરી, આપ તરી પર તારે, રાજ સભાશું નેડી આવી, નજર પડી રાજા રે. રા. ૩૬. નમીયકુમર ઉઠયો સીતાબી, વિનય કર્યો છે ભારી, સાત આઠ પગ સાહામો આયને, સતીયાં કેમ પધારી. રા. ૩૭.

મયણરેહા સતી કહે રાજાને, કારણ પડયો થાશું ભારી, ફોજબંધી તો તે ભલી કીધી, તિણખલ પરને વિચારી. રા. ૩૮. મહારા હાથી અટવી પડીયો, ન હેવે ચંડાલઘર જાયો, સાથ સહુંને ભેલો કરીને, તિણ કારણ ચઢી આયો. રા. ૩૯. બાપ માર્યો ને માતા ભાગી, ગઇ કિણારી લારે, મહારી ધરતી લેવણ આયો, નીચનો જાયો ત્યારે. રા. ૪૦. બેટો થે છો રાજવીયારો, બોલો બોલ વિચારો, થાં ઉપરવલી કુણ ચડી આસી, ઓ ભાઇ છે થારો. રા. ૪૧. નમીકુમર તો મનમે જાણ્યો, માજી દીસે છે મારી, લાજ આણીને નીચે જોયું, વચન કહ્યા મે ભારી. રા. ૪૨. નેમીકુમાર તો કહે માતાને થે લીધો સંયમ ભારો, માતા આપહા કિણવિધ હુઇ, વાત કરો વિસ્તારો. રા. ૪૩. થારા પિતાને મણિરથે માર્યો, હું રાત્રે નિકલી આઇ, જનમ થાહારો વિચમાંહે હુઓ, મેં મેલી દીઓ રણમાંહિ. રા. ૪૪. તીર નદી રે બેઠી હૂતી. વિમાન વિદ્યાધરનો આયો, જલચર હાથીયે મુજને ઉછાલી, હું ગઇ સમો-સરણ માહ્યો રા. ૪૫.

પિતા થારો દેવતા હૂઓ, દરિસણે પ્રભુજીને આયો,

આજ્ઞા માંગી સંયમ લીનો, ભેટયા પ્રભુના પાયો. રા. ૪૬. દોનું રાજારો ઝગડો સુણિયો, લડશે માંહોમાંહી, ઘણા માણસરો મરણજ હોશે, ઇણ કારણ હું આઇ. રા. ૪૭. નમીરાજા એ વાત સુણીને, ચિંતા ફિકર મન આઇ, નમીયકુમર તો કહે માતાને, જાઇને મિલશું ભાઇ રા. ૪૮. ઠીક નહી છે ચંદ્રજસાને, યો છે મહારો ભાઈ, નહી વિસવાસ છે રાજવીયાંને, તિણે મિલશું પહેલો જાઇ. રા. ૪૯. નમીકુમર પહેલો સમજાઇ, ચંદ્ર-જસા કને જાયો, સતીયાં નજર પડી રાજા રે, વિનય કરી સામો આયો. રા. ૫૦.

બે કર જોડી રાજા બોલ્યો, મહાસતીયાં કિમ આઇ, કાશું કારણ પડિયો થારો, ઇસડી વેલા મે આઇ. રા. ૫૧. ફોજા થારી દોનુ રાજા રે, જગડો પડયો માંહો-માંહિ. ફોજબંધી તો થે ભલી કીધી તિણકારણ હું આઇ. રા. ૫૨. બાપ માર્યો મા નિકલી ભાગી, ગઇ તે કિણરી લારો. મહારી ધરતી લેણને આયો, કહી સન-મુખ જાઇ મહારો. રા ૫૩. મહારી ધરતી લેવણ આયો, નીચ ચંડાલ ઘર જાયો, સાથ સમાન ઉણે ભેલા કીધા, તે કારણ હું ચઢી આયો. રા. ૫૪. બેટા છો થે રાજવીયાંરા, બોલો બોલ વિચારો, ઓર થાંપર તો કુણ ચડી આસી, ઓ ભાઇ છે થારો. રા. ૫૫. ચંદ્રજસા તો મહોટો મેલ્યો, ખબર પડી ઉણ સારી, નમી બાલક ન્હાનો જાણીને, વાત કહી વિસ્તારી. રા. ૫૬. વાત સુણીને રાજા લાજયો, નીચે મુખ કરી જોહે,

ભારી વચન કહ્યા માતાને, રાજાને નહી સોહે. રા. ૫૭. ચંદ્રજસાયેં મનમેં જાણ્યો, નમીય કુમર મહારો ભાઇ, નહી સ્નેહ છે દોય બેટારો, તિણ કારણ માતા આઇ. રા. ૫૮. ચંદ્રજસા તો મલવા ચાલ્યો, નમી કુમર સાહામો આઇ, હરખભાવશું બાંહ પસારી, મલીયા દોનુ ભાઇ. રા. ૫૯. એક હાથી પર દોનુ બેઠા, ચંદ્રજસા નમી ભાઇ, ચંદ્રજસારા ડેરાને હિસી, આવે હરખ ઉમાઇ. રા. ૬૦.

યુદ્ધ લડાઇની વાત જ કરતા, લડતાં હોડાહોડી, લોકાં રે મન અચરિજ આયો, કાંઇ કીયો ઇણ મોડી રા. ૬૧. યુદ્ધ મટાવી મેલ કરાવ્યો, ઘણા લોક હૂવા રાજી, ઘણા જણારા માથા પડતાં, રાખ્યા છે ઇણ માજી. રા. ૬૨. ભલો હોજો ઇણ માતા કેરો, જસ લીધું જગમાંહિ, રાજા ઉમરાવ કુશલ જ હૂવા, ઘર ઘર રંગ વધાઇ. રા. ૬૩. રાજકચેરીયેં આવી બેઠા, ચંદ્રજસા નમી ભાઇ, ચંદ્રજસા સુખ થયું જાણીને, વૈરાગે મન આઇ. રા ૬૪. ચંદ્રજસા તો કહે નેમીને, રાજ્ય કરો થેં ભાઇ, મુને તો અબ દીક્ષા લેણદે, એ દોનું રાજ્ય ભલાઇ. રા. ૬૫. નમી કહે મુને દીક્ષા લેણ દ્યો, આપ રાજ્ય કરો મહારાયો, રાજપાટ રિદ્ધિ સહુ સંપદ, મેં તો થાને ભલાયો. રા. ૬૬.

ચંદ્રજસા તો દીક્ષા લીધી, હર્ષ હૈયે નવી માવે, ભાઇ વિછૂઓ દુઃખનું લહેરો, નમીય રાયને આવે. રા.

૬૭. નમીય રાજા તો રાજ્ય કરે છે, રાણી એકસો ને આઠો, પડે ભાટો કહહુવે કારો, દોનુ' રાજારો પાટો. રા. ૬૮. દાહજ્વરના યોગે કરીને, લીધો સંયમ ભારો; ઈંદ્ર પરીક્ષા કરવા આયો, ઉત્તરાધ્યયન વિસ્તારો. રા. ૬૯. દોનુ' રાજારો મેલ કરાયો, મયણરેહા પાછી આઇ, ગુરૂણીને તે પાયે લાગીને, વિધિશું વાત સુણાઇ. રા. ૭૦. દોનુ' રાજાશુ' મેલ કરાયો, રાખી ઘણારી બાજી, મયણરેહાના ગુણ જાણીને, ગુરૂણી હુઇ છે રાજી. રા. ૭૧. છત્રીશ હજાર આરજાંમાંહે, ગુરૂણી ચંદનબાલા, પુણ્યતણી રાય પદવી પાઇ, શીખણી રતનારી માલા. રા. ૭૧. ચેડા રાજારી સાતે પુત્રી, ભગવંત આપ વખાણી, ચેલણા મૃગાવતી ત્રીજી પ્રભાવતી, ચોથી શિવાદેવી રાણી. રા. ૭૩. પાંચમી પદ્માવતી છઠી સુલસા, જયેષ્ઠા સાતમી જાણી, કષ્ટ પડયાં સતી શીલ જ પાલ્યાં, દમયંતી નલ-રાણી. રા. ૭૪. અંજના મહિંદ્રરાજારી બેટી, વિખો સહ્યો મનમાંહિ, કષ્ટ પડયો સતી વ્રત જ રાખ્યો, જસ કીરતી જુગમાંહિ. રા. ૭૫. સતી દ્રૌપદી આગે હુઇ, જસ લીધો ચુગમાંહિ, મહોટા રાજારો વિરોધ મિટાયો, મયણરેહા અધિકાઇ. રા. ૭૬. સંયમ લઇને સુકૃત કરજો, મનુષ્ય જનમ મત ખોઇ, જિન શાસનમેં મયણરેહા કીનો, જ્યું કરજો સબ કોઇ. રા. ૭૭.

મયણરેહા સતી દીક્ષા લઇને, શુદ્ધ મન સંયમ પાલ્યો, જિનમારગમેં નામ દીપાયો, ભવનો ફેરો ટાલ્યો. રા.

૭૮. મયણરેહા કુલતારક હુઇ, લજ્જા આપણી રાખી, વિખો સહ્યો પણ વ્રત નવિ ભાંજ્યું, સબ જુગમાંહે શાખી. રા. ૭૯. યુગબાહુને મયણરેહા રાણી, ચંદ્રયશા નમી ભાઇ, ચારેનાં તો કારિજ સરિયા, મણિરથ નરક જ માંહિ. રા. ૮૦. મયણરેહાને કારણ મણિરથ, યુગબાહુને માર્યો, પાછો વલતો સાપે ખાધો, એકો કાજ ન સાર્યો. રા. ૮૧. વ્યસન સાતમું પરનારીનું, જીવઘાત ઘર હાર્યો, મણિરથરાજા નરકે પહોતો, કામભોગ ભલો આણ્યો. રા. ૮૨. ઇમ જાણી ને કામે ન રાચો, દુઃખદાઇ છે અપારો, ઉત્તમ પ્રાણી મનમેં ધારો, જાસો મોક્ષ મઝારો. રા. ૮૩.

પ્રથમ વીરજી દાન વખાણ્યો, પછી શીલ અધિકારો, તપસ્યા તપીને કર્મ નિવારો, ભાવ વડો સંસારો. રા. ૮૪. એક વ્યસને મનોરથ ન સીધો, દુઃખ પાયો સંસારો; સાત વ્યસન જે સેવે પ્રાણી, તિણરો દુઃખ છે અપારો. રા. ૮૫. વિષયારસ વિષ સમ જાણીને, સદ્ગુરૂ સેવા કીજે, મણિરથરાજાની વાત સુણીને, પરનારી ત્યાગીજે. રા. ૮૬. ગામ કકડીયે કર્યો ચોમાસો, સંવત ચૌદોતેરા માંયો, કથા કારણ આ ઢાલ જ કીની, હર સેવક ચિત્ત લાયો. રા. ૮૭. સાધાં રે તો મુખ સાંભલજો, ચરિત્ર મયણરેહારો, તિણ ઉપર કોઇ અધિકો ઊછો, મિચ્છા દુક્કડં મહારો. રા. ૮૮.

॥ ઇતિ મયણરેહા ચોપાઇ સમાપ્ત ॥

શ્રી વિનયવિજયજી મ. કૃત

# અધ્યાત્મ ગીતા (મોટી)

## ॥ દુહા ॥

ઇષ્ટ દેવ પ્રણમી કરી, આતમદ્રવ્ય અવબોધ;
અનંત ચતુષ્ટયરૂપમઇ, ગુણપર્જવનો શોભ. ૧
દ્રવ્ય અસંખ્ય પ્રદેશ હે, પ્રદેશ પ્રતે ગુણ અનંત;
જ્ઞાન દરસન સુખ વીર્જ ગુણ, ગુણપર્જવ અનંત. ૨
દોય નય વેવહારિયા, કહું નીશ્ચે એક વ્યવહાર;
અભેદ રૂપ નીશ્ચે કહ્યો, ભેદ રૂપ વ્યવહાર. ૩
જોગ પ્રદીપ થકિ કહું, ચેતન તણો વિચાર;
અભેદ રૂપ વિચારતાં, કથની જોગવેવહાર. ૪

## ॥ ચોપાઇ ઢાલ ૧ લી ॥

જીહાં લગે જંતુ તુજ નાવે રોગ, જીહાં લગે જરા તણો ન સંજોગ, જિહાં લગે તુજ ખૂટે ન આય, તાવત્ કરતું ધર્મ ઉપાય. ૧. ધરમ મારગ વિચાર જે કહ્યો, તે આગમમાંહેથી લહ્યો, આગલ કેસૂં ધર્મ વિચાર, તે સાંભલજો શ્રોતા સાર. ૨. હું કીહાં છું જાઇસ કીહાં, આવ્યો હવડાં કિહાંથી ઇહાં, એ વાત પણ કેસૂં સત્ય સાંભલજો તમે શુધમત. ૩. મારો બંધવ હું કુણ તણો, એહવી વાત આતમ પ્રતે ભણો, એ સંદેહ ટાલીસૂં જેહ,

સાંભલજો વલી ચિંતે તેહ. ૪. તીર્થ નાવાને ઇચ્છા કરે, કલેસતણા કારણ નવી હરે, ધર્મ તીર્થ સરીરમાં રહ્યો, સર્વતીર્થથી અધિકો કહ્યો. ૫. તીર્થ તીર્થ સોધતો તું ફિરે, છતું તીર્થ હૃદયે નવી ધરે, એ તીર્થ દેખાડસૂં જેહ, તે પણ આગલ ભણસું તેહ. ૬. આતમપરમાતમ સુખ એક, જ્ઞાનધ્યાનમાં લહીએ છેક, તેહ સરૂપ કેસું મન લાય, સાંભલજો મન એકે હોય. ૭.

॥ દુહા ॥

ધર્મ ધર્મ કરતો ફરે, ન લહે ધર્મનો મર્મ;
ધર્મ કારણ પ્રાણી હણે, દુષ્ટ કરે એ કર્મ. ૧
કર્મ કરે મન હરખસું, હરખ ધરે વલી જેહ;
કુગુરૂ કુદેવ પ્રસંગથી, મિથ્યાતસંગથી એહ. ૨
મિથ્યાત મારે સદા, ભવ ભમાવે તેહ;
મિથ્યાત તણી જે સંગતિ, મૂઢ પડયા વલી જેહ. ૩
તે માટે તમે ધરજો, ધર્મ તણી જે વાત;
ધર્મ ધ્યાને જે ધ્યાઇયા, તે જગમાં વિખ્યાત. ૪

## ॥ ઢાલ બીજી ॥

( સમકીત સુધરે તેહનું જાણીયે; એ દેશી. )

ધર્મ વિના જીવ ચૌગતિમાં ફિરે, મરે અનંતી રે વાર, જન્મ જરા વલિ હિનપણું, તીહાં નહી દુઃખનો પાર. ધર્મ. ૧. નરભવ પામ્યો રે કોઇક જોગથી, નીચ કુલે ગયો જેહ, ધર્મ વિજોગે રે જગમાં રડવડ્યો, મહા-

દુ:ખ ધરે તેહ. ધર્મ૦ ૨. કાલ અનંતરે મનુષગરભ ધર્યો, ગરભ ગળ્યો વરી તેહ. માતતણો ઘાત તીહાં કીધો વલી, ધર્મ વિજોગે એહ. ધર્મ૦ ૩. ભવ ભવ ભમતાં રે કાલ ગયો, ઘણો કોઇક જોગ સંજોગ, અનારજખેત્રે રે તે જઇ ઉપનો. તિહાં નહી ધર્મ સંજોગ. ધર્મ૦ ૪. મરણ કરી જીવ તિહાંથી ઉપનો, નીચકુલે લહ્યો તેહ, તીહાં સામગ્રીરે ધર્મની દોહલી, નિષ્ફલ જનમ જ જેહ. ધ. ૫. એમ ભમતારે કોઇ પરિણામથી, શ્રાવક કુલ મનોહાર, આયૂ વિના જીવ તીહાંથી મરણ કરી, જુઓ ? કર્મ-વિચાર. ધ. ૬. કર્મતણી ગત કોઇ ન લેખવે, એ સવિ ધર્મ વિજોગ, ધર્મ વિજોગેરે બહુ જીવ રડવડે, દૂખે કરી ભોગવે રોગ. ધ. ૭. કોઇક કારણે ભમતો પ્રાણીયો, નર-સવગતિમાં રે આય, થોડે આયુરે નરભવ પામિયો, યોવનવયમાં જાય. ધ. ૮ પૂત્ર મરણ દુઃખ હોય અતિ ઘણું, માત પિતા દુઃખ હોય, પૂત્ર મરણ દુ:ખ લેવા કો નહિ, અથિરસંસાર તું જોય. ધ. ૯. સગાં સહોદર નાત જાત વલી, ધાઇ આવે બહુ કોય, મરણ કરે જીવ તાંથી એકલો, સરણ કોઇ ન હોય. ધ. ૧૦.

પાપ કરંતાં રે તે જોવે નહી, ભય નહી એક લગાર, દુઃખ ભોગવતાં રે એકલો જીવજે, રાખ ન કોઉ ન હાર. ધ. ૧૧. મૂરખ પ્રાણી રે જે સમજ્યા નહી, હાર્યા નર ભવ તેહ, ફરી નરભવ દુક્કર છે તેહને, ધર્મ વિના જીવ જેહ. ધ. ૧૨. ધર્મ પાખે જીવનું સરણ નહી, કર

તું ધર્મ ઉપાય, ધર્મ કરંતા રે ધર્મ આવી મલે, ધર્મ સુખીયો જ થાય. ધ. ૧૩. એમ ભમતાં રે કોઇ પ્રંણા- મથી, આવ્યો આરજ ખેત્ર, ઉત્તમ કુલ પામ્યાં તે તીહાં વલિ, મલીઆ ગુરૂ હિત હેત. ધ. ૧૪. એમ કરંતારે ધર્મરૂચિ થઇ, ગુરૂ ઉપદેશ મન લાય, ગુરૂ કહે ચેતન શિક્ષા માનીયે, કર તું ધર્મ ઉપાય. ધ. ૧૫.

ગુરૂ મુખ દેશના સાંભલી અતિ ભલી, ચેતન ચિતહી વિચાર, જરા વ્યાપે જપ તપ નહી નીપજે, રોગ તનુ ન લગાર. ધ. ૧૬. ગુરૂઉપદેસથી રંગ લાગ્યો સદા, પ્રભુ દરસન મન લાય, સુદ્ધ પરણામે રે જીવ દયા કરી, અનુકંપા ચિતઠાય. ધ. ૧૭. તપ જપ કરતાં રે કર્મ ખપાવતાં, જોવનવયમાં રે જેહ, રોગ નહી તનુ પીડા વરજતાં, જાગ્યો ધર્મ સનેહ. ધ. ૧૮. ધરમ કરતાં રે પરભવ જીવને, ચીત ભટક્યો મન માંહ, કીહાંથિ આવ્યારે કેણે કારણે વલી, હવે હું જાઇસ કીહાં. ધ. ૧૯. કર અંજલી કરી ગુરૂને વિનવે, જ્ઞાની ગુરૂ કહે વાત, ભવોભવ ભમતાં રે સગપણ તે કર્યાં, તે અધિકાર વિખ્યાત. ધ. ૨૦. એહ અધિકાર હવે કેસુ ઇહાં, મત ભટકો મન માંહ, સાંભલતાં વલી મન થીર રાખજો કર્મ તણી ગત એહ. ધ. ૨૧.

॥ દુહા ॥

ચેતન કર્મ ઉપાધિથી, ભવો ભવ ભમતાં જેહ; સૂ.<br>
નરગ નીગોદે તે ભમ્યો, કહે સૂહવડાં તેહ. ૧

મૂલ સ્થાનક નીગોદીઓ, તાહરૂં ઘર છે તેહ;
કર્મ સંજોગે રડવડયો, નરગ ગતિ વલી જેહ. ૨
હિંસારંભ કરે ઘણો, નીદય રાખે મન્ન;
રૂદ્રા પ્રણામે જે મરે, દૂર ગતિ લહે તસ મંદ. ૩
અજ્ઞાને કરી જે કરે, નિષ્ફલ હોવે તેહ;
જાણપણા વિણું જે ક્રિયા, નીગોદ લહે વલી એહ. ૪

## ॥ ઢાળ ત્રીજી ॥

[ સૂણો વીનતી મોરી—એ દેશી ]

જાણપણું જગમાંહિ દોહિલું, જ્ઞાન વિના ન જણાય રે;
સૂણો ચેતનરાયા આંકણી

જ્ઞાન પદારથ મોટો કહીયે, તેથી યોગ્યતા લહીયે રે સૂણો. ૧. અજ્ઞાને કરી જીવ ફરીયો, નારકી માંહે રડવડીયો રે; સૂ. નરભવ પામી સૂકૃત નવિ કીધું, તેથી નીચ પદ લીધું રે. સૂ ૨. નારકીમાં બહુ કાલ અનંતે, કોઈ શુભ પરિણામે ભમંત રે; સૂ. ગત્તિ તિર્યંચ યોનિ હું આયો, રૂષભરૂપ ધરિ આયો રે. સૂ. ૩. પરવસ પડીયો મહાદુખે ભરીયો, ભૂખ પ્યાસ બહુ નડીયા રે, સૂ. ભાર ભરી મુને આગલ કરીયો, ત્રાડ માર વસ પડીયો રે. સૂ. ૪. બંધન બાંધિ ખૂટે જઇ રાખ્યો, અસન પાન નવિ નાખ્યો રે; સૂ. ડંસ મસા ચટકા બહુ સહેતાં, દુઃખ સહ્યાં તડફડતા. રે. સૂ. ૫.

પાપ ઉદે નીગોદથી ચવીયો તિર્યંચમાં અવતરીયો રે.

સૂ. તિર્યંચ જોનિ હું દુઃખ પામ્યો, ફરી ફરી પાછો આયો રે. સૂ. ૬. એમ અનેક ભવ મેં કીધા તિર્યંચ યોનિમાં લીધા રે; એમ કરતા કોઈક જોગે, ગુરૂ તણે ઉપયોગે રે. સૂ. ૭. મરણ કરી નરભવ હું પાયો, એમ ભમતાં આયો રે; સૂ. નરભવ પાયો સુગુરૂરુપે આયો, જાણપણાને ધાયો રે. સૂ. ૮. ગુરૂ ઉપદેશ સુણી હું જાગ્યો, ધર્મ રંગ તે લાગ્યો રે; સૂ. જાણપણું કિધું મેં સાચું, છાંડણ વસ્તુ ન રાચું રે. સૂ. ૯. આદર સુદ્ધ વસ્તુ જે સાર, જેહેથી લહી ભવપાર રે; સૂ જિન વચન સુદ્ધ જે સાર, પ્રવચન જે અધિકાર રે. સૂ. ૧૦.

નરગ થકી આયો હું ભમતાં, નરભવ લહ્યો સમરંતા રે; સૂ. દાન શીલ તપ ભાવ જે ભણીયા, જ્ઞાની યોગ્ય આદરીયા રે. ૧૧. હવે હું જઇશ સુભગતિ ઠામે, લહી ધર્મ અભિરામે રે; સૂ. એમ ભમતાં કોઇક ભવમાં, જ્ઞાન ધ્યાન રહે મનમાં રે. સૂ. ૧૨. જ્ઞાન પ્રભાવે જાણપણું હોવે, જ્ઞાની શિવ સુખ જોવે રે; સૂ. તે માટે ગુરૂ જ્ઞાની કહીયા, ધર્મ મારગ નીરવહીયા રે. સૂ. ૧૩. નરભવ પામી સુકૃત બહુ કીજે, લઘુ કાલ ભવ છીજે રે; સૂ મૂઢપણે જે કાલ ગમાવે, નરગ તીર્યંચ દુઃખ પાવે રે. સૂ ૧૪. તે માટે ભવિજ્ઞાન આરાધો, જ્ઞાન થકી સુખ સાધો રે; સૂ. જેહથી જાણપણું જે લહીયે, કૃત્ય અકૃત્ય ગ્રહીયે રે. સૂ. ૧૫. જ્ઞાન સહિત જે ક્રિયા મોટી, જ્ઞાન રહિત ક્રિયા ખોટી રે; સૂ. જ્ઞાન પદારથ જગમાં

સાર, જ્ઞાન તે સકલ આધાર રે. સૂ. ૧૬. જ્ઞાન વિના જે જગમાં ભમતાં, નારકી દુઃખ સહતાં રે, સૂ. ચૌગતિ ભમતાં હું ઇહાં આયો, જ્ઞાન વિના હું ભમાયો રે.૧૭. માનવ જન્મ હું દુર્લભ પાયો, સુગુરૂ સમીપે આયો રે, સૂ. સુગુરૂ પ્રસાદે હું ઇહાં આયો, ધર્મ કાજે ઉમાયો રે. સૂ. ૧૮. ઇણીપેરે કર્મ વસે જે ભમીયો, જ્ઞાનહીન રડવડીયો રે, સૂ. સગપણ કીધાં સંસાર મોઝાર, તે કેસુ નીરધાર રે. સૂ. ૧૯.

॥ દુહા ॥

જનમ મરણ કરતાં થકાં, સગપણ કર્યા સંસાર;
સગપણ તણે સંયોગથી, પડીયો મોહ મોઝાર. ૧

મોહતણે સંયોગથી, સગપણ કીધા અનંત;
ચોરાસી લક્ષમાં ભમ્યો, તોય ન આયો અંત. ૨

એહ વીતક હવે સાંભલો, થરહર કંપે કાય;
છેદન ભેદન મેં સહ્યાં, તે કિહાં કહ્યો ન જાય. ૩

સગા સહોદર સવિ મલ્યાં, કિહાં કિહાંથી આય;
હું કેહને કુણ માહરો, ખીણમાં વિછોહજ થાય. ૪

॥ ઢાલ ચોથી ॥

( નારાયણાની–એ દેશી )

સગપણ કીધાં મે અતિ ઘણાં રે,
તે વીતક સુણો દેવ રે, જિનંદરાય,

તુઝ આણા વિણુ હું ભમ્યો રે,
કીધી નહિ તુઝ સેવરે, આતમરાય.
સગપણ. ૧ આંકણી.

દયા ધર્મ જાણ્યા વિણુ રે, દરશન દેવ વિજોગ રે, જિ૦ પાપ કર્મ ઉદયે થકી રે, કીધા સંસાર સંજોગ રે. જિ. સ.૨. સાતલાખ પ્રથવી ભમ્યો રે, જોનિ જનમ ધરિ અનેક રે, જિ. જનમ મરણુ કીધાં ઘણાં રે, વિવિધ પ્રકારે અવિવેક રે. જિ. ૩. અપ્પકાય વલી ગતિ હરી રે, સાતલાખ મહારાજ રે, જિ. તીહાં દુઃખ ભોગવે એકલો રે, કોઇ ન કરે મોરી સાજરે. જિ. સ. ૪. તેઉકાયમાં હું ગયો રે, ધગ ધગ તે પરિણામ રે, જિ. સાતલાખ જોનિ જણ્યો રે, કીધાં અશુભ પરિણામ રે. જિ. સ. ૫.

વાયુકાય થઇ રડવડયા રે, સાતલાખ વલી જેહરે, જિ. ચલણા સ્વભાવે બહુ કર્યા રે, થાવર હણીયા તેહ રે. જિ. સ. ૬. વનસ્પતિ પ્રતેકમાં રે,દશલાખ જોનિ રહે વાસ રે, જિ. કાળ અનંતો તીહાં રહ્યો રે, થાવરપણે રહ્યો તાસ રે. જિ. સ. ૭. સાધારણુ વનસ્પતિ રે, ચઉદલાખ વલી તેહ રે, જિ. ભમીઓ જોનિ તે સહી રે, કાલ અનંતો જેહ રે. જિ. સ. ૮. એકેંદ્રી થઇ હું ભમ્યો રે, કેણે ન લીધી સંભાલ રે, જિ. કોઇક પરિણામ થકી રે, બેઈંદ્રી થયો હાલ રે, જિ. સ. ૯. બે લાખ જોનિ રડ-

વડયો રે, રુંડ મુંડ ધરી દેહરે, જિ. સહજે મરણ કરે ઘણાં રે, તીહાં નહી જીવીત તેહરે. જિ. સ. ૧૦.

ઇમ અનેકભવ તિહાં કરી રે, ત્રેઇંદ્રી થયો જોગ્ય રે, જિ. બે લાખ જોનિ ભવ કીધા રે, સગગણુની સીજ્યાગ રે. જિ. સ. ૧૧. ભમતાં જીવ સંસારમાં રે, બે લાખ જોનિ નીહાલ રે, જિ. ચૌરેંદ્રી પામ્યો સહી રે, મહા કષ્ટે તે બાલ રે. જિ. સ. ૧૨. નારકીમાંથી ભોગવી રે, દુઃખનો નહિ પાર રે, જિ. ચ્યારલાખ જોનિ ભમ્યો રે, મરણ કીધા વારો વાર રે. જિ. સ. ૧૩. અસૂર દેવ નીકાયમાં રે, કીલબિષિયો થયો દેવ રે, જિ. ચાર લાખ જોનિ અનુભવી રે, કર્મતણી એ ટેવરે. જિ. સ. ૧૪. તિર્યંચ પંચેદ્રી થયો રે, રડવડીયો રણુમાંહે રે, જિ. જોનિ ચાર લાખ તે સહી રે, સુખ ન પામ્યો કયાંહે રે. જિ. સ. ૧૫. મહાકષ્ટ કરી પામીયો રે, પંચભૂત થયો દેહ રે, જિ. સગપણ કીધાં નીત નવાં રે, ચઉદલાખ જોનિ તેહરે. જિ. સ. ૧૬. સર્વ સંસાર મેં અનુભવ્યા રે, જીવ તું તેહ સંભાર રે, જિ. તે સવિ તેં પણ ભોગવ્યાં રે, હૃદયથી તેહ ઉતાર રે. જિ. સ. ૧૭.

સર્વ જોનિ જઇ ઉપનો રે, માત પિતા અધિકાર રે, જિ. જોનિ જાતિ સવિ અનુભવી રે, કીધા ષટરસ આહાર રે. જિ. સ. ૧૮ સર્વ સંજોગ તે ભોગવ્યા રે, ભોગવ્યા રોગ ને સોગ રે, જિ. સુખ દુઃખ

કાલ તે ભોગવ્યા રે, ન લહ્યો ધર્મનો જોગ રે. જિ. સ. ૧૯. અઢાર નાતરાં તે કર્યા રે, પેહેરા સવિ સણગાર રે, જિ. ભક્ષ અભક્ષ તે અનુભવ્યા રે, લીધા અશુચિ આહાર રે. જિ. સ. ૨૦. તીન વેદ તે અનુભવ્યા રે, અનુભવ્યા સાર્વ પાખંડરે, જિ. રડવડયો જીવ મિથ્યાતમાં રે, પાડયા પસૂગલ ફંદરે. જિ. સ. ૨૧. કુગુરૂ તણી સુણી દેશનારે, દરશન કિધાં કુદેવરે, જિ. ધર્મ વિના જીવ જગ ભમ્યો રે, જાણી નહી પ્રભુ સેવ રે. જિ. સ. ૨૨. ચોરશી લક્ષ જોનિ રહ્યો રે, સગપણ કીધાં મહારાજે રે. જિ. ઇમ અનંતા ભવ મેં કર્યા રે, તે જાણે જિનરાજ રે. જિ. સ. ૨૩. સગપણ એક ભવ તણુ રે, તે કુલમાં વિખ્યાત રે, જિ. ભવો ભવ સાગપણ બહુ કર્યા રે, તે સગપણની શી વાત રે. જિ. સા. ૨૪. જીવદયા વિણ તે ભમ્યો રે, નવી પૂજ્યા પ્રભુ પાયરે, જિ. દાન દીધાં વિણુ જીવડારે, હાથ ઘસાંતા જાય રે. સા ૨૫

મૂરખ પ્રાણી તે સાંહી રે, તીર્થ નાવા જાય રે, જિ.
ગંગા માતા કરી તે પડેરે,
ઉલટો દોષે ભરાય રે. જિ. સા. ૨૬.

તું તીરથ જાણે નહી રે, કુગુરૂ તણે પ્રસંગ રે, જિ.
અંતર ભાવ જાણે નહી રે,
બાહ્ય તીરથ ભણે ગંગરે. જિ. સા. ૨૭.

અંતરભાવ કહેસ્યું હવે રે, તીરથની જે વાત રે. જિ.
ભાવ તીરથ જાતા થકાં રે, ધર્મ રૂચિ વિખ્યાતરે. જિ. સા. ૨૮.

### ॥ દુહા ॥

કુગુરૂ કુદેવ કુસંગથી, ભવોભવ ભમીયા જેહ;
મિથ્યાત તણાં જે તીર્થ છે, પાપ તણો ઘર એહ. ૧
દેવ દેવી આરાધતાં, તીરથ કરતાં એહ;
હોમ વિધાન કરે ઘણાં, પાપ વધારણ તેહ. ૨
જીવ હિંસા તીહાં બહુ કરે, ચાહે સુખ અનંત;
જગન કરાવે જે વલી, તે સવિ નરગ પડંત. ૩
જે તીરથ હિંસા ઘણી, ઉત્તમ તે ન કરંત;
જાણપણા વિણું જે કરે, ભવોભવ મરણ કરંત. ૪
એમ સંસાર વધારણા, પાપ તીરથ કરે જેહ;
આત્મ તીરથ જાણ્યા વિણું, કર્મ ખપે નહી તેહ. ૫
શુદ્ધ દેવ ગુરૂ ધર્મ જે, ધારે ચિત્ત મોઝાર;
તે સંસારમાં નવિ ભમે, પામે ભવનો પાર. ૬

### ॥ ઢાલ પાંચમી ॥

[ ચંદ્રાયણાની એ દેશી ]

ચેતન સાંભલો તીર્થ વિચાર, આત્મકુ કહે ચેતના સાર,
બાહ્ય તીર્થ બહીરાતમ હોવે, બ્રહ્મરૂપ કબહુ નહી જોવે. ચે. ૧
બાહ્ય દ્રવ્ય તીર્થ જે કહ્યા, તેહ તીર્થ સવિ એલે ગયા,
માત પિતાદિક ભગિની ભાઇ, તે તું જાણે આપ સરેખાઇ. ચે. ૨
પુત્ર પુત્રાદિક સ્રીયા સાર, તન ધન જોબન લહિ અપાર,
સો છિનમે જાય નીરધાર, બાહ્ય તીર્થ એહવો અધિકાર. ચે. ૩
નાત જાત સંબંધી કોઇ, જિહાં લગે પુન્ય સરેખાઈ હોઇ,
તિહાં લગે જીજી કરે સહુ કોઇ,
પુન્ય વિના સરખાઈ ન હોઇ. ચે. ૪

મંદિર મોટા મહેલ માલીયા ચિત્રામણ સ્યું ગોખ જાલિયાં,
રાજ રિદ્ધિ સ્યું છત્ર ઢાલિયા,
શિર પર કાલ ભમે આહેડિયાં. ચે. ૫
મણી માણેક કંચનની કોડિ,હેમ હીરા રત્ન બહુ જોડિ,
કોઇ ન કરે તસ રિદ્ધિની હોડી,
સો હી ગએ સબ રિદ્ધિકુ છોડી. ચે. ૬
ઈંદ્ર ઈંદ્રાદિક મહાસુર દાનવ,રાય રાણા બાલિયા વલી માનવ;
એ સવિ આયુ બલે બંધા નવ,
ધર્મ તીર્થ વીના દુરગતિ જાણવ. ચે. ૭
એમ અનેક પરદ્રવ્ય જે કહીયા,દ્રવ્ય કારણ એ જીવ હણીયા,
તેમ મિથ્યાદિક તીર્થ જે કહીયા,
ઘર આરંભ તેસા તીર્થ લહીયા. ચે. ૮
જીહાં આરંભ તે તીર્થ નાંહી,ષટ દરશન પ્રભુ યોઇ બતાઇ,
હિંસા કરે જે તીર્થ ઠરાવે,
હિંસ્યારંભી તે દુરગતિ જાવે. ચે. ૯
દયા ધર્મ જીહાં તીર્થ કહીયે,તે તીર્થ કરે પાવન થઇયે,
જીવ દયા જિહાં ધર્મ વિચાર,
એ તીર્થ સાચું અધિકાર. ચે. ૧૦
અંતર આતમ શુભ દૃષ્ટિ જોય,આતમ પરમાતમ સમ હોય,
આત્મ તીર્થ શરીરમાં રહ્યો,
સર્વ તીર્થથી તે અધિકો કહ્યો. ચે. ૧૧
નિજ આતમ પ્રતે દેખે તેહ, પરમાતમને ધ્યાવે એહ,
જાણ્યો નહી જેણે નિજ આતમા,
તેણે ગંગાદિક તીર્થ ગમ્યા. ચે. ૧૨

આતમ સમ ઉપરાંત ન તીર્થ, જલ નાહે હિંસા બહુ કીધ,
આત્મજ્ઞાને પવિત્ર જે કહે,
પાપ મેલ છંડી ગહગહે. ચે. ૧૩

આત્મજ્ઞાન ઉત્કૃષ્ટો ધર્મ, સર્વ ધર્મમાં એહજ મર્મ,
વિદ્યામાં જેમ જ્ઞાન પ્રધાન,
જેથી પામે અમૃત પાન. ચે. ૧૪

દુષ્કર તપ તપે જે નરા, વ્રત દુષ્કર પાલે આકરા,
આત્મજ્ઞાન વિણું મોક્ષ ન જાય,
જોગીશ્વર પણ રહે નિજ ઠાય. ચે. ૧૫

સમસ્ત ઋદ્ધિ તણો એ ભાવિત, સર્વ વરણ એ વર્ણ રહિત,
એહવો આતમા જાણ્યો ન જેહ,
મનુષ્ય જન્મ હાર્યો વલી તેહ. ચે. ૧૬

ધ્યાવો એમ નિજ એ આતમા, આતમ સો હી પરમાતમા;
જે ધ્યાવે પરમાતમ રૂપ,
તેહ નિરંજન સકલ સરુપ. ચે. ૧૭

બાહ્ય દૃષ્ટિ નિશ્ચે કરી જોય, અંતરદૃષ્ટિ ઉઘાડીને જોય,
જે જોગીશ્વર શિવપદ રુઢ;
મુગતિ હેત જગદીશ્વર ગુઢ. ચે. ૧૮

ધ્યાવો પરમાતમ વલી લેસ, ઉપજે ગુણ શુભ સેજે વિશેષ,
ભીન ભીન પણે સ્વામી સાત,
ધ્યાવો નિરંજન તુમ એકાંત. ચે. ૧૯

સૂર અસુર ચક્રાધિશ જેહ, તેને તું પૂઅ નિબિડ સનેહ,
દોષ અઢાર રહિત ગુણ ધામ, તેહ દેવને કરૂં પ્રણામ. ચે. ૨૦

પૂન્ય પાપ વરજીત વલી જેહ, સંસાર વેલી છેદન તેહ,
સરૂપ એહ કહ્યો નવિ જાય,પ્રગટ જ્ઞાન દરશન કેવાય. ચે.૨૧
અનંતજ્ઞાન કરીયે તે નિત્ય,નીરમલ સ્ફટિક જેસો એકીત,
દેવાધિદેવ જેસો આતમા,
સ્વપર પ્રકાશ કરે આતમા. ચે ૨૨
સકલ કર્મ ઉપાધિ રહીત, સકલજ્ઞાન ધનુવેંદ ભીત,
ઉત્કૃષ્ટો આતમ એ ભૂપ,
પરબ્રહ્મમે છે જયોતિ સ્વરૂપ. ચે. ૨૩
તામસરા જસ સ્વાસ્તિક ગુણા, ગંધ સરસની ટાલીમણા,
અછેદ પ્રમાણું હીરો અભેદ,
લેપ રહીત પ્રભુ નહી તસ ખેદ. ચે. ૨૪

## ॥ દુહા ॥

જ્ઞાનાદિક ગુણસહિત છે, રૂપાદિક તે રહિત;
સાંત દાંત તે જાણીયે, સમુદ્રતારણું નિત. ૧
અજ્ઞાની ઓલખે નહી, જ્ઞાની પાવે પાર;
જેમ કાંતાદિક જ્ઞાનમે, વીપ્રાદિવ્ય વિચાર. ૨
જે તીર્થ હિંસા ઘણી, ચિત ન ધરજયો કોય;
જ્ઞાન થકી વિચારીને, તીરથ ફળ તવ હોઇ. ૩
એહ સ્વરૂપજ્ઞાની કહ્યું, નિશ્ચય ને વ્યવહાર;
પરમાતમને ધ્યાવતાં, લહે પરમાતમ સાર. ૪
જ્ઞાની જ્ઞાન વિચારતાં, સિદ્ધ સ્વરૂપકુ ધાય;
સિદ્ધ રૂપ જોવે સદા, સિદ્ધમે સિદ્ધ સમાય. ૫
સિદ્ધ સ્વરૂપ અરૂપ છે, જ્ઞાની જાણે એહ;
કાંઇક રૂપ વિચારતાં, જ્ઞાનથકી ગુણ ગેહ. ૬

દેવ નિરંજન જે કહ્યા, દોષ અઢાર રહિત;
તે પ્રભુને ચિત ધારવા, કરસ્યું તે પરતીત. ૭

## ॥ ઢાલ છઠી ॥

(સિદ્ધચક્ર પદ વંદો– એ દેશી)

પરમદેવ પરમાતમ સોહિ, પરમ પુરૂષ પરધાન,
ભીન ભીન પરે સરૂપ વિચારો, જ્ઞાનધ્યાન સમાન રે
સ્વામી સકલ સરૂપ એ કહીએ—એ આંકણી. ૧
દ્રવ્ય એક પર્યાય અનંતા, જ્ઞાનસ્થુલ લઘુ કર્મ,
મોક્ષપદ ચઢયો તે સ્વામી, તેહ પુરૂષ શુદ્ધ મર્મરે. સ્વા. ૨
ચતુરમુખ હુવો વલી બ્રહ્મા, પીલે વસ્ત્રે કૃષ્ન કહીએ,
તપે કરી મહાદેવ જે હુવો, દેવ નિરંજન લહિયેરે. સ્વા. ૩
જૈન દેવ કહે જૈન લોક, બુદ્ધદેવ માને બુદ્ધ,
નૈયાયિક માને કુલદેવી, પરમાતમભેદ અલુધરે. સ્વા. ૪
નિરમલરત્ન સ્ફટીક બંબાકારએ, રહિતનું ઉપાધિ ન તેહ,
દરસન છો દીસે છે જે થયા,
સ્વ પરજાયે એહો જેહરે. સ્વા. ૫
એમ અનેક રૂપ જલધરમાંહે, પૃથ્વી જોગ રસ ફરસે,
તેમ ષટ દરસન તણે સંજોગે,
એક અનેક રૂપ ધરસેરે. સ્વા. ૬

પદારથભેદે ખટ દરસન હુવા, કથન માત્ર કહે જુદો,
એક કાયવીષે ઇંદ્રી પાંચ છે, નામ કર્મે એ હુઆરે. સ્વા. ૭

વિજ્ઞાન મમતા રહિત ગુણ સાંત, જાણે સ્વયંપ્રભુ જ્ઞાને,
શુદ્ધ આતમ ભગવાન કહીએ,
જાણવા યોગ્યને માનેરે. સ્વા. ૮

ઉરધ આકાસ રૂપ જગનાથ, ચલણ ક્રિયા ગુણ સહિત,
સંસાર ભયથી અલગા જે છે,
સમસ્ત તેજમાં સહિતરે. સ્વા. ૯

કેવલજ્ઞાને દીચે જે જેસો, પૂરે દરસન સોહે,
કેવલધ્યાને જાણવા યોગ, પરમાતમ સવિ મોહે રે. સ્વા. ૧૦

જેણે અનંત ગુણ ભરીયો જે જીવ, અનંત સુખનું ઠામ,
આતમ પરમાતમ સમ જાણે, તેહ ગુણ તું ધામરે.સ્વા. ૧૧

અંતર આતમા સમ્યગ દૃષ્ટી, જ્ઞાન સ્વરૂપને આરાધે,
જોડે પોતાનો આત્મા જેહથી, પરમાતમને સાધેરે.સ્વા. ૧૨

હોય આત્મા એકે ભૂતે, શુભ ધ્યાને કરી જોઇ,
પરમાતમ ભાવે નિજ જોતાં, એ પરમાતમ હોઇરે.સ્વા. ૧૩

આતમ સોઇ પરમાતમ કહીએ, પરમાતમ સોઇ સિદ્ધ,
વીચકી દુવિધા તાકિ મીટ ગઇ,પ્રગટ ભઇ નિજ રિદ્ધરે.સ્વા.૧૪

મોટુ પામે તે ભલી પેરે રાજ, કેવલ જ્ઞાન પ્રકાશ,
આતમ પરમાતમ નિજ પામ્યો શુદ્ધ પરમપદ ખાસરે.સ્વા.૧૫

માહરૂ પદ નિરંજન કહીયે, સિદ્ધ સલાઇ છેક,
એહવું ધ્યાન ધ્યાયે જે નિશ્ચે,અક્ષય થાનક વિવેકરે.સ્વા.૧૬

આતમ પરમાતમ જ ધ્યાયા, અલખ સરૂપ જે કહીયે,
અચ્યે અવિનાસી આણંદી,વિહીન મૂરતી તે લહીયેરે.સ્વા.૧૭

તે હજુ ધર્મ તણું મૂલ કહીએ, તેહજ તપ વિજ્ઞાન,
તેહજ પદ ઉપર આરોપણ,એહજ ધ્યાન પ્રમાણ રે.સ્વા. ૧૮
પર પુદ્ગલ છાંડી જે, આતમ પરમાત્તમ ગુણ ખાણ,
જોગીશ્વર નિત તેને ધ્યાવે, કરે કર્મ તણી હાણ રે. સ્વા. ૧૯
ભૃકુટી ઉપરે થાપે મન જેહ, તીહાં થાપે આતમ જેહ,
ઉત્કૃષ્ટે ઉત્કૃષ્ટિ ક્રિયા જે, તે લહે સિદ્ધ સનેહરે. સ્વા. ૨૦
પુરવ પશ્ચિમ મોક્ષ મારગ નહી, ઉત્તર દક્ષણ તેહ,
ૐ ભણિ મોક્ષ મારગ જે લહિયે,
ઘટ અંતર રહ્યો તેહરે. સ્વા. ૨૧
સંસાર ત્યાગી જેહ આરાધે, આનંદ રસ લહે તેહ,
સહજે શાશ્વતાં સુખ લહે જે,મોક્ષપંથ લહે જેહરે.સ્વા. ૨૨
શરીર રહિત હોવે તેહ આતમા,શ્વાસો શ્વાસમાં કરતો,
ગમનાગમન નિવારે તે વલી,જનમ મરણને હણતોરે,સ્વા.૨૩
સ્થાનક નહી કોઇ આધાર, સર્વે વસ્તુ ઉદ્દેકાર,
જુનું થાનક મોક્ષ જે કહીયે. જોગીશ્વર ચિત ધારરે. સ્વા. ૨૪
જીહાં હોય વાયુ તણો વિણાસ, વલી જીહાં ચિત થીર હોવે,
વિબુધ સ્થાનક સ્વભાવ જે પ્રગટે,
જન્મ જરા નવી જોય રે. સ્વા. ૨૫
ચિત વેપાર થકી જે અલગા, સદા યોગ અભ્યાસે,
પ્રગટ ભાવ પામ્યો નિજ જોવે, એહ પદ લહુ ખાસરે.સ્વા. ૨૬
પંચેદ્રી વિષય નિવારી. હૃદયથી વિષય ટાલી,

જે વારે ૐનમણી ભાવ આવ્યો.
કર્મ રોગ તિહાં બાલેરે.સ્વા. ૨૭
ધ્યાતા ધ્યેય હોવે તે ધ્યાને, ધ્યાતાયોગ વલી એક,
તે સમરસનો ભાવ વિચારો,
એમ ગયા સિદ્ધ અનેકરે. સ્વા. ૨૮

॥ દુહા ॥

સિદ્ધ સારૂપ અનુપ છે, કેણે લખ્યો ન જાય;
શુભધ્યાને જે ધ્યાઇયા, તાસો સારૂપ લખાય. ૧
સિદ્ધ સ્વરૂપી જે હુવા, કથન ન કરે વલી તેહ,
નિજ સ્વરૂપ આપે લહ્યો, ઓર ન જાણે એહ. ૨
પાયા ઉનહી છુ પાઇયા, મુખસે કછુ ન કહેત,
તાલી લાગે ધ્યાનકી, સો કછુ લખલેત. ૩
ધ્યાન બાત પરમાણુ હે, આગમમે લખી સોય,
આગમકે અનુસાર હે, ગુરૂ કહે વલી તોય. ૪
તવ શીખ સુણી ગુરૂ પ્રતે કહે, કૃપા કરો ગુરૂ રાય,
ધ્યાન સરૂપ મુજ વાલહો, ધ્યાતા ધ્યેય જ થાય. ૫
મન વચન કાયા એકે કરી, સુણજયો ચિત્ત લગાય,
બાહે ચિત્ત ડોલાવતા, કારજ સિદ્ધ ન થાય. ૬

॥ ઢાલ સાતમી ॥

(ચંદ્રજસા જિન રાજિયો, મન મોહન મેરે—એ દેશી)
શુદ્ધ વચન સદ્ગુરૂ કહે સૂણો સીખ સોભાગી,
ધ્યાન સરૂપ વિચાર, સૂણો સીખ સોભાગી,

મન થિર એકાગ્રહે કરી, સૂણો સીખ સોભાગી
સાંભલો એહ વિસ્તાર. સૂ. ૧
સુગો મુરખ રજની સમે સૂ. સેન કરી વલી તેહ સૂ.,
સુપન લાધ્યું વલી તેહને સૂ ચિંતે ચિત્તમાં જેહ. સૂ. ૨
સુપન તણો ભાવ તે લહ્યો સૂ.,મુખે કહ્યુ ન કેવાય સૂ.,
તેમ શુભ ધ્યાને જે ચઢયા સૂ.,
ધ્યાન સ્વરૂપ ન લખાય સૂ. ૩
જોગી પદારથ તે લહે સૂ., તે આનંદ રસ માહે સૂ.,
પરબ્રહ્મ વીષે તે કરે સૂ., જોગી સ્વરૂપ તિહાં પાહે સૂ. ૪
પરબ્રહ્મ પામે સહી સૂ., પરમ ધ્યાન ધરે જેહ સૂ.,
ડાબી જમણી નાસાથી સૂ, વાયુરૂંધણ કરે તેહ સૂ. ૫
સંકલ્પ વિકલ્પ છંડીને સૂ., આતમથિર કરે તેહ. સૂ.,
પરબ્રહ્મ તેહ જાણસે સૂ., સિદ્ધ સ્વરૂપવલી જેહ. સૂ. ૬
ધૃત વાવરે ઘરે ઘરે સૂ , ન લહે ધૃત સવાદ સૂ.,
તેમ ધ્યાને ધ્યાયે બહુ જણા સૂ.,
સિદ્ધ સ્વરૂપ અગાદ સૂ. ૭
ચિત્તને વિષે ચિંતે નહી સુ.,ઉંનમમણી ભાવે તેયાંણ સૂ,
વરણ રહિત વસ્તુ જે લખે સૂ., તે વિરલા કોઉ જાગુ. સૂ. ૮
ઉદ્યમ કરતાં જો મલે સૂ., ધ્યાન તણો અભ્યાસ સૂ.,
પાવડીએ ચડતાં થકાં સૂ., તે ચાડે આવાસ. સૂ. ૯
મુંગે સપનુ દીઠું ખરું સૂ., મુંખથી કહ્યું ન જાય. સૂ.,
તેમ ધ્યાને ધ્યાતાં જે થયું સૂ. જોગી મુખે ન કહાય. સૂ. ૧૦

અકલ સ્વરૂપ છે ધ્યાનનું સૂ.,ચરણ રહિત વલી તેહ. સૂ.,
તાસ પટંતર કો નહી સૂ.. વસ્તુ નથી વલી જેહ. સૂ. ૧૧
મન થીર કરી ધ્યાન ધરે સૂ.. પંચેદ્રી વશ થાય. સૂ.,
આલ જંજાલને પરિહરે સૂ., તો લયે કોઉ લગાય. સૂ ૧૨
રાગ દ્વેષ દુરે કરી સૂ., ધ્યાન ધીરજ જબ હોઇ સૂ.,
ધ્યાને આતમા થિર હોયે સૂ., મન ચપલતા ખોઇ સૂ. ૧૩
ધનુર્ધર કોઈ દ્રઢ હોવે સૂ., વેજ્ઞુ વીધે તેહ. સૂ.,
તેમ એકાગ્રહે ધ્યાનથી સૂ., વિચિત્ર કામ સાધે તેહ. સૂ. ૧૪
રાધાવેધ જે સાધે છે સૂ., મનસ્થિર ધ્યાને જેહ. સૂ.,
નીચી નજર ચક્ષુ હણે સૂ., ધ્યાન ધારણા તેહ. સૂ. ૧૫
મન વસ જેણે નવિ કર્યું સૂ.,તે સફલ કહીયે ન હોયે સૂ.,
શુન્ય મને ક્રિયા કરે સૂ., શુન્ય મને ક્રિયા ખોયે. સૂ. ૧૬
તેહ થકી પામે નહી સૂ., ધ્યાન તણો લવલેશ સૂ.,
પવિત્ર પણું તેને નહી સૂ., ધરે અનંતા વેશ. સૂ. ૧૭
જનમલગે વ્રત પાલસે સૂ., તે સફલ કહીયે ન હોય સૂ.,
શાંતરસ ફરસ્યો નહી સૂ. ધ્યાન નિષ્ફલતસ જોય. સૂ ૧૮
શાંત રસ ફરસ્યો નહી સૂ., કર્મ ક્ષયે નવિ હોયે સૂ.,
સર્વ આરંભ છાંડ્યા વિના સૂ.,ઉપસામ નહિ તસ હોય સૂ. ૧૯
શાંત રસ મુકી કરી સૂ., મૂઢ ન લહે ઉપયોગ સૂ.,
જોગ જોગ પોકારતો સૂ., જોગ તણો વિયોગ. સૂ ૨૦
ધર્મ મારગ છે જુજુવા સૂ., છ દરશન થયાં જેહ સૂ.,
સમતા રસમાં સહુ ભલે સૂ, નદી સમુદ્રમાં તેહ.-સૂ. ૨૧

ગાય વરણ રંગ જુજુવા સૂ., ધવલ દુધ કેવાય સૂ.,
ખટ દરસન રંગ જુજુવા સૂ., સમતામાંહે સમાય. સૂ. ૨૨

અતીત અનાગત વર્તમાન સૂ., શુદ્ધ મારગ છે એહ સૂ.,
જીવ દયા સમતા સહી સૂ., ધર્મનું મુલ છે તેહ. સૂ. ૨૩

ગઇ વસ્તુ શોચે નહી સૂ., આવે હરખ ન હોય સૂ.,
શત્રુ મિત્ર તે સમ ગણે સૂ., પંડિત કહીએ સોય. સૂ. ૨૪

કુગુરૂ કુદેવ કુસંગથી સૂ., ભટક્યા બહુ નર જેહ સૂ.,
રાત્રિ અંધારી નવિ લહે સૂ., છતી વસ્તુ પડી તેહ. સૂ. ૨૫

તેમ ન દેખે પરમાત્મા સૂ., શુંન્યપણું ધરે ચિત્ત સૂ.,
દુષ્ટ દોષ પરસંગથી સૂ., એહ અનાદિની રીત્ત સૂ. ૨૬

વાયુ રહિત દીવો સ્થિર રહે સૂ., વાયુ પ્રસંગે જાય સૂ.,
તેમ ચિત્ત ડોલે ધ્યાનમાં સૂ., પરમબ્રહ્મ નહી પાય સૂ., ૨૭

પરબ્રહ્મ ધ્યાવા ભણી સૂ., શિષ્ય ચઢયો શુંભ ધ્યાન સૂ.,
ગુરુ આજ્ઞાએ પરવર્યો સૂ., ગુરૂઉપદેશ પ્રમાણ સૂ. ૨૮

॥ દુહા ॥

ગુરૂ કહે ચેતન સાંભલો, જો સાધો શુભધ્યાન;
કીટક ભમરી જેમ હોય, આતમ ધ્યાન પ્રમાણ. ૧

ચિત્ત ચટકાવે ધ્યાનથી, સાત્વિક રાજસ જેહ;
તામસ વિવેકે દુરકરી ક્રોધ છેદન વલી તેહ. ૨

## ॥ ઢાલ આઠમી ॥

રાગ ( આશાઉરીની દેશી )

ગુરૂ મુખથી સાંભલીએ સાચું, કરે ક્રિયા ગુણવંતરે,
ગુરૂ આજ્ઞાએ પરવરયો એ, કરે ક્રિયા મહામંતરે,
ગુરૂ મુખથી સાંભલીએ સાચું, એ આંકણી. ૧

સાત્વિક સર્વ ગુણનો આધાર, સત્વ ધર્મ ધુર એહરે,
સંસાર નાસનો સત્વ કરે જે, સત્વ સર્ગ દે તેહ રે. ગુ. ૨

આલંબન આકાર સહીત જે, આનંદ તણું ભલું ધામરે,
ભલા પુરુષ જે ધ્યાને ધ્યાઇયા. સત્વ ધર્મચું કામરે. ગુ. ૩

જેમ અગ્નિ તણે સંજોગે, કાષ્ટ તણી ઢગ બાલે રે,
કર્મરૂપ વર્ણ તેમ બાલે, થોડે ધ્યાન કરી જાલે રે. ગુ. ૪

મેઘ તણા આડંબર હોવે, વાયુ ઉતારે છે તેમ રે,
તેમ શુભધ્યાન તણે સંજોગે, જોગી ધરે ધ્યાન મન માહરે. ગુ. ૫

લાગે નહી જેમ કમલ સમીપે, જેમજલ તેહ સભાવે રે,
તેમ શુભધ્યાને રમે જે જોગી, શુક્લધ્યાન લય લાવેરે. ગુ. ૬

સ્ફટિક રત્ન જે સોહે નિર્મલ, જેમ રજ ઢંકીત જેહ રે,
નવિ લેપાય લેપ કરમથી, શુભધ્યાને વલી તેહ રે. ગુ. ૭

શુક્લધ્યાન જોગે કરીને, બ્રહ્મજ્ઞાન બ્રહ્મમાંહે રે,
ભોમી રહ્યો જેમ જોગી ગ્રહે,
તેમ સરવા સ્વરૂપ ફલ તાહરે. ગુ. ૮

મુગતિ રમણીશું આણંદ લહે જે, તે નય ધ્યાનથી જોઇરે,
રૂપાતીત આકાર રહિત જે, ધ્યાયે ધ્યાન વલી સોયરે. ગુ. ૯

ધ્યાન કલ્પવૃક્ષ સમ કહ્યો, જ્ઞાન ફુલે કરી ફલીયો રે.,
જેહ મોક્ષરૂપ ફલે ફલસે તે, ધરે ધ્યાન પંડિત તેહરે. ગુ. ૧૦

શુક્લધ્યાન થયો નિજ ચિત્તામાં, તેમ બ્રહ્મરૂપ અનુપરે,
વલતો જ્ઞાન ફુલે કરી ફલસે, મોક્ષ સ્વરૂપ ભરપુસરે. ગુ. ૧૧

એહજ ભવન વિષે કલ્પ થાપો,આવરણ સઘલાંનિવારીરે,
શુકલધ્યાન થકી આત્મ પ્રકાશે, મુગતિપદ દાતાર રે. ગુ. ૧૨

દરશન જ્ઞાન ચારિત્ર ગુણ જાણે. રત્ન ત્રય ગુણ ખાણ રે,
જોગ મુગતિપદ પ્રાપ્તિ કાલે, વદે હે શ્રી જિનભાણ રે. ગુ ૧૩

ઉદ્યમે છેદ્યો સંસારરૂપ જે. જોગ મુગતિને જોડે રે,
મન વચન કાયા એકત્ર કરીને,
અશુભ કર્મ તીહાં ત્રોડે રે. ગુ. ૧૪

સંજમ નેમ આસન પ્રાણાદિક, ધારે ધારણા ધ્યાનરે,
અહિંસાદિક પંચ સંજમ સાર,
નેમ તણા કહું પંચ નામ રે. ગુ. ૧૫

શૌચપણે મન નિર્મલ કીજે, તપ સાધે બાર ભેદે રે,
સર્વ વસ્તુપર સંતોષ કરે જે,
છત્તાય કરે મન ઉમેદે રે. ગુ. ૧૬

દેવ તણું સંભારે ધ્યાન જે, નેમ પંચમ ન આણરે,
આસન પદ્માસન કરી સાધે, સાસરૂંધન કરી જાણરે. ગુ. ૧૭

પ્રતિહારે ઇંદ્રી પંચ રુંધે, સમાધિ અધ્યાતમ સાધે રે,
સ્થીરપણું બહુ હેતે આદરે, ધારણા ધ્યાનસું વાસેરે.ગુ. ૧૮

મણી અગની તારા સુરવૃંદ, પૃથ્વી ઉદ્યોત કરંતરે, સહજ સભાવથી લય ઉપજાવે, ઘટ ઉદ્યોત ધરંતરે ગુ. ૧૯. પરમાનંદ સ્થાનક સુખ હોવે, અનુભવ લય લગાવે રે, નાક થકી રહે અંતર ધ્યાયે, ઘટ નિજ આતમ પાવેરે. ગુ. ૨૦. તેલાધારાની પરે અવિચ્છિન્ન જ, ઘંટા નાદની પેરે રે, ૐકાર નાદ તણી પેરે જાણે, જોગીશ્વર અભિન્ન રે. ગુ. ૨૧. ઘંટા નાદ છેડે જેમ હોવે, સમતો હોઇ મીઠો રે, અનાહદે નાદ હોય તેમ ઘટમાં, ઉપશાંત કરી દીઠો રે. ગુ. ૨૨. વાજે છે અવિકૃત રૂપજે, સ્વપ્રાણીના ચિત્ત માંહે રે, તે નાદ અનાહદ કારણુ, વિકૃતપણે ઉજેતાહેરે. ગુ. ૨૩. સ્વસરીરમાં વાયુપણે નાદ, નાસિકા મૂલ રહ્યો લાગીરે, પ્રતક્ષ સ્વજીવપણે તે દેખે, કાર્ય સકલ શુભ જાગીર. ગુ. ૨૪. અક્ષર ધૂની રહીત વિકલ્પ ઉપજે, તરંગ રહીત સમતા સંગે રે, ચિત્ર પામ્યો સ્વભાવે સમાધિમાં, તે હોયે ચિત્રસુરંગે રે. ગુ. ૨૫.

જાવત ઇંદ્રી કષાય બલ હોવે, તાવત એહ સુખ માનેરે, આવત અનાહદ સુખ નવિ લેખે, તાવત એહ સુખ જાને રે. ગુ. ૨૬. જન્મ લગે જે ઉપાર્જિત કર્મ, તે અનાહદ નાદે જાયરે, જેમ અંધારુ મીટે સૂર્ય ઉદય, તેમ ઘટ ઉદ્યોત થાય રે. ગુ. ૨૭. સ્થૂલ સૂક્ષ્મ આકાર સહીત જે, શુભધ્યાને એમ પ્રકાશેરે, પરિહિત સમ્ય-ક્ પણે કહો, નિરાકાર તે ભાસેરે. ગુ. ૨૮. નિરાકાર વલી ધ્યાન વિશેષે રુપાતિત ઉજલ વસેરે, સ્થૂલ સૂક્ષ્મને ભેદે જાય જોય જે, તેતો બહુ પ્રકારે દેખેરે. ગુ. ૨૯

શરીરાદિક આલંબન છાંડિ, બ્રહ્મદ્વાર વિષે આવેરે, કરજો તેમ સૂક્ષ્મ ધ્યાને જે, નિરાકર સ્યું ધ્યાવેરે. ગુ. ૩૦ ધ્યાયે અનાહદ શુદ્ધ સ્વરૂપને, દ્વાદશશાંત નિરાકાર છે રે, આત્મા મનો વચન કાયા જોગે, થોભે તેણુ હી ઠામ રે. ગુ. ૩૧

॥ દુહા ॥

બાહ્ય અભ્યંતર જોગથી, છંડે પ્રકારે હોય;
બ્રહ્મદ્વારે નિરાકાર છે, પરમાતમ વહે સોય. ૧

॥ ઢાલ આઠમીં ॥ ( રાગ-ધ-યાશ્રી )

( ગિરુવારે ગુણુ તુમ તણુા એ-દેશી )

ધ્યાનસંરૂપ જેમ ભાવિયે, પરમાતમ લહે સોય ચેતન, પરમમાહારસ પાઇયે, જો સમતા ચિતે હોય ચેતન. ધ્યાન. ૧. એ આંકણી. એક આંગુલ મત-કારણે, આકાસ છે નિરલેપ ચેતન, તીહાંથી પરમ યોગીશ્વરા, કરે કાર્યની ખેપ ચેતન. ધ્યાન. ૨. નેત્ર-મંડલતણે વિષે, આત્મ રહ્યો નિરધાર ચેતન, તેહ થકી ઉર્ધ્વ ગામી જે, તે આતમ નિરાકાર ચેતન ધ્યાન. ૩. અલક્ષ નિરબંધ જે, પરમાતમ ગુણુ જેહ ચેતન, દ્વાદશ શાંત સદા ધ્યાની, સદા આનંદનું ઘર ચેતન ધ્યા. ૪. રૂંધ્યો જોગી કષાયથી, ઇન્દ્રી ચપલ દમી તેહ ચેતન, પરપરિણુતિ છંડિ કરી, કરતો શુદ્ધ સનેહ ચેતન. ધ્યા. ૫. શાંત રસ ચિત્ત થિર કરી, સત્ત્વ અવલંદો જેહ ચેતન, પોતે દૃઢ ચિત્ત તીહાં કરી, ધ્યાન ઉદ્યમ ધરી

તેહ ચેતન. ધ્યા. ૬ છડિ સંસારનો પાસ જે, અંતરંગ બલ કીધ ચેતન, સિદ્ધ સ્વરૂપ લેવા પ્રતે, જોત સુજોતમેં લીધ ચેતન. ધ્યા. ૭. બ્રહ્મજ્ઞાનશું લય કરી, ઉપજશે કેવલ નાણુ ચેતન, મુગતિ પદારથ પામસે, અષ્ટ કર્મ ક્ષય જાણુ ચેતન. ધ્યા. ૮. એણી પરે જોગ મારગ રહે, અષ્ટાંગ ધ્યાને જોય ચેતન. અતિશય સર્વ તે મન આણે, ધ્યાને મંગલિક હોય ચેતન. ધ્યા. ૯. સર્વ સંકલ્પ વિકલ્પ તજી, એકાંતે દ્રઢ ચિત્ત ચેતન, નથી કાંઇ બીજું ભાવના, અધ્યાતમ છે ચિત્ત ચેતન. ધ્યા. ૧૦. અનાદિ સત્તા ચેતન તણી, કર્મ સંગતિ તણી જોય ચેતન, અંત સત્તા ભવ જીવને, સંસાર વિછેદ ન હોય ચેતન. ધ્યા. ૧૧. દોય ભેદે સત્તા કહું, નિશ્ચે એક વ્યવહાર ચેતન, અનાગત હોય નીશ્ચે સત્તા, કર્મદલ થનાર ચેતન. ધ્યા. ૧૨. કર્મદલ મેલ્યા પછી, વિવહાર સત્તા થઇ જાણુ ચેતન, શુદ્ધનયે વવહારતાં, જેણે મહોદય નિરવાણ ચેતન. ધ્યા. ૧૩. કો કેને આધીન નહી, જે જેમ ગ્રંહ પરથાય ચેતન, એણે ભાવે વર્તે સદા, મુગતિ રમણી કહેવાય ચેતન. ધ્યા. ૧૪. એમ અધ્યાત્મ રમણુ કરે, પરમાતમને ધ્યાય ચેતન, વિનય વિવેક વિચારીને, જોતસું જોત મીલાય ચેતન. ધ્યા. ૧૫.

**।। ઇતિ શ્રી અધ્યાત્મ ગીતા સંપૂર્ણ ।।**

ગાથા સંખ્યા ૨૪૨, શ્લોક ૩૩૦, શ્રીરસ્તુશ્રી.

*

પ્રાચીન ગ્રંથોના ઉદ્ધાર અંગે

# પ્રાચીન સાહિત્ય પ્રકાશન તથા આગમ પંચાંગી યોજના

### શ્રી શ્વે. મૂ. જૈન સંઘો તથા ઉદાર ભાવિકોને

# નમ્ર વિનંતી

જણાવતાં આનંદ થાય છે કે શ્રી જૈન શાસનનો આધાર શ્રુતજ્ઞાન અને જિનબિંબ છે. શ્રી જિનમંદિરો તથા જીર્ણોદ્ધારો વિગેરે થાય છે અને તે જેમ જરૂરી છે તથા તે ધર્મકાર્યોમાં જેમ રસ લેવાય છે તે જ રીતે **શ્રુતજ્ઞાનના ઉદ્ધારના કાર્યમાં પણ શ્રી જિનેશ્વર દેવના ઉપાસક સંઘો તથા ભાવિકોએ આત્મ-કલ્યાણાર્થે રસ લેવાની અગત્યની વિનંતિ છે.**

ઘણા છાપેલ પ્રાચીન ગ્રંથો અલભ્ય બન્યા છે અને ઘણા હજુ અપ્રકાશિત પણ છે. આ દિશામાં તપોમૂર્તિ પૂ. આચાર્યદેવ શ્રી **વિજયકર્પૂરસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટધર હાલારદેશોદ્ધારક કવિરત્ન પૂ. આચાર્યદેવ **શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી** મ. ના પટ્ટધર પૂ. આચાર્યદેવ **શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી** મહારાજના માર્ગદર્શન નીચે પ્રવૃત્તિ ચાલે છે, અત્યાર સુધીમાં ૪૫ આગમ

સૂત્રો કેટલાંક આગમોની ટીકાઓ તથા પૂર્વાચાર્યોના ગ્રંથોનું અમે પ્રકાશન કર્યું છે. છાપેલ લીસ્ટ મલી શકશે.

પુરતો સહકાર મળે તો વિના મૂલ્યે વિતરણ કરી શકાય અને સંઘોના ભંડારોમાં પહોંચાડી શકાય તે માટે "**પ્રાચીન સાહિત્ય પ્રકાશન યોજના**" નક્કી કરી છે. યોજનાની વિગત નીચે મુજબ છે.

**❋ પ્રાચિન સાહિત્ય પ્રકાશન યોજના ❋**

(૧) આ યોજનામાં રૂા. પાંચ હજારથી ગમે તેટલી મોટી રકમ પ્રકાશન માટે સ્વીકારાશે. તે તે ગ્રંથ તેમના તરફથી પ્રગટ થશે. નાની રકમો ભેગી કરી મોટા ગ્રંથનું પ્રકાશન થશે.

(૨) આ ગ્રંથની ૭૫૦) નકલ છપાશે જેમાંથી ૧૫૦) નકલ પૂ. આચાર્યદેવો આદિને, ૨૫) નકલ લાભ લેનારને, ૨૫) નકલ સંપાદન કરનારને, અને ૨૫) નકલ પ્રકાશકને અપાશે. ૫૭૫) નકલ શ્વે. મૂ. જૈન સંઘોને ભંડારોમાં આપવામાં આવશે. જેમાં અમુક ભંડારોમાં પ્રકાશિત બધા ગ્રન્થો, અમુકમાં અડધા અને અમુકમાં ત્રીજા ભાગના એમ લગભગ ૮૦૦ ભંડારોને ગ્રન્થ પહોંચાડાય છે.

(૩) ઘણા શ્રી સંઘો તથા ભાવિકો લાભ લેવાનું નકી કરે તો હજારો દુર્લભ ગ્રન્થો પ્રકાશિત થઇ શકે. આપણા સંઘોના ભંડારો સમૃદ્ધ થઇ જાય.

## — આગમ પંચાંગી પ્રકાશન યોજના —

પ્રાચીન સાહિત્ય પ્રકાશન યોજનામાં ખાસ ૪૫ આગમ [ છેદ સૂત્ર સિવાય ] પંચાંગી સૂત્ર નિર્યુક્તિ ચૂર્ણિ ભાષ્ય ટીકા પ્રગટ કરવાનું નક્કી કર્યું છે. એકી સાથે આ પંચાગી અંદાજ આઠેક લાખ શ્લોક પ્રમાણે થશે. જેની ઘણી ટીકાઓ છે તેમાંથી જરુરી લેવાની થશે. શ્રી સૂત્રકૃતાંગ સૂત્રની ત્રણ ટીકા (૧) શીલાકાચાર્ય, (૨) સાધુરંગ ગણિ, (૩) હર્ષકુલ ગણિની લીધી છે તેવી રીતે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં (૧) મહો. ભાવ-વિજયજી મ., (૨) શાંતિસૂરિ મ., (૩) નેમિચંદ્રસૂરિ મ., (૪) લક્ષ્મી વલ્લભ ગણિ., (૫) કમલસંયમી એમ પાંચ ટીકાઓ લીધી છે. ગચ્છાચારની બે ટીકા પિંડનિર્યુક્તિની ચાર ટીકા, વિગેરે ૩૧ પ્રતો પ્રગટ થઇ છે. બીજા પણ આગમોનું કામ ચાલુ છે.

**તેના એક સેટના રૂા. ૧૦ હજાર નક્કી કર્યા છે.** તે એક સાથે અગર તો **ત્રણ વર્ષમાં ભરી શકાશે.** જે સંઘો આ કાર્યમાં ઉત્તેજન આપશે અને દર વર્ષે અમુક મોટી રકમ ભરશે તેમને તે પ્રમાણે સેટ અપાશે અગર તો તેમના જણાવ્યા મુજબ સાધુ મહા-ત્માઓ અગર ભંડારોને મોકલી શકાશે. આ સેટનો લાભ લેનારનું નામ દરેક આગમના કોઇ પણ એક વિભાગમાં છપાશે.

આપને તે રીતે સહકાર આપવા વિનંતી છે. આગમ પંચાગી ગ્રન્થો ભેટ મોકલવાના નથી જેથી જેમણે વસાવવા હોય તેમણે લાભ લઈ ગ્રાહક બની જવાનું રહે.

આ ઉપયોગી ૧. પ્રાચીન સાહિત્યના પ્રકાશનમાં તથા ૨. આગમ પંચાંગી પ્રકાશન યોજનામાં લાભ લેવા **શ્રી શ્વે. મૂ. જૈન સંઘો તથા ભાવિકોને નમ્ર વિનંતી છે.** યોગ્ય નિર્ણય કરીને જણાવો. ડ્રાફ્ટ, ચેક વિગેરે **શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા**-નામના **(જામનગર)** મોકલી શકાશે.

**— શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા —**

C/o. શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,

**જામનગર.** (સૌરાષ્ટ્ર) ગુજરાત.

સુરેશ પ્રિન્ટરી * વઢવાણ સીટી. ફોન : ૫૧૮૨૩